# ગુજરાત રાજ્ય આદિજાતિ વિકાસ નિગમ દ્વારા અપાતા વ્યાજ રાહત ધિરાણનો મૂલ્યાંકન અભ્યાસ

ડૉ. ઠાકોરભાઈ નાયક
શ્રીમતી ભારતીબેન દેસાઈ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ૧૬૯
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪
૧૯૮૬

# ગુજરાત રાજ્ય આદિજાતિ વિકાસ નિગમ દ્વારા અપાતા વ્યાજ રાહત ધિરાણનો મૂલ્યાંકન અભ્યાસ


લેખક :

ડૉ. ઠાકોરભાઈ નાયક
શ્રીમતી ભારતીબેન દેસાઇ



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ૧૬૯
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪
૧૯૮૬

© પ્રકાશક
રામલાલ ડાહ્યાભાઇ પરીખ
વ્યવસ્થાપક ટ્રસ્ટી.
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦૦૧૪

# ગુજરાત રાજ્ય આદિજાતિ વિકાસ નિગમ દ્વારા અપાતી લોનનો મુલ્યાંકન અભ્યાસ.

ડૉ. ઠાકોરભાઇ નાયક
શ્રીમતી ભારતીબેન દેસાઇ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ- ૩૮૦ ૦૧૪.

:-

:- અનુક્રમણિકા :-


| ક્રમ | વિગત. | પાન નંબર. |
| --- | --- | --- |
| ૧. | મુલ્યાંકનની પૂર્વભૂમિકા | ૧ થી ૯ |
| ૨. | પ્રાદેશિક પરિચય | ૧૦ થી ૯ |
| ૩. | ગુજરાત આદિજાતિ વિકાસ નિગમની પ્રવૃતિઓ | ૩૦ થી ૬૧ |
| ૪. | વાસંદા પેટા યોજનામાં આવરી લીધેલા કુટુંબોની આર્થિક સામાજીક સ્થિતિ. | ૬૨ થી ૧૩૩ |
| ૫. | વાસંદા પેટા યોજનામાં આવરી લીધે કુટુંબોના વ્યવસાય અને રોજગારી | ૧૩૪ થી ૧૫૨ |
| ૬. | વાસંદા પેટા યોજનામાં આવરી લીધેલી મંડળીઓમાં સંચાલન અને સંકલન | ૧૫૩ થી ૧૬૮ |
| ૭. | નિગમ દ્વારા અપાયેલી લોનના તારણો અને સુચનો. | ૧૬૯ થી ૧૯૬ |

## :- કોઠાઓની યાદી :-


| કોઠા નં. | વિગત. | પાન નંબર. |
|---|---|---|
| ૧.૧ | જુદા જુદા હેતુ માટેની સહકારી મંડળીઓના વિસ્તારવાર તપાસેલા નમુનાના સભાસદોની સંખ્યા દર્શાવતો કોઠા | ૩૭ |
| ૪.૧ | વાંસદા પ્રોજેકટ વિસ્તારમાં હેતુવાઇઝ થયેલ ધિરાણના લાભાર્થીઓમાં મુલાકાત લીધેલ લાભાર્થીઓની સંખ્યા દર્શાવતો કોઠો | ૬૩ |
| ૪.૨ | તાલુકાવાર તેમજ જાતિવાર લાભાર્થીઓની સંખ્યા દર્શાવતો કોઠો | ૬૫ |
| ૪.૩ | રહેઠાણની વિગતો દર્શાવતો કોઠો | ૬૭ |
| ૪.૪ | કુટુંબોની સભ્ય સંખ્યા દર્શાવતો કોઠો | ૭૦ |
| ૪.૫ | વૈવાહિક દરજ દર્શાવતો કોઠો | ૭૨ |
| ૪.૬ | શિક્ષણની વિગત દર્શાવતો કોઠો | ૭૪ - ૭૭ |
| ૪.૭ | સર્વેક્ષણના કુટુંબોની કુલ મિલકત દર્શાવતો કોઠો | ૮૦ - ૮૨ |
| ૪.૮ | જમીન (એકરમાં) દર્શાવતો કોઠો | ૮૪ - ૮૫ |
| ૪.૯ | પશુધનની વિગત દર્શાવતો કોઠો | ૮૮ |
| ૪.૧૦ | વૃક્ષોની વિગત દર્શાવતો કોઠો | ૯૦ |
| ૪.૧૧ | ખેતીના ઓજારોની વિગત દર્શાવતો કોઠો | ૯૨ - ૯૩ |
| ૪.૧૨ | ઘરવખરીના સાધનોની વિગત દર્શાવતો કોઠો | ૯૫ - ૯૬ |
| ૪.૧૩ | ઘરેણાં અને અન્ય અસ્કયામતોની વિગત દર્શાવતો કોઠો | ૯૮ |
| ૪.૧૪ | સર્વેક્ષણ હેઠળના કુટુંબોની આવક દર્શાવતો કોઠો | ૧૦૦ - ૧૦૭ |
| ૪.૧૫ | આવક સ્તર પ્રમાણે વર્ગીકરણ દર્શાવતો કોઠો | ૧૦૨ |
| ૪.૧૬ | સર્વેક્ષણ હેઠળના કુટુંબોના ખર્ચની વિગત દર્શાવતો કોઠો | ૧૦૯ |
| ૪.૧૭ | કુટુંબનું વપરાશી ખર્ચ દર્શાવતો કોઠો | ૧૦૫ - ૧૦૮ |
| ૪.૧૮ | રોકડ બચતની વિગત દર્શાવતો કોઠો | ૧૧૧ - ૧૧૨ |
| ૪.૧૯ | રોકડ બચત (પોસ્ટ બેંક) ની વિગત દર્શાવતો કોઠો | ૧૧૪ |
| ૪.૨૦ | દેવું ( ૧૯૮૦-૮૧, ૧૯૮૪-૮૫ ) દર્શાવતો કોઠો | ૧૧૬ - ૧૨૧ |
| ૪.૨૧ | દેવાની મુદત દર્શાવતો કોઠો | ૧૨૩ - |
| ૪.૨૨ | દેવું કરવાનો ઉદ્દેશ્ય દર્શાવતો કોઠો | ૧૨૭ - ૧૩૦ |
| ૪.૨૩ | વ્યાજનો દર દર્શાવતો કોઠો | ૧૨૫ |
| ૪.૨૪ | સર્વેક્ષણ કુટુંબમાં રોજગારી અંગેની વિગત દર્શાવતો કોઠો | ૧૩૨ - ૧૩૩ |


... (૨) ...

| કોઠા નં. | વિગત. | પાન નંબર. |
|---|---|---|
| ૫.૧ | આવક ૧૯૮૦-૮૧ ( મુખ્ય વ્યવસાય ) | ૧૩૬ - ૧૩૭ |
| ૫.૨ | આવક ૧૯૮૪-૮૫ ( મુખ્ય વ્યવસાય ) | ૧૩૮ - ૧૩૯ |
| ૫.૩ | આવક ૧૯૮૦-૮૧ ( ગૌણ વ્યવસાય ) | ૧૪૨ - ૧૪૩ |
| ૫.૪ | આવક ૧૯૮૪-૮૫ ( ગૌણ વ્યવસાય ) | ૧૪૪ - ૧૪૫ |
| ૫.૫ | મજુરીના દિવસો ( મુખ્ય વ્યવસાય ) ૧૯૮૦ - ૮૧ | ૧૪૮ |
| ૫.૬ | હાજરીના દિવાસો ( મુખ્ય વ્યવસાય ) ૧૯૮૪-૮૫ | ૧૪૯ |
| ૫.૭ | રોજગારી માટે બહાર ગયા છે? તેની વિગત દર્શાવતો કોઠો. | ૧૫૧ |

## આ ભા ર દર્શ ન.

આ અભ્યાસની શરુઆતથી તે અંત સુધી આદિવાસી નિગમના કાર્યપાલક નિયામકશ્રી નિગમ સાહેબ તેમજ અધિકારીશ્રી પટેલ સાહેબ તેમજ નિગમના અન્ય કર્મચારી વર્ગે જ્યારે જરુર પડી ત્યારે મૂલ્યાંકન માટેની લિખિત તેમજ બિનલિખિત જરુરી માહિતી પુરી પાડી તે માટે અમે તેમના અત્યંત આભારી છીએ.

આ અભ્યાસના ક્ષેત્રકાર્ય સમયે જ્યારે જરુર પડી ત્યારે અભ્યાસમાં લીધેલી મંડળીઓના સંચાલકો અને કાર્યકર્તાઓએ જે સાથ અને સહકાર આપ્યો છે અને આ અભ્યાસ અંગેની જરુરી માહિતી પૂરી પાડી છે તે માટે અત્રે અમે તેમનો આભાર વ્યકત કરીએ છીએ.

આ અભ્યાસમાં શરુઆતથી અંત સુધી વહિવટી તેમજ વિધાકીય માર્ગદર્શન પૂરું પાડયું તે માટે ગૂજરાત વિધાપીઠના કુલનાયક શ્રી રામલાલભાઇ પરીખ અને કુલસચિવ શ્રી વિનોદભાઇ ત્રિપાઠીના અમે ઋણી છીએ.

આ અહેવાલ માટેના ક્ષેત્રકાર્ય કોષ્ટીકરણ તેમજ પ્રુફરીડીંગમાં મદદ કરનાર સંશોધન મદદનીશ શ્રી ગિરીશભાઇ ભટ્ટ, શ્રી દિલીપભાઇ વ્યાસ, શ્રી લક્ષ્મણભાઇ પરમાર, શ્રીચીમનભાઇ પટેલ, શ્રી પ્રફુલભાઇ ઝાલા, શ્રી નિરંજનાબેન પટેલ, શ્રી હર્ષિદાબેન દવે અને આદિવાસી સંશોધન કેન્દ્રના અન્ય સેવકોએ જે મદદ કરી છે તે માટે તેમના આભારી છીએ.

છેલ્લે પરંતુ અતિ મહત્વના એવા કે જેમના વિના આ અહેવાલ લેખનનું કાર્ય ન થઇ શકયું હોત એવા નિગમ દવારા અપાતી લોનના લાભાર્થી ભાઇ-બહેનો કે જેમણે ક્ષેત્રકાર્ય દરમ્યાન અમને નિખાલસતાથી માહિતી પુરી પાડી છે તે માટે એમનો આભાર જેટલો માનીએ તેટલો ઓછો છે.

ઠાકોરભાઇ નાયક.

ભારતીબેન દેસાઇ.

## પ્રકરણ : ૧

## મૂલ્યાંકનની પૂર્વ ભૂમિકા

આદિજાતિ વિકાસ વિભાગ ગુજરાત રાજ્યના પત્ર ક્રમાંક-અશન/મલન/૦૨૮૩/૬૭૩ તા. ૧૦ મી ઓગષ્ટ ૧૯૮૪ દ્વારા આદિજાતિ વિકાસ નિગમને જણાવવામાં આવ્યું હતું કે ગુજરાત વિધાનસભાની જાહેર સાહસોની સમિતિએ તા.૬-૮-૧૯૮૪ના રોજ મળેલી બેઠકમાં નિગમની કામગીરીનું મૂલ્યાંકન કરાવવા સૂચન કર્યું હતું. વિભાગે નિગમને પૂછાવ્યું હતું કે કયા પ્રોજેક્ટનું કયા વિસ્તારમાં અને કઈ કઈ યોજનાઓનું મૂલ્યાંકન કરવાનું છે.

આદિજાતિ વિકાસ નિગમે અમને એમના નવ પ્રોજેક્ટમાંથી વાંસદા પ્રોજેક્ટનું મૂલ્યાંકન કરવાનું સૂચન કર્યું હતું અને તે વિશેની વિગતો માગી હતી. અમે વાંસદા પ્રોજેક્ટની બધી પ્રવૃત્તિઓનો મૂલ્યાંકન અભ્યાસ કરવા માટે તૈયારી બતાવી હતી. છેલ્લા ત્રણ વર્ષોમાં જેટલા લાભાર્થી છે તેનો અભ્યાસ થશે એમ મેં જણાવ્યું હતું.

આ અભ્યાસમાં મેં નીચેના ઉદ્દેશ્યો રાખ્યા હતા.

(૧) નિગમની યોજનાઓનો વ્યાપ કેટલો છે તે જાણવું.

(૨) જે લાભાર્થીઓ છે તેમની આર્થિક અને સામાજિક સ્થિતિ જાણવી.

(૩) નિગમની સહાયની લાભાર્થીઓની આર્થિક સ્થિતિમાં શો ફેર પડ્યો તે જાણવું.

(૪) આ લાભ મેળવવામાં જે સગવડો અને તકલીફો લાભાર્થીઓને મળી અને પડી તેનો ખ્યાલ મેળવવો.

(૫) મંડળીની વહીવટ વિશે ઊંડાણથી વિગતો મેળવવી.

(૬) યોજનાના અભ્યાસથી યોજનાના ભવિષ્યના કાર્યક્રમમાં સુધારો કરવાને માટે સૂચનો કરવાં.

આ ઉદ્દેશ્યોની પૂર્તિ કરવાને માટે અમે આ અભ્યાસ વાંસદા પ્રોજેક્ટ નીચેના તાલુકાઓમાં શરુ કર્યો હતો.

(અ) વાંસદા (બ) ચીખલી (ક) ઉમરગામ (ડ) ધરમપુર (ઈ) વલસાડ (ઈ) પારડી વિગેરે દરેક તાલુકામાંથી નીચે બતાવેલી સંખ્યામાં મંડળીઓ પસંદ કરવામાં આવી. વાંસદા તાલુકાની-૬, ધરમપુર તાલુકાની-૧૩, ચીખલી તાલુકાની-૬, પારડી તાલુકાની-૨, ઉમરગામ તાલુકાની-૬ અને વલસાડ તાલુકાની-૧ એમ કુલ ૩૪ મંડળીઓને અભ્યાસમાં આવરી લીધી હતી. અહીં દરેક સભાસદની પ્રત્યક્ષ મુલાકાત ન લેતાં કુલ સભાસદમાંથી ૧૦ ટકા સભાસદોને આવરી લીધા હતા. દરેક મંડળીમાંથી કેટલા સભાસદ લીધા હતા તેની માહીતી કોઠા નં.૧.૧ માં આપવામાં આવી છે.



કોઠા નંબર : ૧.૧ જુદા જુદા હેતુ માટેની સહકારી મંડળીઓનાં વિસ્તારવાર તપાસેલા નમૂનાના સભાસદોની સંખ્યા દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકો | હેતુ | મંડળીનું નામ | કુલ સભાસદ | અભ્યાસમાં આવરી લીધેલા સભાસદ | અભ્યાસમાં આવરી લીધેલી જાતની સંખ્યા | નોંધ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | વાંસદા | દૂધાળા ઢોર | ડંબાયા દૂધ ઉત્પાદક સ.મં.લિ.ડંબાયા | ૧૦૭ | ૩૫ | ધોડિયા ૧૯,કોંકણા ૬ | |
| ૨. | " | " | દૂધ ઉત્પાદક સ.મં.લિ.કાવડેજ | ૧૧૪ | ૩૩ | કોંકણા ૩૩ | |
| ૩. | " | " | દૂધ ઉત્પાદક સ.મં.લિ.વાંદરવેલા | ૧૭૫ | ૧૭ | ધોડિયા ૧૭ | |
| ૪. | " | ખાદ્યપાડા | ખેડૂત સેવા સહકારી મંડળી લિ. આંડલાવ | ૧૨૩ | ૪ | કોંકણા ૩, વારલી ૧ | |

ચાલુ...

(૪)

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ૫. | વાંસદા | બળદપાડા | કણધા સેવા સહકારી મં.લી.કણધા | ૮૪ | ૧૮ | કોકણા ૧૪, વારલી ૪ |
| ૬. | '' | કુટીરઉધોગ | વાંસદા તાલુકા ઔ.સ.મં.લિ. વાંસદા | ૯ | ૪ | ઘોડિયા ૩, કોકણા ૧ |
| ૭. | ધરમપુર | દુધાળા ઢોર | દુધ ઉત્પાદક સહકારી મંડળી, ધરમપુર | ૮ | ૨ | કોકણા ૨, |
| ૮. | '' | '' | દુધ ઉત્પાદક સહકારી મંડળી, ખટાણા | ૪૪ | ૧૮ | કોલિયા ૧૪, ઘોડિયા ૨ |
| ૯. | '' | '' | દુધ ઉત્પાદક સહકારી મંડળી, વારોલી | ૭૫ | ૧૪ | કોકણા ૧૨, નાયકા ૨ |
| ૧૦. | '' | '' | દુધ ઉત્પાદક સહકારી મંડળી, ધંવિડકુવા | ૪૧ | ૮ | ઘોડિયા ૮ |
| ૧૧. | '' | ભેદપાડા | હનુમંતમાપ મૈ.સૈ.સ.મં. હનામતમાપ | ૬૦ | ૧૭ | વારલી ૪, કોલિયા ૧ |
| ૧૨. | '' | '' | જંગલ કામદાર સેવા સ.મં.લિ. સિલધા | ૫૯ | ૧૨ | કોલિયા ૧, કોકણા ૨ વારલી ૯ |
| ૧૩. | '' | '' | આંબા જંગલ વિવિધ સેવા સહકારી મંડળી, આંબાજંગલ | ૬૦૪ | ૧૧૧ | કોકણા ૮૦, વારલી ૩૧, |

ચાલુ....

(૫)

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ૧૪. | ધરમપુર | બળદગાડા | ખેડૂત સેવા સહકારી મંડળી લિ.મોટાપોંઢા | ૬૮ | ૧૮ | ઘોડિયા ૯, વારલી ૬ કોકણા ૧, હળપતિ ૨ |
| ૧૫. | '' | '' | ખેડૂત સેવા સહકારી મંડળી લી.ગુંદીયા | ૧૯ | ૪ | કોકણા ૩, વારલી ૧ |
| ૧૬.(અ) | '' | '' | ખેડૂત સેવા સહકારી મંડળી, વિરવલ | ૩૪ | ૧૦ | ઘોડિયા ૧૦ |
| ૧૬.(બ) | '' | ઇલે.મોટર | -''- | ૧૧ | ૩ | ઘોડિયા ૨, નાયકા ૨ |
| ૧૭. | '' | '' | ખેડૂત સેવા સહકારી મંડળી લી.કરજવેલી | ૧૯ | ૪ | ઘોડિયા ૨, કોકણા ૨ |
| ૧૮. | '' | કુટિર ઉધોગ | ઔધોગિક સહકારી મંડળી લી.ધરમપુર | ૨૩ | ૧૪ | કોકણા ૮, ઘોડિા ૪ વારલી ૨ |
| ૧૯. | ચીખલી | દૂધાળા ઢોર | દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.સાદકપોર | ૧૦૨ | ૫૨ | ઘોડિયા ૩૪, હળપતિ ૮ |
| ૨૦. | '' | '' | દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. રાનકુવા | ૬૫ | ૧૪ | ઘોડિયા ૮, હળપતિ ૫ |
| ૨૧. | '' | '' | દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.કાંગવાઇ | ૨૪ | ૧૭ | વારલી ૧, ઘોડિયા ૧૭ |

ચાલુ.....

( ૬ )

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૨ | ચીખલી | બળદપાડા | આછવણી વિભાગ ખે.સે.સ.મં. આછવણી | ૧૬ | ૪ | ધોડિયા ૪ | |
| ૨૩ | '' | બળદગાડા | સાદરવેલ વિભાગ સેવા સહકારી મં.લિ.સાદરવેલ | ૫ | ૯ | ધોડિયા ૯ | |
| ૨૪ | '' | ઇલે.મોટર | અગાશી વિભાગ સેવા સહકારી મં.લી.અગાશી | ૨૮ | ૫ | ધોડિયા ૩, હળપતિ -૧ કોકણા ૧ | |
| ૨૫. | પારડી | દુધાળા ઢોર | દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. | ૩૦ | ૧૦ | ધોડિયા ૧૦ | |
| ૨૬. | '' | કુટીરઉધોગ | પારડી તાલુકા ગૃહ ઉધોગ સ.મં.ખેરલાવ | ૨૭ | ૧૦ | ધોડિયા ૧૦ | |
| ૨૭. | ઉંમરગાંવ | દુધાળા ઢોર | સર્વોદય દુધ ઉત્પાદક મંડળી | ૧૩૪ | ૨૦ | હળપતિ ૧૩, આહિર ૧ વારલી ૬ | |
| ૨૮. | '' | બળદપાડા | ખેડૂત સેવા સહકારી મંડળી, લિલાડ | ૩૧ | ૧૨ | ધોડિયા ૯, વારલી ૩ | |

ચાલુ.....


( ૭ )

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૯ | ઉંમરગાંવ | બળદપાડા | સેવા સહકારી મંડળી, કરજગામ | ૨૮ | ૫ | વારલી ૪, ધોડિયા ૧ | |
| ૩૦ | '' | બળદગાડા | સરોંડા વિભાગ સેવા સહકારી મંડળી, સરોંડા | ૬ | ૩ | ધોડિયા ૧, હળપતિ ૧ વારલી ૧ | |
| ૩૧ | '' | '' | ઉંમરગાંવ રોડ સેવા સ.મં.લિ.ઉંમરગાંવ | ૩૩ | ૭ | ધોડિયા ૩, હળપતિ ૪ | |
| ૩૨ | '' | ઓઇલ એંજીન | ડરમવેલ વિભાગ સેવા.સ.મં. | ૪૬ | ૧૩ | ધોડિયા ૧૧, વારલી ૧ | |
| ૩૩ | વલસાડ | દુધાળા ઢોર | ફલધરા દુધ ઉત્પાદક સ.મં.લિ.ફલધરા | ૬૦ | ૩૦ | ધોડિયા ૩૦ | |

ઉપરોક્ત રીતે જુદા જુદા હેતુ માટે ૧૨.૪ મંડળીઓ છે. (આમાં હેતુ ધ્યાનમાં રાખ્યો છે એથી ખરેખર ૧૨૪ મંડળીઓ નથી પરંતુ હેતુ પ્રમાણે મંડળી ગણી છે એટલે એકની એક મંડળી ત્રણ થી ચાર બાબતો પર ધિરાણ કરતી હોય તો તે ત્રણથી ચાર વાર આવે છે) એમણે જે ધિરાણ કર્યું છે તેમાંથી કોઠા નં. ૧ માં બતાવ્યા પ્રમાણે અમારા સર્વેક્ષણમાં ૩૪ મંડળીઓ લીધી હતી, સામાન્ય રીતે દરેક મંડળીમાંથી ૨૦ થી ૩૦ ટકા જેટલા સભાસદોના કુટુંબની પસંદગી રાખવાનો ઈરાદો હતો પરંતુ કેટલાક કારણોસર આ સ્વીકાર્ય બન્યુ નથી જેમ કે (૧) કેટલીક મંડળીઓ દ્વારા બહુ ઓછા સભાસદોને ધિરાણ અપાયુ હતું (૨) કેટલાક ગામોમાં ચોમાસાને કારણે સર્વેક્ષણ કરવાનું શકય નહોતું બન્યુ (૩) કેટલાક હેતુ માટે જેટલી માહીતી લેવાવી જોઈએ તે પુરતી થઈ ગઈ હતી તેથી થોડાક કુટુંબો જ લેવાના હતા. આમ ઉપરોક્ત કારણોસર પસંદ થયેલી મંડળીઓને સપ્રમાણ ન્યાય આપી શકાયો નથી.

તાલુકાવાર જોઈએ તો વાંસદામાંથી દૂધાળા ઢોરમાં ૮૫ બળદપાડામાં ૨૨ અને કુટીર ઉદ્યોગમાં ૪ એમ ૧૧૧ સભાસદો, ધરમપુરમાંથી દૂધાળા ઢોરમાં ૪૨ બળદપાડામાં ૧૬૨ બળદગાડામાં ૧૦, ઈલેકટ્રીક મોટરમાં ૭ અને કુટીર ઉદ્યોગમાં ૧૪ એમ ૨૩૫ સભાસદો ચીખલીમાંથી દૂધાળા ઢોરમાં ૮૩ બળદપાડામાં ૪ બળદગાડામાં ૯ ઈલેકટ્રીક મોટરમાં ૫ એમ ૧૦૧ સભાસદો, પારડીમાંથી દૂધાળા ઢોરમાં ૧૦ અને કુટીર ઉદ્યોગમાં ૧૦ એમ ૨૦ સભાસદો, ઉમરગાંવમાંથી દૂધાળા ઢોરમાં ૨૦ બળદપાડામાં ૧૭, બળદગાડામાં ૧૦, ઓઈલ એન્જીનમાં ૧૩ એમ ૬૦ સભાસદો અને વલસાડમાં દૂધાળા ઢોરમાં ૩૦ સભાસદો આમ ૫૫૭ સભાસદો પસંદ કરવામાં આવ્યા હતા. હેતુની દ્રષ્ટિએ દૂધાળા ઢોરમાં ૨૭૦, બળદપાડામાં ૨૦૫, બળદગાડામાં ૨૯, ઓઈલ એન્જનમાં ૧૩ ઈલેકટ્રીક મોટરમાં ૧૨ અને કુટીરમાં ૨૮ સભાસદો કુટુંબો આવરી લીધા હતા.

આના ઉપરથી અમે જે અભ્યાસ કર્યો તે વાંસદા પ્રોજેકટની બધીજ મંડળીઓને અને સભાસદોને લાગુ પડી શકે છે એમ અમારુ માનવું છે. કારણક અમે જે નિદર્શ લીધો હતો તે બધી મંડળીઓને અને સભ્યોનું પ્રતિનિધિત્વ કરે છે.



પ્રસ્તુત મૂલ્યાંકન અભ્યાસ કરવા માટે અમે નીચેની પ્રવિધિઓનો ઉપયોગ કર્યો હતો.

(૧) <u>પ્રશ્નાવલી :</u>

આ પ્રશ્નાવલીમાં સભ્યોને લગતા તેમના આવક અને ખર્ચને લગતાં મળેલા લાભને લગતા અને યોજના સંબંધી સવાલો મૂકવામાં આવ્યા હતા. પ્રશ્નાવલીનો નમૂનો અહેવાલના અંતમાં પરિશિષ્ટમાં આપવામાં આવ્યો છે. પ્રશ્નાવલીનું પૂર્વ પરિક્ષણ પણ અમે કર્યું હતું જેથી પ્રશ્નાવલીની રચના એવી થઈ હતી કે ઉત્તરદાતાઓને તે બરાબર સમજાય અને અભ્યાસને લગતી આવશ્યક બધી માહીતી મળી શકે.

(૨) <u>મુલાકાત અને નિરિક્ષણ :</u>

મંડળીઓના કાર્યનું નિરિક્ષણ પણ ઉંડાણથી કરવામાં આવ્યુ હતું. એને માટે એક નિરિક્ષણ માર્ગદર્શિકા તૈયાર કરીને અમારા સંશોધન મદદનીશોને આપવામાં આવી હતી, તે પ્રમાણે તેમણે મંડળીઓની મુલાકાત લઈને આપેલા મુદ્દાઓ વિશે આવશ્યક માહીતી એકઠી કરી, કેટલીકવાર સંશોધન મદદનીશો મંડળીના કામમાં જાતે સહભાગી થઈને વિગતો મેળવતા હતા. મંડળીના કર્મચારીઓ સાથે પણ તેમણે ઘણો ઘરોબો મેળવ્યો હતો, આને લઈને તેમને સારી એવી માહીતી અને મંડળીની પ્રક્રિયાની ઊંડી માહીતી પ્રાપ્ત થઈ હતી.

આ ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠની આદિવાસી કેન્દ્રની અને બીજા ગ્રંથાલયોનો ઉપયોગ કરીને જરુરી માહીતી મેળવી, કેટલાક જાણકાર અધિકારીઓ, વિદ્વાનો અને કાર્યકર્તાઓનો ગાંધીનગર, અમદાવાદ, વાંસદા, વલસાડ અને બીજાં સ્થળોએ સંપર્ક સાધી તેમની પાસે ગયા સારી એવી મૂલ્યાંકનને લગતી માહીતી પ્રાપ્ત કરી હતી.

આ બધી માહીતીનું કોષ્ટીકરણ અને વર્ગીકરણ કરીને કોઠાઓ બનાવવામાં આવ્યા હતા અને તેના ઉપરથી આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. આ અહેવાલમાં પ્રકરણો છે તેમાં પ્રકરણ-૧માં મૂલ્યાંકનની પૂર્વભૂમિકા આપી છે. પ્રકરણ-૨માં પ્રાદેશિક પરિચય આપવામાં આવ્યો છે, પ્રકરણ-૩માં આદિજાતિ વિકાસ નિગમની પ્રવૃત્તિઓની પૂર્વભૂમિકા આપવામાં આવી છે, પ્રકરણ-૪માં વાંસદા પેટા યોજનામાં આવરી લીધેલાં કુટુંબોની આર્થિક અને સામાજિક સ્થિતિ આપવામાં આવી છે. પ્રકરણ-૫માં યોજનાના લાભ લેવાથી આ આર્થિક સ્થિતિમાં શો ફેર પડયો તેની ચર્ચા કરવામાં આવી છે, પ્રકરણ-૬માં મંડળીઓના સંચાલન અને સંકલન વિશે લખવામાં આવ્યુ છે અને પ્રકરણ-૭માં નિષ્કર્ષો અને સુઝાવો આપવામાં આવ્યા છે.

# પ્રકરણ - ૨

## પ્રાદેશિક પરિચય

**સ્થાન :**

૧૯૬૦માં ગુજરાત રાજ્ય જ્યારે અસ્તિત્વમાં આવ્યું ત્યારે વલસાડ જિલ્લો જુદો જિલ્લો ન હતો પરંતુ જુન ૧૯૬૪માં સુરત જિલ્લાનું વિભાજન થતા વલસાડ જિલ્લો જુદા જિલ્લા તરીકે અસ્તિત્વમાં આવ્યો. આ જિલ્લો દક્ષિણે ગુજરાતનો દક્ષિણાત્મક જિલ્લો છે તેની ઉત્તર દક્ષિણ લંબાઈ ૧૨૮ કીલોમીટર અને પૂર્વ પશ્ચિમ પહોળાઈ ૮૦ કી.મી. છે. જિલ્લાનું એકંદર ક્ષેત્રફળ લગભગ ૫૧૮૦.૮ કી.મી. જેટલું છે. રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારનો તે ૨.૬૭ ટકા થાય છે. આ જિલ્લો પૂર્વ રેખાંશ ૭૨ં અને ૭૩-૩૦' એને ઉત્તર અક્ષાંશ ૨૦ં-૫' અને ૨૧-૦' ××× વચ્ચે આવેલો છે. જીલ્લાની ઉત્તરે સુરત જીલ્લો, દક્ષિણે મહારાષ્ટ્ર રાજ્યનો થાણા જિલ્લો, પૂર્વે ગુજરાત રાજ્યનો ડાંગ જિલ્લો અને પશ્ચિમે અરબી સમુદ્ર આવેલા છે.

**ભુપૃષ્ઠ :**

પ્રાકૃતિક રચનાની દ્રષ્ટિએ આ જિલ્લાના બે વિભાગ પાડી શકાય. ઉત્તર તરફ સાતપુડા પર્વતની હારમાળા અને દક્ષિણ તરફ સરહદી પર્વતની હારમાળા વાળો પૂર્વનો ડુંગરાળ વિસ્તાર અને પૂર્ણા અને અંબિકા નદીઓનું બનેલું કાંપવાળુ ફળદ્રૂપ મેદાન પૂર્વનો વિસ્તાર ધરમપુર અને વાંસદા જેવી કેટલીક જગ્યાએ ગાઢ જંગલોથી છવાયેલો છે ત્યાંથી સાગ અને વાંસ સારા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે.

**નદીઓ :**

પૂર્ણા અંબિકા અને દમણગંગા આ જિલ્લાની મુખ્ય નદીઓ છે. આ ઉપરાંત કાવેરી, ખરેરા, ઔરંગા, પાર અને મીંઢોળા નદીઓ પણ આ જિલ્લામાંથી વહે છે, આ નદીઓ અરબી સમુદ્રમે મળે છે.

**જમીન :**

આ જિલ્લાની જમીનના મુખ્ય ત્રણ વિભાગો પાડી શકાય. આ ત્રણ પ્રકારની જમીનના પટ્ટાઓ ઉત્તર થી દક્ષિણ તરફ સમાંતરે જોવા મળે છે. દરિયાકિનારે મુખ્યત્વે ખારી, જિલ્લાના મધ્યભાગમાં ક્યારી અને પૂર્વ ભાગમાં

કાળી અને ગોરાડુ જમીન જોવા મળે છે. આ જિલ્લાના નોંધાયેલા પર,૧૦૦ હેકટર વિસ્તાર પૈકી ચાલુ પડતર સહિત ૨,૯૯,૩૦૦ હેકટર વિસ્તાર વાવેતર હેઠળ છે. આ જમીનમાં ડાંગર, જુવાર અને નાગલીનો મુખ્ય પાક થાય છે જયારે ફળમાં કેરી ચીકુ થાય છે. રોકડીયા પાકોમાં જેવા કે કપાસ, શેરડી પણ લેવામાં આવે છે. શાકભાજી પણ સારા પ્રમાણમાં થાય છે. ૧૯૭૧ના આંકડા પ્રમાણે વલસાડ જિલ્લામાં કુલ ૧૩૭૫૬૦ ચો. કી.મી. વન વિસ્તાર છે.

<u>સિંચાઈ :</u>

આ જિલ્લામાં સિંચાઈના મુખ્ય સાધનોમાં સહકારી નહેરો, ખાનગી કુવાઓ છે. ૧૯૭૯ના આંકડા પ્રમાણે ૪૧૪૫૨ હેકટર જમીનને સિંચાઈની સવલતો મળે છે જેમાં ૨૦૧૩૬ હેકટર સરકારી નહેર દ્વારા અને ૩૨૮૭ હેકટર તળાવ દ્વારા ૧૮૦૨૯ હેકટર કુવા દ્વારા સિંચાઈ થાય છે. નવસારી, ચીખલી, ગણદેવી અને વલસાડ તાલુકાને ગુરત જિલ્લામાં આવેલા કાકરાપાડા યોજનાનો લાભ મળે છે, પારડી ધરમપુર, ઉમરગાંવ અને વાંસદા તાલુકામાં કુવા, તળાવ અને ઝરણાં દ્વારા સિંચાઈ થાય છે. ચોથી યોજનામાં ધરમપુર તાલુકામાં મધુવન ગામે દમણગંગા નદી ઉપર મધુવનડેમ બાંધવાનું નક્કી થયુ હતું તે ડેમનું કામકાજ લગભગ પુરું થવા આવ્યું છે અને તેનાથી વલસાડ જિલ્લાની ૪૪૩૮૦ હેકટર જમીનને લાભ મળશે.

<u>આબોહવા :</u>

જિલ્લાની આબોહવા સમધાત નથી પરંતુ સમુદ્રની નજીક આવેલા વલસાડ, નવસારી, ગણદેવી, ઉમરગાંવ અને પારડી તાલુકાનું હવામાન સમુદ્રથી દૂર આવેલા તાલુકાના પ્રમાણમાં સમધાત છે. જિલ્લાનુ સૌથી વધુ ઉષ્ણતામાન ૩૩.૭' અને સૌથી ઓછુ ઉષ્ણતામાન ૨૨.૮' સેન્ટીગ્રેડ રહે છે. જિલ્લામાં વાર્ષિક સરેરાશ વરસાદ ૨૨૭૬.૭ મિ.મિ. પડે છે.

<u>વસ્તિ :</u>

વલસાડ જિલ્લો આઠ તાલુકામાં ૮૨૬ ગામડાઓ અને ૨૨ શહેર વિસ્તારમાં પથરાયેલો છે જેમાં ત્રણ ઔદ્યોગિક વિસ્તાર પણ છે. ૧૯૮૧ની વસ્તિ ગણતરી પ્રમાણે જિલ્લાની કુલ વસ્તિ ૧૭,૭૪,૧૩૬ છે જેમાં ૮,૯૫,૩૧૩ પુરુષો એટલે કે કુલ વસતીના ૫૦.૪૬ ટકા પુરુષો છે. સ્ત્રીઓની વસ્તિ ૮,૭૮,૮૨૩ એટલે કે ૪૯.૫૪ ટકા છે. વસ્તિની ગીચતા દર ચોરસ કીલોમીટરે ૩૩૮ની છે જે ૧૯૭૧માં ૨૭૩ હતી.



વલસાડ જિલ્લાનો છેલ્લા દશકાનો વસ્તિ વધારાનો દર ૨૪.૭૭ ટકા છે. આ જિલ્લાની શહેરી વસ્તિ ૨૧.૯૨ ટકા અને ગ્રામ્ય વસ્તિ ૭૮.૦૮ ટકા છે. આ જિલ્લામાં અનુસૂચિત જાતિની વસ્તિ કુલ વસ્તિના ૩.૦૯ ટકા છે, તેઓ મોટે ભાગે ખેતી અને ખેતમજૂરી કરે છે. થોડાક લોકો ગૃહ ઉદ્યોગ વાહનવ્યવહાર નોકરીમાં પણ રોકાયેલા છે. આ જિલ્લામાં ૨૦ અનુસૂચિત જન જાતિ છે તેની વસ્તી ૯,૬૮,૫૧૮ ની છે જે જિલ્લાની વસ્તિના ૫૪.૫૯ ટકા છે. મુખ્ય અનુસૂચિત જન જાતિના ધોડિયા, હળપતિ, તલાવિયા, કુંકણા, નાયકા, વારલી અને કોલધા છે. ધોડિયા, કુંકણા અને વારલીની વસ્તિ જિલ્લામાં સૌથિ વધુ છે. આ લોકોને મુખ્ય વ્યવસાય ખેતી અને ખેતમજુરી છે. કેટલાક ગૃહઉદ્યોગ બાંધકામ, પશુપાલન જંગલકામ અને નોકરીમાંથી રોજી મેળવે છે.

<u>શિક્ષણ :</u>

વલસાડ જિલ્લામાં ૧૯૮૧ની વસતિ ગણતરિ પ્રમાણે કુલ વસ્તિના ૮૩૩૬૩૧ એટલે કે ૪૦.૦૭ ટકા વ્યક્તિઓએ અક્ષરજ્ઞાન પ્રાપ્ત કર્યું છે.

૧૯૮૧ વસતિ ગણતરીના અહેવાલ મુજબ વલસાડ જિલ્લાના તાલુકાના શિક્ષણની ટકાવારી જોઈએ.

ક્રમ તાલુકો અક્ષર પ્રાપ્ત અનુસૂચિત જાતિની અનુસૂચિત જન અક્ષરજ્ઞાનની વસતિ જાતિની

| ક્રમ | તાલુકો | અક્ષર પ્રાપ્ત કરેલ વસતિની ટકાવારી | | અનુસૂચિત જાતિની અક્ષરજ્ઞાનની વસતિ ની ટકાવારી | | અનુસૂચિત જન જાતિનો અક્ષરજ્ઞાનની ટકાવારી | |
|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧. | વલસાડ | ૬૮.૪૨ | ૪૮.૧૪ | ૭૪.૧૦ | ૬૧.૨૮ | ૫૧.૩૨ | ૨૯.૫૧ |
| ૨. | ધરમપુર | ૨૬.૩૨ | ૧૩.૦૨ | ૩૮.૫૨ | ૨૧.૦૨ | ૨૩.૪૧ | ૧૦.૭૩ |
| ૩. | વાંસદા | ૪૧.૬૮ | ૨૧.૪૨ | ૫૯.૫૭ | ૪૩.૨૮ | ૩૭.૬૬ | ૧૭.૦૪ |
| ૪. | ચીખલી | ૫૫.૭૨ | ૩૭.૦૩ | ૬૯.૭૯ | ૫૮.૧૪ | ૪૬.૦૦ | ૨૫.૭૯ |
| ૫. | પારડી | ૬૦.૧૮ | ૩૮.૯૮ | ૬૭.૩૦ | ૪૯.૩૬ | ૪૬.૮૯ | ૨૪.૮૧ |
| ૬. | ઉમરગાંવ | [illegible].૭૪ | ૨૬.૪૧ | ૬૫.૧૦ | ૫૪.૩૭ | ૩૧.૪૭ | ૯.૭૨ |
| ૭. | નવસારી | ૬૪.૪૬ | ૪૯.૭૭ | ૭૪.૨૨ | ૫૮.૮૦ | ૩૩.૦૦ | ૧૫.૧૪ |
| ૮. | ગણદેવી | ૬૭.૪૫ | ૫૨.૩૦ | ૭૪.૦૨ | ૫૮.૭૦ | ૪૧.૯૭ | ૨૨.૫૯ |
| | વલસાડ જિલ્લો | ૫૫.૭૪ | ૩૭.૯૯ | ૭૦.૪૪ | ૫૬.૦૯ | ૩૭.૫૦ | ૧૮.૭૮ |

સૌથી વધુ અક્ષરજ્ઞાન ધરાવતો તાલુકો વલસાડ છે જ્યારે સૌથી ઓછો અક્ષરજ્ઞાન ધરાવતો તાલુકો ધરમપુર છે.

કાળી અને ગોરાડુ જમીન જોવા મળે છે. આ જિલ્લાના નોંધાયેલા પર,૧૦૦ હેક્ટર વિસ્તાર પૈકી ચાલુ પડતર સહિત ૨,૯૯,૩૦૦ હેક્ટર વિસ્તાર વાવેતર હેઠળ છે. આ જમીનમાં ડાંગર, જુવાર અને નાગલીનો મુખ્ય પાક થાય છે જ્યારે ફળમાં કેરી ચીકુ થાય છે. રોકડીયા પાકોમાં જેવા કે કપાસ, શેરડી પણ લેવામાં આવે છે. શાકભાજી પણ સારા પ્રમાણમાં થાય છે. ૧૯૭૧ના આંકડા પ્રમાણે વલસાડ જિલ્લામાં કુલ ૧૩૭૫૬૦ ચો. કી.મી. વન વિસ્તાર છે.

## સિંચાઈ :

આ જિલ્લામાં સિંચાઈના મુખ્ય સાધનોમાં સરકારી નહેરો, ખાનગી કુવાઓ છે. ૧૯૭૯ના આંકડા પ્રમાણે ૪૧૪૫૨ હેક્ટર જમીનને સિંચાઈની ગવલતો મળે છે જેમાં ૨૦૧૩૬ હેક્ટર સરકારી નહેર દ્વારા અને ૩૨૮૭ હેક્ટર તળાવ દ્વારા ૧૮૦૨૯ હેક્ટર કુવા દ્વારા સિંચાઈ થાય છે. નવસારી, ચીખલી, ગણદેવી અને વલસાડ તાલુકાને ઉકાઈ જિલ્લામાં આવેલા કાકરાપાડા યોજનાનો લાભ મળે છે, પારડી ધરમપુર, ઉમરગાંવ અને વાંસદા તાલુકામાં કુવા, તળાવ અને ઝરણાં દ્વારા સિંચાઈ થાય છે. ચોથી યોજનામાં ધરમપુર તાલુકામાં મધુવન ગામે દમણગંગા નદી ઉપર મધુવનડેમ બાંધવાનું નક્કી થયુ હતું તે ડેમનું કામકાજ લગભગ પુરું થવા આવ્યું છે અને એનાથી વલસાડ જિલ્લાની ૪૪૩૮૦ હેક્ટર જમીનને લાભ મળશે.

## આબોહવા :

જિલ્લાની આબોહવા સમધાત નથી પરંતુ સમુદ્રની નજીક આવેલા વલસાડ, નવસારી, ગણદેવી, ઉમરગાંવ અને પારડી તાલુકાનું હવામાન સમુદ્રથી દૂર આવેલા તાલુકાના પ્રમાણમાં સમધાત છે. જિલ્લાનું સૌથી વધુ ઉષ્ણતામાન ૩૩.૭' અને સૌથી ઓછુ ઉષ્ણતામાન ૨૨.૮' સેન્ટીગ્રેડ રહે છે. જિલ્લામાં વાર્ષિક સરેરાશ વરસાદ ૨૨૭૬.૭ મિ.મિ. પડે છે.

## વસ્તિ :

વલસાડ જિલ્લો આઠ તાલુકામાં ૮૨૬ ગામડાઓ અને ૨૨ શહેર વિસ્તારમાં પથરાયેલો છે જેમાં ત્રણ ઔદ્યોગિક વિસ્તાર પણ છે. ૧૯૮૧ની વસ્તિ ગણતરી પ્રમાણે જિલ્લાની કુલ વસ્તિ ૧૭,૭૪,૧૩૬ છે જેમાં ૮,૯૫,૩૧૩ પુરુષો એટલે કે કુલ વસતીના ૫૦.૪૬ ટકા પુરુષો છે. સ્ત્રીઓની વસ્તિ ૮,૭૮,૮૨૩ એટલે કે ૪૯.૫૪ ટકા છે. વસ્તિની ગીચતા દર ચોરસ મીટરે ૩૩૮ની છે જે ૧૯૭૧માં ૨૭૩ હતી.



વલસાડ જિલ્લાનો છેલ્લા દશકાનો વસ્તિ વધારાનો દર ૨૪.૧૭ ટકા છે. આ જિલ્લાની શહેરી વસ્તિ ૨૧.૯૨ ટકા અને ગ્રામ્ય વસ્તિ ૭૮.૦૮ ટકા છે. આ જિલ્લામાં અનુસૂચિત જાતિની વસ્તિ કુલ વસ્તિના ૩.૦૯ ટકા છે, તેઓ મોટે ભાગે ખેતી અને ખેતમજૂરી કરે છે. થોડાક લોકો ગૃહ ઉદ્યોગ વાહનવ્યવહાર નોકરીમાં પણ રોકાયેલા છે. આ જિલ્લામાં ૨૦ અનુસૂચિત જન જાતિ છે તેની વસ્તી ૯,૬૮,૫૧૮ ની છે જે જિલ્લાની વસ્તિના ૫૪.૫૯ ટકા છે. મુખ્ય અનુસૂચિત જન જાતિના ધોડિયા, હળપતિ, તલાવિયા, કુંકણા, નાયકા, વારલી અને કોલઘા છે. ધોડિયા, કુંકણા અને વારલીની વસ્તિ જિલ્લામાં સૌથિ વધુ છે. આ લોકોને મુખ્ય વ્યવસાય ખેતી અને ખેતમજુરી છે. કેટલાક ગૃહઉદ્યોગ બાંધકામ, પશુપાલન જંગલકામ અને નોકરીમાંથી રોજી મેળવે છે.

## શિક્ષણ :

વલસાડ જિલ્લામાં ૧૯૮૧ની વસ્તિ ગણતરિ પ્રમાણે કુલ વસ્તિના ૮૩૩૬૩૧ એટલે કે ૪૦.૦૭ ટકા વ્યક્તિઓએ અક્ષરજ્ઞાન પ્રાપ્ત કર્યું છે.

૧૯૮૧ વસ્તિ ગણતરીના અહેવાલ મુજબ વલસાડ જિલ્લાના તાલુકાના શિક્ષણની ટકાવારી જોઈએ.

ક્રમ તાલુકો અક્ષર પ્રાપ્ત અનુસૂચિત જાતિની અનુસૂચિત જન

| ક્રમ | તાલુકો | અક્ષર પ્રાપ્ત કરેલ વસતિની ટકાવારી | | અનુસુચિત જાતિની અક્ષરજ્ઞાનની વસતિ ની ટકાવારી | | અનુસુચિત જન જાતિની અક્ષરજ્ઞાનની ટકાવારી | |
|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧. | વલસાડ | ૬૮.૪૨ | ૪૮.૧૪ | ૭૪.૧૦ | ૬૧.૨૮ | ૫૧.૩૨ | ૨૯.૫૧ |
| ૨. | ધરમપુર | ૨૬.૩૨ | ૧૩.૦૨ | ૩૮.૫૨ | ૨૧.૦૨ | ૨૩.૪૧ | ૧૦.૭૩ |
| ૩. | વાંસદા | ૪૧.૬૮ | ૨૧.૪૨ | ૫૯.૫૭ | ૪૩.૨૮ | ૩૭.૬૬ | ૧૭.૦૪ |
| ૪. | ચીખલી | ૫૫.૭૨ | ૩૭.૦૩ | ૬૯.૭૯ | ૫૮.૧૪ | ૪૬.૦૦ | ૨૫.૭૯ |
| ૫. | પારડી | ૬૦.૧૮ | ૩૮.૯૮ | ૬૭.૩૦ | ૪૯.૩૬ | ૪૬.૮૯ | ૨૪.૮૧ |
| ૬. | ઉમરગાંવ | [illegible].૭૪ | ૨૬.૪૧ | ૬૫.૧૦ | ૫૪.૩૭ | ૩૧.૪૭ | ૯.૭૨ |
| ૭. | નવસારી | ૬૪.૪૬ | ૪૯.૭૭ | ૭૪.૨૨ | ૫૮.૮૦ | ૩૩.૦૦ | ૧૫.૧૪ |
| ૮. | ગણદેવી | ૬૭.૪૫ | ૫૨.૩૦ | ૭૪.૦૨ | ૫૮.૭૦ | ૪૧.૯૭ | ૨૨.૫૯ |
| | વલસાડ જિલ્લો | ૫૫.૭૪ | ૩૭.૯૯ | ૭૦.૪૪ | ૫૬.૦૯ | ૩૭.૫૦ | ૧૮.૭૮ |

સૌથી વધુ અક્ષરજ્ઞાન ધરાવતો તાલુકો [illegible] જ્યારે સૌથી ઓછો અક્ષરજ્ઞાન ધરાવતો તાલુકો ધરમપુર છે.

આ જિલ્લામાં પ્રાથમિક, માધ્યમિક, ટેકનીકલ અને ઉચ્ચશિક્ષણની સુવિધા છે. ૧૯૮૧ના જનગણના અહેવાલ પ્રમાણે ગુજરાત રાજ્યમાં વલસાડ જિલ્લો શિક્ષણમાં ચોથા નંબરે આવે છે. આ જિલ્લામાં અનુસુચિત જાતીની કુલ વસતિના ૬૨.૭૫ ટકા લોકો અક્ષરજ્ઞાન ધરાવે છે જ્યારે અનુસુચિત જન જાતિની વસતિના ૨૮.૧૫ ટકા લોકો અક્ષરજ્ઞાન ધરાવે છે.

વ્યવસાય :

૧૯૮૧ની જનગણના પ્રમાણે કામ કરનારાઓની ટકાવારીમાં ૬૯.૪૧ ટકા ખેડૂતો, ૨૪.૪૭ ટકા ખેત મજૂરી, ૬.૧૨ ટકા અન્ય કામદારો છે. જિલ્લાનો મુખ્ય વ્યવસાય ખેતી અને ખેતમજૂરી છે. બીજા વ્યવસાયમાં ઔદ્યોગિક મજૂરી પશુપાલન, જંગલ મજૂરી અને અન્ય ધંધાઓ છે તેમાંથી રોજગારી મેળવે છે.

વાહનવ્યવહાર :

અમદાવાદ થી મુંબઈ બ્રોડગેજ રેલ્વે અને મરોલી થી ઉમરગામ સુધીના ૧૦૩ કી.મી.ની રેલ્વે લાઈન ઉપર આ જિલ્લાના ૧૭ રેલ્વે સ્ટેશનો આવેલા છે જેમાં નવસારી બીલીમોરા વલસાડ વાપી મુખ્ય રેલ્વે સ્ટેશન છે. બીલીમોરાથી પૂર્વમાં નેરોગેજ રેલ્વે ડાંગ જિલ્લાના વધઈ સુધી જાય છે તેની લંબાઈ ૬૩ કી.મી. છે. આ રેલ્વે મારફત વાંસદા અને ડાંગના જંગલોમાંથી લાકડાનો અને વાંસનો વેપાર ચાલે છે. આ જિલ્લામાંથી રાષ્ટ્રિય ધોરી માર્ગ ૮ પસાર થાય છે, આ સિવાય બીજી પાકી સડકો પણ છે. કુલ ૮૨૬ ગામોમાંથી ૨૯.૩૦ ટકા ગામોને આખા વર્ષ બસની સુવિધા પ્રાપ્ત થાય છે. ૩૧.૯૭ ટકા ગામોને ચોમાસા સિવાયની ઋતુમાં બસની સુવિધા મળે છે જ્યારે ૩૮.૬૨ ટકા ગામોને બસની સુવિધા પ્રાપ્ત થતી નથી. બસની સુવિધા વગરના વધુમાં વધુ ગામો ધરમપુર તાલુકામાં છે. બારેમાસ ઉપયોગ લેવાય તેવા આંતર જળ માર્ગો આ જિલ્લામાં નથી. જિલ્લાના પશ્ચિમ ભાગમાં દરિયા કિનારે હોવાથી આ કિનારા વિભાગમાં જળ માર્ગે કેટલો વ્યવહાર ચાલે છે. વલસાડ, બીલીમોરા, ઉમરસાડી, કોલક, મરોલી, કલાઈ, ઉમરગાંવ આ જિલ્લાના સક્રીય બંદરો છે. આ પૈકી કોલક, મરોલી, કલાઈ અને ઉંબરગામ પરદેશ સાથેનો વ્યવહાર ધરાવતા નાના બંદરો છે.

વાંસદા તાલુકો :

આઝાદી પહેલાં વાંસદા દેશી રાજ્ય હતું તેનો વાંસદા તાલુકો બન્યો છે.



વાંસદા પહેલાં રાજધાનીનું નગર હતું. વાંસદા તાલુકાની ઉત્તર સુરત જિલ્લાના મહુવા અને વ્યારા તાલુકા, પૂર્વે મહારાષ્ટ્રનો નાસિક અને ડાંગ જિલ્લો અને પશ્ચિમે ચીખલી તાલુકો આવેલા છે.

વાંસદા તાલુકો ડુંગર અને જંગલથી છવાયેલો છે ત્યાં યજમાનગઢ, તોરણીય અને પીલવો મોટા ડુંગરો આવેલા છે તે સિવાય પૂર્વ, ઈશાન અને અગ્નિ ભાગ સિવાય ડુંગરાળ છે. ડુંગરોમાં હિંસક પ્રાણિઓ પણ નજરે પડે છે. વાંસદા તાલુકાનો કુલ વિસ્તાર ૬૦૦ ચોરસ કી.મી. છે તેમાં કુલ ૯૪ ગામો ૧ શહેર આવેલું છે. વાંસદા શહેર છે તે સિવાય ઉનાઈ, ભીનાર, વાંદરવેલા, પ્રતાપનગર, ધોળીકૂવા (દિગેન્દ્રનગર) પીપલખેડ જેવા મોટા ગામો છે. તાલુકાની મુખ્ય નદીઓ કાવેરી અને ખરેરા છે.

આબોહવા વરસાદ :

આ તાલુકાની આબોહવા એને કારણે સમધાત છે. જંગલોને લીધે તાલુકાના હવાપાણી સારા નથી. ઉનાળામાં સખત ગરમી અને શીયાળામાં સખત ઠંડી પડતી નથી. આ તાલુકાનો સરેરાશ વરસાદ ૨૦૦૦ મી.મી. છે. પરંતુ તેનો કેટલોક વિસ્તાર ડુંગરાળ છે અને વરસાદ એકધારો પડે છે એટલે પાણી વહી જાય છે એટલે કેટલીક જગ્યાએ ઉનાળામાં પાણીની તકલીફ પડે છે.

જમીન પાકો :

તાલુકાની જમીન કાંકરાવાળી છે પરંતુ જ્યાં સપાટ મેદાન અને ક્યારીની જમીન છે ત્યાં ક્યારીની જમીનમાં ખૂબ ડાંગર પાકે છે. ડુંગરાળ પ્રદેશ જ્યાં જમીન ઉબડ-ખાબડ છે ત્યાં નાગલી કોદરા અને કઠોળ પાકે છે. જમીન ખાડા-ટેકરાવાળી હોવાને કારણે ખેતીની ઉપજ પણ ઓછી થાય છે જ્યાં જમીન સમતલ છે ત્યાં શેરડી અને કેરી પણ થાય છે. જંગલ વિસ્તાર હોવાથી સાગ જેવું ઈમારતી લાકડું અને અન્ય જંગલ પેદાશ મળે છે.

વસતિ :

વાંસદા તાલુકાની કુલ વસતિ ૧૯૮૧ પ્રમાણે ૧૪૫૭૯૧ છે. તેમાં ૭૨૯૨૮ પુરુષો અને ૭૨૮૬૩ સ્ત્રીઓ છે. આ તાલુકામાં આદિવાસીની વસતિ ૧૩૧૨૭૬ છે એટલે કુલ વસતિના ૯૦ ટકા વસતિ આદિવાસીની છે. આમ મુખ્ય વસતિ આદિવાસીની છે જેમાં મુખ્ય કોકણા, ગામીત, વારલી, કોટવાળીયા અને ધોડિયા છે, આ સિવાય બ્રાહ્મણ, મુસ્લમાન, રજપુત, હરિજન, સુથાર, લુહાર,

કુંભાર વગેરે વસ્તિ પણ છે.

<u>ધંધા :</u>

આ તાલુકાનો મુખ્ય ધંધો ખેતી છે. કુલ કામ કરનારમાં ૬૮ ટકા ખેડૂતો અને ૨૧ ટકા ખેતમજૂરો એટલે ખેતી પર આધાર રાખનાર ૮૯ ટકા લોકો છે. તે સિવાય ખનીજ પથ્થર ખાણકામ, પશુપાલન, જંગલ કામદાર કરનાર છે. વાંસદા તાલુકા મથક છે અને ત્યાં આદિવાસી પેટા યોજનાની કચેરી આવેલી છે એટલે ત્યાં બહારથી આવેલો નોકરી કરનાર વર્ગ પણ થોડા પ્રમાણમાં છે. અહીંયા ૨.૫૫ ટકા લોકો ગૃહઉદ્યોગમાં રોકાયેલા છે.

<u>શિક્ષણ :</u>

આખા તાલુકામાં કોઈપણ ગામ પ્રાથમિક શાળાની સુવિધા વગરનું નથી. ૧૯૮૧ પ્રમાણે આ તાલુકાનું કુલ શિક્ષણનું પ્રમાણ ટકા છે, તેમાં પુરુષોના શિક્ષણનું પ્રમાણ ટકા અને સ્ત્રીઓના શિક્ષણનું પ્રમાણ ટકા છે. આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ આથીય ઓછું છે. છતાં બીજા આદિવાસી તાલુકાના પ્રમાણમાં સારુ છે. અહીંયા આદિવાસીઓની શિક્ષણની ટકાવારી ૨૭.૩૩ તેમાં પુરુષોની ૩૭.૬૬ અને સ્ત્રીઓની ૧૭.૦૫ ટકા છે. તાલુકામાં ૬ માધ્યમિક અને ૪ ઉચ્ચ માધ્યમિક શાળાઓ આવેલી છે. આ તાલુકામાં આશ્રમશાળા અને બાલમંદિરો આવેલા છે. આદિવાસી બાળકો સ્થળ ઉપર રહીને અભ્યાસ કરી શકે તે માટે છાત્રાલયોની વ્યવસ્થા છે. આદિવાસીઓના વિકાસ માટે આ તાલુકામાં સરકાર દ્વારા પ્રયત્નો થયા છે અને ચાલુ છે. ધોડિયા કોકણમાં શિક્ષણનું પ્રમાણ સારું છે. કોટવાળીયામાં શિક્ષણનું પ્રમાણ નહીંવત છે.

<u>વાહનવ્યવહાર :</u>

લગભગ આખો તાલુકો ડુંગરાળ છે છતાં વાંસદાથી ઉનાઈ, ધરમપુર, બીલીમોરા, આહવા, ડાંગ એસ.ટી.બસ ચાલે છે. તાલુકામાં ૨૮૨ કી.મી.ના પાકા અને ૨૪૯ કી.મી.ના કાચા રસ્તા છે. મોટાભાગના ગામોને બસની સેવા ઉપલબ્ધ છે.

નાના માપની બીલીમોરા - વઘઈ રેલ્વે લાઈન પણ તાલુકાના ઉત્તર ભાગમાંથી પસાર થાય છે તેના પર ધોળી કુવા, ઉનાઈ, કેવડીરોડ તથા કાળા આંબા સ્ટેશન આવેલા છે. જંગલની પેદાશ જેવી કે ઈમારતી તથા જલાઉ લાકડાં



કોસાવાસ અને તેની બનાવટનો વેપાર મોટા પાયા પર આ રેલ્વે મારફતે ચાલે છે.

વાંસદા તાલુકામાં ૭૨ ગામોને વીજળીની સગવડ છે. વાંસદામાં પોસ્ટ ઓફિસ અને ૩૭ બ્રાંચ પોસ્ટ ઓફિસ છે. ૮ ગામોને તાર ટેલીફોનની સગવડ છે.

<u>સહકારી સંસ્થાઓ :</u>

જંગલ ડુંગરાળ પ્રદેશ છે. છતાં ધરમપુરના પ્રમાણમાં અહીંયા સહકારી સંસ્થાઓનો વિકાસ સારો થયો છે. અહીંયા ૮૯ વિવિધ પ્રકારની સહકારી મંડળી છે તેમાં દૂધ પુરું પાડનાર મંડળીઓની સંખ્યા ૪૪ છે જે વાંસદા તાલુકો દૂધ પુરું પાડનાર મંડળીમાં જિલ્લામાં ચીખલી પછી બીજા નંબરે આવે છે. બીજા નંબરે ખેત વિષયક સહકારી મંડળી આવે છે. અહીંયા નિગમ દ્વારા જે લોન અપાઈ છે તે દૂધ ઉત્પાદક મંડળી અને સેવા સહકારી મંડળીઓ દ્વારા જ મોટેભાગે અપાઈ છે. અહીંની જંગલ મંડળીઓ પણ વિકસિત છે અને તે પણ સારું કામ કરે છે.

વાંસદા તાલુકામાં ઉનાઈ ગામે ઉના પાણીનો કુંડ છે તે જાત્રાનું ધામ બનવા પામ્યુ છે. દિગેન્દ્રનગરમાં કાગળની મીલ છે. વાંસદા શહેર દેશી રજવાડું હોવાથી તેના રસ્તા, મકાનો સારા છે, રાજાનો મહેલ જોવા જેવો છે.

<u>ધરમપુર તાલુકા :</u>

ગુજરાતના વલસાડ જિલ્લામાં આવેલો ધરમપુર તાલુકો ગુજરાતનો મોટામાં મોટો તાલુકો છે. આ તાલુકો વલસાડ જિલ્લાની પૂર્વ સરહદે આવેલો છે. તાલુકાની ઉત્તરે વાંસદા અને ચીખલી તાલુકો છે. પૂર્વના ગાઢ જંગલ વિસ્તારની સાથે પશ્ચિમઘાટના નાના મોટા ડુંગરો આવેલા છે અને ત્યાં મહારાષ્ટ્રની સરહદ શરુ થાય છે.

ભૌગોલિક રીતે તાલુકો બે સ્પષ્ટ કુદરતી વિભાગમાં વહેંચાયેલો છે, 'તલાટ વિસ્તાર' જે પ્રમાણમાં સમતલ નીચાણવાળી જમીનનો વિસ્તાર છે અને ડુંગર વિસ્તાર જે ડુંગરાળ ખાડા ટેકરાવાળી જમીનનો વિસ્તાર છે. તાલુકાના કુલ વિસ્તારનો ૮૨ ટકા જેટલો ભાગ ડુંગર વિસ્તાર છે. આ વિસ્તારમાં કુલ ગામડાઓના ૮૩ ટકા ગામડા આવેલા છે અને કુલ ગ્રામ્ય વસતિની ૬૨ ટકા જેટલી વસતિ આવેલી છે. તાલુકો મોટા અને ભારે જંગલોવાળો પ્રદેશ છે. કુંભઘાટ, મોરગઢ, લુહેરી, પેરીયા, બોપી, ગારા પીલોવા, નીમલો આસ્ટ્રોલ, કાસ્ટ્રોલ વિલ્સન હીલ વગેરે મોટા ડુંગરો છે. આ સિવાય નાના

ડુંગરો પણ છે. ડુંગરોની હારમાળાવાળો પ્રદેશ કહીએ તો પણ ચાલે . ધરમપુર દરિયાઈ સપાટીથી ૭૩૦૦ મીટર ઉંચાઈએ આવેલું છે. ધરમપુર તાલુકાનો કુલ વિસ્તાર ૭૫૦.૨ ચો.કી.મી.નો છે જેમાં ૨૩૭ ગામડા આવેલા છે.

આબોહવા-વરસાદ :

આ તાલુકાની આબોહવા વનને કારણે સમધાત છે પરંતુ જંગલ વિસ્તાર અને અનરાધાર વરસાદને કારણે હવામાન ભેજવાળુ અને રોગીષ્ટ છે. ઉનાળામાં સખત ગરમી અને શિયાળામાં સખત ઠંડી પડતી નથી. આ તાલુકાનો સરેરાશ વરસાદ ૨૧૮૦ મી.મી. છે પરંતુ આ વરસાદ એક ધારો પડે છે તેથી ડુંગર વિસ્તાર હોવાથી પાણી વહી જાય છે અને ઉનાળામાં પાણીની ખેંચ પડે છે.

જમીન પાકો :

ધરમપુરની ભૌગોલિક પરિસ્થિતિ જોતા ત્યાંની જમીન ઉંચક-ખાબડ અને ખડકાળ છે ડુંગરાળ વિસ્તારમાં ખડકાળ જમીન વધુ છે. આ વિસ્તારમાં ફકત ૨૬ ટકા જમીન જ ખેડાણ હેઠળ છે. જમીન ખાડા-ટેકરાવાળી હોવાને કારણે ખેતીની ઉપજ પણ ઓછી થાય છે. તલાટ વિસ્તારમાં પ્રમાણમાં જમીન સમતલ છે. કુલ જમીનના ૪૩ ટકા જમીનમાં જંગલો છે, સિંચાઈની સગવડ નહીંવત છે. આ તાલુકાનો મુખ્ય પાક ડાંગર છે તે સિવાય ખરીફ જુવાર, રાગી ચણા, મગ, તુવેર, અડદ અને વાલ થાય છે. તેલીબીયામાં મગફળી અને ખરસાણી થાય છે. તલાટ વિસ્તારમાં આ ઉપરાંત શેરડી, સની કેરી થાય છે. જંગલ વિસ્તાર હોવાથી સાગ જેવું ઈમારતી લાકડું અને અન્ય જંગલ પેદાશ મળે છે.

વસ્તી :

ધરમપુર તાલુકાની કુલ વસ્તી ૧૯૮૧ પ્રમાણે ૨૩૭૦૭૩ છે તેમાં ૧૧૯૧૨૭ પુરુષો અને ૧૧૭૯૪૬ સ્ત્રીઓ છે. આ તાલુકામાં આદિવાસીની વસતિ ૨૨૨૭૪૪ છે એટલે કે કુલ વસતિના ૯૩.૯૬ ટકા થાય છે. આમ મુખ્ય આદિવાસી વસ્તિ છે જેમાં મુખ્યત્વે ધોડિયા, કુંકણા, વારલી, નાયકા અને કોલધા જાતી છે. ધોડિયા જાતિ મુખ્યત્વે તલાટ વિસ્તારમાં રહે છે તેમની સ્થિતિ આ તાલુકાની અન્ય આદિવાસી જાતિ કરતાં સારી ગણાય.

ધંધો :

આ તાલુકાનો મુખ્ય ધંધો ખેતી છે. કુલ શ્રમ કરનારના ૭૦ ટકા વસતિ



ખેડૂત છે, ૨૫ ટકા જેટલા ખેતમજૂર છે. આમ કુલ વસતિના ૮૫ ટકા ખેતી પર આધારિત છે, તે સિવાય ખનીજ, પત્થર કાઢવા, પત્થર તોડવા, ખાણકામ પશુપાલન, જંગલકામ, xxx મત્સ્યો શિકાર, ગૃહ ઉદ્યોગ, બાંધકામ અને વાહનવ્યવહાર વેપાર તેમજ અન્ય ધંધામાં રોકાયેલા છે.

શિક્ષણ :

આખા તાલુકામાં ૨૭ ગામોને પ્રાથમિક શાળાની સુવિધા નથી. બાકીના ૨૧૦ ગામોમાં આ સુવિધા છે છતાં પણ ડુંગરાળ વિસ્તારની કેટલીક પ્રાથમિક શાળાઓ વર્ષના છ થી આઠ માસ ચાલતી નથી. ૧૯૮૧ પ્રમાણે આ તાલુકાનું કુલ શિક્ષણનું પ્રમાણ ૧૯.૭૦ ટકા છે જેમાં પુરુષોનું શિક્ષણનું પ્રમાણ ૨૬.૩૨ ટકા અને સ્ત્રીઓનું ૧૩.૦૧ ટકા છે. આદિવાસીઓમાં આ પ્રમાણ આથીય ઓછું છે છતાં પણ ગુજરાત રાજ્યના કેટલાક આદિવાસી તાલુકા કરતા અહીં શિક્ષણ વધુ લાગે છે અને તેનું કારણ તલાટ વિસ્તાર છે. ડુંગરાળ વિસ્તારમાં તો શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું છે. તાલુકામાં ૧૨ માધ્યમિક અને ૪ ઉચ્ચતર માધ્યમિક શાળા છે. બે વર્ષથી ધરમપુરમાં ઉચ્ચશિક્ષણ માટેની કોલેજ શરુ થઈ છે અને બીલપુડીમાં વન વિદ્યાની પણ કોલેજ શરુ થઈ છે, આ તાલુકામાં ૧૯ આશ્રમશાળા અને ૫૮ બાલમંદિર આવેલાં છે. આદિવાસી બાળકો સ્થળ ઉપર રહીને અભ્યાસ કરી શકે તે માટે ૨૧ છાત્રાલયોની પણ વ્યવસ્થા છે. આમ શિક્ષણક્ષેત્રે આ તાલુકામાં વિકાસ માટેના સરકાર તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પુરતા પ્રયત્નો થયેલા છે છતાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે અને તેમાં પણ કોલચા, નાયકા, વારલી જેવી જાતિમાં તો ૫ ટકાથી પણ ઓછું છે. ધોડિયા કુંકણામાં શિક્ષણ સારું છે. આમ શિક્ષણના અભાવની અસર તેમના આર્થિક, સામાજિક માળખા પર પણ થયેલી છે.

વાહનવ્યવહાર :

આ તાલુકો જંગલ ખીણો ડુંગરોવાળો હોવાથી આ તાલુકામાં વાહન-વ્યવહાર તથા સંદેશા વ્યવહારના સાધનો ખૂબજ ઓછા પ્રમાણમાં છે. ૨૩૭ ગામડાઓમાંથી ૭૦ ગામડાઓને આખુ વર્ષ બસની સુવિધા પ્રાપ્ત થાય છે જ્યારે ૧૭ ગામોને ઉનાળા xxxxx xxxx xxxxx x. શીયાળામાં બસની સુવિધા છે. તાલુકામાં પુરતા પ્રમાણમાં રસ્તા તથા વાહનવ્યવહારથી ૯૯ ગામડા પાકા રસ્તાથી જોડાયેલા છે જ્યારે બીજા ૧૩૨ ગામડા એપ્રોચ રોડ અને કાચા રસ્તા સાથે જોડાયેલા છે. તાલુકામાંથી કોઈપણ જગ્યાએ રેલ્વેલાઈન પસાર થતી નથી.

ફક્ત વલસાડ - નાસિક રોડ આ તાલુકામાંથી પસાર થાય છે, તેવી જ રીતે ધરમપુર - વાપી રોડ પણ છે. તાલુકામાં ૧ પોસ્ટ ઓફિસ અને ૫૦ બ્રાંચ ઓફિસ છે, ૮ ગામને ટેલીફાનની સગવડ છે જેમાંના મોટા ભાગના વલાટ વિસ્તારમાં છે. આખા તાલુકામાં ૪૫ ગામોને વીજળીની સગવડ છે.

સહકારી સંસ્થાઓ :

આ વિસ્તાર જંગલ તથા ડુંગરાળ અને અપૂરતી સગવડતાવાળો છે તેને કારણે અહીંયા જે કંઈ સહકારી સંસ્થાનો વિકાસ થવો જોઈએ તે થયો નથી, ૮૯ વિવિધ પ્રકારની સહકારી મંડળી છે. અહીંયા જંગલ મંડળીઓનું પ્રમાણ સારું છે અને તેના દ્વારા ધરમપુર વિકાસનું કાર્ય પણ સારું થાય છે, નિગમ દ્વારા જે લોન અપાઈ છે તે પણ જંગલ મંડળીઓ અને સેવા સહકારી મંડળી દ્વારા જ અપાઈ છે પરંતુ હજી અહીંના વિકાસ માટે સહકારી મંડળીના વિકાસની જરુર છે.

ચીખલી તાલુકો :

વલસાડ જિલ્લાનો વિકસિત આદિવાસી તાલુકો છે. તેની એક બાજુ દૂર ઘુઘવતો સાગર છે તો બીજી બાજુ ડાંગ જિલ્લાનું જંગલ છે. ચીખલી તાલુકાની પૂર્વમાં વાંસદા તાલુકાની સરહદ છે, પશ્ચિમે ગણદેવી અને વલસાડ તાલુકાની સરહદો છે, ઉત્તરમાં નવસારી અને સુરત જિલ્લાના મહુવા તાલુકાની સરહદ છે. આમ છ તાલુકાની સરહદથી ઘેરાયેલો ચીખલી તાલુકાનો કુલ વિસ્તાર ૨૩૭.૬ ચો.મી. છે જેની અંદર કુલ ૮૫ ગામો આવેલા છે.

આબોહવા - વરસાદ :

તાલુકાની ૧૦ માઈલ ઉપર અરબી સમુદ્ર આવેલો છે તેથી આબોહવા ખુશનુમા અને તંદુરસ્તીને ફાયદાકારક છે, ઉનાળામાં બહુ ગરમી કે શિયાળામાં બહુ ઠંડી લાગતી નથી તેથી સમધાત આબોહવા કહી શકાય, પશ્ચિમે દરિયો અને પૂર્વમાં ડાંગનું જંગલ તેથી આ તાલુકામાં વરસાદ સારો થાય છે. તાલુકાનો વાર્ષિક સરેરાશ વરસાદ ૭૫'' થી ૮૦'' છે.

જમીન પાકો :

જમીન સપાટ નથી, ખાડા ટેકરાવાળી તેથી ક્યાંય મોટા બીડ જોવા મળતા નથી, જમીન કાળી અને લીસી, વરસાદ સારો અને નાની નાની ખાડીઓ છે તે સપાટ જમીનમાં કાંપ સારો લાવે છે તેથી સપાટ જમીનમાં સારી



ખેતી થાય છે. જમીન કાળી કાંપવાળી ફળદ્રૂપ અને વરસાદ સારો તેથી મુખ્ય પાક ડાંગર છે, આ ઉપરાંત શેરડી, જુવાર, કપાસ, ઘઉં, લીલા શાકભાજી, કઠોળ થાય છે. આ તાલુકાના પૂર્વ બાજુએ અગ્નિ ખૂણામાં ધરમપુર તાલુકાના ૨૯ ગામો જોડાયેલા છે તેની જમીન સાધારણ છે અને ત્યાંના હવાપાણી પણ સારા નથી પણ ત્યાંથી સાગ જેવું ઈમારતી લાકડું મળે છે. પશ્ચિમ ભાગમાં વાડીનું પ્રમાણ ઘણું સારું છે.

વસતિ :

આ તાલુકાની કુલ વસતિ ૧૯૮૧ પ્રમાણે ૨૧૪૨૨૮ છે જેમાં ૧૦૫૩૪૦ પુરુષો અને ૧૦૮૭૮૮ સ્ત્રીઓ છે. આ તાલુકાની આદિવાસી વસતિ કુલ વસતિના ૬૯.૦૭ ટકા છે. આદિવાસીઓમાં ધોડિયા, ~~xxx~~હળપતિ, નાયકા, કુંકણા અને કોલચાની વસતિ જોવા મળે છે. આદિવાસી સિવાય બ્રાહ્મણ, વાણિયા, રજપુત, મુસલમાન, મોચી, સોની, કુંભાર, લુહાર, હરિજન એમ મિશ્ર વસતિ છે. ધોડિયા ~~xx~~ લોકોની વસતિ વધુ છે.

ધંધો :

આ પ્રદેશનો મુખ્ય ધંધો ખેતી છે. આ તાલુકાના ૮૦ ટકા લોકો ખેતી ઉપર નિર્ભર છે. આ તાલુકાની પૂર્વે ડાંગના જંગલો આવેલા છે તેથી પૂર્વ તરફના લોકો ખેતી, પશુપાલન ઉપરાંત લાકડા કાપવાનું અને વહન કરવાનું કામ કરે છે તેમને માટે દુધાળા ઢોર અને બળદ વધુ ઉપયોગી થાય છે. ચીખલીની નજીક બીલીમોરામાં કારખાના છે તેથી કારખાનાની મજુરી પણ લોકો જાય છે. બીલીમોરા વ્યાપાર સાથે સંકળાયેલું હોવાથી કરિયાણા અને લાકડાના સારા વ્યાપાર પણ ચાલે છે. આ ઉપરાંત સુથારી, લુહારી, કુંભાર, દરજી, માછીમાર, પત્થરફોડ, મરઘા ઉછેર વગેરે ધંધા ચાલે છે. આદિવાસીઓમાં મોટાભાગે ખેતી ખેત મજૂરી અને છૂટક મજૂરીમાં રોકાયેલો છે. ચીખલી તાલુકામાં શિક્ષણનું પ્રમાણ સારું હોવાથી કેટલાક લોકો વિવિધ પ્રકારની નોકરી અને શૈક્ષણિક કાર્યમાં રોકાયેલા છે. આ તાલુકામાં આવેલા તલાવચોડનું ગાડી બનાવવાનું કામ આખા વિસ્તારમાં પ્રખ્યાત છે.

શિક્ષણ :

આખા તાલુકામાં કોઈપણ ગામ શાળા વગરનું નથી દરેક જગ્યાએ શિક્ષણની સુવિધા છે. આ તાલુકાનું શિક્ષણ સારું છે પરંતુ હતી પણ કેટલાક વિસ્તારમાં

શિક્ષણનું પ્રમાણ ઓછું દેખાય છે કારણકે આઝાદી પહેલાં આ તાલુકામાં શિક્ષણની સારી સુવિધા ન હતી અને પછાત વર્ગની સંખ્યા પણ સારી છે છતાં આદિવાસીઓના શિક્ષણ બાબતમાં બીજા તાલુકાના પ્રમાણમાં અહીંનું સ્તર ઉંચુ છે. અહીંયા પ્રાથમિક શાળા, માધ્યમિકશાળા ઉપરાંત આશ્રમશાળાઓ અને મિશનશાળા પણ આવેલા છે. તાલુકામાં ચીખલી અને બીલીમોરા બે કોલેજો છે તે સિવાય નવસારી અને વલસાડની કોલેજનો લાભ પણ આ તાલુકાને મળે છે. પુસ્તકાલય, યુવકમંડળ, મહિલામંડળ, બાલવાડીઓ, વ્યાયામશાળા અને સમાજ શિક્ષણની સગવડ પણ આ તાલુકામાં છે. બીલીમોરામાં ટેકનીકલ સ્કૂલ છે, આમ આ તાલુકાને શૈક્ષણિક સર્વ પ્રકારની સગવડો ઉપલબ્ધ છે.

વાહનવ્યવહાર :
------------

તાલુકામાં રસ્તાનું પ્રમાણ ઘણું સારું છે. ચારેબાજુથી માર્ગ વ્યવહાર સાથે તાલુકા મથક ચીખલી સંકળાયેલું છે. બીલીમોરાથી ઉપડતી મોટા ભાગની બસો ચીખલી થઈ આજુ બાજુના ગામોમાં જાય છે, તાલુકા મથકેથી જ નેશનલ હાઈવે ૮ પસાર થાય છે. આમ અમદાવાદ, મુંબઈ હાઈવે ઉપર ચીખલી આવેલું છે તેવીજ રીતે બીલીમોરા-વાઘઈ રોડ પણ ચીખલીથી પસાર થાય છે. બીલીમોરાથી ઉપડતી વઘઈ રેલ્વે લાઈન પણ ચીખલીમાંથી પસાર થાય છે. પશ્ચિમે રેલ્વેના મહત્વના નવસારી, બીલીમોરા, વલસાડ સ્ટેશનો ચીખલીથી નજીક છે. આમ વાહનવ્યવહારની સારી સગવડ છે. તાર ટેલીફોન ટપાલની પણ સારી સગવડ છે. પોસ્ટ ઓફિસ પણ મોટા ભાગના ગામોમાં છે. ગ્રામ પંચાયત દ્વારા તાલુકાનો વ્યવહાર ચાલે છે, આખા તાલુકામાં સહકારી મંડળીની સંખ્યા પણ સારી છે જયારે બ્લોક હતા ત્યારે આ તાલુકામાં ત્રણ આદિવાસી અને એક બીન આદિવાસી બ્લોક હતા અને એ રીતે આદિવાસીઓના વિકાસ x માટેની સારી એવી તકો ઉભી કરવામાં આવી છે.

પારડી તાલુકો :
------------

પારડી તાલુકો વલસાડ જિલ્લાની પૂર્વમાં આવેલો છે. પારડી તાલુકાની પૂર્વમાં ધરમપુર તાલુકો, પશ્ચિમે અરબી સમુદ્ર, દક્ષિણમાં ઉંબરગામ અને ઉત્તરે વલસાડ તાલુકો આવેલા છે. આ તાલુકાનું વિસ્તારની રીતે જિલ્લામાં ચોથું સ્થાન છે. પારડી તાલુકાની ઉત્તર દક્ષિણ લંબાઈ ૨૨ કી.મી. અને પૂર્વ-પશ્ચિમ પહોળાઈ ૨૩ કી.મી. છે કે જે કુલ વિસ્તારના ૭૨.૪ ચો.મા. થાય છે. પારડી તાલુકામાં ૮૦ ગામો અને બે શહેરો આવેલા છે.



આ તાલુકામાં મુખ્યત્વે પાર કોલક દમણગંગા મોટી નદીઓ છે, આ સિવાય અનેક નાની ખાડીઓ છે તેમાં બારેમાસ પુરતા પ્રમાણમાં પાણી મળી રહેતું હોવાથી સિંચાઈ વ્યવસ્થા સારી થાય છે, વરસાદ અનિયમિત છે છતાં પાકને અનુકૂળ ૬૦" થી ૮૦" પડે છે. આબોહવા પશ્ચિમે અરબી સમુદ્રથી શિયાળામાં ઠંડી અને ઉનાળામાં ગરમી પડે છે આમ સમધાત આબોહવા કહી શકાય.

જમીન :
-----

પૂર્વ તરફનો ભાગ જંગલ વિસ્તાર છે તેની જમીન ખેતીને અનુકૂળ નથી ત્યાં જેમની પાસે સિંચાઈની સગવડ પણ નથી તેવા મોટા ભાગના ખેડૂતો બે પાક લઈ શકતા નથી, વરસાદ અને જમીન બંને ડાંગરના પાકને અનુકૂળ તેથી ડાંગરનો પાક વધુ લેવાય છે, તે સિવાય શેરડી, કેરી, કેળાં, કઠોળ અને શાકભાજીનું ઉત્પાદન કરવામાં આવે છે. આ વિસ્તારના ૭૦ થી ૭૫ ટકા લોકો ખેતી કરે છે, આ તાલુકાનું એક નાનું બંદર જે કોલક ઉદવાડા તરીકે ઓળખાય છે જયાં વહાણવટા અને માછીમારનો ઉધોગ તથા મીઠું પકવવાના ઉધોગો ચાલે છે.

વસ્તિ :
-----

૧૯૮૧ની વસ્તિ ગણતરી પ્રમાણે આ તાલુકાની કુલ વસ્તી ૨૦૫૫૩૮ છે જેમાં ૧૦૩૭૫૪ પુરુષો અને ૧૦૧૭૮૦ સ્ત્રીઓ છે આ આદિવાસી તાલુકો છે તેથી અહીંયા આદિવાસીની વસ્તિ વધુ છે. ૧૯૮૧ના આંકડા મુજબ આ તાલુકામાં વસ્તિના ૫૬.૫૪ ટકા વસ્તી આદિવાસીની છે. આદિવાસીઓમાં નાયકા, ધોડિયા, હળપતિ અને કોલચા છે, આ સિવાય બ્રાહમણ, x વાણિયા, કણબી, કોળી, માછી, ચમાર, ભંગી, ખાલપા વગેરે છે.

વ્યવસાય :
--------

અહીંયા મુખ્ય ધંધો ખેતીનો છે પરંતુ પારડીની આજુબાજુ ઔધોગિક વિસ્તાર થતા કારખાના અને ફેકટરીનું પ્રમાણ ઝડપથી વધી ગયુ છે તેથી આ વિસ્તારના ઘણાં આદિવાસીઓ તેમજ બીજા અતુલ તેમજ વાપી ઔધોગિક ક્ષેત્રમાં કામ કરવા જાય છે. કેટલીક જગ્યાએ મુખ્ય ધંધો ખેતી રહયો છે પરંતુ પૂરક ધંધા તરીકે કારખાનાની નોકરી સ્વીકારાઈ છે છતાં વાઘછીપા જેવા કેટલાક પારડીના વિસ્તારેલા ખેતીના ધંધા સાથે પશુપાલનનો ધંધો ચાલે છે જે ખેતી સાથે ગાઢ સંબંધિત છે. આ સિવાય દરિયાકાંઠે માછલી પકડવાનો, વહાણવટું કરવાનો, મીઠું પકવવાનો ધંધો ચાલે છે, ગૃહઉધોગોનાં, ચર્મોધોગ, સુથારી, લુહારી, વાંસકામ વગેરે પણ ચાલે છે.

**શિક્ષણ :**

શિક્ષણની દૃષ્ટિએ પારડી તાલુકો આગળ પડતો તાલુકો છે. પ્રાથમિક શાળાની વ્યવસ્થા મોટા ભાગના ગામોમાં છે. અલબત્ત આ પ્રદેશમાં શિક્ષણનો વિકાસ આઝાદી પછીના ગાળામાં શરુ થયો છે તેથી હાલ પણ શિક્ષણનું પ્રમાણ ૩૫.૭૨ ટકા છે. હાલમાં ગામડે ગામડે પ્રાથમિક શાળા શરુ થઈ ગઈ છે અને પ્રજાને આર્થિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રે આગળ આવવા માટે કેળવણી એક આવશ્યક બાબત ગણવા લાગી તેથી સારા એવા પ્રયત્નો થયા અને પરિણામે આ વિસ્તારના મોટા ભાગના ગામોમાં માધ્યમિક શાળા છે, શહેર વિસ્તારમાં સ્ત્રી અધ્યાપન મંદિર, પુરુષ અધ્યાપન મંદિર જેવી ટ્રેનીંગ કોલેજો છે, બે છાત્રાલયો છે.

**વાહનવ્યવહાર :**

અમદાવાદ થી મુંબઈ પશ્ચિમ રેલ્વે આ તાલુકામાંથી પસાર થાય છે તેના પર પારડી, વાપી, ઉદવાડા સ્ટેશનો છે. આ ઉપરાંત રાષ્ટ્રીય ધોરી માર્ગ પણ આ તાલુકામાંથી પસાર થાય છે અને પારડી અને વાપી આજુ બાજુના ગામડા સાથે પણ કાચા પાકા રસ્તાથી જોડાયેલું છે. વાપી ધમધમતું ઔદ્યોગિક મથક હોવાથી તાર સંદેશા વ્યવહારની સગવડ પણ આ તાલુકામાં સારી જોવા મળે છે.

૧૯૫૩ના ધાસિયા સત્યાગ્રહને કારણે આ તાલુકામાં રાજકીય જાગૃતિ સારી એવી જોવા અને તેથી જાગૃત તાલુકામાં ગણી શકાય.

**ઉંબરગાંવ તાલુકો :**

આમ તો ઉંબરગાંવ તાલુકો સન ૧૯૬૦ પહેલાં મહારાષ્ટ્રના થાણા જિલ્લાનો તાલુકો હતો તે વખતે તે તાલુકાના ઉંબરગાંમ, સરીગામ અને તલાસરી એમ ત્રણ ભાગ હતા અને ૭૦ ગામ હતા પરંતુ મુંબઈ રાજ્યનું વિભાજન થતા આ ઉંબરગામ તાલુકાના ઉંબરગામ અને સરીગામ વિભાગ તેના ૫૦ ગામ સાથે ગુજરાતને મળ્યા ત્યારથી તેને ઉંબરગામ નામે તાલુકો બનાવી તેમને ગુજરાતમાં જોડયો ઉંબરગામ, ઉંબરગામ રોડ રેલ્વે સ્ટેશનથી ૬ કી.મી. દૂર પશ્ચિમે દરિયા કિનારે આવેલું રળીયામણુ નગર છે, પારસીઓ જ્યારે ઈરાન છોડી ભારત આવ્યા અને ગુજરાતમાં સંજાણ બંદરે ઉતર્યા તે સંજાણની નદી ઉંબરગામ આગળ દરિયાને મળે છે. ઉંબરગામ ગુજરાતનો તેમજ વલસાડ જિલ્લાનો છેલ્લો તાલુકો છે, તેની ઉત્તરે દમણ અને પારડી તાલુકો તથા દમણગંગા નદી, દક્ષિણે મહારાષ્ટ્રનો દહાણુ તાલુકો ( થાણા જિલ્લો ) પૂર્વે થાણા જીલ્લો અને નગરહવેલી અને પશ્ચિમે દરિયો આવેલાં છે.



ઉંબરગાંવ નગરનો ઉત્તર તરફનો ભાગ ધોવાતો જાય છે. ઉંબરગાંમથી નદીને સામે પાર સરુના ઝાડથી શોભતું નારગોલ આવેલું છે. પૂર્વ ભાગમાં જંગલો આવેલ છે. તાલુકામાં ઈંદ્રગઢ ટાવીઓ જોગમેડી અને લાકડીઓને ડુંગરો આવેલા છે. દમણગંગા કાળુ અને વારોલી મુખ્ય નદીઓ છે. ઉંબરગાંવ તાલુકાનો કુલ વિસ્તાર ૩૬૧ ચો. કી.મી.નો છે તેમાં ૪૯ ગામો અને ૧ નગર ઉંબરગાંવ આવેલું છે, તેમાં દહેરી ગોવાડા સંજાણ નારગોલ મરોલી કર મળે છે ભિલાડ તલવાડી સરીગામ માનેકપોર ફણસા વગેરે મહત્વનાં છે.

**આબોહવા વરસાદ :**

આ તાલુકામાં દરિયો નજીક હોવાથી આબોહવા સમધાત છે. ઉનાળામાં સખત ગરમી અને શિયાળામાં સખત ઠંડી પડતી નથી. આ તાલુકાનો સરેરાશ વરસાદ ૨૫૦ સે.મી. જેટલો પડે છે.

**જમીન પાકો :**

ઉંબરગામ તાલુકાની જમીન સપાટ, કાળી, ચીકણી અને કાંપવાળી છે. દરિયા કિનારાની થોડી જમીન ખારાશવાળી છે. કાંપવાળી કાળી જમીન છે તેથી અહીંયા ડાંગર અને ઘાસ ખૂબ પાકે છે, તેવી જ રીતે કેરી, મરચાં, વાલ પણ સારા પ્રમાણમાં પાકે છે. તેમાં ગોવાડાના મરચાં વખણાય છે. ઉંબરગાંવ એ ફળોનો પ્રદેશ ગણાય છે. અહીંયા કેરી, ચીકુ, જામફળ, કેળાં, સીતાફળની વાડીઓ જોવા મળે છે. નાળીયેરીનું વાવેતર પણ અહીં સારું છે. જંગલ વિસ્તારમાં લાકડું મળે છે અને અગાઉ જણાવ્યુ તે પ્રમાણે નારગોળ આખુ શરુના ઝાડથી રળીયામણું બનાવ્યુ છે.

**વસ્તી :**

ઉંબરગાંવ તાલુકાની કુલ વસ્તી ૧૯૮૧ પ્રમાણે ૧૪૩૭૪૭ છે તેમાં ૭૦૪૫૬ પુરુષો અને ૭૩૨૭૧ સ્ત્રીઓ છે. આ તાલુકામાં આદિવાસીની વસ્તિ ૭૯૪૨૫ છે એટલે કુલ વસ્તિના ૫૫.૨૬ ટકા વસ્તિ આદિવાસીની છે. આદિવાસીઓમાં મુખ્ય વારલીની વસ્તી છે તે સિવાય હળપતિ, ધોડિયા છે. થોડાક પ્રમાણમાં કોટવાળીયા અને કોલચા છે, આ સિવાય તાલુકામાં મુખ્ય કોળી લોકોની વસ્તી છે તે સિવાય બ્રાહ્મણ, જૈન, પારસી, મુસલમાન અને હરિજનોની પણ વસ્તી છે.

## ધંધો :

બીજા તાલુકાના પ્રમાણમાં આ તાલુકાનો પણ મુખ્ય ધંધો ખેતી છે પરંતુ ખેડૂત કરતાં ખેતમજૂરની સંખ્યા વધુ છે, અહીંયા કામ કરનારાઓમાં ૩૫.૪૬ ટકાં ખેડૂતો અને ૪૨.૨૫ ટકા ખેતમજૂરો છે. ૬.૧૮ ટકા લોકો પશુપાલન જંગલ ખનીજ પત્થર, ખાણ કામમાં રોકાયેલાં છે, અહીં પૂર્વભાગમાં જંગલો આવેલાં છે ત્યાં ખેતી સાથે ઘાસ અને લાકડાનો ધંધો ચાલે છે જ્યારે દરિયાકિનારાના એટલે કે ફણસા, ઉંબરગાંવ, નારગોલના લોકો ખેતી ઉપરાંત મચ્છીમારી અને વહાણવટાનો ધંધો કરે છે. ઉંબરગાંવ અને નારગોળ એ મત્સ્યોદ્યોગના મુખ્ય મથકો છે. ભિલાડ ઘાસના વેપારનું મુખ્ય મથક છે. સંજાણ કોલસા અને લાકડાના વેપારનું મથક છે. ઉંબરગામથી ઘાસ નિકાશ થાય છે.

હવે ઉંબરગામ સરીગામનો આજુબાજુનો પ્રદેશ ઔદ્યોગિક વસાહત બનતા અહીંયા નવા ઔદ્યોગિક એકમો શરુ થયા છે અને તેથી કારખાનામાં કામ કરનારા વર્ગની સંખ્યા પણ વધવા પામી છે, ભવિષ્યમાં પણ દમણગંગાના પાણી અને વિશાળ જમીન હોવાથી અહીંયા ઉદ્યોગો ખીલશે તેમાં શકાને સ્થાન નથી.

## શિક્ષણ :

આખા તાલુકામાં કોઈપણ ગામ પ્રાથમિક શાળાની સુવિધા વગરનું નથી. ૧૯૮૧ પ્રમાણે આ તાલુકાનું કુલ શિક્ષણનું પ્રમાણ ટકા છે તેમાં પુરુષોના શિક્ષણનું પ્રમાણ ટકા છે અને સ્ત્રીઓના શિક્ષણનું પ્રમાણ ટકા છે. અહીંયા વલસાડ જિલ્લામાં આદિવાસીઓમાં સૌથી ઓછું શિક્ષણ હોય તો તે ઉંબરગામ તાલુકો છે અહીંયા ધરમપુર કરતાં પણ ઓછું શિક્ષણ છે.

આ તાલુકાના આદિવાસીઓની કુલ શિક્ષણની ટકાવારી ફક્ત ૧૪.૬૨ ટકા છે તેમાં પુરુષોની ૨૧.૪૭ ટકા છે અને સ્ત્રીઓની ૯.૭૨ ટકા છે. આ તાલુકામાં ૭ માધ્યમિક અને ૬ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલી છે. વિશિષ્ટ શિક્ષણ સંસ્થા તરીકે અહીંયા નારગોળમાં રૂસ્તમજી તાલીમસ્થાન ડી.ટી.સી. કોલેજ, ભીલાડમાં શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય અને ફણસામાં એક અંધજન શાળા છે, આ તાલુકામાં જ્યાં મરાઠી લોકોની વસ્તી છે તેમના બાળકો માટે મરાઠી શાળાઓ પણ છે. આ સિવાય આદિવાસી બાળકો માટે આશ્રમશાળા, છાત્રાલયો છે પણ પૂરતા નથી.



## વાહનવ્યવહાર :

તાલુકામાં થઈને મુંબઈ જતી મોટી પશ્ચિમ રેલ્વે પણ છે તે પર કરમબેલે ભીલાડ, સંજાણ અને ઉંબરગામ સ્ટેશનો આવેલા છે. ઉંબરગામ સ્ટેશન એ ઉંબરગામ તાલુકાનું વલસાડ જિલ્લાનું અને ગુજરાત રાજ્યનું દક્ષિણ દિશાનું છેલ્લું રેલ્વે સ્ટેશન છે. એ સ્ટેશન પછી મહારાષ્ટ્રની હદ શરુ થાય છે. કાલઈ અને જાુરીથી દમણ જવાનું ઘણું સરળ છે. તાલુકામાં થઈને રાષ્ટ્રીય ધોરી માર્ગ નં.૮ પસાર થાય છે તે માર્ગ ઉંબરગામ રોડ તથા સંજાણથી થોડે દૂર રહી પસાર થાય છે. ભીલાડ અને કરમબેલે માર્ગ પર આવેલાં છે, વળી નારગોલથી વલસાડ સુરત ભીલાડથી ફલગામ ઉંબરગામથી વલસાડ અને વલસાર સુધી એસ.ટી.બસ વ્યવહાર છે.

આ તાલુકામાં ૪૭ ટપાલ કચેરી, ૨૮ બ્રાંચ ઓફીસ અને ૧૦ તાર કચેરીઓ છે. ટપાલ વગરના ૬ ગામો છે. કુલ ૪૯ ગામોમાંથી ૪૭ ગામોને વીજળીની સેવા ઉપલબ્ધ છે. આમ આ તાલુકામાં વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારની પૂરતી સગવડ છે.

## સહકારી સંસ્થાઓ :

આ તાલુકામાં સહકારી સંસ્થાઓનો સારો એવો વિકાસ થયો નથી ૧૯૮૭-૮૨માં બધુ મળીને ૩૮ સહકારી મંડળી હતી તેમાં ખેતી વિષયક ધિરાણ મંડળી જ ૧૪ હતી ૬ ખેતી વિષયક બીન ધિરાણ મંડળી હતી, દૂધ ઉત્પાદન મંડળી કેવળ ૬ જ છે અને આ રીતે અહીંયા સહકારી મંડળીનો વિકાસ કરવાની અત્યંત જરુરીયાત છે. અહીંયા નિગમ દ્વારા જે રાહત દરે લોન અપાય છે તેમાંથી દૂધાળા ઢોર, બળદગાડા, બળદપાડાની જ લોન આપવામાં આવે છે.

## વલસાડ તાલુકો :

વલસાડ તાલુકો ૧૯૬૪ પહેલાં સુરત જિલ્લાનો તાલુકો હતા, વળી પ્રાંતનું મુખ્ય મથક પણ હતું, પણ સુરત જિલ્લાનાં બે ભાગ થયા પછી વલસાડ જિલ્લો અલગ બન્યો અને વલસાડ તાલુકા અને જિલ્લાનું અગત્યનું મથક બન્યું. વલસાડ તાલુકાની ઉત્તરે ગણદેવી તાલુકો, દક્ષિણે પાર નદી અને પારડી તાલુકો પૂર્વે ચીખલી અને ધરમપુર તાલુકો અને પશ્ચિમે દરિયો આવેલાં છે.

## ભૂપૃષ્ઠ :

તાલુકામાં પારનેરા અને ડુંગરીના ડુંગરો આવેલા છે. આ તાલુકાના

વેલતાયા સિવાઈ ફલધરામાં જંગલ છે. કાકડમઢીના જંગલોમાં મોટા પાયા પર સરકાર તરફથી યુકેલિપ્ટસના ઝાડ રોપવામાં આવ્યા છે. તાલુકાની મુખ્ય નદી ઔરંગા છે. દક્ષિણે પાર નદી છે જે વલસાડ અને પારડી તાલુકાને છુટા પાડે છે તે સિવાય વામ કોલાઈ વાંકી અને ઝુલવાણ ખાડીઓ છે, ઔરંગાનદી પર ભાગડા બંદર આવેલું છે. અહીં વહાણો મારફત ઈમારતી લાકડાં, માગલોરી નળિયાં અને કાંદાનો વેપાર ચાલે છે. વલસાડની નજીક ૪ કી.મી. દરિયો છે. આ તાલુકાનો કુલ વિસ્તાર ૫૧૦ ચો.કી.મી.નો છે તેમાં ૮૯ ગામો અને ૫ શહેરો આવેલાં છે. શહેરોમાં વલસાડ, અબ્રામા, અતુલ, કોસ્બા અને પારડી છે. ગામડાઓમાં ભાગડા, ઉંટડી, ધરાસણા, મોગરાવાડી, હરિયા, તીથલ, માળવણ, લીલાપોર, ભદેલી, ધડોઈ, પાલણ મુખ્ય છે.

આબોહવા વરસાદ :
---

આ તાલુકાની આબોહવા આજુબાજુ તાલુકામાં વન અને જંગલો આવેલા તેમજ નજીકમાં દરિયો આવેલો છે તેથી સમધાત છે. ઉનાળામાં સખત ગરમી અને શીયાળામાં સખત ઠંડી પડતી નથી. તાલુકાનો સરેરાશ વરસાદ ૨૦૦૦ મી.મી. છે. અહીંનું હવામાન સારું છે અને તેથી જ અહીંથી ૪ કી.મી. દૂર દરિયાકિનારે ગુજરાતનું હવાખાવાનું સ્થળ તીથલ આવેલું છે કે જ્યાં સરકારે ઉનાળાના 'હોલીડે કેમ્પ' માટે સાધારણ સ્થિતિના માણસોને પોસાય તેવા મકાનો પણ બાંધ્યા છે.

જમીન પાકો :
---

વલસાડ તાલુકાની જમીન બે પ્રકારની છે. ગોરાળુ અને કાળી છે. અહીંની જમીન કસવાળી પણ છે, અહીંયા ક્યારીની જમીનનું પ્રમાણ વધારે, વળી વરસાદનું પ્રમાણ પણ સારું છે તેથી આ તાલુકાનો મુખ્ય પાક ડાંગર છે. વલસાડ તાલુકાના ઉત્તર વિભાગમાં જુવાર થાય છે તે સિવાય વાલ, અડદ, ચણા, મગ, વગેરેનો પાક થાય છે, પરંતુ વલસાડ તાલુકો તેના કેરીના પાક માટે દેશ વિદેશમાં જાણીતો છે. વલસાડી આફુસ પરદેશમાં પણ જાણીતી બની છે. તે સિવાય ચીકુ પણ થાય છે. અહીંયા કેટલાક ભાગમાં રોકડીયા પાકમાં શેરડી અને કપાસનો પાક પણ લેવાય છે.

વસ્તિ :
---

વલસાડ તાલુકાની કુલ વસ્તિ ૧૯૮૧ પ્રમાણે ૨૭૮૦૩૩ છે તેમાં ૧૪૧૩૪૧



પુરુષ અને ૧૩૬૬૯૨ સ્ત્રીઓ છે. આ જિલ્લાના બીજા તાલુકાના પ્રમાણમાં આદિવાસીની વસ્તિ ઓછી છે, તે કુલ વસ્તિના ૩૯.૧૦ ટકા છે પરંતુ વલસાડ તાલુકાના લગભગ દરેક ગામમાં સારા એવા પ્રમાણમાં આદિવાસીની વસ્તિ છે અને પરિણામે આ તાલુકો આદિવાસી તાલુકામાં ન આવતો હોવાને કારણે અહીંના આદિવાસીઓ પેટા યોજનાના લાભથી વંચિત રહેવા પામે છે તેથી લઘુ વિસ્તાર (પોકેટ) જે નક્કી કરાયા તેમાં વલસાડ તાલુકાના બે પોકેટસ આવી ગયા છે અને તેમાં ૮૯માંથી ૭૭ ગામોને આવરી લેવાયા છે એટલે લગભગ આ તાલુકામાં પણ આદિવાસીની વસ્તિ વધુ છે એમ ફલિત થાય છે. અહીંની આદિવાસી વસ્તિમાં મુખ્યત્વે હળપતિ, ધોડિયા, નાયકા અને ગોડાક અને કોલચા કોટવાળીયા છે. આદિવાસી સિવાય માળવણ, લીલાપોર જેવા ગામોમાં અને બીજા ગામોમાં થોડા ઘણાં પ્રમાણમાં હરિજન વસ્તિનું પ્રમાણ પણ છે તે સિવાય બ્રાહ્મણ, વાણિયા, રાજપુત, મુસ્લમાન અને પારસીઓની વસ્તિ છે.

ધંધો :
---

બીજા બધા તાલુકાની જેમ આ તાલુકાનો પણ મુખ્ય ધંધો ખેતી અને ખેત મજુરી છે પરંતુ વલસાડની દક્ષિણે અતુલ સાઈન અને અતીત જેવા કારખાના વર્ષોથી ચાલે છે અને હવે વલસાડની નજીક ગુંદલાવ એક સુંદર ઉદ્યોગનગર બન્યુ છે. જેનો ૬૦ ફેકટરીઓ જુદા જુદો સામાન બનાવે છે, વળી ધરમપુર રોડ અને પારડી રોડ ઉપર અનેક નાના મોટા કારખાના આવેલા છે તેથી ઉદ્યોગથી ધમધમતો તાલુકો બની ગયો છે અને તેથી ઔદ્યોગિક રોજગારી મેળવતા લોકોની સંખ્યા પણ વધુ છે, વળી વલસાડ તાલુકામાં વલસાડ જિલ્લાનું મથક આવેલું હોવાથી જિલ્લાની બધી કચેરીઓ શાળાઓ, કોલેજ વગેરે આવેલાં છે તેથી બીજા તાલુકાના પ્રમાણમાં નોકરિયાતનું પ્રમાણ પણ સારું છે. કેરી, ચીકુનો વ્યાપાર દેશ પરદેશ થાય છે વળી ભાગલા બંદરની સગવડ છે તેના દ્વારા પણ હેરફેર થાય છે તેથી વ્યાપારકેન્દ્ર પણ છે. ડુંગરી પાસે લાલ માટી મળે છે તેથી નળીયા બનાવવાનું સેગવીમાં સુતાર અને સતારી ગાલ્લી બનાવવાનું કારખાનું સારું ચાલે છે. વલસાડ તાલુકાના પલાણમાં ૯૯ વિઘાનું તળાવ છે ત્યાં મચ્છીમારીનો ઉદ્યોગ સારો વિકસ્યો છે. ધરાસણામાં મીઠું પકવવાનો ધંધો ચાલે છે, આમ આ તાલુકામાં દરેક પ્રકારના ઉદ્યોગ ધંધાનો વિકાસ પુરતા પ્રમાણમાં થયો છે.

શિક્ષણ :
---

આખા તાલુકામાં કોઈપણ ગામ પ્રાથમિક શાળાની સુવિધા વગરનું નથી

૧૯૮૧ પ્રમાણે આ તાલુકાનું કુલ શિક્ષણનું પ્રમાણ      ટકા છે. પુરુષોના શિક્ષણનું પ્રમાણ      ટકા છે અને સ્ત્રીઓના શિક્ષણનું પ્રમાણ      ટકા છે. આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ બીજા તાલુકાના પ્રમાણમાં ઉંચુ છે, અહીંયા તેમના શિક્ષણની ટકાવારી ૪૦.૫૭ ટકા છે તેમાં પુરુષોમાં ૫૨.૭૯ ટકા અને સ્ત્રીઓમાં ૨૯.૫૧ ટકા છે. આ તાલુકામાં ૨૭ માધ્યમિક ૧૧ ઉચ્ચ માધ્યમિક શાળાઓ આવેલી છે. ઉચ્ચશિક્ષણ માટેની ૪ કોલેજો અને અન્ય શિક્ષણ માટેની બે સંસ્થાઓ આવેલીછે. વલસાડ તાલુકામાં એક પણ આશ્રમશાળા નથી, અહીંયા આદિવાસી જાતિઓમાં ધોડિયામાં શિક્ષણનું પ્રમાણ સારું છે પરંતુ હળપતિ જાતિમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે.

વાહનવ્યવહાર :

વલસાડ તાલુકાને રેલ્વે તેમજ એસ.ટી.બસની પુરતી સુવિધા છે. વલસાડ એ અમદાવાદ મુંબઈ બ્રોડગેજ પર આવેલું મોટું સ્ટેશન છે. આ તાલુકામાં રેલ્વે લાઈન ઉપર વલસાડ અતુલ અને ડુંગરી સ્ટેશનો આવેલાં છે.

વલસાડમાંથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૮ પણ પસાર થાય છે જેના પરથી અમદાવાદ મુંબઈનો બધો વાહનવ્યવહાર ચાલે છે. અહીંથી એસ.ટી.મારફતે થાણા, નાશિક, નારગોલ, સુરત, ધરમપુર, રાજપીપળા, વાંસદા, આહવા અને નવસારી તથા તાલુકાના અંદરના લગભગ બધા જ ગામોમાં જવાય છે. આ તાલુકાના લગભગ બધા જ ગામોને એસ.ટી.ની સુવિધા ઉપલબ્ધ છે. આ તાલુકામાં જિલ્લાની વડી પોસ્ટ ઓફિસ છે તે તથા ૧૧ પોસ્ટ ઓફિસ ૬૨ બ્રાન્ચ ઓફિસ છે. આમ આ તાલુકાને સંદેશા વ્યવહારની પણ પુરતી સગવડ છે. વીજળીની સગવડ પણ ૧૯૮૨ સુધીમાં ૮૯ ગામોમાંથી ૮૩ ગામોને પુરી પાડવામાં આવી હતી, આમ વાહનવ્યવહાર અને સંદેશા વ્યવહારમાં સગવડતાવાળો તાલુકો છે.

સહકારી સંસ્થાઓ :

આ તાલુકો વિકસિત છે એટલે ત્યાં સહકારી સંસ્થાઓનો પણ સારે વિકાસ થયો છે. વલસાડ તાલુકામાં લઘુ મંડળી ૧૨૯ સહકારી મંડળીઓ છે તેમાં સૌથી વધુ ખેતી ધિરાણ સેવા સહકારી અને દૂધ મંડળીઓનો સમાવેશ થાય છે. વલસાડ તાલુકામાં ૮૧-૮૨માં દૂધ મંડળીઓ હતી અને તેમને સાર મંડળી દ્વારા જ આદિવાસીને દુધાળા ઢોર પૂરા પાડવામાં આવ્યા હતા, અહીંયા અભ્યાસમાં ફલધરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીધી છે. પેટા યોજનામાં આ તાલુકો આવતો ન હોવાથી અહીંયા પેટા યોજના દ્વારા નિગમની જે બીજી સહાય અપાય છે તે અપાતી નથી.



# પ્રકરણ : ૩

## ગુજરાત આદિજાતિ વિકાસ નિગમની પ્રવૃત્તિઓ

રાષ્ટ્રમાં ગુજરાત રાજ્ય આદિજાતિ વસતિ ધરાવતા રાજ્યોમાનું એક રાજ્ય છે. ૧૯૭૧ની વસતિ ગણતરી પ્રમાણે આદિજાતિઓની વસ્તિની દ્રષ્ટિએ રાષ્ટ્રના રાજ્યોમાં ગુજરાતનો ક્રમ પાંચમો છે. રાષ્ટ્રની કુલ આદિજાતિ વસતિનો દશમો ભાગ ગુજરાતમાં છે. ૧૯૭૧ની વસતિ ગણતરી પ્રમાણે રાજ્યની કુલ વસતિમાં ૩૪.૭૪ લાખ હતી તે વધીને ૧૯૮૧ની વસતિ ગણતરી ૪૮,૪૮,૫૮૬ની થઈ છે જે રાજ્યની કુલ વસતિના ૧૪ ટકા છે. ૧૯૮૧ની વસતિ ગણતરીના ઔદ્યોગિક વર્ગીકરણની આંકડા ઉપલબ્ધ થયા નથી પરંતુ ૧૯૭૧ની વસતિ ગણતરી અનુસાર આદિજાતિ વસતિમાં કુલ કામ કરનાર ઓમાંથી ૯૦.૬૭ ટકા ખેત અને ખેતમજૂરી ઉપર નિર્ભર છે, આમ તેઓનો મુખ્ય ધંધો ખેતી અને ખેતમજૂરી છે, તેઓ આર્થિક તેમજ શૈક્ષણિક ક્ષેત્રે સમાજના બીજા સમુદાયથી ઘણા પાછળ છે. આ સંજોગોમાં તેઓના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે આયોજિત કાર્યક્રમ હેઠળ સરકારે જે જુદી જુદી પ્રવૃત્તિઓ હાથ ધરી છે તેના ભાગ રુપે ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનની રચના ગુજરાત એક્ટ નં.૫ ૧૯૭૨થી થઈ છે. ગુજરાત સરકારના તા.૨૭-૧૦-૭૨ના નોટીફીકેશનથી આ કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યુ છે આમ તા.૨૪-૧૧-૭૨ના રોજ મળેલ ડીરેક્ટરોના બોર્ડની પ્રથમ બેઠકથી કોર્પોરેશનને પોતાના કામકાજનો આરંભ કર્યો છે.

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ ૧૯૭૨ની કલમ ૧૬(૧) માં ઠરાવ્યા અનુસાર કોર્પોરેશનના કર્તવ્યો માટે નીચે પ્રમાણે જોગવાઈ છે.

''ગુજરાત રાજ્યમાં અનુસૂચિત આદિજાતિઓના સભ્યોની સામાજિક અને આર્થિક ઉન્નતિનું કાર્ય હાથ ધરવાની કોર્પોરેશનની પ્રાથમિક ફરજ રહેશે અને કોર્પોરેશનને આવી ફરજો બજાવવા માટે જરુરી હોય તેવાં તમામ સત્તા ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ ૧૯૭૨ની જોગવાઈઓને આધિન વાપરવાનો અધિકાર રહેશે.''

આ જોગવાઈને અનુલક્ષીને કોર્પોરેશન તરફથી હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓની સંક્ષિપ્ત રુપરેખા આ પ્રમાણે છે.

## અ. મૂડી ભંડોળની યોજના :

સરકાર આ કોર્પોરેશનને મૂડી ભંડોળ આપે છે. જુદા જુદા વિનિયમો ઘડીને અન્વયે આદિજાતિના સભ્યોની બહુમતિ ધરાવતી સહકારી મંડળીઓને કોર્પોરેશન માન્ય કરેલ સ્વૈચ્છિક સંસ્થાઓને તેમજ આવી મંડળીઓ/સંસ્થાઓ મારફત આદિજાતિના સભ્યોને મૂડી ભંડોળની યોજનાઓ હેઠળ ૮ ટકાના રાહત દરે જુદી જુદી પ્રવૃત્તિઓ માટે ધિરાણ પુરું પાડી તેમના આર્થિક વિકાસમાં મદદ કરવામાં આવે છે. આપવામાં આવતા ધિરાણની વિગતો આ પ્રમાણે છે.

| ક્રમ | મૂડી ધિરાણ વિનિયમ | પ્રવૃત્તિની ટૂંકી વિગત | ધિરાણની મહત્તમ મર્યાદા ( રૂ.માં ) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | ૪ | ગ્રાહક, ખેતી પેદાશ, ખેત ઉત્પન્ન માટે જ જરુરી સાધન સામગ્રીનું વેચાણ સંકલિત પ્રવૃત્તિઓ માટે. | |
| | | (૧) પ્રાથમિક સેવા સહકારી મંડળી | ૩૦,૦૦૦/- સુધી |
| | | (૨) મોટા કદની વિવિધ કાર્યકારી સહકારી મંડળી (લેમ્પ) | ૫૦,૦૦૦/- '' |
| | | (૩) કૃષિ સેવા સહકારી મંડળી (એફ.એસ.એસ.) | ૧,૦૦,૦૦૦/- '' |
| | | (૪) તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ | ૧,૦૦,૦૦૦/- '' |
| | | (૫) ગ્રાહક ભંડાર | ૩૦,૦૦૦/- '' |
| | | (૬) ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી | ૩૦,૦૦૦/- સ |
| | | (૭) જંગલ કામદાર સહકારી મંડળી | ૩૦,૦૦૦/- '' |
| | | (૮) ખેત પેદાશ રૂપાંતર અને વેચાણ કરનારી સહકારી મંડળી | ૧,૦૦,૦૦૦/- '' |
| | | (૯) ખેત પેદાશની હાથ ધરતી પ્રવૃત્તિ વાળી અન્ય સહકારી મંડળી | ૩૦,૦૦૦/- '' |
| ૨. | ૫. | કૃષિ ઉદ્યોગ સેવા સહકારી મંડળીને વ્યવસાય ખર્ચમાં ખોટ સામે મૂડી ધિરાણ | ૨૦,૦૦૦/- '' |
| ૩. | ૬. | દૂધ ઉત્પાદક અને દૂધ વેચાણ સહકારી મંડળીઓ મારફત આદિજાતિ સભ્યોને દુધાળા ઢોર ખરીદવા મૂડી ધિરાણ. | ૨,૫૦૦/-(સબ્સીડી |
| ૪. | ૭. | મરઘાં ઉછેર, ઇંડા વેચાણ સહકારી મંડળીઓ મારફત આદિજાતિ સભ્યોને મરઘાં એકમ માટે મૂડી ધિરાણ | ૬,૦૦૦/- સુધી |
| ૫. | ૮. | નીરા, તાડ, ગોળ ઉદ્યોગ માટે આદિજાતિ સંસ્થાઓને મૂડી ધિરાણ | ૫,૦૦૦/- '' |
| ૬. | ૯. | ખેત મજૂર સહકારી મંડળીઓને ગ્રાહક પ્રવૃત્તિ માટે મૂડી ધિરાણ | ૧૦,૦૦૦/- '' |
| ૭. | ૧૦. | ખેતી, જંગલ અને ખનીજ પેદાશ આધારિત અન્ય રોજગાર લક્ષી ઉદ્યોગના વિકાસ મૂડી ધિરાણ | વર્કીંગ કેપીટલ ૨૫ % |
| ૮. | ૧૧. | કોર્પોરેશન માન્ય સ્વૈચ્છિક સંસ્થાઓને | |
| | | (૧) ગ્રાહક તથા ભંડાર પ્રવૃત્તિ અને અન્ય રોજગાર ઉદ્યોગ માટે કાર્યપૂંજી. | ૧૦,૦૦૦/- સુધી |
| | | (૨) નીરા, તાડગોળ ઉદ્યોગ વિકાસ માટે મૂડી ધિરાણ.. | ૫,૦૦૦/- '' |
| ૯. | ૧૨. | જુથ પિયત યોજના માટે માન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ અને સેવા સહકારી મંડળીઓને મૂડી ધિરાણ. | ૨૦,૦૦૦/- '' |
| ૧૦. | ૧૩. | ગૌણ જંગલ પેદાશ એકત્રીકરણની પ્રવૃત્તિ, જંગલ મજુર અને મોટા કદની વિવિધ કાર્યકારી કૃષિ સહકારી મંડળીઓ માટે મૂડી ધિરાણ | ૫૦,૦૦૦/- '' |
| ૧૧. | ૧૪. | તાલુકા કક્ષાની ઔદ્યોગિક સહકારી મંડળીઓને રીવોલ્વીંગ ફંડ માટે મૂડી ધિરાણ... | ૨૦,૦૦૦/- '' |

| ૧ | ૨ | ૩ | | ૪ |
|---|---|---|---|---|
| ૧૨. | ૧૫. | સહકારી પિયત મંડળીના આદિજાતિ સભાસદો<br>ને મંડળી મારફત શેર લોન | | ૨૦૦/-<br>( સભ્યદીઠ ) |
| ૧૩. | ૧૬. | નબળી આર્થિક સ્થિતિના આદિજાતિના<br>વ્યક્તિઓને સહકારી મંડળીના સભાસદ થવા<br>સહકારી મંડળી મારફત શેર લોન | | ૩૦/-<br>( સભ્યદીઠ ) |
| ૧૪. | ૧૭. | જંગલ ખનીજ કે ખેત પેદાશ આધારિત અથવા<br>રોજગારલક્ષી એકમો શરૂ કરવા માગતી<br>સહકારી મંડળીના સભાસદ થવા મંડળી<br>મારફત આદિજાતિ સભ્યોને શેર લોન | | ૧૦૦/-<br>( સભ્યદીઠ ) |
| ૧૫. | ૧૮. | ગોબર ગેસ પ્લાન્ટ માટે આદિજાતિ સભ્યોને<br>સેવા સહકારી મંડળી/માન્ય સ્વૈચ્છિક સંસ્થા<br>મારફતે મૂડી ધિરાણ | | ૫,૦૦૦/- |
| ૧૬. | ૧૯. | આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં<br>સમાવિષ્ટ મરઘાં ઉછેર યોજના હેતુ<br>મૂડી ધિરાણ | પ્રથમ હપ્તો<br>બીજો હપ્તો | ૪૪૦૦/-<br>૧૧૦૦/- |
| ૧૭. | ૨૦. | આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં<br>સમાવિષ્ટ થયેલ સહકારી પિયત મંડળી<br>ઓની યોજના માટે મૂડી ધિરાણ | યોજનામાં કુલ<br>ખર્ચના ૨૫ % | |
| ૧૮. | ૨૧. | સહકારી ધોરણે શરૂ થતા ઉદ્યોગના વિકાસ<br>માટે ઔદ્યોગિક મંડળીઓને મૂડી ધિરાણ | | ૧,૦૦,૦૦૦/- સુધી<br>મૂડી ખર્ચ<br>૫૦,૦૦૦/- સુધી<br>કામકાજ માટે |
| ૧૯. | ૨૨. | મત્સ્ય ઉદ્યોગ શરૂ કરવા અથવા વિકસાવવા<br>માટે મત્સ્ય ઉદ્યોગ સહકારી મંડળીઓને<br>મૂડી ધિરાણ. | | ૫,૦૦૦/- સુધી<br>(સભ્યદીઠ) |



| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૦. | ૨૩. | ઈલેક્ટ્રીક મોટર, ઓઈલ એન્જીન, પંપ વિગેરે<br>ખેતી વિકાસના સાધનો માટે સહકારી<br>મંડળીઓ તથા માન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા<br>આદિજાતિના સભ્યોને મૂડી ધિરાણ | ૧૦,૦૦૦/- સુધી<br>( સભ્યદીઠ ) |
| ૨૧. | ૨૪. | ઔદ્યોગિક પ્રવૃત્તિ માટે ઔદ્યોગિક તેમજ બીજી<br>સહકારી મંડળીઓ/માન્ય સ્વૈચ્છિક સંસ્થાઓના<br>આદિજાતિ સભ્યોને મૂડી ધિરાણ. | ૧૦,૦૦૦/- સુધી<br>મૂડી ખર્ચ( સભ્યદીઠ)<br>૫,૦૦૦/- સુધી<br>કામકાજ ખર્ચ |
| ૨૨. | ૨૫. | આદિજાતિ યુવાનોને મોટર ડ્રાયવીંગ તેમજ<br>મીકેનીકની તાલીમ આપવા જીપ/મેટાડોર માટે<br>સ્વૈચ્છિક સંસ્થાઓને મૂડી ધીરાણ. | ૫૦,૦૦૦/- |
| ૨૩. | ૨૬. | તમામ પ્રકારની સહકારી મંડળીઓ અને માન્ય<br>સંસ્થાઓને જુદી જુદી પ્રવૃત્તિઓ હાથ ધરવા<br>''માર્જીન મની'' (સીમાંત રકમ ) | માર્જીન મનીના<br>૫૦ % પરંતુ વધુમાં<br>વધુ રૂ. ૧,૦૦,૦૦૦/-<br>સુધી |
| ૨૪. | ૨૭. | ખેત પેદાશ ખરીદ-વેચાણ પ્રવૃત્તિ હાથ ધરવા<br>માટે મૂડી ધિરાણ..<br>(૧) પ્રાથમિક સહકારી મંડળી<br>(૨) મોટા કદની વિવિધ સેવા સહકારી<br>મંડળી<br>(૩) કૃષિ ઉદ્યોગ સેવા સહકારી મંડળી<br>(૪) તાલુકા વિભાગીય ખરીદ વેચાણ સંઘ<br>(૫) ખેત-પેદાશ રુપાંતર અને વેચાણ કરનારી<br>સહકારી મંડળી | <br><br>૫૦,૦૦૦/-<br><br>૧,૫૦,૦૦૦/-<br>૩,૦૦,૦૦૦/-<br>૩,૦૦,૦૦૦/-<br>૩,૦૦,૦૦૦ |
| ૨૫. | ૨૮. | ખાંડ ઉદ્યોગના શેર ખરીદવા આદિજાતિના<br>સભ્યોને શેર લોન. | ૭૫૦/-<br>( સભ્યદીઠ ) |
| ૨૬. | ૨૯. | સેવા સહકારી મંડળીઓ કૃષિ સેવા સહકારી<br>મંડળીઓ, જંગલ કામદાર સેવા સહકારી, જંગલ<br>કામદાર મંડળી અને વૃક્ષ ઉછેર મંડળીઓ<br>મારફત આદિજાતિના સભ્યોને તેમના પોતાના<br>ખેતરમાં નીલગીરી/સુબાવળના વાવેતર માટે<br>મૂડી ધિરાણ | (૧) સિંચાઈના<br>વાવેતર માટે વ્યક્તિ<br>દીઠ રૂ.૪૦૦૦/-<br>(૨) બીજા સિંચાઈ<br>વાળા વાવેતર માટે<br>વ્યક્તિ દીઠ રૂ.<br>૪૪૦૦/- |

મૂડી ભંડોળ યોજના હેઠળ જે તે પ્રવૃત્તિ માટે સહકારી મંડળીઓએ લોન મેળવવા માટેની દરખાસ્ત સહકારી ખાતાની જિલ્લા કક્ષાની કચેરી અર્થાત જિલ્લા મદદનીશ/જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ મારફત તેઓશ્રીની ભલામણ સહ આ કોર્પોરેશનને મંજુરી માટે મોકલવાની રહે છે.

**બ. વ્યાજ રાહત યોજના :**

રાષ્ટ્રીયકૃત બેંકના વ્યાજ રાહત ધિરાણ (ડી.આર.આઈ.) યોજના હેઠળ બેંકો તરફથી ૪ ટકાના વ્યાજના દરે ધિરાણ આપવાનું છે. પરંતુ બેંકો આદિવાસી વિસ્તારમાં ધિરાણ પુરું પાડવા અપેક્ષિત તબક્કા સુધી આગળ ન આવતા સરકારશ્રી તરફથી આ યોજના અન્વયે આદિજાતિ સભ્યોને ધિરાણ ''ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન'' દ્વારા પણ ઉપલબ્ધ કરવાનો નિર્ણય લેવામાં આવતા રાજ્ય સરકારશ્રીની શાખ (ગેરન્ટી) પર કોર્પોરેશને રાષ્ટ્રીયકૃત બેંકો પાસેથી ધિરાણ મેળવીને આદિજાતિની વ્યક્તિઓને જુદા જુદા હેતુઓ માટે સહકારી મંડળીઓ મારફતે ૪ ટકા વ્યાજના રાહત દરે જ ધિરાણ પુરું પાડવાની કામગીરી ૧૯૭૭-૭૮થી શરુ કરવામાં આવી હતી અને આ પ્રવૃત્તિ કોર્પોરેશનની મુખ્ય કામગીરી બની રહેલ છે.

આ કાર્યક્રમ હેઠળ સાધન આદિજાતિ વસતિ ધરાવતા ડાંગ, વલસાડ, સુરત, ભરુચ, વડોદરા, પંચમહાલ અને સાબરકાંઠા જિલ્લામાં આવેલ આઠ સંકલિત આદિજાતિ વિકાસ પ્રોજેકટના ૩૨ તાલુકાઓમાં તેમજ આદિજાતિ વસતિવાળા ૧૫ ગામ જુથ વિસ્તાર તેમજ રાજ્યના અન્ય વિસ્તારોમાં વસતા આદિજાતિના સભ્યોને (૧) દુધાળા ઢોર (૨) બળદ-પાડા (૩) બળદ-ગાડા (૪) સિંચાઈ માટે ઓઈલ એન્જીન અને ઈલેકટ્રીક મોટર ખરીદવા (૫) મરઘાં ઉછેર કાર્યક્રમ શરુઆત (૬) મત્સ્ય ઉદ્યોગ સ્થાપવા અને (૭) કુટિર ઉદ્યોગ તથા ઉત્પાદન લક્ષી હેતુઓ માટે ૪ ટકાના જ દરે ધિરાણ આપવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારમાં રુ. ૨૦૦૦/- સુધીની કુલ વાર્ષિક આવક શહેરી અથવા અર્ધ-શહેરી વિસ્તારમાં રુ.૩૩૦૦/- સુધીની કુલ વાર્ષિક આવક ધરાવતા કોઈપણ આદિજાતિ વ્યક્તિ પોતાની સહકારી મંડળી/માન્ય સ્વૈચ્છિક સંસ્થા મારફત રુ.૫૦૦૦/- સુધીની લોન સાધન ઓજારો માટે તથા રુ.૧૫૦૦/- સુધીની લોન કાર્યકારી ભંડોળ માટે મેળવવા પાત્ર છે. ધિરાણ મંજુર કરવામાં આવે છે તેની વિગત નીચે મુજબ છે.



**(૧) દુધાળા ઢોર પુરા પાડવાની યોજના :**

એક ભેંસ ખરીદવા માટે રુ.૨૫૦૦/- થી રુ. ૩૦૦૦/- સુધી અને એક ગાય ખરીદવા માટે રુ.૧૬૦૦/-નું ધિરાણ આપવામાં આવે છે અને આ રકમ ૩૦ માસિક હપ્તામાં ભરપાઈ કરવાની છે.

**(૨) બળદ-પાડા પુરા પાડવાની યોજના :**

એક બળદ માટે રુ. ૧૫૦૦/- સુધીની મર્યાદામાં વધારેમાં વધારે બે બળદ માટે લોન આપવાની જોગવાઈ છે અને આ રકમ છ માસિક આઠ હપ્તામાં ભરપાઈ કરવાની છે.

**(૩) બળદ-ગાડા પુરા પાડવાની યોજના :**

એક બળદગાડા માટે રુ.૩૦૦૦/- સુધી ધિરાણ આપવામાં આવે છે. આ રકમ છ માસિક આઠ હપ્તામાં પરત ભરપાઈ કરવાની છે.

**(૪) ઓઈલ એન્જીન/ઈલેકટ્રીક મોટર પુરી પાડવાની યોજના :**

સિંચાઈ માટે ઓઈલ એન્જીન અથવા ઈલેકટ્રીક મોટર માટે અનુક્રમે રુ. ૬૫૦૦/- અને રુ. ૫૦૦૦/-નું ધિરાણ આપવામાં આવે છે. આ રકમ છ માસિક આઠ હપ્તામાં પરત ભરપાઈ કરવાની છે.

**(૫) મરઘાં ઉછેર યોજના :**

મરઘાં ઉછેરની યોજના માટે રુ.૫૮૦૦/- સુધીનું ધિરાણ બે હપ્તાથી કરવામાં આવે છે. રુ. ૩૬૦૦/-ની પ્રથમ હપ્તાની રકમમાંથી મરઘાં ઘરનું બાંધકામ થઈ જાય ત્યારબાદ પ્રોજેકટ અધિકારીશ્રી અનિષ્ટ મરઘાં વિકાસ ઘટક અથવા સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમ પાસેથી પ્રથમ હપ્તાની રકમ વપરાશનું પ્રમાણપત્ર મળ્યા બાદ રુ.૨૨૦૦/-ની બીજા હપ્તાની રકમ આપવામાં આવે છે. રકમ ૧૬ ત્રિમાસિક હપ્તાઓમાં પરત ભરપાઈ કરવાની છે.

**(૬) મત્સ્ય ઉદ્યોગની યોજના :**

એક વ્યક્તિને મહત્તમ ધિરાણ રુ.૨૩૦૦/-નું કરવામાં આવે છે. રકમ છ માસિક આઠ હપ્તામાં ભરપાઈ કરવાની હોય છે.

(૭) કુટીર ઉદ્યોગ :

જુદા જુદા કુટીર ઉદ્યોગ માટે કુટીર ઉદ્યોગ નિયામકશ્રી તરફથી મુકરર કરવામાં આવેલ રકમ જેટલી લોન રૂ.૫૦૦૦/-ની મર્યાદામાં આપવામાં આવે છે જે ૨૪ માસિક હપ્તાઓમાં પરત ભરપાઈ કરવાની હોય છે.

સામાન્ય રીતે આ તમામ બાબતે નિયત મર્યાદામાં ૫૦ % સબસીડી મળે છે. આ કાર્યક્રમને આદિજાતિ પેટા યોજના, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓ તથા સરકારશ્રીના વિવિધ ખાતાઓ તરફથી આપવામાં આવતી સહાય (સબસીડી)ની યોજનાઓ સાથે સાંકળી લઈ આદિજાતિના સભ્યોને ૫૦ % લેખે સબસીડી મળી રહે એવી વ્યવસ્થા સરકારશ્રીએ કરી છે તે મુજબ સિમાંત ખેડૂતો, ખેત મજૂરો અને નાના કારીગરોને ૫૦ % પ્રમાણેની સહાય નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તરફથી આપવામાં આવે છે જ્યારે આ સિવાયના અન્ય આદિજાતિના સભ્યોને ખેતીવાડી, પશુપાલન, મત્સ્ય ઉછેર, કુટીર ઉદ્યોગ, સમાજ કલ્યાણ ખાતાની સબસીડીની ગ્રાન્ટમાંથી સહાય કરતા જિલ્લા અધિકારીશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તરફથી મંજુર કરવામાં આવે છે પરંતુ આ માટે આદિજાતિ સભ્યોને સબસીડી મેળવવા જે હેતુ માટે લોન લીધી હોય તેની ખરીદી થતાં ગ્રામ સેવકનો સંપર્ક સાધીને તાલુકા વિકાસ અધિકારીશ્રીને તાત્કાલીક અરજી કરવી જોઈએ.

છઠ્ઠી પંચવર્ષીય યોજનાના સમયગાળા (૧૯૮૦-૮૧ થી ૧૯૮૪-૮૫) દરમ્યાન ૧,૩૭,૦૫૦/- આદિજાતિના કુટુંબોને આ કાર્યક્રમ હેઠળ આવરી લેવાનું આયોજન છે. અને આવા કુટુંબોને જુદા જુદા હેતુઓ માટે રૂ.૩૧.૪૫ કરોડ ધિરાણ ૪ % વ્યાજના રાહત દરે જ પુરા પાડવાનું આયોજન કોર્પોરેશને કર્યું છે.

સરકારશ્રીના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ ૧૯૮૩-૮૪ના વર્ષમાં કુટુંબલક્ષી કાર્યક્રમ હેઠળ ૭૦,૦૦૦ આદિજાતિના કુટુંબોને લોન સહાય પુરી પાડવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. કોર્પોરેશનની બોર્ડ ઓફ ડીરેક્ટર્સની બેઠકમાં મંજુર થયા પ્રમાણે વ્યાજ રાહત યોજના હેઠળ કોર્પોરેશન દ્વારા ૨૦,૦૦૦ આદિવાસીઓને રૂ.૫૫૩.૧૦ લાખનું ધિરાણ આપવાનું છે.

મુડી ભંડોળની યોજના હેઠળ ૧૯૮૩-૮૪ના વર્ષમાં ૨૫૦.૦૦ લાખનું ધિરાણ પુરું પાડીને ૨૪૦ સહકારી મંડળીઓ અને ૧૨,૧૦૦ આદિજાતિના સભ્યોને આવરી લેવાનો કાર્યક્રમ છે. આદિજાતિના ખેડૂતોની ખેત પેદાશો જેવી કે ડાંગર, મકાઈ, મગફળી, કઠોળ વગેરેના વેચાણના ભાવમાં તેમજ માલના ... વજનમાં આદિજાતિઓના સભ્યનું થતું શોષણ અટકાવવા અને ખેત પેદાશની ખરીદ-વેચાણ પ્રવૃત્તિ તેમજ



ખેતીની સાધન સામગ્રી ખાતર, બિયારણ તેઓને ઉપલબ્ધ થાય અને જીવન જરુરિયાતની ચીજવસ્તુઓ તેઓને મળી રહે તે માટે ચાલુ વર્ષના કાર્યક્રમમાં વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. પ્રોજેક્ટ એડમીનીસ્ટ્રેટરશ્રીઓ તેમજ સહકારી મંડળીઓ સહયોગમાં માર્કેટીંગ પ્રવૃત્તિ માટે ઘનિષ્ટ પ્રયાસ હાથ ધરવામાં આવનાર છે. માર્કેટીંગ પ્રવૃત્તિઓ માટે સહકારી મંડળીઓને જરુરી નાણાંકીય સગવડતા માટે કોર્પોરેશન રૂ.૭૫.૦૦ લાખનું ધિરાણ ૮ ટકાના દરે પુરું પાડશે.

વ્યાજ રાહત યોજનાનું ધિરાણ મેળવવા માટેની અરજી કોર્પોરેશને મુકરર કરેલ નમુનામાં કરવાની છે. આ અરજી પત્રક પ્રોજેક્ટ એડમીનીસ્ટ્રેટરશ્રી, સંકલિત આદિજાતિ વિકાસ પ્રોજેક્ટની કચેરી મારફત વિના મુલ્યે પુરી પાડવાની વ્યવસ્થા કરી છે. પ્રોજેક્ટ વિસ્તાર સિવાયના વિસ્તારનાં આદિજાતિના સભ્યો સમાજ કલ્યાણ અધિકારીઓ/તાલુકા વિકાસ અધિકારીઓનો સંપર્ક સાધીને આવા અરજી પત્રકો મેળવી શકે તેવી વ્યવસ્થા પણ કરેલ છે.

સહકારી મંડળીઓએ તેમનાં સભ્યોની અરજી જરુરી પુરી વિગતો સાથે તાલુકા વિકાસ અધિકારીશ્રી મારફતે પ્રોજેક્ટ એડમીનીસ્ટ્રેટરશ્રીને મોકલવાની છે. તેઓશ્રી આ અરજીઓ ભલામણ સાથે કોર્પોરેશનને મંજુરી માટે મોકલી આપે છે. આ રીતે આવેલ અરજીઓની ચકાસણી કરીને સંપૂર્ણ સાધનિક કાગળોવાળી અરજીઓ કોર્પોરેશનની સ્થાયી સમિતિ મંજુર કરે છે. મંજૂર થયેલ અરજીઓનું ધિરાણ સહકારી મંડળી/માન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવે છે.

લોનની માગણી અંગે ધ્યાનમાં રાખવાના મુદ્દા :

૧. કરજ લેવા ઈચ્છનારે પોતાના ગામની મંડળીના સભ્ય થવું પડશે. ગામમાં મંડળી ન હોય તો નવી મંડળી રચીને ધિરાણ માટે મંડળી મારફતે જ અરજી કરવાની રહે છે. સામાન્ય રીતે મુદત વીતે બાકીદારને લોન મંજુર થતી નથી.

૨. જ્યાં ઉત્પાદક હેતુ માટે લોન હોય ત્યાં દાખલા તરીકે દૂધ અથવા અન્ય પેદાશ મંડળીમાં લેવાનો અને તેમનાં દુધ કે અન્ય પેદાશના વેચાણમાંથી નક્કી કરેલ હપ્તા વસુલ કરી નિગમને ચેક અથવા ડ્રાફ્ટથી રકમ મોકલવાનો ઠરાવ મંડળીએ કરવો પડશે અને તે મુજબ વસુલાત કરવી પડશે.

૩. દુધાળા ઢોર માટે ધિરાણ મેળવતાં ઢોરની તંદુરસ્તી વેતર અને કિંમત અંગેનું સર્ટિફીકેટ પશુ ચિકિત્સક પાસે મેળવવું પડશે. પશુ ચિકિત્સક રૂ.૨૫૦૦/- અથવા ૩૦૦૦/- થી ઓછી કિંમત આંકશે તો આંકેલી કિંમત જેટલું જ ધિરાણ આપવામાં આવશે.

૪. દુધાળા ઢોર/બળદનો વિમો અરજદારે ઉતારવો પડશે.

૫. જે હેતુ માટે લોન હોય તે હેતુ માટે જ લોનની રકમ વાપરવી પડશે.

<u>પ્રગતિ</u> :

મુડી ભંડોળ યોજના હેઠળ કોર્પોરેશનની શરુઆતથી ૩૧-૩-૮૩ સુધીમાં જુદી જુદી પ્રવૃત્તિ માટે ૪૭૦ સહકારી મંડળીઓને રૂ. ૨,૭૬,૦૮,૪૬૨ ધિરાણ મંજુર કરવામાં આવ્યુ છે તેની વિગતો આ પ્રમાણે છે.

| અ.નં. | મુડી ધિરાણ વિનિયમ | પ્રવૃત્તિ | મંજુર કરવામાં આવેલ ધિરાણ રૂ. | લાભાર્થી મંડળીઓ/માન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | ૪ | ગ્રાહક પ્રવૃત્તિ, ખેત પેદાશ વિ. સંકલિત પ્રવૃત્તિ માટે પ્રાથમિક સેવા વિવિધ લેમ્પસ/કૃષિ ગ્રાહક ભંડારો/ખરીદ વેચાણ સંઘોને લોન | ૮૧,૨૩,૦૦૦ | ૧૯૬ |
| ૨. | ૫ | કૃષિ સેવા સહકારી મંડળીઓને વ્યવસ્થા ખર્ચની ખોટ સામે લોન | ૨૦,૦૦૦ | ૧ |
| ૩. | ૬ | દુધ ઉત્પાદક દુધ વેચાણ મંડળી મારફત દુધાળા ઢોર ખરીદવા ધિરાણ. | ૬૧,૬૯,૭૦૦ | ૬૧ |
| ૪. | ૭ | મરઘાં ઉછેર ઇંડા વેચાણ મંડળી મારફત આદિજાતિના સભ્યોને ધિરાણ. | ૧૦,૦૩,૬૦૦ | ૧૧ |
| ૫. | ૮ | નીર તાડ ગોળ ઉદ્યોગ માટે મંડળીને ધિરાણ | ૭,૦૦૦ | ૨ |
| ૬. | ૯ | ખેત મજૂર મંડળીઓને ગ્રાહક પ્રવૃત્તિ માટે ધિરાણ | ૩૦,૦૦૦ | ૩ |
| ૭. | ૧૦ | અંબર ચરખા માટે લોન | ૭૦,૪૫૬ | ૩ |



| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૮. | ૧૧. | કોર્પોરેશન રચિત/માન્ય સ્વૈચ્છિક સંસ્થાઓને નીરા પ્રવૃત્તિ માટે ધિરાણ | ૨૫,૦૦૦ | ૩ |
| ૯. | ૧૩. | જંગલ મજુર તથા કૃષિ સેવા સહકારી મંડળીઓને જંગલની ગૌણ જંગલ પેદાશ એકત્રીકરણ માટે ધિરાણ | ૧,૦૧,૦૦૦ | ૨ |
| ૧૦. | ૧૫. | પિયત પ્રવૃત્તિ હાથ ધરતી સહકારી મંડળીના આદિજાતિના સભ્યોને શેર લોન. | ૧,૮૯,૯૯૫ | ૨૯ |
| ૧૧. | ૧૬. | દરેક પ્રકારની સહકારી મંડળીઓમાં સભ્ય થવા મંડળી મારફતે શેર લોન. | ૧,૦૪,૫૯૫ | ૪૦ |
| ૧૨. | ૧૭. | રોજગારલક્ષી એકમોવાળી મંડળીમાં સભ્ય થવા માટે શેર લોન | ૧,૭૫,૬૪૫ | ૭ |
| ૧૩. | ૧૮. | ગોબરગેસ પ્લાન્ટ માટે આદિજાતિ સભ્યને સેવા સહકારી મંડળી/માન્ય સ્વૈચ્છિક સંસ્થા મારફત ધિરાણ | ૧૧,૧૦,૩૫૩ | ૫ |
| ૧૪. | ૨૦. | પિયતનું કામ કરતી સહકારી મંડળી તથા પિયત સહકારી મંડળીઓને પિયત પ્રવૃત્તિ માટે ધિરાણ. | ૧૨,૨૮,૦૧૮ | ૪૫ |
| ૧૫. | ૨૧. | ઔદ્યોગિક મંડળીઓને મુડી ધિરાણ | ૨,૭૯,૦૦૦ | ૪ |
| ૧૬. | ૨૨. | મત્સ્ય ઉદ્યોગની પ્રવૃત્તિ માટે મત્સ્ય ઉદ્યોગ સહકારી મંડળીઓને ધિરાણ. | ૪,૫૯,૬૦૦ | ૨૪ |
| ૧૭. | ૨૩. | કૃષિ મંડળી તથા સ્વૈચ્છિક સંસ્થાઓના સભાસદોને ઇલેક્ટ્રીક મોટર/ઓઇલ એન્જીન પુરા પાડવા માટે ધિરાણ. | ૧,૬૪,૦૦૦ | ૩ |
| ૧૮. | ૨૪. | ઔદ્યોગિક સહકારી મંડળીને ઔદ્યોગિક પ્રવૃત્તિઓના વિકાસ માટે ધિરાણ. | ૩,૮૦,૦૦૦ | ૪ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૧૯. | ૨૫. | માન્ય સ્વૈચ્છિક સંસ્થાઓને મોટર ટ્રેનીંગ આપવા મેટાડોર જીપ ખરીદવા ધિરાણ તથા અન્ય પ્રવૃત્તિ માટે ધિરાણ. | ૫૦,૦૦૦ | ૧ |
| ૨૦. | ૨૬. | સીધી ખરીદી પ્રવૃત્તિ માટે ધિરાણ | ૩૮,૧૦,૦૦૦ | ૨૫ |
| ૨૧. | ૨૭. | ખાંડ ઉદ્યોગ માટે શેર લોન | ૪૧,૦૮,૫૦૦ | ૧ |
| | | કુલ.. | ૨,૭૬,૦૮,૪૬૨ | ૪૭૦ |

૪ % ની વ્યાજ રાહત ધિરાણ યોજના અન્વયે લોન આપવાનું કોર્પોરેશને ૧૯૭૭-૭૮થી શરૂ કર્યું ત્યારથી ૩૧-૩-૮૩ સુધીમાં ૭૩,૩૦૨ આદિજાતિના સભ્યોને જુદા જુદા હેતુઓ માટે રૂ. ૧૫,૭૮,૯૨,૯૮૯/-નું ધિરાણ મંજુર કરવામાં આવ્યું છે.

| અનુ | પ્રવૃત્તિ | મંજુર કરવામાં આવેલ ધિરાણ ( રૂ.માં ) | આદિજાતિ સંખ્યા |
|---|---|---|---|
| ૧. | દુધાળા ઢોર | ૧૧,૯૮,૭૪,૧૦૦ | ૫૨,૯૧૪ |
| ૨. | બળદ-પાડા | ૨,૧૪,૮૯,૭૦૦ | ૧૫,૫૮૯ |
| ૩. | બળદ-ગાડા | ૧૩,૧૫,૬૫૦ | ૧,૦૪૨ |
| ૪. | મરઘાં ઉછેર | ૧,૦૭,૮૨,૮૦૦ | ૧,૯૪૬ |
| ૫. | મત્સ્ય ઉદ્યોગ | ૧૪,૪૨,૦૦૦ | ૯૨૯ |
| ૬. | ઓઈલ એન્જીન | ૧૦,૯૪,૦૦૦ | ૨૨૦ |
| ૭. | ઈલેક્ટ્રીક મોટર | ૧૫,૫૩,૩૦૦ | ૩૯૯ |
| ૮. | કુટિર ઉદ્યોગ | ૩,૩૭,૪૩૯ | ૨૬૩ |
| | કુલ.. | ૧૫,૭૮,૯૨,૯૮૯ | ૭૭,૩૦૨ |

રાષ્ટ્રીયકૃત બેંકોની વ્યાજ રાહત યોજના હેઠળ રાષ્ટ્રીયકૃત બેંકો પણ સમાજના નબળા વર્ગના લોકોને ધિરાણ આપે છે, આથી પ્રોજેક્ટ એડમીનીસ્ટ્રેટરશ્રી, સંકલિત આદિજાતિ પેટા વિસ્તારની કચેરીઓ આદિવાસીઓને રાષ્ટ્રીયકૃત બેંકોમાંથી ધિરાણ આપવા અરજીઓ રજુ કરાવે છે.



આ ધિરાણ મેળવવા આદિવાસીઓને સરળતા રહે તે માટે આ કોર્પોરેશન બેંકોમાં રજુ કરવાના અરજી પત્રકો છપાવ્યા છે. આ પત્રકો :-

(૧) પ્રોજેક્ટ એડમીનીસ્ટ્રેટરશ્રી, સંકલિત આદિજાતિ વિકાસ પ્રોજેક્ટ

(૨) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, પંચાયત અને

(૩) જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓને આ કોર્પોરેશને મોકલ્યા છે જેથી જે આદિવાસી ઈસમો બેંકમાંથી ધિરાણ મેળવવા માગતા હોય તેઓ ઉપર જણાવેલ કચેરીનો સંપર્ક સાધીને અરજી પત્રકો મેળવી તેઓની ભલામણો સહ બેંકમાં અરજી રજુ કરીને ધિરાણ મેળવી શકશે.

આ માર્ગદર્શિકામાં આદિજાતિભાઈઓ માટે યોજના વિષયક માહીતી આપવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે આમ છતાં કોઈ નિયમિતને વધુ વિગતો જોઈતી હોય તો તે કોર્પોરેશનને અથવા આદિજાતિ પેટા યોજનાના પ્રોજેક્ટ એડમીનીસ્ટ્રેટરશ્રી કે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તથા જિલ્લા સહકારી અધિકારીશ્રીઓનો સંપર્ક સાધી/મળીને માહીતી મેળવવા વિનંતી છે. કોર્પોરેશન દ્વારા હાથ ધરાવામાં આવતી પ્રવૃત્તિનો લાભ મોટા પ્રમાણમાં આદિવાસીઓને મળે તે માટે સૌ કોઈના સાથ સહકાર મળી રહેશે એવી કોર્પોરેશનને શ્રદ્ધા રાખે છે. શિક્ષિત ભાઈઓ આ માર્ગદર્શિકાના આધારે આદિવાસીઓને મળતા લાભોનો બહોળો પ્રચાર કરશે એવી સ્વાભાવિક અપેક્ષા છે.

**૧૯૮૨-૮૩ના વર્ષ દરમ્યાન થયેલું કાર્ય :**

ઉપરોક્ત સ્થાયી સમિતિની બેઠકોમાં મંજુર થયેલ મુડી ધિરાણ વિનિયમ હેઠળ ૪૦ સહકારી મંડળીઓને કુલ ૮૩.૫૭ લાખનું મુડી ધિરાણ કોર્પોરેશનના સ્વભંડોળમાંથી મંજુર કરવામાં આવ્યું છે તેમજ વ્યાજ રાહત યોજના હેઠળ ૪ ટકાના વ્યાજના દરે ૧૪૭૦૪ આદિજાતિના સભ્યોને રૂ.૩૫૪.૬૪ લાખનું ધિરાણ જુદા જુદા હેતુઓ માટે મંજુર કરવામાં આવ્યું છે.

**(૯) સ્વૈચ્છિક સંસ્થાઓની રચના / માન્યતા :**

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ ૧૯૭૨ની જોગવાઈઓ અનુસાર આ કોર્પોરેશનને તેની પ્રવૃત્તિઓ પોતાની મેળે અથવા બોર્ડ મંજુર કરેલ આદિજાતિઓની સંસ્થાઓના સહયોગથી અથવા તેમની મારફત કરવાની છે. શરૂઆતના તબક્કામાં આદિજાતિ વિસ્તારમાં આવી પ્રવૃત્તિઓ માટે સહકારી મંડળીઓ તેની નબળી આર્થિક સ્થિતિ અને વહીવટી મુશ્કેલીઓના લીધે જરુરી પ્રમાણમાં આગળ આવેલી ન હતી, આ સંજોગોમાં આદિજાતિઓની સ્વૈચ્છિક

સંસ્થાઓને આવી પ્રવૃત્તિઓ ચોપવા માન્યતા આપવામાં આવી હતી. તે મુજબ અગાઉ ૨૩ સંસ્થાઓને માન્યતા આપવામાં આવી છે. અહેવાલ હેઠળના વર્ષમાં આવી કોઈ સંસ્થાને માન્યતા આપેલ નથી.

**૧૦. આદિવાસીઓને પ્રશ્નો માટે તકેદારી**

આદિવાસી સમાજ આર્થિક સામાજિક અને શૈક્ષણિક રીતે અન્ય પ્રગતિશીલ સમુદાયથી ઘણો જ પાછળ છે. આથી તેઓના સામાજિક અને આર્થિક પ્રશ્નો તાકીદે હલ થાય તેવા પ્રયાસો હાથ ધરેલ છે. તેઓના જીવન સાથે સંકળાયેલા અર્થાત શૈક્ષણિક, સામાજિક, આર્થિક તેમજ નોકરી અંગેના પ્રશ્નોમાં યોગ્ય અને સમયસર રજુઆત ન કરી શકવાના કારણે તેમજ યોગ્ય દોરવણી ન મળતાં વખતો વખત અન્યાય સહન કરવો પડતો હોય છે.

આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટેની ફરજો અદા કરવાનું કોપોરેશન માટે અપેક્ષિત છે જેથી રાજ્યના જુદા જુદા વિસ્તારોમાંથી ઉપર જણાવ્યા મુજબ જે કાંઈ અન્યાય થયો હોય તેના કિસ્સાઓ કોર્પોરેશનના ધ્યાન ઉપર અને દફતરે આવે ત્યારે આવા કિસ્સાઓમાં વિગતવાર માહીતી આપી રજુઆત કરી થયેલ અન્યાયોનો ખ્યાલ આપી રાજ્યના જુદા જુદા ખાતાઓ, વિભાગો તથા કચેરીઓમાં કોર્પોરેશન તરફથી યોગ્ય રજુઆત કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારની નીતિ આદિજાતિનો સર્વાંગી વિકાસ ઝડપથી સાધી શકાય તે મુજબની રહેલી છે જેના કારણે જે પ્રશ્નોની રજુઆત કરવામાં આવી હતી તેના અનુસંધાનમાં ઘટતી કાર્યવાહી હાથ ધરી સંબંધકર્તા ખાતા, વિભાગો તરફથી આદિવાસીઓને સ્પર્શતા પ્રશ્નો બાબતે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરીને હલ કરવામાં સાથ અને સહકાર મળેલ છે.

**૧૧. કોર્પોરેશનની યોજનાઓ તથા આદિવાસીઓના કલ્યાણની કામગીરીનો પ્રચાર :**

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન તરફથી આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે હાથ ધરવામાં આવેલ મુડી ભંડોળના વિનિમયો હેઠળની વિવિધ પ્રવૃત્તિઓ વ્યાજ રાહત ધિરાણ યોજના હેઠળ હાથ ધરવામાં આવેલ જુદી જુદી યોજનાઓ જેવી કે (૧) દુધાળા ઢોર (૨) બળદ-પાડા (૩) બળદ-ગાડા (૪) મરઘાં ઉછેર (૫) મત્સ્યોદ્યોગ (૬) ઓઈલ એન્જીન (૭) ઈલેક્ટ્રીક મોટર (૮) કુટિર ઉદ્યોગો વગેરે યોજનાઓનો બહોળો પ્રચાર આદિવાસી વિસ્તારમાં આદિવાસી આગેવાનો તથા કાર્યકર્તાઓમાં તેમજ રાજ્યના ઉંડાણના વિસ્તારમાં



વસવાટ કરતા આદિવાસીઓમાં તથા તે આશયથી આ કોર્પોરેશન તરફથી તેની વિવિધ યોજનાઓ હેઠળ તેમજ વ્યાજ રાહત યોજના હેઠળ મંજુર કરવામાં આવેલી લોનના ચેકો સંબંધકર્તા મંડળી માન્ય સંસ્થાને સમારંભો યોજી ધિરાણના ચેકની અર્પણવિધિ દ્વારા ... આપવાની પધ્ધતિ અપનાવવામાં આવેલ છે. ચેકના વિતરણ સમારંભમાં જેતે મંડળી/માન્ય સંસ્થાના સભાસદો અને હોદ્દેદારો તથા જેતે વિસ્તારના આદિવાસી આગેવાનો વગેરે હાજર રહેતા હોય છે. જેમને કોર્પોરેશનની વિવિધ પ્રવૃત્તિઓથી માહિતગાર કરવામાં આવે છે.

**૨. કોર્પોરેશનની મુડી ભંડોળની યોજનાઓ :**

**(૧) નવા મુડી ધિરાણ વિનિયમો તથા સુધારા :**

ગયા વર્ષ સુધી કુલ ૨૭ વિનિયમો અમલમાં હતા. અહેવાલના વર્ષ દરમ્યાન એક નવો વિનિયમ ૨૮ મંજુર કરવામાં આવ્યો છે.

રાજ્યના આદિજાતિ વિસ્તારમાં સિંચાઈની સુવિધાઓ ઉપલબ્ધ થતા તે વિસ્તારના અન્ય ખેડૂતોની સાથે આદિજાતિના ખેડૂતો પણ શેરડીનું વાવેતર કરતાં થયાં છે. આ શેરડીના પાકને અનુલક્ષીને આદિજાતિ વિસ્તારમાં સહકારી ધોરણે ખાંડ ઉદ્યોગ શરુ થયો છે. સામાન્યરીતે ખાંડ ઉદ્યોગ સહકારી મંડળીઓના શેર રૂ. ૧૦૦૦/-ના હોય છે. આદિજાતિના ખેડૂતોની આર્થિક સ્થિતિ નબળી હોવાથી ખાંડ ઉદ્યોગના શેર ખરીદવા એકી વખતે રોકાણ કરવામાં મુશ્કેલી અનુભવે છે, જ્યારે તેઓની શેરડી ખાંડ ઉદ્યોગના કારખાનામાં આપવા માટે તેઓ આ સંસ્થાના સભ્ય હોવા જરુરી છે. આ સમગ્ર પરિસ્થિતિ વિચારણામાં લઈને ખાંડ ઉદ્યોગના શેર ખરીદવા શેર લોન ગુજરાત આદિજાતિ કોર્પોરેશન તરફથી આપવા ખાસ વિનિયમ ૨૮ અનુસુચિત જન જાતિના લોકો કે જેઓ નબળી આર્થિક સ્થિતિના કારણે ખાંડ ઉદ્યોગ કે કરનારી સહકારી મંડળીના સભ્ય ન થઈ શકતાં હોય તેવા સભ્યો માટે શેર લોન મંજુર કરવામાં આવ્યો છે. આ વિનિયમ હેઠળ આદિજાતિના સભ્યને રૂ. ૭૫૦/-ની શેર લોન આપવાની જોગવાઈ કરવામાં આવે છે. લોનની રકમ બીજા વર્ષથી શરુ થતા ચાર સરખા વાર્ષિક હપ્તામાં ભરપાઈ કરવાની રહેશે.

આ મુડી ભંડોળમાંથી ધીરાણ કરવા કોર્પોરેશને જુદી જુદી પ્રવૃત્તિઓને આવરી લેવા વિનિયમો ઘડયા છે તે અન્વયે આદિજાતિના સભ્યોની બહુમતી ધરાવતી સહકારી / મંડળીઓ / કોર્પોરેશને માન્ય કરેલ સ્વૈચ્છિક સંસ્થાઓને તેમજ આવી સંસ્થાઓ મારફત આદિજાતિના સભ્યને ૮% ના વ્યાજના દરે જુદી

જુદી પ્રવૃત્તિઓ માટે ધિરાણ આપવામાં આવે છે.

અહેવાલ હેઠળના ૧૯૮૨-૮૩ના વર્ષમાં ૪૦ સહકારી મંડળીઓને રૂ. ૮૩.૫૭ લાખનું ધિરાણ મંજુર કરવામાં આવ્યુ છે. અને ૫૬૬૩ આદિજાતિના લાભાર્થીઓ આવરી લેવામાં આવ્યા છે. અગાઉના વર્ષમાં મંજુર થયેલ મુડી ધિરાણ તેમજ ચાલુ વર્ષે મંજુર કરવામાં આવેલ ધિરાણ પૈકી અહેવાલ હેઠળના વર્ષમાં રુપિયા ૭૫.૧૬ લાખના ધીરાણની ચુકવણી થઈ છે. કેટલીક પ્રવૃત્તિઓ માટે ધિરાણ બે હપ્તે ચુકવવામાં આવે છે. પ્રથમ હપ્તાની રકમના વપરાશનું પ્રમાણપત્ર મળ્યા પછી બીજો હપ્તો ચુકવવાની પ્રથા છે. ૧૯૭૩-૭૪ના વર્ષથી અહેવાલ હેઠળના વર્ષના અંત સુધીમાં રૂ. ૨૪૮.૩૬ લાખનું ધીરાણ જુદી જુદી પ્રવૃત્તિઓ હાથ ધરવા ૪૫૩ સહકારી મંડળીઓ/સ્વૈચ્છિક સંસ્થાઓને ચુકવવામાં આવેલ છે. ૧૯૮૨-૮૩ના વર્ષમાં મુડી ભંડોળથી નીચે જણાવેલ પ્રવૃત્તિઓ માટે ધિરાણ મંજુર કરવામાં આવ્યુ છે.

| અનુ. | મુડી ધિરાણ વિનિયમ નંબર | વિનિયમ પ્રવૃત્તિ | મંજુર કરવામાં આવેલ મુડી ધિરાણ અને લાભાર્થીઓ | | | |
|---|---|---|---|---|---|---|
| | | | ધીરાણની રકમ રૂ. લાખમાં | લાભ પામેલ મંડળીઓની સંખ્યા | લાભાર્થીની સંખ્યા | |
| | | | | | સીધા | પરોક્ષ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | ૪ | ગ્રાહક ખેતી પેદાશ ખેત ઉત્પન્ન માટે જરુરી સાધનસામગ્રીના વેચાણની સંકલીત પ્રવૃત્તિઓ | ૩.૪૦ | ૧૧ | - | - |
| ૨. | ૨૦ | આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં સમાવિયાં થયેલ સહકારી પિયત મંડળીઓની યોજના માટે મુડી ધિરાણ | ૨.૦૦ | ૪ | - | ૧૮૫ |
| ૩. | ૨૧ | સહકારી ધોરણે શરુ થતા ઉદ્યોગના વિકાસમાટે ઔદ્યોગિક મંડળીઓને મુડી ધિરાણ | ૨.૭૯ | ૪ | - | - |
| ૪. | ૨૭ | ખેત પેદાશ ખરીદ વેચાણ પ્રવૃત્તિ હાથ ધરવા માટે મુડી ધિરાણ | ૩૪.૩૦ | ૨૦ | - | - |
| ૫. | ૨૮ | અનુસુચિત જનજાતિના લોકો છે જેમની નબળી આર્થિક સ્થિતિના કારણે ખાંડ ઉદ્યોગ કરનારી સહકારી મંડળીના સભ્ય ન થઈ શકતા હોય તેવા સભ્યો માટે શેર લોન. | ૪૧.૦૮ | ૧ | ૫૪૭૮ | - |
| | | કુલ. | ૮૩.૫૭ | ૪૦ | ૫૪૭૮ | ૧૮૫ |



મુડી ધિરાણ વિનિયમ હેઠળની પ્રવૃત્તિઓ :

અધિનિયમની જોગવાઈ અનુસાર રાજ્ય સરકારે રૂ. ૫.૦૦ કરોડ સુધીનું મુડી ભંડોળ કોર્પોરેશનને પુરુ પાડવાનું છે. ગત વર્ષના અંત સુધીમાં રૂ. ૧૬૪.૭૫ લાખની મુડી પ્રાપ્ત થયેલ હતી જ્યારે અહેવાલના વર્ષ દરમ્યાન રૂ. ૨૦૫.૫૦ લાખ મુડી ભંડોળ પેટે મળતા ૩૧-૩-૮૩ સુધીમાં કુલ રૂ. ૩૭૦.૨૫ લાખની મુડી ઉપલબ્ધ થઈ છે.

(૩) ૧૯૮૩-૮૪ નો કાર્યક્રમ :

| અનુ | મુડી ધિરાણ વિનિયમ નંબર | વિનિયમની પ્રવૃત્તિ | સૂચિત ધીરાણ અને લાભાર્થી | | |
|---|---|---|---|---|---|
| | | | રકમ રૂ. લાખમાં | મંડળી | લાભાર્થી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | ૪ | ગ્રાહક, ખેતી પેદાશ, ખેત ઉત્પન્ન માટે જરુરી સાધન સામગ્રીનું વેચાણ સંકલિત પ્રવૃત્તિઓ માટે | ૨૫.૦૦ | ૨૫ | |
| ૨. | ૬ | દુધ ઉત્પાદક અને દુધ વેચાણ સહકારી મંડળીઓ મારફત આદિજાતિ સભ્યોને દુધાળા ઢોર ખરીદવા મુડી ધિરાણ. | ૨૫.૦૦ | ૨૫ | ૧૦૦૦ |
| ૩. | ૧૫ | સહકારી પિયત મંડળીના આદિજાતિ સભાસદોને મંડળી મારફત શેરલોન | ૨.૦૦ | ૮ | ૧૦૦૦ |
| ૪. | ૧૬ | નબળી આર્થિક સ્થિતિના આદિજાતિના વ્યક્તિઓને સહકારી મંડળીના સભાસદ થવા સહકાર મંડળી મારફત શેર લોન. | ૩૦ | ૨૦ | - |
| ૫. | ૧૭ | જંગલ ખનીજ કે ખેત પેદાશ આધારિત અથવા અન્ય રોજગાર લક્ષી એકમો શરુ કરવા માગતી સહકારી મંડળીના સભાસદ થવા મંડળી મારફત આદિજાતિ સભ્યોને શેર લોન. | ૪.૭૦ | ૨૦ | - |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ૬. | ૨૦. | આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં સમાવિષ્ટ થયેલ સહકારી પિયત મંડળીઓની યોજના માટે મુડી ધિરાણ | ૮.૦૦ | ૮ | - |
| ૭. | ૨૧. | સહકારી ધોરણે શરુ થતા ઉદ્યોગના વિકાસ માટે ઔદ્યોગિક મંડળીઓને મુડી ધિરાણ. | ૧૫.૦૦ | ૧૫ | - |
| ૮. | ૨૨. | મત્સ્ય ઉદ્યોગ શરુ કરવા અથવા વિકસાવવા માટે મત્સ્ય ઉદ્યોગ સહકારી મંડળીઓને મુડી ધિરાણ | ૫.૦૦ | ૧૦ | - |
| ૯. | ૨૩. | ઇલેકટ્રીક મોટર ઓઇલ એન્જીન પંપ વિગેરે ખેતી વિકાસના સાધનો માટે સહકારી મંડળીઓ તથા માન્ય સૈચ્છિક સંસ્થાઓ દ્વારા આદિજાતિના સભ્યોને મુડી ધિરાણ | ૫.૦૦ | ૫ | ૧૦૦ |
| ૧૦. | ૨૭. | ખેત પેદાશ ખરીદ વેચાણ પ્રવૃત્તિ હાથ ધરવા માટે મુડી ધિરાણ | ૭૫.૦૦ | ૭૫ | - |
| ૧૧. | ૨૮. | અનુ.જનજાતિના લોકોને જેઓ તેમની નબળી આર્થિક સ્થિતિના કારણે ખાંડ ઉદ્યોગ કરનારી સહકારી મંડળીના સભ્ય ન થઈ શકતા હોય તેવા સભ્યો માટે શેર લોન. | ૭૫.૦૦ | ૨ | ૧૦૦૦૦ |
| ૧૨. | - | અન્ય વિનિયમોની પ્રવૃત્તિઓ હેઠળ | ૧૦.૦૦ | ૨૭ | - |
| | | કુલ.. | ૨૫૦.૦૦ | ૨૪૦ | ૧૨૧૦૦ |

**૩. વ્યાજ રાહત યોજના :**

રાષ્ટ્રીયકૃત બેંકોની વ્યાજરાહત યોજના હેઠળ આદિજાતિના સભ્યોને



વિવિધ ધંધા અને ઉદ્યોગની પ્રવૃત્તિ માટે ૪ ટકાના હળવા વ્યાજના દરે ધિરાણ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્યમાં ૪૮.૪૯ લાખ આદિવાસીઓ વસે છે તેમની આર્થિક સ્થિતિ સારી નથી તેથી ૨૦ મુદ્દાના રાષ્ટ્રીય કાર્યક્રમ અનુસાર તેમની આર્થિક સ્થિતિ સુધારવા તથા ગરીબી રેખાની નીચે જીવતા અને દુર્ગમ અને ડુંગરાળ પ્રદેશોના ઉંડાણમાં વસતા આદિવાસીઓ માટે વ્યાજ રાહત યોજના ઘણી જ લાભદાયી થઈ પડેલ છે. રાજ્યના આદિજાતિના સભ્યોની સામાજિક તેમજ આર્થિક ઉન્નતિનું કાર્ય હાથ ધરવાની પ્રાથમિક ફરજ કોર્પોરેશનની હોવાથી બેંકોની વ્યાજ રાહત યોજનાનો વધુને વધુ લાભ આદિજાતિના સભ્યોને મળી રહે તે માટે કોર્પોરેશન મારફતે અહેવાલના વર્ષ દરમ્યાન જુદા જુદા હેતુઓ માટે કુટુંબલક્ષી કાર્યક્રમ હેઠળ રુ.૩૫૪.૬૪ લાખનું ધિરાણ મંજુર કરીને તેઓને પુરક રોજી અને આવક દ્વારા ગરીબી રેખાથી ઉપર લઈ જવાના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.

વ્યાજરાહત યોજનાનો અમલ આદિજાતિ વિકાસ કોર્પોરેશન મારફતે કરવાનું નક્કી કરવામાં આવતા સને ૧૯૭૭-૭૮ના વર્ષથી આ યોજનાની શરુઆત કરવામાં આવી હતી. આ યોજના હેઠળ ૧૯૭૭-૭૮, ૧૯૭૮-૭૯, ૧૯૭૯-૮૦, ૧૯૮૦-૮૧, ૧૯૮૧-૮૨ તથા ૧૯૮૨-૮૩ના વર્ષમાં અનુક્રમે રુપિયા ૭૩.૧૬ લાખ રુ. ૧૫૧.૧૬ લાખ રુ. ૩૨૫.૬૪ લાખ રુ. ૩૧૫.૦૨ લાખ તથા ૩૫૯.૦૧ લાખ અને ૩૫૪.૬૪ લાખ મળીને અત્યાર સુધીમાં એકંદરે રુ. ૧૫૭૮.૯૩ લાખનું ધિરાણ મંજુર કરીને ૭૩૩૦૨ આદિજાતિના સભ્યોને લાભ આપવામાં આવેલ છે.

<u>પાત્રતા :</u>

વ્યાજ રાહત યોજના હેઠળ જે વ્યકિતના કુટુંબના બધા સાધનોમાંથી વાર્ષિક આવક શહેરી અને અર્ધ શહેરી વિસ્તારમાં રુ.૩૦૦૦/- સુધીની ગ્રામ્ય વિસ્તારોમાં ૨૦૦૦ રુ. સુધીની વાર્ષિક આવક હોય તેવી વ્યકિતઓને વ્યાજ રાહત યોજના હેઠળ ૪% ના હળવા વ્યાજના દરના ધિરાણનો લાભ મળી શકે છે. કેન્દ્ર સરકાર તરફથી ભારતીય રિઝર્વ બેંક સાથે પરામર્શ કરીને વ્યાજ રાહત યોજના અંગેની સુધારેલી માર્ગદર્શક સુચનાઓ સંબંધીત રાષ્ટ્રીયકૃત બેંકોને પાઠવવામાં આવી હતી જેનો ગુજરાતી અનુવાદ પરિશિષ્ટ-૧માં આપવામાં આવેલ છે.

વ્યાજ રાહત યોજનાને ઉત્તેજન :

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશને બેંકોની વ્યાજ રાહત યોજના હેઠળ બેંકો પાસેથી નાણાં મેળવવા રાજ્ય સરકારની ગેરન્ટી સામે આદિજાતિ સભ્યો માટે ખેતીવાડીને પુરક એવા જુદા જુદા ઉત્પાદક હેતુઓ માટે '' બેંકેબલ અને વાયેબલ'' યોજનાઓ જેતે પ્રાયોજના વહીવટદારશ્રીઓ પાસેથી મેળવી જરુરી સુધારા વધારા સાથે રાષ્ટ્રીયયુક્ત બેંક પાસે મંજુર કરાવી ધીરાણ મેળવી આદિજાતિ ભાઈઓને પુરું પાડે છે. કુટિર ઉદ્યોગ સહિત આ યોજનાઓ નીચે મુજબ છે.

(૧) દુધાળા ઢોર પુરા પાડવાની યોજના :

આ યોજના હેઠળ સૌ પ્રથમ આદિજાતિ વ્યક્તિ વ્યાજ રાહત યોજના હેઠળ ધિરાણ મેળવવા પાત્ર છેકેમ તેની આકરણી કરવામાં આવે છે. જો આદિજાતિ સભ્યોની વાર્ષિક આવક રૂ.૨૦૦૦ કરતાં ઓછી હોય તો જ આ યોજનાનો લાભ મેળવી શકે છે. આ યોજના હેઠળ એક ભેંસ માટે રૂ.૨૫૦૦/- સુધીનું ધીરાણ આપવામાં આવતું હતું પરંતુ આ મર્યાદામાં સારી જાતની ભેંસ મળતી ન હોવાથી યોજનામાં સુધારો કરીને એક ભેંસ માટે રૂ.૩૦૦૦/-નું ધીરાણ આપવાનું નકકી કરવામાં આવ્યું છે જ્યારે એક ગાય માટે રૂ.૧૬૦૦/-નું ધીરાણ મંજુર કરવામાં આવે છે તે પૈકી ૫૦% રકમ સહાય પેટે ગણીને બાકીની રકમ ૪% ના વ્યાજના દરે ૩૦ માસિક હપ્તામાં ભરપાઈ કરવાની હોય છે. અહેવાલના વર્ષ દરમ્યાન ૧૨૦૯૭ આદિજાતિના સભ્યોને રૂ.૩,૦૪,૨૫,૪૦૦/-નું ધીરાણ મંજુર કરવામાં આવેલ છે.

(૨) બળદ/પાડા પુરા પાડવાની યોજના :

આ યોજનામાં નકકી થયા મુજબ દરેક સભ્યને વધારેમાં વધારે બે બળદ માટે લોન આપવામાં આવે છે. ખેડબ્રહમા પ્રોજેકટ વિસ્તાર માટે એક બળદની મહત્તમ કિંમત રૂ.૧૨૫૦/- અને અન્ય વિસ્તારમાં રૂ.૧૦૦૦/- સુધીનું ધિરાણ આપવાની જોગવાઈ હતી પરંતુ આ રકમમાં સારી જાતના અને ખેતી વાહતુકના કામમાં ઉપયોગી નિવડે એવા બળદો ન મળતાં હોવાથી ચાલુ વર્ષે આ યોજનામાં સુધારો કરીને એક બળદ/પાડા માટે રૂ.૧૫૦૦/-નું ધિરાણ આપવાનું નકકી કરવામાં આવ્યું છે. આ યોજના હેઠળ આદિજાતિ સભ્યોને જે ધિરાણ કરવામાં આવ્યુ હોય તેના ૫૦% રકમ સહાય પેટે ગણીને બાકીની રકમ છ માસિક આઠ હપ્તાઓથી ૪ ટકાના વ્યાજના દર સાથે ભરપાઈ કરવાની હોય છે. અહેવાલના વર્ષ દરમ્યાન



૨૧૪૨ આદિજાતિના સભ્યોને રૂ.૬૦,૬૪,૭૦૦/-નું ધિરાણ મંજુર કરવામાં આવેલ છે.

(૩) બળદ ગાડા પુરા પાડવાની યોજના :

બળદગાડા પુરા પાડવાની યોજના હેઠળ દરેક સભ્યને વધારેમાં વધારે એક બળદગાડા દીઠ રૂ.૧૮૦૦/-નું ધિરાણ આપવામાં આવતું હતું તેમાં સુધારો કરીને રૂ.૩૦૦૦/- સુધીનું ધિરાણ કરવામાં આવે છે તે પૈકી ૫૦ % સહાય પેટે જયારે મળે ત્યારે જમા લેવામાં આવે છે અને બાકીની રકમ છ માસિક આઠ હપ્તાઓથી ભરપાઈ કરવાની હોય છે. અહેવાલના વર્ષ દરમ્યાન ૭૦ સભ્યને રૂ.૧,૩૫,૪૦૦/-નું ધિરાણ મંજુર કરવામાં આવેલ છે.

(૪) મરઘાં ઉછેરની યોજના :

મરઘાં ઉછેરની યોજના હેઠળ ૫૮૦૦ રૂ. સુધીનું ધિરાણ બે હપ્તાથી કરવામાં આવે છે. પ્રથમ હપ્તો મરઘાં ઘર બાંધવા માટે આપવામાં આવે છે. પ્રથમ હપ્તાની રકમમાંથી મરઘાં ઘરનું બાંધકામ થઈ જાય ત્યાર બાદ સંબંધ કર્તા અધિકારીશ્રી પાસેથી પ્રથમ હપ્તાની રકમનું વપરાશનું પ્રમાણપત્ર મળ્યા બાદ બીજા હપ્તાની રકમ છુટી કરવામાં આવે છે. આ યોજનામાં પણ ૫૦% સહાયની જોગવાઈ છે. અહેવાલના વર્ષ દરમ્યાન કોઈપણ સભ્યને ધિરાણ મંજુર કરવામાં આવ્યું નથી.

(૫) મત્સ્ય ઉદ્યોગની યોજના :

આ યોજના હેઠળ એક સભ્યને રૂ.૧૨૦૦/- સુધીનું ધીરાણ કરવામાં આવતું હતું પરંતુ મત્સ્ય ઉદ્યોગ ખાતા તરફથી આ યોજના સુધારવામાં આવતા વર્ષ દરમ્યાન રૂ.૧૫૦૦ અને રૂ.૨૩૩૩/-ના ધોરણે ધીરાણ મંજુર કરવામાં આવ્યું છે. ધીરાણની સામે ૫૦% સહાયની રકમ મળતાં બાકીની રકમ છ માસિક આઠ હપ્તામાં ભરપાઈ કરવાની રહે છે. અહેવાલના વર્ષ દરમ્યાન ૩૩૧ સભ્યોને રૂ.૬,૪૧,૫૦૦/-નું ધિરાણ મંજુર કરવામાં આવ્યું છે.

(૬) ઓઈલ એન્જીન પુરા પાડવાની યોજના :

ઓઈલ એન્જીન પુરા પાડવાની યોજના મુજબ દરેક સભ્યને મહત્તમ ધીરાણ રૂ.૫૦૦૦/- મંજુર કરવામાં આવેલ છે પરંતુ માર્ચ ૧૯૮૩માં આ યોજનામાં સુધારો કરીને રૂ.૬૫૦૦/- સુધીનું ધીરાણ મંજુર કરવાનું નકકી કરવામાં આવ્યું છે તે પૈકી

૫૦% રકમ સહાય પેટે જ્યારે મળે ત્યારે ધીરાણ લેનાર વ્યક્તિના ખાતામાં જમા લેવામાં આવે છે તેમજ બાકીની રકમ છ માસિક આઠ હપ્તાઓમાં ભરપાઈ કરવાની હોય છે. અહેવાલના વર્ષ દરમ્યાન વ્યાજ રાહત યોજના હેઠળ સાત સભ્યોને રૂ. ૩૫૦૦૦/-નું ધિરાણ મંજુર કરવામાં આવેલ છે.

(૭) ઈલેક્ટ્રીક મોટર તથા જરુરી સાધનસામગ્રી પુરા પાડવાની યોજના :

આ યોજના હેઠળ દરેક સભ્યને રૂ.૪૦૦૦/-નું મહત્તમ ધિરાણ મંજુર કરવામાં આવે છે પરંતુ ૧માર્ચ ૧૯૮૩માં આ યોજનામાં સુધારો કરીને મહત્તમ મર્યાદા રૂ. ૫૦૦૦/- xxx કરવામાં આવી છે તે પૈકી ૫૦%ની સહાય મંજુર થતા વ્યક્તિના ખાતામાં જમા લેવામાં આવે છે અને બાકીની રકમ છ માસિક આઠ હપ્તાઓમાં ભરપાઈ કરવાની હોય છે.

(૮) કુટિર ઉદ્યોગ :

જુદા જુદા કુટિર ઉદ્યોગો, ગૃહ ઉદ્યોગો માટે કુટિર ઉદ્યોગ નિયામકશ્રી તરફથી બેંકેબલ યોજના હેઠળ મંજુર કરેલ તથા મુકરર કરવામાં આવેલ રકમ જેટલી લોન આપવામાં આવે છે. અહેવાલ હેઠળ વર્ષ દરમ્યાન ૩૨ આદિજાતિના સભ્યોને રૂ.૦.૬૨ લાખનું ધિરાણ મંજુર કરવામાં આવ્યુ છે. વ્યાજ રાહત યોજના હેઠળ જુદા જુદા હેતુઓ માટે અગાઉ તૈયાર કરેલ યોજનાઓ મુજબ ધિરાણ આપવામાં આવતુ હતું પરંતુ તમામ હેતુઓ માટેના ધીરાણનાં આર્થિક માળખાનો અભ્યાસ કરીને તેમજ થયેલ ભાવ વધારાને અનુલક્ષીને યોજનાઓમાં સુધારા કરવાનુ અનિવાર્ય બન્યુ હતું. આથી અહેવાલ હેઠળના વર્ષમાં (૧) દુધાળા ઢોર (૨) બળદ/પાડા (૩) બળદ-ગાડા (૪) ઓઈલ એન્જીન અને (૫) ઈલેક્ટ્રીક મોટરની યોજનાઓ સુધારવામાં આવી છે. અને યુનિટ કિંમત પ્રમાણે ધિરાણની મર્યાદા રાખવામાં આવી છે.

સરકારશ્રી તરફથી મળેલ સહકાર :

વ્યાજ રાહત યોજના હેઠળ બેંકો પાસેથી નાણાં મેળવી આદિજાતિ સભ્યોને નાણાં પુરા પાડવા માટેની યોજનાને સરકારશ્રી તરફથી સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે. સરકારશ્રી તરફથી જે તે સંબંધીત બેંકોને બેંક ગેરંટી આપવાનો હુકમ કરવામાં આવેલ છે.



રાજ્યના આઠ આદિજાતિ પેટા વિસ્તાર યોજનાના પ્રોજેક્ટ એડમીનીસ્ટ્રેટરશ્રીઓ સંકલિત ગ્રામ વિકાસ એજન્સીઓ તથા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને કોર્પોરેશન મારફતી વ્યાજ રાહત યોજનાના અમલમાં મદદરુપ થવા સંપૂર્ણ સાથ અને સહકાર તથા અમલમાં મદદરુપ થવા માટે જરુરી સુચનાઓ પાઠવવા સચિવાલયના સંબંધીત વિભાગો તરફથી કાર્યવાહી કરવામાં આવે તે માટે મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ તરફથી કાર્યવાહી કરવામાં આવે છે.

પ્રાયોજના વહીવટદારશ્રીઓ તથા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તરફથી મળેલ સહકાર :

વ્યાજ રાહત યોજનાના અમલીકરણ માટે જો કોઈ મહત્વનું પાસું ગણાય હોય તો તે પ્રાયોજના વહીવટદારશ્રીઓ તથા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ છે. કારણકે આ યોજનાની પાયાની કામગીરી ક્ષેત્ર કાર્ય ઉપર આધાર રાખે છે અને ક્ષેત્રકાર્ય કરનાર ઉક્ત અધિકારીશ્રીઓ તથા તેઓશ્રીના કર્મચારીગણ છે. આ યોજનાને અમલીકરણમાં મુકવા માટે તેઓશ્રીનો ખુબજ મહત્વનો ફાળો છે. તેઓશ્રીઓએ બજાવેલ ફરજો અને દાખવેલ ઉત્સાહના ફળરુપ ૧૯૭૭-૭૮નાં વર્ષથી અહેવાલ હેઠળના વર્ષના અંત સુધીમાં જુદા જુદા હેતુઓ માટે કુલ ૧૫૭૮.૯૩ લાખનુ ધિરાણ મંજુર કરીને ૭૩,૩૦૨ આદિજાતિના સભ્યોને આવરી લેવામાં આવેલ છે. આ લક્ષ્યાંકો પુરા કરવામાં પ્રાયોજના વહીવટીદારશ્રીઓ તથા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓએ જે કામગીરી બજાવેલ છે તે બદલ કોર્પોરેશન તેમના માટે આભારની લાગણી વ્યક્ત કરે છે.

બેંકો પાસેથી મળેલ સહકાર :

જુદી જુદી રાષ્ટ્રીયકૃત બેંકો પાસેથી વ્યાજ રાહત યોજના હેઠળ આદિજાતિ સભ્યોને જુદી જુદી હેતુઓ માટે સરળ રીતે ધીરાણ મળી રહે તે હેતુને લક્ષમાં રાખીને આ કામ કોર્પોરેશને સ્વીકારેલ છે અને બેંકો તરફથી અત્યાર સુધીમાં ૧૮૪૬.૦૦ લાખની લોન મર્યાદા મંજુર કરવામાં આવેલ છે જેની બેંકવાર માહીતી નીચે મુજબ છે.

| ક્રમ | બેંકનું નામ | બેંકો તરફથી મંજુર કરેલ લોન મર્યાદા રૂ. લાખમાં |
|---|---|---|
| ૧. | સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા | ૩૦૦.૦૦ |
| ૨. | સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા | ૨૩૪.૦૦ |
| ૩. | દેના બેંક (અમદાવાદ અને ગાંધીનગર) | ૨૩૮.૦૦ |
| ૪. | બેંક ઓફ ઈન્ડીયા | ૨૫૫.૦૦ |
| ૫. | પંજાબ નેશનલ બેંક | ૩૦.૦૦ |
| ૬. | બેંક ઓફ બરોડા | ૧૭૪.૦૦ |
| ૭. | સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર | ૭૦.૦૦ |
| ૮. | બેંક ઓફ મહારાષ્ટ્ર | ૬૦.૦૦ |
| ૯. | યુનાઈટેડ કોમર્શીયલ બેંક | ૧૨૫.૦૦ |
| ૧૦. | યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડીયા | ૧૦૫.૦૦ |
| ૧૧. | સીન્ડીકેટ બેંક | ૧૫૦.૦૦ |
| ૧૨. | ઈન્ડીયન ઓવરસીઝ બેંક(અમદાવાદ અને ગાંધીનગર ) | ૩૫.૦૦ |
| ૧૩. | સ્ટેટ બેંક ઓફ પતીયાળા | ૨૦.૦૦ |
| ૧૪. | ઈન્ડીયન બેંક | ૨૦.૦૦ |
| ૧૫. | યુનિયન બેંક ઓફ ઈન્ડીયા | ૩૦.૦૦ |
| | કુલ.. | ૧૮૪૬.૦૦ |

## યોજનાની સિધ્ધિ :

વ્યાજ રાહત યોજના હેઠળ અહેવાલના વર્ષ દરમ્યાન પ્રોજેક્ટ તથા યોજનાવાર મંજુર કરેલ ધિરાણની વિગત નીચે મુજબ છે.



(૧) પ્રોજેક્ટ વાર :

| ક્રમ | પ્રોજેક્ટ તથા અન્ય વિસ્તારનું નામ | લાભ પામેલ આદિજાતિ સભ્યોની સંખ્યા | ધિરાણની રકમ (રૂ.લાખમાં) | કુલ ધિરાણની સામે ટકાવારી |
|---|---|---|---|---|
| ૧. | ડાંગ | ૨૩૩ | ૫.૮૨ | ૧.૬૪ |
| ૨. | વાંસદા | ૨૩૯૮ | ૫૪.૩૩ | ૧૫.૦૪ |
| ૩. | સોનગઢ | ૧૬૮૧ | ૪૨.૪૨ | ૧૧.૯૬ |
| ૪. | માંડવી | ૧૯૮૮ | ૪૭.૧૪ | ૧૩.૨૯ |
| ૫. | રાજપીપળા | ૩૧૧૬ | ૭૪.૯૫ | ૨૧.૧૪ |
| ૬. | છોટાઉદેપુર | ૨૦૭૪ | ૪૮.૧૦ | ૧૩.૫૬ |
| ૭. | દાહોદ | ૧૪૪૭ | ૨૨.૩૭ | ૬.૩૧ |
| ૮. | ખેડબ્રહમા | ૧૫૪૭ | ૩૮.૭૭ | ૧૦.૯૩ |
| ૯. | પાલનપુર દાંતા | ૪૬૭ | ૧૨.૪૧ | ૩.૫૦ |
| ૧૦. | નોન ટ્રાયબલ વિસ્તાર | ૩૯૩ | ૯.૩૩ | ૨.૬૩ |
| | કુલ.. | ૧૪૭૦૪ | ૩૫૪.૬૪ | ૧૦૦.૦૦ |

(૨) યોજના વાર :

| ક્રમ | યોજનાનું નામ | લાભ પામેલ આદિજાતિના સભ્યોની સંખ્યા | મંજુર કરેલ ધિરાણની રકમ રૂ. લાખમાં | કુલ ધિરાણ સામેની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | દુધાળા ઢોર | ૧૨૦૯૭ | ૩૦૪.૨૫ | ૮૫.૭૯ |
| ૨. | બળદ/પાડા | ૨૧૪૨ | ૪૦.૬૫ | ૧૧.૪૬ |
| ૩. | બળદ ગાડા | ૭૦ | ૧.૩૫ | ૦.૩૮ |
| ૪. | મરઘા ઉછેર | – | – | – |
| ૫. | મત્સ્યોદ્યોગ | ૩૩૧ | ૬.૪૨ | ૧.૮૧ |
| ૬. | ઓઈલ એન્જીન | ૭ | ૦.૩૫ | ૦.૧૦ |
| ૭. | ઈલેક્ટ્રીક મોટર | ૨૫ | ૧.૦૦ | ૦.૨૯ |
| ૮. | કુટિર ઉદ્યોગ | ૩૨ | ૦.૬૨ | ૦.૧૭ |
| | કુલ.. | ૧૪૭૦૪ | ૩૫૪.૬૪ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત યોજના પ્રમાણે માહીતી જોતા જણાય છે કે કુલ ધિરાણના ૮૫.૭૯ ટકા ધિરાણ દુધાળા ઢોરો માટે મંજુર થયેલ છે જેમાં ૧૨૦૯૭ સભાસદ કુટુંબોને તેનો લાભ આપવામાં આવેલ છે. બળદ પાડા ૧૧.૪૬ ટકાના પ્રમાણ અને મત્સ્યોદ્યોગ ૧.૮૧ ટકાના પ્રમાણથી અનુક્રમે બીજા અને ત્રીજા નંબરે આવે છે, જ્યારે બળદ પાડા, ઓઈલ એન્જીન, ઈલેક્ટ્રીક મોટર અને કુટિર ઉદ્યોગોમાં ધિરાણ કુલ ધિરાણના ૧ ટકાથી પણ ઓછું છે, વ. ... ૯ જ્યારે વર્ષ દરમ્યાન મરઘાં ઉછેર માટે ધીરાણ આપવામાં આવ્યું નથી.

વ્યાજ રાહત યોજના ૧૯૭૭-૭૮ના વર્ષથી અમલમાં આવ્યા પછી છ વર્ષના સમય ગાળામાં આઠ સંકલિત આદિજાતિ વિસ્તાર પોકેટ વિસ્તાર અને અન્ય વિસ્તારના મળીને ૫૯ તાલુકાઓમાં અહેવાલના વર્ષના અંત સુધીમાં ૧૫૭૮-૯૩ લાખનું ધિરાણ ૭૩,૩૦૨ આદિજાતિના સભ્યોને મંજુર કરવામાં આવેલ છે. તાલુકાવાર અને પ્રોજેક્ટ વાર વિગત પરિશિષ્ટ-૪થી સામેલ છે.

સને ૧૯૮૩-૮૪ના વર્ષનો આદિજાતિ કાર્યક્રમ :

વ્યાજ રાહત યોજનાના ધિરાણનો સને ૧૯૮૩-૮૪ના વર્ષ માટે કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો છે અને બોર્ડ ઓફ ડીરેક્ટર્સ બેઠકમાં મંજુર કરવામાં આવ્યો છે તે પ્રમાણે કોર્પોરેશન દ્વારા ૨૦,૦૦૦ આદિજાતિના સભ્યોને રૂ. ૫૫૩.૧૦ લાખનું ધિરાણ જુદા જુદા હેતુઓ માટે આપવાનો લક્ષ્યાંક છે. હેતુવાર અને પ્રોજેક્ટવાર કાર્યક્રમની વિગતો નીચે મુજબ છે.

હેતુવાર :

| ક્રમ | યોજનાનું નામ | ધિરાણની રકમ (રૂ.લાખમાં) | લાભ પામનાર આદિજાતિ સભ્યોની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | દુધાળા ઢોર | ૩૪૫.૦૦ | ૧૧,૫૦૦ |
| ૨. | બળદ પાડા | ૪૩.૫૦ | ૨,૬૦૦ |
| ૩. | બળદ ગાડા | ૨૭.૦૦ | ૬૦૦ |
| ૪. | મરઘા ઉછેર | ૧૧.૬૦ | ૨૧૦ |
| ૫. | મત્સ્યોદ્યોગ | ૨૩.૦૦ | ૧,૦૦૦ |
| ૬. | ઓઈલ એન્જીન | ૧૦.૦૦ | ૨૦૦ |
| ૭. | ઈલેક્ટ્રીક મોટર | ૧૫.૦૦ | ૩૦૦ |
| ૮. | કુટિર ઉદ્યોગ | ૭૫.૦૦ | ૩,૦૦૦ |
| | કુલ.. | ૫૫૩.૧૦ | ૨૦,૦૦૦ |



પ્રોજેક્ટવાર :

| ક્રમ | પ્રોજેક્ટનું નામ | ધીરાણની રકમ (રૂ.લાખમાં) | લાભ પામનાર આદિજાતિ સભ્યોની સંખ્યા. |
|---|---|---|---|
| ૧. | ડાંગ | ૨૬.૯૬ | ૯૭૦ |
| ૨. | વાંસદા | ૭૮.૭૬ | ૨૮૬૦ |
| ૩. | સોનગઢ | ૬૬.૫૬ | ૨૪૦૦ |
| ૪. | માંડવી | ૭૦.૦૧ | ૨૫૨૦ |
| ૫. | રાજપીપળા | ૬૯.૦૬ | ૨૫૩૦ |
| ૬. | છોટાઉદેપુર | ૬૭.૨૧ | ૨૪૧૦ |
| ૭. | દાહોદ | ૭૨.૭૬ | ૨૬૬૦ |
| ૮. | ખેડબ્રહ્મા | ૪૬.૪૬ | ૧૬૮૦ |
| ૯. | પાલનપુર-દાતા | ૨૬.૬૬ | ૯૬૦ |
| ૧૦. | નોન ટ્રાયબલ વિસ્તાર | ૨૮.૬૬ | ૧૦૪૦ |
| | કુલ.. | ૫૫૩.૧૦ | ૨૦૦૦૦ |

પરિશિષ્ટ - ૧

વ્યાજ રાહત યોજના અંગે સુધારેલ માર્ગદર્શક સુચનાઓ :

૧ : વ્યાપ્તિ અને ક્ષેત્ર

૧ : ૧ આ યોજના સમગ્ર રાજ્યમાં અમલી બનશે.

૨ : ૨ લક્ષ્યાંક : આ યોજના હેઠળ બેંકમાં આગલા વર્ષના અંતે હોય એવી તેમની એકંદરે પેશગીઓના ઓછામાં ઓછા ૧ ટકા જેટલી રકમનું ધિરાણ કરવું.

૧ : ૩ ગ્રામ વિસ્તારના નબળા વિભાગોને યોજના હેઠળ વધુમાં વધુ લાભ મળે અને શહેરી/મેટ્રોપોલીટીન વિસ્તારો પેશગીઓનો મોટો ભાગ હડપ કરી ન લે તે સુનિશ્ચિત કરવા આ યોજના હેઠળની પેશગીઓનો ઓછામાં ઓછો ૨/૩ ભાગ તેમની ગ્રામ અને અર્ધ શહેરી શાળાઓ દ્વારા વહેંચવામાં આવે એ બાબત યોજનાનો અમલ કરતી બેંકોએ ખાત્રી કરવાની રહેશે, તેને અનુરૂપ રહીને યોજના હેઠળનું ક્ષેત્રનું વધુમાં વધુ ૧/૩ ધીરાણ તેમની અને મેટ્રોપોલીટીન શાખાઓમાંથી આપી શકશે.

૧: ૪ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિની વ્યક્તિઓને યોજના હેઠળના લાભોમાં પોતાનો યોગ્ય હિસ્સો મળી રહે તે સુનિશ્ચિત કરવા યોજના હેઠળ બેંકનું ઓછામાં ઓછું

૧: ૫ (૪૦%) ધીરાણ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જન જાતિઓના પાત્ર કરજ મેળવનારાઓને આપવું.

## ૨. અમલ કરતી સંસ્થાઓ

૨: ૧ જાહેર ક્ષેત્રમાં બેંકો : વ્યાજની તફાવતના દરની યોજનાનો અમલ જાહેર ક્ષેત્રની બધી બેંકો દ્વારા કરવામાં આવશે.

૨: ૨ બીન રાષ્ટ્રીયકૃત બેંકો : લીડ જવાબદારી ધરાવતી રાષ્ટ્રીયકૃત બેંકો આ યોજનાનો અમલ કંઈ નહીં તો છેવટે તેમના 'લીડ' જિલ્લાઓમાં મુકશે. બીજી બીન રાષ્ટ્રીયકૃત બેંકો પણ યોજનાનો ''મરજીયાત'' ધોરણે અમલ કરી શકશે.

૨: ૩ પ્રાદેશિક ગ્રામ બેંકો : પ્રાદેશિક ગ્રામ બેંકોની યોજના હેઠળ કરજ મેળવનારાઓને પણ સહકારી મંડળીઓને અપાય છે એજ દરે ધિરાણ ઉપલબ્ધ કરી આપવાનું છે તેથી વ્યાજના રાહતના દરે ધિરાણ આપવાની આ બેંકોને છુટ નથી. આ બેંકો જેને સેવા આપવાની હોય તેવી વ્યક્તિઓ પણ યોજનાનો લાભ મેળવી શકે તે સુનિશ્ચિત કરવા પુરસ્કર્તા બેંક એજન્સીના પ્રાદેશિક ગ્રામ બેંકો મારફત નાણાં ધીરી શકે. આમ પાત્ર કરજ મેળવનારાઓ પ્રાદેશિક ગ્રામ બેંકો જેને સેવા આપતી હોય તેવા વિસ્તારમાં દર વર્ષે ૪%ના દરે લોન મેળવી શકશે.

## ૩. પાત્રતાનું ધોરણ

ફકરા-૪માં ગણાવેલ પ્રકારની વ્યક્તિઓ કશુંક મુલ્ય ધરાવતી, મૂર્ત જામીનગીરી બાંહેધરી આપી શકે તેમ ન હોય કે સદ્ધર વ્યક્તિની જામીનગીરી/બાંહેધરી રજુ કરી શકે એમ ન હોય તો પણ યોજનાના લાભો માટે પાત્ર થશે. પરંતુ તેમણે નીચે ઠરાવેલ ધોરણ સંતોષવાના રહેશે.

૩: ૧ આ યોજના હેઠળ ધિરાણ લેવા ઈચ્છનાર આદિજાતિ વ્યક્તિની ગ્રામ્ય વિસ્તારમાં કુલ વાર્ષિક આવક રૂ.૨૦૦૦/- અથવા શહેરી અને અર્ધ શહેરી વિસ્તારમાં રૂ. ૩૦૦૦/-થી વધારે હોવી જોઈએ નહીં.



૩: ૨ તે કોઈ જમીનનો માલિક ન હોવો જોઈએ અથવા તેની માલિકીની જમીનનું કદ સિંચિત જમીનની બાબતમાં એક એકર કરતા અને બીન સિંચિત જમીનની બાબતમાં ૨: ૫ એકર કરતાં વધુ હોવું જોઈએ નહીં.

૩: ૩ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જન જાતિઓની વ્યક્તિ તેમની પાસે ગમે તેટલી જમીન હોય તો પણ લોન માટે પાત્ર થશે પરંતુ તેમણે બીજા ધોરણો સંતોષવાના રહેશે.

૩: ૪ બેંકમાંથી સહાય મેળવીને ૩ (ત્રણેક) વર્ષમાં અર્થક્ષમ બની શકે તેવા ઉત્પાદક પ્રયાસ દ્વારા પોતાના હાલના આર્થિક સ્તરથી ઉંચે આવવામાં જેને મદદ કરી શકાય તેમ હોય તેવી વ્યક્તિ આ યોજનાનો લાભ મેળવી શકે છે.

૩: ૫ એકજ વખતે ધિરાણના બે સાધનો ઉપર તેની જવાબદારી ઉભી થવી જોઈએ નહીં.

૩: ૬ મહદ અંશે તે પોતાની મેળે અને તેના કુટુંબના બીજા સભ્યો કે કેટલાક સંયુક્ત ભાગીદારી આપે તેવી મદદથી કામ કરતો હોવો જોઈએ અને તેણે નિયમિત ધોરણે પગાર મેળવતા હોય તેવા કામદારોને કામે રાખ્યા હોવા જોઈએ નહીં.

**સ્પષ્ટીકરણાત્મક નોંધ :**

યોજના હેઠળ પોતાની પાત્રતા સ્થાપિત કરવા માટે કરજ મેળવનારાને દસ્તાવેજી પુરાવો રજુ કરવાનું જણાવવા હેતુ ઉદ્દિષ્ટ નથી. શાખા કક્ષાએ બેંકના અધિકારીએ કરજ મેળવનારના આર્થિક અને બીજા સંજોગોથી માહિતગાર હોય એવી અપેક્ષા રહે છે, તેઓ આ ફકરામાં ઉલ્લેખેલ શરતો ધ્યાનમાં xxx રાખીને લોન મંજુર કરતાં પહેલાં દરેક કેસમાં જરુરી હોય તેવી સ્થાનિક પુછપરછ કરી શકે છે.

## ૪. પાત્ર વ્યક્તિઓના પ્રકાર

આવક અને જમીન માલિકીનું ધોરણ સંતોષાતી હોય અને નીચે જણાવેલ પ્રકારોમાં આવતી હોય તેવી વ્યક્તિઓ આ યોજનાના લાભ માટે પાત્ર થશે. ( યાદી સંપૂર્ણ નથી પરંતુ કેવળ ઉદાહરણરુપે જ છે. )

૪: ૧ અનુસૂચિત આદિજાતિઓ, અનુસૂચિત જાતિઓ, ખેતી અથવા સંલગ્ન ખેતી વિષયક કામગીરીઓમાં બીલકુલ સાધારણ પ્રમાણમાં રોકાયેલ હોય એ એવા બીજાઓ.

૪:૨ પોતે વન પેદાશ એકઠી કરતા હોય અથવા વનપેદાશની પ્રાથમિક પ્રક્રિયા કામગીરી કરતા હોય એવા લોકો અને મુશ્કેલ વિસ્તારોમાં ઘાસ ચારો જાતે એકઠો કરતા હોય અને ખેડૂતો તથા વેપારીઓને વેચતા હોય એવા લોકો.

૪:૩ કુટિર અને ગ્રામ ઉદ્યોગો અને વ્યવસાયોના ક્ષેત્રે સાધારણ પ્રમાણમાં જાતે કામ કરતા હોય એવા લોકો ઉદાહરણ રુપે આવા કામ આ પ્રમાણે છે. કાપડ વેતરવું અને કપડાં સીવવા, વ્યાજબીપણે સસ્તી એવી ખાદ્ય સામગ્રી તૈયાર કરવી, દૈનિક વપરાશની ચીજ વસ્તુઓ અને માલ સામગ્રી ઘરે પહોંચતી કરવાની સેવા, રસ્તાની બાજુએ ચાના સ્ટોલ ચલાવવા અને પોતાની માલીકીની એવી જાતે ખેંચવાની રીક્ષા અને સાયકલ રીક્ષા ચલાવવી, મુખ્યત્વે જોડા/સેન્ડલ દુરસ્ત કરવા, હાથની ટોપલા બનાવવા વગેરે.

૪:૪ જેમને સરકારી કે શૈક્ષણિક તંત્રોમાંથી શિષ્યવૃત્તિઓ નિભાવ અનુદાન મળતું ન હોય તેવા ઉચ્ચ શિક્ષણ મેળવવા ઇચ્છતા, ગુણવત્તા ધરાવતા જરુરીયાતવાળા વિદ્યાર્થીઓ.

૪:૫ લાભકારક વ્યવસાય કરતી શારીરિક ખોડખાંપણ ધરાવતી વ્યક્તિઓ.

## ૫. લોનની શરતો

યોજના હેઠળની લોન અંગેની શરતો નીચે પ્રમાણે રહેશે.

૫:૧ લોનની રકમ જે અંગે ધિરાણ વિચારાયું હોય એવી ચોકકસ યોજના પર આધારિત રહેશે અને તે કરજ મેળવનાર બીજા સાધનોમાંથી નાણાં ઉછીના લીધા સિવાય પોતાની જરુરીયાતોના નાણાં વ્યવસ્થા કરી શકે તેટલા પ્રમાણમાં પર્યાપ્ત હોવી જોઇએ. સામાન્યરીતે એક હેતુ માટે અધિકતમ રકમ કાર્યકારી મૂડી અંગેની લોનની બાબતમાં રુ.૧૫૦૦/- અને મુદતની બાબતમાં રુ.૫૦૦૦/- કરતાં વધશે નહીં એવી ધારણા છે. અપવાદરુપ કેસોમાં કરીને સંસ્થાઓની બાબતમાં ગુણવત્તા ધરાવતા જરુરીયાતવાળા વિદ્યાર્થીઓના કિસ્સામાં વધુ રકમ આપવાનું વિચારી શકીએ.

૫:૨ કાર્યકારી મુડી અંગેની લોન અને મુદતી લોન આ બંને કરજ લેનારની ખાસ જરુરીયાત અનુસાર મળવાપાત્ર થશે.



૫:૩ કરજ મેળવનારાઓ સમાજની નબળા વિભાગના છે અને તેઓ સીમાંત નાણાં પુરા પાડવાનો હંમેશા હોય સીમાંત નાણાંની જરુરીયાતનો આગ્રહ રાખવો નહીં.

૫:૪ વ્યાજનો દર, દર વર્ષે ૪ ટકા લેખે એક સરખી રીતે નકકી કરવામાં આવશે.

૫:૫ નિયત અસકયામતો પ્રાપ્ત કરવા માટેની મુદતી લોન, મુદલ રકમની પરત ચુકવણી પર બે વર્ષથી વધુ નહીં તેટલી છુટની મુદત સહીત પાંચ વર્ષ કરતા વધુ હોવી જોઇએ નહીં.

લોન પરત ભરપાઈ અને યોજનાના અર્થતંત્રને લક્ષમાં રાખીને દરેક કેસમાં ઘડી કાઢવામાં આવશે. વ્યાજ અને મુદલ રકમની ચુકવણી માટે અધિશેષની આકારણી કરતી વેળા ખુદ કરજ મેળવનારની નિભાવ જરુરીયાત માટે યોગ્ય છૂટ મુકવી જોઇએ.

૫:૬ લોનમાંથી ખરીદેલ અસ્કયામતો બેંકને તાનગીરો મુકી શકાશે, આ ઉપરાંત કરજ મેળવનારાઓના સમરુપ જૂથને અપાતી લોનો યોગ્ય કેસમાં જૂથ બાંહેધરી સ્વીકારી શકાશે.

૫:૭ દરેક લોનની ધિરાણ બાંહેધરી યોજના હેઠળ આવરી લેવાની છે. બાંહેધરી ફી બેંકોએ ભોગવવી અને કરજ મેળવનાર પાસેથી વસુલ કરવી નહીં.

૫:૮ બેંક ખાતે નાખેલ અસ્કયામતોના વીમાનું ખર્ચ જરુર જણાય તો બેંકે ભોગવવું.

૫:૯ આ રીતે બાંહેધરી અપાયેલ હશે તો બેંક પરત ચુકવણીમાં કેટલીક યોગ્ય એવી પ્રારંભિક દેવા મોકુફી વિચારણામાં લઈ શકશે.

## ૬. સંસ્થાઓ

નીચેની પ્રકારે સંસ્થાઓ ધિરાણ માટે પાત્ર થશે.

૬:૧ જયાં વેચાણપાત્ર માલ બનાવવામાં આવતો હોય અને જેની બાબતમાં નાણાંનુ કોઈ પુરતું અને આધારપાત્ર સાધન દા.ત. દેણગી કે નિયમિત સહાયતો ન હોય તેવા અન અને મહિલાગૃહો.

૬:૨ જેમાં કોઈ ટકાઉ સાધનસામગ્રી અથવા કાચામાલની સતત પુરવઠો ઉપયોગી હોય એવી લાભકારક વ્યવસાય કરતી શારીરીક ખોડખાંપણવાળી વ્યકિતઓ માટેની સંસ્થા.

**નોંધ :**

શારીરિક ખોડખાંપણવાળી વ્યક્તિઓ માટેની સંસ્થાઓ, અનાથાશ્રમો અને મહિલાગૃહોને આવકના ધોરણમાંથી મુક્તિ આપવામાં આવશે, જો કે આ સંસ્થાઓ નાણાં [illegible] પોતાના રાબેતા મુજબના વહીવટી અને મહેકમ ખર્ચને પહોંચી વળવા સંસ્થાઓ નાણાં માટે નહીં પરંતુ કેવળ ઉત્પાદક હેતુઓ માટે વાપરતી હોય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. આ સંસ્થાઓના સાચાપણા અંગે સ્વતંત્ર સાધનોમાંથી ખરાઈ કરવાનું પણ જરુરી બને છે.

૭. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેના રાજ્ય કોર્પોરેશનો

કોર્પોરેશનના હિતાધિકારીઓ ફકરા નં.૩માં જણાવેલ પાત્રતાનું ધોરણ અને યોજનામાં દર્શાવેલ બીજી શરતોનું પાલન કરતાં હોય એ બાબતને આધિન રહીને બેંકો યોજના હેઠળનું ધિરાણ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ કલ્યાણ માટેના રાજ્ય કોર્પોરેશનનો મારફત આપી શકશે.

૭: ૧ કોર્પોરેશનને આવકના ધોરણમાંથી મુક્તિ આપવામાં આવશે.

૭: ૨ કોર્પોરેશનને પોતે ઘડેલ બાબ વાણિજીયક રીતે સ્વાવલંબી યોજનાઓ સામે જ ધિરાણ મળી શકશે, વધુમાં કોર્પોરેશન કોઈ સેવા ખર્ચ ઉમેરશે નહીં અને લોન વ્યાજના વર્ષે ૪%ના ધોરણે હિતાધિકારીઓને મળશે.

૭: ૩ હિતાધિકારીઓ પાસે કરાતી વસુલાતની સ્થિતિ ભલે ગમે તે હોય પરંતુ લ્હેણી તારીખોએ લોનની પરત ચુકવણીની જવાબદારી કોર્પોરેશનની રહેશે.

૭: ૪ નાણાં તેમના રાબેતા મુજબ ચાલુ ખર્ચને પહોંચી વળવા માટે નહીં પરંતુ જે માટે તે મંજુર કરવામાં આવ્યા હોય તે ઉત્પાદક હેતુ માટે વાપરવામાં આવતા હોય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી કોર્પોરેશનની રહેશે. મહેકમ અંગેનું ખર્ચ અને યોજનાના અમલ માટે કરેલ બીજા ખર્ચ કોર્પોરેશનો/રાજ્ય સરકારો ભોગવશે.

૭: ૫ રાજ્ય કોર્પોરેશનોને આપવામાં આવેલી પેશગીઓ ભારતના ધિરાણ બાયધરી કોર્પોરેશન લીમીટેડ પાસેથી બાંહેધરીનું રક્ષણ મેળવવા માટે પાત્ર ન હોઈ રાજ્ય સરકારે નાણાં ધિરતી બેંકોને બાંહેધરી આપવાની રહેશે.

૭: ૬ કોર્પોરેશન લોનના હપ્તા ચુકવવામાં કસુર કરે કે યોજનામાં નિર્દિષ્ટ કરેલી કોઈ શરતોનો ભંગ કરે તો વધુ ધિરાણ મેળવવા માટેનો તેનો હક્ક રદ થવા પાત્ર થશે.



## પ્રકરણ : ૪

### વાંસદા પેટા યોજનામાં આવરી લીધેલા કુટુંબોની આર્થિક સામાજિક સ્થિતિ

કોઈપણ કાર્યક્રમનું આર્થિક હેતુ માટેનું મૂલ્યાંકન કરવાનું હોય ત્યારે સંશોધન માટે લીધેલા કુટુંબો કે એકમોની સામાજિક આર્થિક સ્થિતિ જાણવી અનિવાર્ય બને છે, કારણ કે આર્થિક રીતે નબળા લોકોને ઉંચે લાવવા માટે આ કાર્યક્રમનું આયોજન થયું હોઈ ખરેખર એ ફળીભૂત થયું કે નહીં તે જાણી શકાય.

કોઠા નં.૪.૧ વાંસદા પ્રોજેક્ટ વિસ્તારમાં હેતુ વાઇઝ થયેલ ધિરાણના લાભાર્થીઓમાંથી મુલાકાત લીધેલ લાભાર્થીઓ.

| ક્રમ | હેતુ | વાંસદા | ધરમપુર | ચીખલી | પારડી | ઉંમરગાંવ | વલસાડ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | દૂધાળા ઢોર | ૮૫ | ૪૨ | ૮૩ | ૧૦ | ૨૦ | ૩૦ | ૨૭૦ |
| ૨. | બળદ-પાડા | ૨૨ | ૧૬૨ | ૪ | - | ૧૭ | - | ૨૦૫ |
| ૩. | બળદ-ગાડા | - | ૧૦ | ૯ | - | ૧૦ | - | ૨૯ |
| ૪. | ઓઇલ એન્જીન | - | - | - | - | ૧૩ | - | ૧૩ |
| ૫. | ઇલેક્ટ્રીક મોટર | - | ૭ | ૫ | - | - | - | ૧૨ |
| ૬. | ગૃહ ઉદ્યોગ | ૪ | ૧૪ | - | ૧૦ | - | - | ૨૮ |
| | કુલ.. | ૧૧૧ | ૨૩૫ | ૧૦૧ | ૨૦ | ૬૦ | ૩૦ | ૫૫૭ |





કોઠા નંબર ૪.૧માં બતાવ્યા પ્રમાણે ગુજરાત આદિજાતિ વિકાસ નિગમની પ્રવૃત્તિઓના મૂલ્યાંકન અભ્યાસમાં વાંસદા પેટા યોજનામાં આવતાં વલસાડ જિલ્લાના પાંચ આદિવાસી અને એક બિન આદિવાસી એમ છ તાલુકામાં વાંસદા પેટા યોજના દ્વારા નિગમ તરફથી અપાતી દુધાળા ઢોર, બળદપાડા, બળદગાડા, ઓઇલ એન્જીન, ઇલેક્ટ્રીક મોટર અને કુટિર ઉદ્યોગ માટેની લોન લીધેલા લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા હતા. અહીંયા ઉપરોક્ત હેતુ માટે ૧૯૮૧-૮૨, ૧૯૮૨-૮૩ અને ૧૯૮૩-૮૪ મળેલ કુલ ૫૪૮૪ લાભાર્થીઓ હતા, આ માટે કુલ ૧૨૪ મંડળીઓ હતી તેમાંથી ૩૪ મંડળીઓના સભાસદો પાસે પ્રત્યક્ષ મુલાકાત લઇ નિગમની લોનના લાભ ગેરલાભ અને તે મળેલી સહાય અંગેની માહીતી એકત્ર કરવામાં આવી હતી જેની નોંધ અહીં જુદા જુદા કોઠાઓમાં પૃથ્થકકરણ દ્વારા ઉંડાણપૂર્વક દર્શાવવામાં આવી છે જેથી નમુનાના કુટુંબના અભ્યાસ પરથી આદિવાસી વિસ્તારમાં નિગમની પ્રવૃત્તિની તેમના પર શી અસર થઇ તેમની આવકમાં શો ફેર પડયો ? રોજગારીની તકો તેમજ દિવસોમાં વધારો થવા પામ્યો કે કેમ ? આ સઘળાં પાસાઓ કેટલા સબળ બન્યા ઉપરાંત આદિવાસીઓની કૌટુંબિક પરિસ્થિતિમાં શું પરિવર્તન આવ્યુ તે જાણી શકાશે.

સર્વેક્ષણમાં નમુનાના કુલ જે ૫૫૭ કુટુંબો લીધા હતા તેમાં ૧ આહીર કુટુંબ હતુ તે સિવાય બાકીના ૫૫૬ કુટુંબો આદિવાસી હતા. આ કુટુંબો કઇ જાતિમાંથી આવતા હતા તેની વિગત કોઠા નંબર ૪.૨ માં આપવામાં આવી છે, પરંતુ મોટે ભાગે જે તે વિસ્તારમાં આવરી લેતા કુટુંબો હતા છતાં લાભની દ્રષ્ટિએ વિચારીએ તો ધોડિયા લોકોએ આ લાભ વધુ લીધો હતો.

તાલુકા

| ક્રમ | જાતિ | વાંસદા | ચોખલો | ધરમપુર | પારડી | ઉમરગામ | વલસાડ | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ધોડિયા | ૪૯ | ૭૫ | ૪૧ | ૨૦ | ૨૫ | ૩૦ | ૨૪૦ | ૪૩.૦૯ |
| ૨. | કોંકણા | ૫૭ | ૧ | ૧૨૧ | - | - | - | ૧૭૯ | ૩૨.૧૪ |
| ૩. | વારલી | ૫ | ૧ | ૫૨ | - | ૧૬ | - | ૭૪ | ૧૩.૨૮ |
| ૪. | નાયકા | - | - | ૩ | - | - | - | ૩ | ૦.૫૪ |
| ૫. | હળપતિ | - | ૨૪ | ૨ | - | ૧૮ | - | ૪૪ | ૭.૯૦ |
| ૬. | કોલિયા | - | - | ૧૬ | - | - | - | ૧૬ | ૨.૮૭ |
| ૭. | આહિર | - | - | - | - | ૧ | - | ૧ | ૦.૧૮ |
| | કુલ.. | ૧૧૧ | ૧૦૧ | ૨૩૫ | ૨૦ | ૬૦ | ૩૦ | ૫૫૭ | ૧૦૦.૦૦ |
| | | ૧૯.૯૩ | ૧૮.૧૩ | ૪૩.૧૯ | ૩.૫૯ | ૧૦.૭૭ | ૫.૩૯ | ૧૦૦.૦૦ | |



કુલ લાભાર્થીઓમાંથી ૪૩.૦૯ ધોડિયા હતા બીજા નંબરે કોંકણા હતા જેની ટકાવારી ૩૨.૪૪ હતી સૌથી ઓછી ટકાવારી નાયકાની હતી અને તે ૦.૫૪ ટકા હતી કુલ ૫૫૭ સભાસદો ત્રણ જ નાયકા સભાસદો હતા.

સભાસદોની પસંદગીમાં પણ વધારે સભાસદો ધરમપુરના હતા, કારણકે ધરમપુર પછાત વિસ્તાર છે અને તેમાં છેલ્લા ત્રણ વર્ષમાં વાંસદા પેટા યોજના દ્વારા સારી એવી રાહત દરે લોન આપવામાં આવી છે. ખાસ કરીને બળદપાડા આપવામાં ત્યાંની જંગલ મંડળીઓએ અગત્યનો ભાગ ભજવ્યો છે જે સર્વેક્ષણમાં દેખાઈ આવે છે. વલસાડ એ આદિવાસી તાલુકો નથી છતાં ત્યાં આદિવાસીની વસ્તિ સારી એવી છે એટલે પેટા યોજના દ્વારા ત્યાં દુધાળા ઢોર અપાયા છે એટલે એને પણ સર્વેક્ષણમાં આવરી લીધો છે. પારડી તાલુકામાં ખાસ રાહત દરે લોન અપાઈ નથી તેથી ત્યાં સૌથી ઓછા કુટુંબોની પસંદગી થવા પામી છે.

હવે પછી આપણે તેમના ઘરોની વિગત તપાસીશું.

કોઠા નંબર : ૪.૩ રહેઠાણ

| ક્રમ | ગામ | મંડળીની સંખ્યા | લાભાર્થીઓની સંખ્યા | વસવાટ પહેલાંથી | હમણાંથી | મકાનનો પ્રકાર કાચા | પાકા | મકાનની માલીકી પોતાની છે, હા | ના | ભાડાના મકાનમાં રહો છો હા | ના | ભાડાની કિંમત (રૂ) | મકાનની સંખ્યા | મકાનોની કુલ કિંમત (રૂ.માં) | સરેરાશ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વાંસદા | ૬ | ૧૧૧ | ૧૧૧ | - | ૯૯ | ૧૬ | ૧૧૧ | - | - | ૧૧૧ | - | ૧૧૫ | ૮૧૭૮૦૦ | ૭૧૧૧.૩૦ |
| ૨. | ધરમપુર | ૧૨ | ૨૩૫ | ૨૩૪ | ૧ | ૨૨૩ | ૧૨ | ૨૩૩ | ૨ | - | ૨૩૫ | - | ૨૩૫ | ૧૮૧૬૦૦૦ | ૭૭૨૭.૬૬ |
| ૩. | ચીખલી | ૬ | ૧૦૧ | ૧૦૧ | - | ૯૬ | ૫. | ૧૦૧ | - | - | ૧૦૧ | - | ૧૦૧ | ૧૦૨૯૨૦૦ | ૧૦૧૯૦.૧૦ |
| ૪. | પારડી | ૨ | ૨૦ | ૨૦ | - | ૧૫ | ૫ | ૨૦ | - | - | ૨૦ | - | ૨૦ | ૧૫૫૫૦૦ | ૭૭૭૫. |
| ૫. | ઉંમરગામ | ૫ | ૬૦ | ૬૦ | - | ૫૭ | ૩ | ૫૯ | ૧ | - | ૬૦ | - | ૬૦ | ૬૫૪૭૦૦ | ૧૦૯૪.૦૦ |
| ૬. | વલસાડ | ૧ | ૩૦ | ૩૦ | - | ૨૭ | ૩ | ૩૦ | - | - | ૩૦ | - | ૩૦ | ૨૮૩૫૦૦ | ૯૪૫૦.૦૦ |
| | | ૩૨ | ૫૫૭ | ૫૫૬ | ૧ | ૫૧૭ | ૪૪ | ૫૫૪ | ૩ | - | ૫૫૭ | - | ૫૬૧ | ૪૭૫૬૭૦૦ | ૮૪૭૮.૯૭ |
| | | | | ૯૯.૮૨ | ૦.૧૮ | | ૭.૮૪ | ૯૯.૪૬ | ૦.૫૪ | | | | | | |



વસવાટ :

વસવાટની દ્રષ્ટિએ તપાસીએ તો કુલ ૫૫૭ સભાસદોમાંથી ૫૫૬ સભાસદો બાપદાદાના સમયથી ગામમાં રહેતાં હતાં ફકત ધરમપુરમાં ૧ સભાસદ હમણાંથી રહેવા આવ્યા હતાં.

મકાન :

૫૫૭ સભાસદો વચ્ચે કુલ ૫૬૧ મકાનો હતાં, આમાં વાંસદામાં ૪ કુટુંબો પાસે ૨ મકાનો હતા, આ ૫૬૧ મકાનોમાંથી ૫૧૭ (૯૨.૧૬ ટકા) મકાનો કાચા હતા અને ૪૪ (૭.૮૪ ટકા) પાકા મકાનો હતા. આજે ૪૪ મકાનો પાકા હતા તેમાં વાંસદામાં ૧૬, ધરમપુરમાં ૧૨, ચીખલીમાં ૫, પારડીમાં ૫, ઉંમરગામમાં ૩ અને વલસાડમાં ૩ પાકા મકાનો હતા.

દિવાલ :

આ જે કાચા ઘરો હતા તેમાં મોટા ભાગના ઘરોની દિવાલ કાચી માટીની હતી કેટલાક ઘરોમાં સાંઠી અને માટીની દિવાલ બનાવેલી હતી જે ઘરો પાકા હતા તેની દિવાલ ઈંટ અને ચૂનાની બનાવેલી હતી.

છાજ :

આ જે ઘરો હતા તેમની છાજ બે પ્રકારની હતી કેટલાક ઘરોની છાજ કેવળ ઘાસ અને છાટિયાની જ બનેલી હતી જ્યારે કેટલાક ઘરોની છાજ ઉપર દેશી તેમજ વિલાયતી નળીયાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, કેટલાક ઘરોમાં આગળના ભાગમાં નળીયા હતા અને પાછળના ભાગમાં ઘાસ અને છાટિયા હતા. મોટે ભાગે જે આદિવાસી કુટુંબોને પેટા યોજનામાંથી લાભ મળ્યો હતો તેમની છાજ નળીયાની બનેલી હતી.

મકાન માટેની જમીન :

સર્વેક્ષણમાં આવરી લીધેલા સભાસદોમાંથી ૫૫૪ ઘરો પોતાની જમીનમાં બાંધેલા હતા, ફકત બે ઘરો ધરમપુરમાં અને ૧ ઘર ઉંમરગામમાં પોતાની માલીકીમાં ન હતું પરંતુ તે ઘરો પણ સગાની માલીકીની જમીનમાં હતા તેથી ભાડું ભરવું પડતું નહોતું. મોટેભાગે આદિવાસીઓના ઘરો સરકાર

ધ્વારા અપાયેલા ઘરથાળ જમીન અથવા તો બાપદાદાની જમીન પર બાંધેલા હોય છે તેથી તેમની માલિકી જ ગણાતી હોય છે. જેમની પાસે પશુ હતા તેમની પશુ બાંધવાની જગ્યા x. ઘર પાસે જ હતી, પશુ બાંધવાની અલગ વ્યવસ્થા પાસ જોવા મળી નહીં. એમના જે જ્ઞાન હતા તેની કિંમતની ચર્ચા મિલકતના વિભાગમાં કરીશું.

આ જે સભાસદ કુટુંબો હતા તેમની સામાન્ય માહીતી તરીકે તેના વયજુથ વૈવાહિક પરિસ્થિતિનો ઉલ્લેખ કર્યા બાદ તેમની આર્થિક સ્થિતિમાં મહત્વનો ભાગ ભજવનાર અંગ તરીકે મિલકત આવક ખર્ચ બચત દેવું અને વ્યવસાયનો અભ્યાસ કરીશું.



કોઠા નંબર : ૪.૪ કુટુંબોની સભ્ય સંખ્યા

| ક્રમ | વિગત | મંડળીની સંખ્યા | લાભાર્થીઓની સંખ્યા | ૦ થી ૬ પુરુષ | ૦ થી ૬ સ્ત્રી | ૭ થી ૧૪ પુરુષ | ૭ થી ૧૪ સ્ત્રી | ૧૫ થી ૨૪ પુરુષ | ૧૫ થી ૨૪ સ્ત્રી | ૨૫ થી ૩૫ પુરુષ | ૨૫ થી ૩૫ સ્ત્રી | ૩૬ થી ૫૯ પુરુષ | ૩૬ થી ૫૯ સ્ત્રી | ૬૦ થી ઉપર પુરુષ | ૬૦ થી ઉપર સ્ત્રી | કુલ (કુટુંબદીઠ સરેરાશ) પુ. | કુલ (કુટુંબદીઠ સરેરાશ) સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વાંસદા | ૬ | ૧૧૧ | ૨૯ | ૨૨ | ૬૦ | ૫૫ | ૧૦૭ | ૭૪ | ૬૧ | ૫૮ | ૮૧ | ૮૫ | ૨૭ | ૧૪ | ૩૬૫ (૬.૦૬) | ૩૦૮ |
| ૨. | ધરમપુર | ૧૩ | ૨૩૫ | ૧૨૫ | ૧૦૨ | ૧૩૭ | ૧૪૭ | ૧૫૮ | ૧૫૧ | ૧૧૭ | ૧૦૧ | ૧૫૪ | ૧૪૬ | ૩૯ | ૨૭ | ૭૨૯ (૫.૯૭) | ૬૭૩ |
| ૩. | ચીખલી | ૬ | ૧૦૧ | ૨૨ | ૧૯ | ૬૭ | ૫૨ | ૬૨ | ૪૦ | ૬૮ | ૬૨ | ૬૩ | ૪૩ | ૭ | ૧૦ | ૨૮૯ (૫.૧) | ૨૨૬ |
| ૪. | પારડી | ૨ | ૨૦ | ૫ | ૪ | ૧૬ | ૬ | ૧૧ | ૧૦ | ૧૫ | ૧૩ | ૧૧ | ૧૪ | ૩ | ૩ | ૬૧ (૫.૬) | ૫૦ |
| ૫. | ઉંમરગામ | ૬ | ૬૦ | ૧૪ | ૬ | ૨૭ | ૧૩ | ૫૬ | ૫૦ | ૩૨ | ૨૪ | ૩૯ | ૪૦ | ૭ | ૧ | ૧૭૫ (૫.૧૫) | ૧૩૪ |
| ૬. | વલસાડ | ૧ | ૩૦ | ૫ | ૭ | ૧૫ | ૧૦ | ૨૨ | ૨૧ | ૧૬ | ૨૬ | ૨૦ | ૨૩ | ૫ | ૨ | ૮૩ (૫.૪) | ૭૯ |
| | | ૩૪ | ૫૫૭ | ૨૦૦ | ૧૬૦ | ૩૨૧ | ૨૮૨ | ૪૧૬ | ૩૪૬ | ૩૦૯ | ૨૭૪ | ૩૬૮ | ૩૫૧ | ૮૮ | ૫૭ | ૧૭૦૨ | ૧૪૭૦ |
| | | | | | ૧૦.૮૮ | | ૧૯.૧૮ | | ૨૩.૫૩ | | ૧૮.૬૪ | | ૨૩.૮૮ | | ૩.૮૮ | | |
| | | | | ૧૧.૭૫ | | ૧૮.૮૮ | | ૨૪.૪૪ | | ૧૮.૧૬ | | ૨૧.૬૨ | | | | | |

સરેરાશ કુટુંબદીઠ ૫.૬૯

સર્વેક્ષણમાં લીધેલા કુટુંબોની કુલ સભ્ય સંખ્યા ૩૧૭૨ છે તેમાં ૧૭૦૨ (૫૩.૬૬ ટકા) પુરુષો અને ૧૪૭૦ (૪૬.૩૪ ટકા) સ્ત્રીઓ છે. સ્ત્રીઓના પ્રમાણમાં પુરુષોની સંખ્યા સારી એવી વધારે પ્રમાણમાં છે. ૧૪ વર્ષથી નીચેની ઉંમરની વ્યક્તિઓ કે જેને બાળકમાં ગણી શકાય તેનું પ્રમાણ ૩૦.૬૩ ટકા છે, કામ કરી શકે તેવી ૧૫ થી ૫૯ વય વચ્ચેની ઉંમર ધરાવતી વ્યક્તિઓ ૬૫.૦૭ ટકા છે, ૬૦ વર્ષથી ઉપરના જે કામ ન કરી શકે અને વૃધ્ધની ગણતરીમાં આવે છે તે ફક્ત ૪.૫૭ ટકા છે. આના ઉપરથી કહી શકાય કે આદિવાસીની આયુષ્ય મર્યાદાનો દર નીચો છે. કુટુંબદીઠ સભ્ય સંખ્યાનો વિચાર કરીએ તો સરેરાશ કુટુંબનું કદ ૫.૭ નું જોવા મળ્યું હતું, સૌથી મોટું કુટુંબ કદ વાંસદા ધરમપુરમાં અનુક્રમે ૬.૦૬ અને ૬.૦૦ નું હતું જ્યારે સૌથી નાનું કદ ચીખલી પારડી ૫.૧ અને ૫.૧૫ નું હતું આમ આદિવાસી વસ્તિ ધરાવતા આ તાલુકાઓમાં પછાત ગણાતા વાંસદા ધરમપુર આર્થિક પરિસ્થિતિ સાથે કુટુંબના કદ પણ મોટા હતા અલબત સામાન્ય રીતે ગણાતા આ કદ પણ મોટું તો ન જ ગણી શકાય. સામાન્ય રીતે આદિવાસીઓમાં બહુ મોટા તેમજ બહુ નાના કુટુંબો પણ જોવા મળતા નથી. મધ્યમકક્ષાના કુટુંબો હોય છે અને એ જ રીતે અહીંયા પણ જોવા મળ્યું. સભ્ય સંખ્યા અને વયજૂથની દૃષ્ટિએ તાલુકાવાર માહીતી કોઠા નંબર ૪.૪ માં વિગતે આપી છે.



કોઠા નંબર : ૪.૫ વૈવાહિક દરજ્જો

| ક્રમ | વિગત | મંડળીની સંખ્યા | લાભાર્થીઓની સંખ્યા | પરિણીત પુરુષ | પરિણીત સ્ત્રી | અપરિણીત પુરુષ | અપરિણીત સ્ત્રી | વિધુર | વિધવા | ત્યક્તા | છુટાછેડા | કુલ પુરુષ | કુલ સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વાંસદા | ૬ | ૧૧૧ | ૧૭૫ | ૧૭૮ | ૧૮૨ | ૧૧૭ | ૮ | ૧૧ | ૨ | - | ૩૬૫ | ૩૦૮ | ૬૭૩ |
| | | | | | | | | | | | | (૫૪.૨૩) | (૪૫.૭૭) | |
| ૨. | ધરમપુર | ૧૨ | ૨૩૫ | ૩૬૨ | ૩૬૨ | ૩૫૧ | ૨૮૭ | ૧૬ | ૨૪ | - | - | ૭૨૯ | ૬૭૩ | ૧૪૦૨ |
| | | | | | | | | | | | | (૫૨.૦૦) | (૪૮.૦૦) | |
| ૩. | ચીખલી | ૬ | ૧૦૧ | ૧૨૮ | ૧૨૮ | ૧૫૦ | ૯૦ | ૧૧ | ૭ | ૧ | - | ૨૮૯ | ૨૨૬ | ૫૧૫ |
| | | | | | | | | | | | | (૫૬.૧૨) | (૪૩.૮૮) | |
| ૪. | પારડી | ૨ | ૨૦ | ૨૦ | ૨૭ | ૩૩ | ૧૮ | ૧ | ૫ | - | - | ૬૧ | ૫૦ | ૧૦૧ |
| | | | | | | | | | | | | (૫૪.૯૫) | (૪૫.૦૫) | |
| ૫. | ઉંમરગામ | ૫ | ૬૦ | ૯૪ | ૯૪ | ૬૭ | ૩૩ | ૧૪ | ૬ | ૧ | - | ૧૭૫ | ૧૩૪ | ૩૦૯ |
| | | | | | | | | | | | | (૫૬.૬૩) | (૪૩.૩૭) | |
| ૬. | વલસાડ | ૧ | ૩૦ | ૩૭ | ૩૭ | ૪૦ | ૩૪ | ૬ | ૭ | ૧ | - | ૮૩ | ૭૯ | ૧૬૨ |
| | | | | | | | | | | | | (૫૧.૨૩) | (૪૮.૭૭) | |
| | | ૩૨ | ૫૫૭ | ૮૨૩ | ૮૨૬ | ૮૨૩ | ૫૭૯ | ૫૬ | ૬૦ | ૫ | - | ૧૭૦૨ | ૧૪૭૦ | ૩૧૭૨ |
| | | | | ૪૮.૩૫ | ૫૬.૧૯ | ૪૮.૩૫ | ૩૯.૩૯ | ૩.૩૦ | ૪.૦૮ | ૦.૩૪ | | ૫૩.૬૬ | ૪૬.૩૪ | |
| | | | | | ૧૬૪૯ | | ૧૪૪૨ | | ૧૧૬ | | | | | |
| | | | | | ૫૧.૯૯ | | ૪૪.૨૦ | | ૩.૬૫ | ૦.૧૬ | | | | |

કોઠા નંબર ૪.૫ માં જોતા માલુમ પડે છે કે સર્વેક્ષણમાં આવરી લીધેલા ૫૫૭ કુટુંબોમાંથી ૪૮.૩૫ ટકા પુરુષો અને ૫૬.૧૯ ટકા સ્ત્રીઓ પરિણીત હતી જ્યારે ૪૮.૩૫ ટકા પુરુષો અને ૩૯.૩૮ ટકા સ્ત્રીઓ અપરિણીત હતી. ૩.૩૦ ટકા પુરુષો વિધુર અને ૪.૦૮ ટકા સ્ત્રીઓ વિધવા હતી, ત્યક્તા સ્ત્રીઓ ફક્ત પાંચ જ હતી. આમ કુલની દ્રષ્ટિએ ૫૧.૨૯ ટકા પરિણીત ૪૪.૨૦ ટકા અપરિણીત ૩.૬૫ ટકા વિધુર વિધવા અને ૦.૧૬ ટકા ત્યક્તા હતા. આમ અહીંયા અપરિણીતની સંખ્યા ઓછી જોવા મળે છે કારણકે આદિવાસીઓમાં ૧૫ થી ૨૫ વર્ષની લગ્નવય એ આદર્શ લગ્નવય ગણાય છે. વળી પુનર્લગ્ન એ તેમનામાં સામાન્ય બાબત છે તેથી વિધવા વિધુર અને ત્યક્તાની સંખ્યા પણ ઓછી જોવા મળે છે.



કોઠા નંબર : ૪.૬ શિક્ષણ

| ક્રમ | વિગત | મંડળીની સંખ્યા | લાભાર્થી કુટુંબોની સંખ્યા | પ્રાથમિક પુરુષ | પ્રાથમિક સ્ત્રી | પુ | સ્ત્રી | માધ્યમિક પુ. | માધ્યમિક સ્ત્રી | ઉ.માધ્યમિક પુ. | ઉ.માધ્યમિક સ્ત્રી | ઉ.કૉલેજ પુ. | ઉ.કૉલેજ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧. | વાંસદા | ૬ | ૧૧૧ | ૪૧ | ૩૯ | ૬૭ | ૩૯ | ૫૨ | ૨૧ | ૧૨ | ૧ | ૨૩ | ૩ |
| ૨. | ધરમપુર | ૧૨ | ૨૩૫ | ૧૪૫ | ૪૨ | ૪૫ | ૨૪ | ૩૨ | ૧૪ | ૧૧ | ૨ | ૧૦ | ૩ |
| ૩. | ચીખલી | ૬ | ૧૦૧ | ૧૨૬ | ૯૯ | ૫૯ | ૪૦ | ૨૭ | ૧૭ | ૧૨ | ૨ | ૫ | - |
| ૪. | પારડી | ૨ | ૨૦ | ૯ | ૭ | ૧૪ | ૫ | ૮ | ૫ | ૧ | - | ૮ | ૨ |

ચાલુ...

ચાલુ....

કોઠા નંબર : ૪.૬.... ચાલુ....

| ક્રમ વિગત | ટંડનોડલ પુ. | ટંડનોડલ સ્ત્રી | અભણ પુ | અભણ સ્ત્રી | કુલ પુ. | કુલ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|
| | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૧. વાંસદા | ૪ | - | ૧૬૬ | ૨૦૫ | ૩૬૫ | ૩૦૮ |
| | | | ૪૫.૪૭ | ૬૬.૫૬ | ૬૬.૫૬ | |
| | | | ૫૫.૨૨ | | | |
| ૨. ધરમપુર | ૧ | - | ૪૦૫ | ૫૮૮ | ૭૨૯ | ૬૭૩ |
| | | | ૬૬.૫૨ | ૮૭.૩૬ | | |
| | | | ૭૬.૫૩ | | | |
| ૩. ચીખલી | ૧ | - | ૫૯ | ૬૮ | ૨૮૯ | ૨૨૬ |
| | | | ૨૦.૪૧ | ૩૦.૦૮ | | |
| | | | ૨૪.૬૬ | | | |
| ૪. પારડી | ૧ | ૧ | ૨૦ | ૩૦ | ૬૧ | ૫૦ |
| | | | ૩૨.૭૮ | ૬૭ | | |
| | | | ૪૯.૫૦ | | | |

ચાલુ.....



કોઠા નંબર : ૪.૬... ચાલુ...

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫. | ઉમરગામ | ૫ | ૬૦ | ૪૦ | ૧૯ | ૫૭ | ૩૪ | ૧૩ | ૩ | ૧ | ૨ | - | - |
| ૬. | વલસાડ | ૧ | ૩૦ | ૧૨ | ૧૦ | ૨૦ | ૧૨ | ૨૧ | ૨૯ | ૭ | ૫ | ૯ | ૩ |
| | | ૩૨ | ૫૫૭ | ૩૭૩ | ૨૬૬ | ૨૬૨ | ૧૫૪ | ૧૫૩ | ૬૯ | ૪૪ | ૧૨ | ૫૫ | ૧૧ |
| | | | | ૨૧.૯૨ | ૧૪.૬૯ | ૧૫.૩૯ | ૧૦.૪૮ | ૮.૯૯ | ૪.૬૯ | ૨.૫૯ | ૦.૮૨ | ૩.૨૩ | ૦.૭૫ |
| | | | | ૫૮૯ | | ૪૧૬ | | ૨૨૨ | | ૫૬ | | ૬૬ | |
| | | | | ૧૮.૫૭ | | ૧૩.૧૨ | | ૭.૦૦ | | ૧.૭૭ | | ૨.૦૮ | |

ચાલુ...

કોઠા નંબર : ૪.૬ ચાલુ...

| ક્રમ વિગત | ટેકનીકલ પુ | ટેકનીકલ સ્ત્રી | અભણ પુ | અભણ સ્ત્રી | કુલ પુ | કુલ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|
| | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૫. ઉંમરગામ | - | - | ૬૪ | ૭૬ | ૧૭૫ | ૧૩૪ |
| | | | ૩૬.૫૭ | ૫૬.૭૧ | | |
| | | | ૪૫.૩૦ | | | |
| ૬. વલસાડ | - | - | ૧૪ | ૪૦ | ૮૩ | ૭૯ |
| | | | ૧૬.૮૬ | ૫૦.૬૩ | | |
| | | | ૩૩.૩૩ | | | |
| | ૭ | ૧ | ૮૦૮ | ૧૦૦૭ | ૧૭૦૨ | ૧૪૭૦ |
| | ૦.૪૧ | ૦.૦૭ | ૪૭.૪૭ | ૬૮.૫૦ | | |
| | ૮ | | ૧૮૧૫ | | | |
| | ૦.૨૫ | | ૫૭.૨૧ | | | |



શૈક્ષણિક પરિસ્થિતિ :

કોઈપણ વિસ્તારના આર્થિક સામાજિક વિકાસમાં તેની શૈક્ષણિક પરિસ્થિતિ મહત્વનો ભાગ ભજવતી હોય છે અને એ રીતે તે વિસ્તારના લોકોના વિકાસના કાર્યક્રમો અપનાવવા માટેની તૈયારી કેવી છે તે જોવી જોઈએ, આ રીતે આ સર્વેક્ષણમાં જોતા જણાય છે કે જે વિસ્તારમાં શૈક્ષણિક સવલતો સહેલાઈથી ઉપલબ્ધ છે અને જાગૃત આદિવાસી જાતિઓ છે તેવા ચીખલી અને વલસાડ તાલુકામાં શિક્ષણનું પ્રમાણ સારું છે પણ જ્યાં કોલચા વરલી જેવી જાતિઓ રહે છે તેવા ધરમપુરમાં શિક્ષણનો દર નીચો છે. બીજી જાતિઓના પ્રમાણમાં આદિવાસીઓમાં પુરુષોના પ્રમાણમાં સ્ત્રીઓનો શિક્ષણનો દર ઘણો નીચો છે, એ બતાવે છે કે સ્ત્રીઓમાં હજી શિક્ષણની ભૂખ જાગી નથી. કુલ સમય સંખ્યામાંથી ૫૨.૫૩ ટકા પુરુષો અને ૩૧.૫ ટકા સ્ત્રીઓ એટલે કુલ ૪૨.૭૯ ટકા શિક્ષિત છે જ્યારે ૫૭.૨૧ ટકા અશિક્ષિત છે, ધરમપુર, વાંસદા, પારડી તાલુકામાં અશિક્ષિતનું પ્રમાણ અર્ધા ઉપર જ છે ફક્ત ચીખલીમાં જ ૨૫ ટકા નીચે અશિક્ષિત છે અને ત્યાં ધોડિયાની વસ્તી વધુ છે. વળી આ જે શિક્ષણની ટકાવારી છે તેમાં પણ મોટા ભાગના લખી વાંચી શકે અને પ્રાથમિક શિક્ષણ લીધેલા જ છે. ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ લીધેલા ફક્ત ૨.૩૩% છે.

અહીં એક સ્પષ્ટતા કરી લઈએ કે સર્વેક્ષણમાં લીધેલા આ છ એ તાલુકામાં આદિવાસીઓમાં જે સામાન્ય રીતે શિક્ષણની ટકાવારી છે તેના કરતાં સર્વેક્ષણમાં લીધેલા કુટુંબોમાં વધારે છે, એ બતાવે છે કે જેઓ થોડું શિક્ષણ લે છે તેઓમાં જાગૃતિ આવે છે અને તેથી સરકાર તરફથી જે લાભો મળે છે તે લેવા તરફનું વલણ વધુ હોય છે અને તેથી તેઓ ધીરે ધીરે વિકાસ તરફ અભિમુખ થતા જાય છે જેમકે આદિવાસીઓમાં ધોડિયા અને ચૌધરી જાતિઓમાં આ વલણ ખાસ જોવા મળે છે, બીજી બાજુ ઊંડાણ વિસ્તાર કે જ્યાં શિક્ષણની સવલતો પણ ઓછી છે અને લોકોમાં જાગૃતિ પણ ઓછી છે તેમને ક્વચિત જ આ લાભોની ખબર પડતી હોય છે અને તેથી તેઓ સરકાર તરફથી મળતા વિકાસ કાર્યક્રમના લાભ લઈ શકતા નથી અને જેવા છે તેવા જ રહે છે.

બીજું આદિવાસીઓમાં ટેકનીકલ શિક્ષણ તરફનો અભિગમ કેળવાયો નથી તેથી ટેકનીકલ શિક્ષણના લાભો જે સરકાર તરફથી અપાય છે તેને બહુ ઓછો પ્રતિભાવ મળે છે.

હવે આ ૫૫૭ કુટુંબોની આર્થિક સ્થિતિનો અભ્યાસ કરવા તેમની મિલકત, આવક, ખર્ચ, બચત, દેવું, વ્યવસાય કરવા માટેની માહિતી જોઇએ.

મિલકત :

કોઇપણ સમાજ હોય-આદિવાસી હોય કે બિન આદિવાસી હોય તેની આર્થિક રચના સમજવા માટે તેની અસ્કયામતો કેવી છે તે સમજવું આવશ્યક છે. દરેક સમાજમાં તે આદિમ હોય, કૃષિ પ્રધાન હોય કે ઔદ્યોગિક હોય તેમને તેમની આગવી અર્થવ્યવસ્થા હોય છે મનુષ્ય પોતાની આવશ્યકતાઓની પૂર્તિ જે સાધનો દ્વારા કરે તેને મિલકતમાં સામેલ કરવામાં આવે છે. અસ્કયામતો બે પ્રકારની હોય છે એક સ્થાવર બીજી જંગમ સ્થાવરમાં પ્રાકૃતિક અને માનવ સર્જિત વસ્તુઓ આવે છે જ્યારે જંગમ મિલકતમાં માણસે બનાવેલી વસ્તુઓનો સમાવેશ થાય છે. અહીંયા મિલકતમાં જમીન, મકાન, પશુધન વૃક્ષો ખેતીના ઓજારો ઘરવખરી અને અન્ય અસ્કયામતોનો સમાવેશ કરેલો છે. આ બધી મિલકતની કિંમત રુપિયામાં ગણવામાં આવી છે. વાંસદા પેટા યોજનામાં આવરી લીધેલા ૬ તાલુકાની ઉપરોક્ત બાબતો અંગેની મિલકત કોઠા નંબર ૪.૭ માં આવરી લેવામાં આવી છે અને દરેક તાલુકાની કુટુંબદીઠ સરાસરી મિલકત પણ આપવામાં આવી છે.

કોઠા નંબર : ૪.૭ સર્વેક્ષણના કુટુંબની કુલ મિલકત દર્શાવતો કોઠો

| વિગત<br>૧ | વાંસદા<br>૨ | ધરમપુર<br>૩ | ચીખલી<br>૪ | પારડી<br>૫ | ઉંમરગામ<br>૬ | વલસાડ<br>૭ | કુલ<br>૮ | |
|---|---|---|---|---|---|---|---|---|
| કુલ કુટુંબ | ૧૧૧ (જ.વા.૧૦૭ જ.વ.૪) | ૨૩૫ (જ.વ.૨૧૯ જ.વ.૧૬) | ૧૦૧ (જ.વ.૭૦ જ.વ.૩૧) | ૨૦ (જ.વા.૧૭ જ.વ.૩) | ૬૦ (જ.વા.૬૦) | ૩૦ (જ.વા.૨૮ જ.વ.૨) | ૫૫૭ (જ.વા.૫૦૧ જ.વ.૫૬) | |
| જમીનની કિંમત | ૧૯૫૦૦૦૦ | ૧૦૫૫૮૪૦૦ | ૧૦૬૮૦૦૦ | ૨૮૪૦૦ | ૧૨૫૦૦૦૦ | ૬૦૪૫૦૦ | ૧૬૪૫૩૦૦૦ | ૪૮.૯૧ |
| જમીનની કુટુંબદીઠ સરેરાશ | ૧૭૫૬૭.૫૬ | ૪૪૮૨૯.૪ | ૧૦૫૭૪.૯ | ૧૪૨૦૫ | ૨૦૮૩૩.૩ | ૨૦૧૫૦ | ૨૯૪૭૦.૪ | |
| મકાનની કિંમત | ૮૧૭૮૦૦ | ૧૮૧૬૦૦૦ | ૧૦૨૯૨૦૦ | ૧૪૪૫૦૦ | ૬૫૪૭૦૦ | ૨૮૩૫૦૦ | ૪૭૫૬૦૦૦ | ૧૪.૧૭ |
| મકાનની કુટુંબદીઠ સરેરાશ | ૭૩૬૮.૩ | ૭૭૨૭.૬૬ | ૧૦૧૯૦.૧૦ | ૭૨૨૫ | ૧૦૯૧ | ૯૪૫૦ | ૮૪૭૯ | |
| કુલ પશુધનની કિંમત | ૧૨૧૬૦૦૦ | ૪૩૩૬૧૨૧ | ૪૯૩૪૪૦ | ૬૬૭૦૦ | ૨૪૫૫૧૦ | ૧૫૧૩૦૦ | ૬૫૦૯૦૭૧ | ૧૯.૩૯ |
| પશુઓની કુટુંબદીઠ સરેરાશ | ૧૦૯૫.૫ | ૧૮૪૫૧.૬ | ૪૮૮૫.૫ | ૩૩૩૫ | ૪૦૯૧.૮ | ૫૦૪૩.૩ | ૧૧૬૮૫.૯ | |

કોઠા નંબર : ૪.૭.. ચાલુ...

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | |
|---|---|---|---|---|---|---|---|---|
| કુલ અન્ય અકસાયમનાંની કિંમત | ૮૧૮૯૦ | ૨૦૩૨૨૫ | ૭૯૨૨૫ | ૧૪૮૭૫ | ૨૦૯૬૫ | ૧૫૧૦૦ | ૪૧૫૨૮૦ | ૧.૨૪ |
| અન્ય ઓકસ્યાયતોંનો કુટુંબદીઠ મિલકત | ૭૩૭.૮ | ૮૬૪.૮ | ૭૮૪.૪ | ૭૪૩.૮ | ૩૪૯.૪ | ૫૦૩.૩૩ | ૭૪૫.૫૬ | |
| કુલ મિલકત | ૪૫૬૫૬૨૬ | ૨૦૮૬૭૪૦૦ | ૩૯૧૨૮૩૬ | ૫૯૭૨૧૦ | ૨૪૫૧૫૦૩ | ૧૧૭૬૯૧૦ | ૩૩૫૬૪૫૫૫ | |
| માથાદીઠ સરેરાશ મિલકત | ૪૧૧૩૧.૮ | ૮૮૭૬૭ | ૩૮૭૪૧ | ૨૯૮૬૦ | ૪૦૮૫.૪ | ૩૯૨૩૦.૩ | ૬૦૨૬૦ | ૧૦૦.૦૦ |



કોઠા નંબર : ૪.૭ ચાલુ...

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | |
|---|---|---|---|---|---|---|---|---|
| કુલ વૃક્ષાનો કિંમત | ૧૧૫૭૪૦ | ૭૨૩૩૩૦ | ૨૩૪૫૦૦ | ૮૧૧૦ | ૧૦૦૬૦૦ | ૨૦૩૪૦ | ૧૨૦૨૬૨૦ | ૩.૫૮ |
| વૃક્ષાનો કુટુંબદીઠ સરેરાશ | ૧૦૪૨.૭ | ૩૦૭૮ | ૨૩૨૧.૭ | ૪૦૫.૫ | ૧૬૭૬.૭ | ૬૭૮ | ૨૧૫૯.૧ | |
| કુલ ખેતોના સાધનોંની કિંમત | ૧૭૬૯૪૫ | ૨૮૨૭૪૮૨ | ૧૯૬૮૨૦ | ૨૬૮૪૫ | ૧૨૬૪૭૫ | ૫૩૨૭૦ | ૩૪૦૭૮૩૭ | ૧૦.૧૫ |
| ખેતોના સાધનોંનો કુટુંબદીઠ સરેરાશ | ૧૬૫૪૩.૭ | ૧૨૦૧૦.૧ | ૨૮૧૧.૭ | ૧૫૦૯.૧ | ૪૮૬૪.૪ | ૧૯૦૨.૫૦ | ૬૮૦૨.૧ | |
| કુલ ઘરવખરોનો કિંમત | ૨૦૭૨૫૧ | ૩૯૫૯૧૨ | ૧૧૧૬૫૧ | ૪૧૦૮૦ | ૫૩૨૫૩ | ૪૮૯૦૦ | ૮૫૮૦૪૭ | ૨.૫૬ |
| ઘરવખરોનો કુટુંબદીઠ સરેરાશ | ૧૮૬૭.૧ | ૧૬૮૪.૮ | ૧૧૦૫.૫ | ૨૦૫૦ | ૮૮૭.૬ | ૧૬૩૦ | ૧૫૪૦.૫ | |

ચાલુ...

કોઠામાં દર્શાવ્યું છે તે મુજબ ૫૫૭ કુટુંબની કુલ મિલકત રૂ. ૩૩૫૬૪૫૫૫ ની છે અને કુટુંબદીઠ મિલકત રૂ. ૬૦૨૬૦ આવે છે. આંમાં ધરમપુરની કુલ મિલકત ૨૦૮૬૦૪૭૦ અને સરાસરી કુટુંબદીઠ મિલકત ૮૮૭૬૨ છે તે સૌથી વધુ છે જ્યારે પારડીની કુલ મિલકત ૫૯૭૧૧૦ છે અને સરાસરી કુટુંબદીઠ મિલકત ૨૯૮૬૦ છે જે સૌથી ઓછી છે બીજા તાલુકાની કુલ મિલકત અને સરાસરી દરેક સાધન દીઠ મિલકત કોઠા નંબર ૪.૭ માં આપવામાં આવી છે.

મિલકતના જે સાધનો બનાવ્યા તેમાં જમીનનું પ્રમાણ સૌથી વિશેષ (૪૮.૯૧ %) છે બીજા નંબરે પશુધન (૧૯.૩૯ %) આવે છે અને ત્રીજા નંબરે મકાન (૧૪.૭૭ % આવે છે %) ખેતીના સાધનો વૃક્ષો, ઘરવખરી અને અન્ય અસ્કયામતો જુજ પ્રમાણમાં છે. અહીંયા જે સાધનો નિગમ દ્વારા લોનમાં અપાયા છે તે મોટા ભાગના જમીનવાળાઓને અપાય છે તેથી જમીનવાળા કુટુંબો પણ વધારે છે અને જમીન પણ મહત્વનું સાધન બને છે. વળી લોન ખાસ કરીને દુધાળા ઢોર અને બળદપાડામાં અપાઈ છે તેથી પશુધન પણ મહત્વનું સાધન ગણી શકાય.

હવે આપણે જમીનનો પ્રકાર સિંચાઈ અને કુટુંબદીઠ જમીન અને તેની મિલકત કોઠા નંબર ૪.૮ માં દર્શાવવામાં આવી છે.



કોઠો : ૪.૮ જમીન (એકરમાં)

| ક્રમ | વિગત | મંડળી ની સંખ્યા | લાભાર્થી કુટુંબની સંખ્યા | જમીનનો પ્રકાર: જરાયત | બાગાયત | ક્યારી | સિંચાઈ પ્રમાણે: પિયત જમીન | બીનપિયત જમીન | કુલ જમીન | કુલ કિંમત | સરેરાશ કુટુંબદીઠ મિલકત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧<br>હા/ના<br>૧૦૭/૪ | ૨૩૨.૧૯ | ૧૧.૦૬ | ૧૬૮.૨૨ | ૯૦.૨૨ | ૩૨૧.૨૫ | ૪૧૨.૦૭<br>(૩.૩૪) | ૧૯૫૦૦૦૦ | ૧૭૫૬૭.૬ |
| ૨ | ધરમપુર | ૧૪ | ૨૩૫<br>૨૧૯/૧૬ | ૬૯૩.૩૫ | ૪.૦૦ | ૧૭૩.૩૩ | ૪૬.૨૨ | ૮૨૫.૦૬ | ૮૭૧.૨૮<br>(૩.૩૦) | ૧૦૫૫૮૪૦૦ | ૪૪૯૨૯.૪ |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧<br>૭૦/૩૧ | ૭૪.૧૧ | ૧૧.૨૦ | ૧૨૯.૦૦ | ૧૦૭.૨૦ | ૧૦૭.૧૧ | ૨૧૪.૩૧<br>(૩.૦૩) | ૧૦૬૮૦૦૦ | ૧૦૫૭૪૩૧૯ |
| ૪ | પારડી | ૨ | ૨૦<br>૧૭/૩ | ૨૫.૦૧ | ૩.૦૦ | ૨૮.૦૭ | ૬.૦૦ | ૫૦.૦૮ | ૫૬.૦૮<br>(૩.૩૨) | ૨૮૪૧૦૦ | ૧૪૨૦૫ |

ચાલુ....

કોઠા નંબર : ૪.૮.. ચાલુ...

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ઉંમરગામ | ૬ | ૬૦ ૬૦/ | ૪૧.૦૦ | - | ૯૯.૩૬ | ૩૦.૦૦ | ૧૧૦.૩૬ | ૧૪૦.૩૬ (૨.૧૪) | ૧૨૫૦૦૦૦ | ૨૦૮૩૩.૩ |
| ૬ | વલસાડ | ૧ | ૩૦ ૨૮/૨ | ૫૫.૦૦ | ૫.૦૭ | ૭૦.૦૦ | ૨૯.૦૦ | ૧૦૧.૦૭ | ૧૩૦.૦૭ (૪.૨૬) | ૬૦૪૫૦૦ | ૨૦૧૫૦ |
| | | ૩૨ | ૫૫૭ ૫૦૧/૫૬ | ૧૧૨૧.૨૬ | ૩૦.૩૩ | ૬૬૯.૧૮ | ૩૦૯.૨૪ | ૧૫૧૬.૧૩ | ૧૮૨૫.૩૭ (૩.૨૬) | ૧૬૪૧૫૦૦૦ | ૨૯૪૭૦.૪ |
| | | | ૮૯.૯૫ | ૬૧.૪૩ | ૧.૯૧ | ૩૬.૬૬ | | ૧૬.૯૬ | ૮૩.૦૪ | ૧૦૦ | | |



સર્વેક્ષણ હેઠળના જે ૫૫૭ કુટુંબો તેમાં ૫૦૧ એટલે કે ૮૯.૯૫ ટકા પાસે જમીન છે બાકીના ૧૦.૦૫ ટકા પાસે જમીન નથી, આનું કારણ અગાઉ જણાવ્યું તે મુજબ કે નિગમ દ્વારા જે લોન અપાય છે તેમાં મોટા ભાગની લોન જમીન જેની પાસે છે તેને પ્રાપ્ત થાય છે કારણકે એ બધી યોજનાઓ જમીન સાથે સંકળાયેલી હોય છે જેવી કે બળદપાડા, બળદગાડા, ઓઈલ એન્જીન, ઈલેક્ટ્રીક મોટર વગેરે, વળી દુધાળા ઢોર પણ જેની પાસે જમીન છે તે સારી રીતે ઉછેરી શકે છે એટલે મોટેભાગે એમને અપાય છે અને તેથી અહીંયા જમીનવાળા કુટુંબોની સંખ્યા વધુ છે.

આમાં મોટા ભાગના ખેડૂતો સિમાંત અને નાના ખેડૂતો છે, જેમની પાસે જમીનનું પ્રમાણ ઘણું ઓછું છે તેથી તેમનો જીવન નિર્વાહ એના પર ચાલી શકતો નથી એટલે તેમણે જિવન નિર્વાહ માટે મજુરી કે બીજા પ્રકારનો વ્યવસાય કરવો પડે છે.

કુટુંબદીઠ સરેરાશ જમીનનું કદ ૩.૨૬ એકર આવે છે આ કદમાં તાલુકા તાલુકા વચ્ચે ખાસ તફાવત જોવા મળતો તે કોઠા જોતા ખ્યાલ આવી જાય છે.

આ જે જમીન છે તે મોટે ભાગે જીરાયત પ્રકારની છે, કુલ જમીનના ૬૧.૪૩ ટકા જીરાયત જમીન છે, બીજું કે આ વિસ્તારમાં વરસાદનું પ્રમાણ સારું છે અને ડાંગરનો પાક પણ સારો છે તેથી ક્યારી પ્રકારની જમીનનું પ્રમાણ પણ ઠીક છે અને એ રીતે સર્વેક્ષણમાં આવેલા લાભાર્થીઓ જમીનમાં ૩૬.૬૨ ટકા જમીન ક્યારીની છે. આ વિસ્તારમાં કેરી, ચીકુ જેવા પાક થાય છે પરંતુ અહીંયા બાગાયત હેઠળની જમીન ફક્ત ૧.૯૨ ટકા છે આમ કહી શકાય કે બાગાયત ખેતી થાય એવી જમીન હોય છતાં પણ આદિવાસીઓનું તે તરફનું વલણ ખાસ જોવા મળતું નથી.

પિયત જમીનનું પ્રમાણ પણ નહીંવત છે. કુલ જમીનમાં ફક્ત ૧૬.૯૬ ટકા જમીન પિયત છે આથી આપણને સ્વાભાવિક રીતે ખ્યાલ આવે છે કે નિગમ દ્વારા લોનની સગવડ ભલે અપાતી હોય પણ સિંચાઈની સગવડ ન હોય તેથી ઈલેક્ટ્રીક મોટર કે ઓઈલ એન્જીન વસાવવાનો ફાયદો રહેતો નથી અને તેથી પણ આ સાધનો ઓછા લેવાના હોય છે.

મકાન :

મકાનની બાબતમાં પણ અગાઉ ઉલ્લેખ કર્યા તે મુજબ મોટા ભાગના મકાનો કાચા છે છતાં મિલકતની દૃષ્ટિએ તેનો ત્રીજો નંબર છે. કોઠા નંબર ૪.૩ માં જણાવ્યું હતું તે મુજબ ૫૬૧ મકાનો છે તેની કુલ કિંમત રૂ. XXXX ૪૭,૫૬,૭૦૦ છે. કુટુંબદીઠ સરેરાશ મકાનની કિંમત રૂ.૮૪૭૯ છે તેમાં ગોથી વધુ ચીખલીની કુટુંબદીઠ સરેરાશ મિલકત આવે છે અને તે રૂ. ૧૦૧૯૦.૧૦ છે અને સૌથી વધુ ઉંબરગામની છે અને તે રૂ.૧૦૯૧૧.૬૭ છે અને સૌથી ઓછી વાંસદાની છે અને તે રૂ. ૭૧૧૧.૩૦ છે જે આજના ભાવની ગણતરીએ તપાસીએ તો ઘણી જ કંગાળ સ્થિતિ છે એમ કહેવાય અને આના પરથી અનુમાન કરી શકાય કે તેઓ તેથી ગરીબી અવસ્થામાં રહેતા હશે.



કોઠા નંબર : ૪.૯ પશુધન

| ક્રમ | વિગત | મંડળીની સંખ્યા | લાભાર્થી કુટુંબોની સંખ્યા | ભેંસ | ગાય | બળદ | ઘેટાં/ બકરાં | વાછરડા | મરઘાં | પશુની કુલ સંખ્યા | કુલ કિંમત (રૂ.માં) | સરેરાશ પશુધનની મિલકત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧ | ૧૩૧ | ૮૩ | ૧૬૯ | ૪૦ | ૧૨૯ | ૩૭ | ૫૮૯ | ૧૨૧૬૦૦૦ | ૧૦૯૫.૫ |
| ૨ | ધરમપુર | ૧૨ | ૨૩૫ | ૧૪૨ | ૧૬૩ | ૩૯૪ | ૧૨૧ | ૧૧૨ | ૧૧૯ | ૧૦૫૧ | ૪૩૩૬૧૨૧ | ૧૮૪૫૧.૬ |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧ | ૯૬ | ૩૩ | ૮૬ | ૩૦ | ૨૮ | ૧૫ | ૨૮૮ | ૪૯૩૪૪૦ | ૪૮૮૫.૫ |
| ૪ | પારડી | ૨ | ૨૦ | ૧૩ | ૧૧ | ૨૧ | ૫ | ૧૦ | ૨ | ૬૨ | ૬૬૭૦૦ | ૩૩૩૫ |
| ૫ | ઉમરગામ | ૫ | ૬૦ | ૨૯ | ૫૫ | ૧૧૦ | - | ૨૨ | ૧૯ | ૨૩૫ | ૨૪૫૫૧૦ | ૪૦૯૧.૮ |
| ૬ | વલસાડ | ૧ | ૩૦ | ૫૧ | ૧૯ | ૫૨ | ૫ | ૨૧ | ૫ | ૧૫૩ | ૧૫૧૩૦૦ | ૫૦૪૩.૩ |
| | | ૩૨ | ૫૫૭ | ૪૬૨ | ૩૬૪ | ૮૩૨ | ૨૦૧ | ૩૨૨ | ૧૯૭ | ૨૩૭૮ | ૬૫૦૯૦૭૧ | ૧૧૬૮૫.૯ |
| | | ૮૩૧ | | ૧૭.૭૪ | ૧૩.૯૮ | ૩૧.૯૫ | ૭.૭૨ | ૧૨.૩૭ | ૭.૫૬ | | | |

જ્યારે નિગમ દ્વારા રાહત દરે અપાતી લોનનો વિચાર કરતા હોઈએ ત્યારે સર્વેક્ષણ હેઠળના કુટુંબો પાસે કેટલું પશુધન છે તે પણ જાણવું જરુરી છે.

ગાય,ભેંસ,બળદ અને અન્ય (વાછરડા,વાછરડી,પાડા,ઘેટા,બકરા,મરઘા) મળી કુલ ૨૩૭૮ પશુઓ છે તેની કુલ કિંમત રૂ.૬૫૦૯૦૭૧ થાય છે એટલે કુટુંબદીઠ પશુધન રૂ. ૧૧૬૮૫.૯નું છે, આમ મીલકતમાં જમીન પછી બીજા નંબરે પશુ છે. પશુમાં પણ સંખ્યાની દૃષ્ટિએ બળદનું સ્થાન પ્રથમ છે અને બીજા નંબરે ભેંસ છે આમ ૫૦% પશુ તો બળદ અને ભેંસ છે બાકીનામાં બીજા પશુ આવે છે.

અહીંયા ખ્યાલમાં રાખવા જેવી બાબત એ છે કે બળદ અને ભેંસ બંનેની રાહતદરે લોન આદિવાસીઓને મળતી હોય છે અને તેનો ઉપયોગ કરી આ પશુઓની ખરીદી હોય છે અને તેથી પણ પશુધનમાં મુખ્યત્વે જોવા મળે છે.

ખાસ મહત્વની બાબત એ છે કે આ વિસ્તારના જે પશુઓ દૂજે એવા છે તેની આવક નજીવી છે કારણકે ગાય, ભેંસ, બકરી જેવા પશુઓને જંગલમાં અથવા આજુબાજુ ચરવા માટે છોડી મુકવામાં આવે છે, તેમને દૂજે તે માટે જે ખાસ પ્રકારનો ચારો અપાવો જોઈએ તે અપાતો નથી અને તેથી તેમનું ઉત્પાદનનું પ્રમાણ ઓછું આવે છે. ધરમપુરના કેટલાક વિસ્તારમાં તો એવું જોવા મળ્યું છે કે એમને ઘરે ગાય, ભેંસ હોય છતાં દૂધનું ટીપું જોવા મળતું નથી, આમ પશુધનની ગણતરી મિલકતમાં થતી હોય છે છતાં આર્થિક રીતે સહાય કરવામાં ખાસ ઉપયોગી પુરવાર થતા નથી અલબત્ત લોન દ્વારા જે દૂધાળા ઢોરો અપાયા હતા તેમાંથી થોડી ઘણી આવક થતી હતી.

અમારા સર્વેક્ષણ હેઠળ જાણવા મળતું કે જે બળદ માટે લોન અપાય છે તે સપ્રમાણ આપવામાં આવી નથી આવું ખાસ કરીને ધરમપુરમાં બનવા પામ્યું છે. નિગમ જણાવે છે કે જે તે પ્રદેશની અરજદારોની માગણી મંડળી મારફત મળે તે મુજબ ધિરાણ મંજુર કરવામાં આવે છે અને એ જોતાં વિસ્તારની દૃષ્ટિએ સપ્રમાણતા જાળવી શકાય નહીં. અહીં એમની દલીલને વ્યાજબી ઠેરવીએ તો પણ કહી શકાય કે જે મંડળીઓ દ્વારા લાભાર્થીને બળદ અપાયા છે ત્યાં તેમની આર્થિક સ્થિતિમાં સુધારો થયો નથી. ધરમપુરની કેટલીક મંડળીઓએ આદિવાસીના વિકાસ કરવાની દૃષ્ટિએ કેવળ બળદપાડા જ આપ્યા છે પરિણામે પશુધનની મિલકત વધી છે પણ તેમની આવકમાં ખાસ ફેર પડયો નથી.

વલસાડ જિલ્લો એ એના આંબા અને ચીકુ જેવા ફળફળાદી અને ધરમપુર વાંસદા જંગલ માટે જાણીતો છે. નિગમ મૂલ્યાંકનમાં આવેલા તાલુકા આ વિસ્તારમાં આવેલા છે તેથી સ્વાભાવિકરીતે આપણને ખ્યાલમાં હોય કે આ વિસ્તારમાં ઉપજાઉ વૃક્ષો પણ હોવા અને તે વૃક્ષોની મિલકત પણ હોય અને એ દૃષ્ટિએ નિગમ દ્વારા લોન અપાયેલ ૬ તાલુકાના વૃક્ષોની માહિતી કોઠા નં.૪.૧૦માં આપવામાં આવી છે.



કોઠા નંબર : ૪.૧૦ વૃક્ષો

| ક્રમ | વિગત | મંડળીની સંખ્યા | લાભાર્થી કુટુંબોની સંખ્યા | મહુડા | આંબા | ફળ આપતાં વૃક્ષો | સાગ | નીલગીરી | સુબાવળ | સાર | અન્ય | કુલ વૃક્ષોની સંખ્યા | કુલ કિંમત | સરેરાશ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧ | ૧૩૦ | ૩૧૭ | ૮૨ | ૮૮ | ૫૦ | ૪૪ | ૧૬ | ૧ | ૭૨૮ | ૧૧૫૭૪૦ | ૧૦૪૨.૭૦ |
| ૨ | ધરમપુર | ૧૨ | ૨૩૫ | ૧૭ | ૨૦૭ | ૩૨૬ | ૪૬ | - | - | - | ૨૬૭ | ૮૬૩ | ૭૨૩૩૩૦ | ૩૦૭૮ |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧ | ૧૪ | ૧૬૨ | ૧૨૬ | ૩૧ | ૯૧ | - | - | ૯૩ | ૫૧૭ | ૨૩૪૫૦૦ | ૨૩૨૧.૭૮ |
| ૪ | પારડી | ૨ | ૨૦ | ૧૭ | ૩૨ | ૧૨ | ૫ | ૨ | ૪ | - | ૭ | ૭૯ | ૮૧૧૦ | ૪૦૫.૫ |
| ૫ | ઉમરગામ | ૫ | ૬૦ | ૨૦ | ૧૩૧ | ૨૬ | ૨૭ | - | ૫ | - | ૧૩૩ | ૩૪૨ | ૧૦૦૬૦૦ | ૧૬૭૬.૬૭ |
| ૬ | વલસાડ | ૬ | ૩૦ | ૪૨ | ૮૯ | ૪૪ | ૨૪ | ૭ | ૪ | - | ૧૭ | ૨૨૭ | ૨૦૩૪૦ | ૬૭૮ |
| | | ૩૨ | ૫૫૭ | ૨૪૦ | ૯૩૮ | ૬૧૬ | ૨૨૩ | ૧૫૦ | ૫૭ | ૧૬ | ૫૧૮ | ૨૭૪૫ | ૧૨૦૨૫૨૦ | ૨૧૫૯.૧૦ |

આ વિસ્તારમાં ઉપજાઉ વૃક્ષોમાં મહુડા, આંબા, ફળાઉ વૃક્ષો સાગ, નીલગીરી, સરુ વગેરે છે. બધા તાલુકાના ૫૫૭ કુટુંબો પાસે કુલ ૨૭૮૬ વૃક્ષો છે જેની કુલ કિંમત રુ. ૧૨૦૨૬૨૦ છે જે કુટુંબદીઠ સરેરાશ મિલકત રુ. ૨૧૫૯.૧ ની થાય છે. અલબત્ત મિલકતની દૃષ્ટિએ તેનું પ્રમાણ ફકત ૩.૫૮ ટકા જ પરંતુ ઘરવખરી અને અન્ય અસ્કયામતો કરતાં વધુ છે તેથી તેનું મહત્વ તો છે જે જંગલ વિસ્તાર ધરમપુર અને વાંસદાનો છે તેથી ત્યાં આ મિલકતનું પ્રમાણ સૌથી વધુ છે તે કોઠા પરથી ખ્યાલ આવે જ છે.

હવે મિલકત તરીકે ખેતીના સાધનોની વિગત કોઠા નંબર ૪.૧૧ તપાસીએ તો જેમની પાસે જમીન છે એવા ૫૦૧ કુટુંબ પાસે હળ, સમાર, કરબ, કુવા, બળદગાડા, ઓઈલ એન્જીન, ઈલેકટ્રીક મોટર, નાના ઓજારો વગેરે મળી કુલ ૪૩૬૨ સાધનો છે જેની કુલ કિંમત રુ.૩૪૦૭૮૩૭ થાય છે. ખેતીના સાધનોની કુટુંબદીઠ સરેરાશ મિલકત રુ. ૬૮૦૨.૦૭ થવા જાય છે આમાં પણ ધરમપુરની સરેરાશ વધુ આવે છે ત્યાંની જંગલ મંડળીઓ દ્વારા ખેડૂતોને રાહતદરે જે સાધનો અપાવા જોઈએ તે વધુ આપવામાં આવ્યા છે અને તેથી પણ તેની મિલકત વધુ આવે છે.



કોઠા નંબર : ૪.૧૧ ખેતીના ઓજારો

| ક્રમ | વિગત | મંડળીની સંખ્યા | લાભાર્થી કુટુંબોની સંખ્યા | હળ | પાનીયું (સમાર) | કરબ | બળદગાડા | કુવા | ઓઈલ એંજીન | ઈલેકટ્રીક મોટર | નાના ઓજારો | અન્ય | કુલ સંખ્યા | કુલ કિંમત | સરેરાશ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧ ૧૦૭/૪ | ૧૨૦ | ૮૦ | ૫૬ | ૪૪૫ | ૧૮ | - | ૪ | ૫૧૨ | - | ૮૩૫ | ૧૭૬૯૪૫ | ૧૬૫૩.૬૯ |
| ૨ | ધરમપુર | ૧૨ | ૨૩૫ ૨૧૯/૧૬ | ૩૩૫ | ૬૦ | ૧૮ | ૫૪ | ૧૭ | ૫ | ૧૩ | - | ૧૨૭૨ | ૧૭૮૪ | ૨૮૨૭૪૮૨ | ૧૨૯૧૦.૧૧ |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧ ૭૦/૩૧ | ૮૧ | ૫૨ | ૬૩ | ૩૮ | - | ૧ | ૫ | ૪૨૬ | ૬૨ | ૭૨૮ | ૧૯૬૮૨૦ | ૨૮૧૧.૭૧ |

ચાલુ...

કોઠા નંબર : ૪.૧૧.. ચાલુ...

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | પારડી | ૨ | ૨૦<br>૧૭/૩ | ૧૬ | ૮ | ૧ | ૬ | - | - | ૧ | ૯૯ | - | ૧૩૧ | ૨૬૮૪૫ | ૧૫૭૯.૧૨ |
| ૫ | ઉમરગામ | ૫ | ૬૦<br>૬૦/ | ૭૩ | ૪૩ | ૬૭ | ૨૪ | ૪ | ૨ | ૧ | ૩૪૫ | ૫૭ | ૬૧૬ | ૧૨૬૪૭૫ | ૪૮૬૪.૪૨ |
| ૬ | વલસાડ | ૧ | ૩૦ | ૨૮ | ૨૫ | ૧૬ | ૧૪ | ૩ | - | ૨ | ૧૮૦ | - | ૨૯૮ | ૫૩૨૭૦ | ૧૯૦૨.૫ |
| | | ૩૨ | ૫૫૭<br>૫૦૧<br>૮૯.૯૫ | ૬૫૩ | ૨૬૮ | ૨૨૧ | ૧૮૧ | ૪૨ | ૮ | ૨૬ | ૧૫૬૨ | ૧૩૯૧ | ૪૩૬૨ | ૩૪૦૭૮૩૭ | ૬૮૦૨.૦૭ |



ઉંબરગામમાં નિગમ દ્વારા ૩ ઓઈલ એન્જીન અપાયા છે છતાં સર્વેક્ષણના કુટુંબોમાં બે પાસે જ ઓઈલ એન્જીન છે.

કોઠા નં.૪.૧૧માં આપણને ખેતીના બધા સાધનોમાં હળની સંખ્યા વધુ જોવા મળે છે એનું કારણ એ છે કે સામાન્યરીતે જમીન ધરાવતા ખેડૂતો ખેતી માટે અનિવાર્ય એવું સાધન હળ તો રાખતા જ હોય છે અને એ હિસાબે અહીંયા કુટુંબ કરતાં હળની સંખ્યા વધી ગઈ છે કારણકે વાંસદાના ૧૩, ધરમપુર ૧૧૬, ચીખલીના ૧૧, ઉંબરગામના ૧૩ એમ ૧૫૩ કુટુંબો પાસે બે હળ છે. પારડીના એક કુટુંબ પાસે હળ નથી અલબત્ત આ લોકો પાસે એક હળ હોય જ છે પરંતુ તે લાકડાના હોય છે. સર્વેક્ષણમાં આવેલા કોઈ આદિવાસી કુટુંબ પાસે લોખંડનું હળ નથી.

ગાડા ફક્ત ૪૮૧ છે તેમાં ૨૯ ગાડા નિગમની લોનથી પ્રાપ્ત થયા છે આમ બળદ ઘણાં કુટુંબોને અપાયા છે પણ ગાડા અપાયા નથી, અરજદારોની માગણી મુજબ આપ્યા છે, આ વાત બરાબર છે સાથે સાથે નિગમે અરજી મંજુર કરતાં પહેલાં એ ધ્યાન રાખવું જરુરી છે કે જેમણે બળદ માંગ્યા છે તેમને બળદ ઉપયોગી છે ખરા ? જો હોય તો તેમ કરવું જોઈએ અથવા ગાડા સાથે બળદની માંગણી મુકાવી મંજુર કરવી જોઈએ તેથી બળદનો ગાડા દ્વારા જે ઉપયોગ થવો જોઈએ તે પ્રમાણમાં ઓછો થાય છે. પોતાની ખેતીમાં ઉપયોગમાં આવે તે રીતે કુવો હોય તો વરસાદની અછતમાં પણ પાક લઈ શકાય છતાં સર્વેક્ષણ હેઠળના સભાસદોમાં ફક્ત ૪૨ સભાસદો પાસે જ કુવો છે એટલે કે કુલ ખેતી કરતા કુટુંબોમાં ૮.૪ ટકા કુટુંબો પાસે કુવો છે. મોટા ભાગની ખેતી વરસાદ પર આધારિત રહેવા પામે છે તેથી અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ જેવી કુદરતી આફતો આવે ત્યારે લોકોની આર્થિક સ્થિતિને સીધી અસર પહોંચે છે.

ખેતીના બીજા સાધનોમાં કરબ, વાવણીયો, સમાર અને નાના સાધનો કે જે વત્તો ઓછા પ્રમાણમાં દરેક ખેડૂત રાખતા હોય છે પરંતુ અહીંયા તો એ જોવા મળ્યું કે સર્વેક્ષણના જમીનવાળા ૫૦૧ કુટુંબોમાં બધા પાસે કરબ, સમાર વગેરે નથી, નાના ઓજાર લગભગ બધા પાસે છે પણ તેની કિંમત ઓછી હોવાથી મિલકતની દ્રષ્ટિએ તેનું ખાસ મહત્વ રહેતું નથી.

## કોઠો : ૪.૧૨ ઘર-વખરોના સાધનો

| ક્રમ | વિગત | મંડળીની સંખ્યા | લાભાર્થી કુટુંબોની સંખ્યા | તાંબુ | એલ્યુમિનિયમ | પિત્તળ | સ્ટીલ | કાચના અને માટીના | ખાટલા | લાકડના પલંગ | ખુરશી | ટેબલ | કબાટ | સાયકલ | રેડિયો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧ | ૧૦૮ | ૬૭૬ | ૬૮૩ | ૫૪૯ | ૯૮૯ | ૨૦૪ | ૨૫ | ૭૦ | ૨૩ | ૩૬ | ૭૪ | ૫૬ |
| ૨ | ધરમપુર | ૧૨ | ૨૩૫ | ૧૪૨ | ૨૧૮૪ | ૯૪૨ | ૯૭૨ | ૯૯૨ | ૪૪૪ | ૪ | ૧૨૯ | ૬ | ૪૦ | ૨૪ | ૩૪ |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧ | ૯ | ૮૫૪ | ૬૦૯ | ૩૪૨ | ૩૭૧ | ૧૯૩ | ૧૨ | ૩૫ | ૯ | ૨૨ | ૧૪ | ૧૬ |
| ૪ | પારડી | ૨ | ૨૦ | ૧૩ | ૭૯ | ૧૨૦ | ૧૧૩ | ૮૭ | ૧૭૭ | ૩૪ | ૧૦ | ૨૦ | ૧૧ | ૧૧ | ૧૬ |
| ૫ | ઉંમરગામ | ૫ | ૬૦ | ૭ | ૩૫૦ | ૩૫૧ | ૧૯૨ | ૧૦૦ | ૯૬ | ૩ | ૬ | ૧ | ૭ | ૪ | ૯ |
| ૬ | વલસાડ | ૧ | ૩૦ | ૨૬ | ૩૬ | ૧૬૦ | ૧૦૭ | ૨૫૦ | ૫૫ | ૬ | ૨૨ | ૫ | ૭ | ૧૬ | ૧૩ |
| | | ૩૨ | ૫૫૭ | ૩૦૫ | ૪૧૭૯ | ૨૮૬૫ | ૨૧૯૭ | ૨૭૮૯ | ૧૧૬૯ | ૮૪ | ૨૭૨ | ૭૬૪ | ૧૨૩ | ૧૪૩ | ૧૪૪ |



## કોઠા નંબર : ૪.૧૨... ચાલુ...

| ક્રમ | વિગત | મંડળીની સંખ્યા | લાભાર્થી કુટુંબોની સંખ્યા | ઘડીયાળ | ઘંટી | વીજળી દિવા | ફાનસ | અન્ય | કુલ સંખ્યા | કુલ કિંમત | સરેરાશ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧ | ૮૦ | ૬૬ | ૫૧ | ૫૩ | ૧૬૬ | ૩૯૦૯ | ૨૦૭૨૫૧ | ૧૮૬૭.૧૩ |
| ૨ | ધરમપુર | ૧૨ | ૨૩૫ | ૫૪ | ૧૩ | ૧ | ૨૫ | ૧૭૬૫ | ૭૪૨૨ | ૩૯૫૯૧૨ | ૧૬૮૪.૭૩ |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧ | ૩૬ | ૨૧ | ૨ | ૧૪૬ | ૫૨૧ | ૩૨૦૭ | ૧૧૧૬૫૧ | ૧૧૦૫.૪૬ |
| ૪ | પારડી | ૨ | ૨૦ | ૧૧ | ૧૮ | ૧૭ | ૧૨ | ૧૨ | ૭૬૧ | ૪૧૦૮૦ | ૨૦૫૪ |
| ૫ | ઉંમરગામ | ૫ | ૬૦ | ૨૨ | ૭ | ૨ | ૫૮ | ૩૩૦ | ૧૫૨૫ | ૫૩૨૫૩ | ૮૮૭.૫૫ |
| ૬ | વલસાડ | ૧ | ૩૦ | ૨૧ | ૨૬ | ૧૨ | ૧૮ | - | ૭૮૦ | ૪૮૯૦૦ | ૧૬૩૦.૦૦ |
| | | ૩૨ | ૫૫૭ | ૨૨૪ | ૧૫૧ | ૪૫ | ૩૦૭ | ૨૭૯૪ | ૧૦૬૦૪ | ૮૫૮૦૪૭ | ૧૫૪૦.૪૮ |

મિલકતના અન્ય સાધનોમાં ઘરવખરી આવે છે. ઘરવખરીમાં વાસણો ખાટલા, ખુરશી, ટેબલ, કબાટ, સાયકલ, રેડિયો, ઘડિયાળ, ઘંટી વગેરે આવે છે. સર્વેક્ષણ હેઠળના જે ૫૫૭ કુટુંબો છે તેમની પાસે આ સાધનોનું પ્રમાણ નહીંવત છે. આ બધા સાધનો મળી કુલ ૭૭૬૦૪ છે તેની કુલ કિંમત રૂ. ૮૫૮૦૦૭ છે જેની કુટુંબદીઠ સરેરાશ મિલકત રૂ. ૧૫૪૦.૪૮ થાય છે. આમ જીવનની પ્રાથમિક જરુરિયાત પછીની બીજી જરુરીયાતમાં જેની ગણના થાય તેવા સાધનો કુલ મિલકતના ૨.૫૬ ટકા જ હોય તો તેઓ તેવી આર્થિક સ્થિતિમાં જીવતા હશે તેનો ખ્યાલ આવે.

વળી આ જે સાધનો છે તેમાં પણ વાસણ, ખાટલા વગેરેનું પ્રમાણ છે. વાસણમાં પણ મોટે ભાગે એલ્યુમિનિયમના અને માટીના વાસણો છે, હવે જે કુટુંબોની સ્થિતિ થોડી સારી થવા માંડી છે ત્યાં સ્ટીલના વાસણો જોવા મળે છે પણ સામાન્યરીતે મોટા ભાગના કુટુંબોમાં બે કે ત્રણ સ્ટીલના વાસણો જ હોય તે સિવાય રસોઈ અને ખાવા માટેના વ્યક્તિ મુજબના એલ્યુમિનિયમ અને માટીના વાસણો અને ચ્હા પીવા માટેના ચીનાઈ માટીના બે ત્રણ વાસણો હોય છે. સામાન્ય સ્થિતિપાત્રને ત્યાં ઘરોમાં કબાટ, ઘડિયાળ, ઘંટી, સાયકલ, રેડિયો, લાકડાના પલંગ હોય છે. બાકીના ઘરોમાં તો કાથીના ખાટલા, બે ત્રણ ગોદડા જ હોય છે. બધા સાધનોનું તાલુકાવાર પ્રમાણ કેટલું છે તે કોઠા નંબર ૪.૧૨માં બતાવવામાં આવ્યું છે.



કોઠા નંબર : ૪.૧૩ ઘરેણાં અને અન્ય અસ્કયામતો

| ક્રમ | વિગત | મંડળીઓની સંખ્યા | લાભાર્થી કુટુંબોની સંખ્યા | સોનું | ચાંદી | અન્ય ઘરેણાં | રોકડ | બેંક બેલેંસ | અન્ય રોકડ | કુલ | સરેરાશ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧ | ૧૧૯૩૦ | ૪૯૧૩૦ | ૮૭૭૦ | ૬૮૦૦ | ૫૨૬૦ | - | ૮૧૮૯૦ | ૭૩૭.૭૫ |
| ૨ | ધરમપુર | ૧૨ | ૨૩૫ | ૩૬૬૦૦ | ૮૧૩૩૭ | ૧૦૭૩૭ | ૨૭૦૫૦ | ૧૦૦૦ | - | ૨૦૩૨૨૫ | ૮૬૪.૭૯ |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧ | ૩૧૩૦૦ | ૧૯૩૯૦ | ૨૯૧૦ | ૧૦૬૭૫ | ૧૪૮૦૦ | ૧૫૦ | ૭૯૨૨૫ | ૭૮૪.૪૧ |
| ૪ | પારડી | ૨ | ૨૦ | ૧૬૦૦ | ૭૮૫૦ | ૧૭૫૦ | ૨૦૫૦ | ૧૨૨૫ | ૪૦૦ | ૧૪૮૭૫ | ૭૪૩.૭૫ |
| ૫ | ઉમરગામ | ૬ | ૬૦ | ૭૩૫૦ | ૮૫૨૫ | ૩૧૯૦ | ૮૦૦ | ૧૧૦૦ | - | ૨૦૯૬૫ | ૩૪૯.૪૨ |
| ૬ | વલસાડ | ૧ | ૩૦ | ૧૮૦૦ | ૯૩૫૦ | ૨૮૫૦ | ૫૦૦ | ૬૦૦ | - | ૧૫૧૦૦ | ૫૦૩.૩૩ |
| | | ૩૨ | ૫૫૭ | ૯૦૫૮૦ | ૧૭૫૫૮૨ | ૩૦૨૦૭ | ૪૭૮૭૫ | ૨૩૯૮૫ | ૫૫૦ | ૪૧૫૨૮૦ | |

જ્યાં આર્થિક સ્થિતિ નબળી હોય, આવક જાવકનો મેળ જ ન બેસતો હોય ત્યાં ઘરેણાં કે અન્ય અસ્કયામતો ન જ વસાવાય તે સ્વાભાવિક છે, એટલે કુલ મિલકતમાં ઘરેણાં અને અસ્કયામતોનું પ્રમાણ ફક્ત ૧.૨૪ ટકા થાય છે. કોઠા નં.૪.૧૩માં તાલુકાવાર આ મિલકત કેટલી છે તે બતાવવામાં આવી છે. ૫૫૭ કુટુંબોની કુલ મિલકત ૪૧૫૨૮૦ છે જે કુટુંબ દીઠ સરેરાશ મિલકત રૂ. ૭૪૫.૫૬ થાય છે. આમાં સહકારી મંડળીની સભ્ય થવા માટે જે શેર લેવા પડે તે પણ આવી જાય છે. મોટા ભાગના સભાસદો પાસે આ પ્રકારની મિલકત છે જ નહીં ફક્ત જે કુટુંબોની આર્થિક સ્થિતિ સામાન્ય સારી હશે તેવા જ કુટુંબો સોના-ચાંદીના ઘરેણાં પણ વસાવી શક્યા હશે, બાકીના મોટા ભાગના કલાઇ, પ્લાસ્ટીકના કે કાચના ઘરેણાં પહેરીને જ સંતોષ માનતા હોય છે.

કોઇપણ સમાજની કે કુટુંબની આર્થિક સ્થિતિ જાણવા માટે તેની મિલકત સાથે ચાલુ આવક જાવકની પરિસ્થિતિ કેવી છે તે પણ જાણવું જરુરી છે, એ મુજબ સર્વેક્ષણમાં લીધેલ ૫૫૭ કુટુંબોની આવક જાવકની માહીતી તપાસવાનો પ્રયત્ન કરીએ.



કોઠા નંબર : ૪.૧૪ સર્વેક્ષણ હેઠળના કુટુંબોની આવક દર્શાવતો કોઠો

| વિગત | વાંસદા | ધરમપુર | ચીખલી | પારડી | ઉમરગાંવ | વલસાડ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| કુલ કુટુંબ | ૧૧૧ | ૨૩૫ | ૧૦૧ | ૨૦ | ૬૦ | ૩૦ | ૫૫૭ |
| ખેતીની આવક | ૨૬૨૭૦૦ | ૮૩૭૮૯૦ | ૨૧૧૯૦૦ | ૩૫૮૦૦ | ૧૫૩૦૦૦ | ૮૭૦૦૦ | ૧૫૮૮૨૯૦ |
| ખેતીની આવકની ટકાવારી | (૪૧.૨૦) | (૫૩.૨૪) | (૪૩.૧૦) | (૩૧.૨૬) | (૪૪.૬૮) | (૫૦.૪૩) | (૪૭.૯૭) |
| પશુપાલન આવક | ૫૩૭૦૦ | ૧૧૨૩૦૦ | ૫૭૫૦૦ | ૩૯૦૦ | ૯૯૦૦ | ૨૩૫૦૦ | ૨૬૦૮૦૦ |
| પશુપાલન આવક ટકાવારી | (૮.૪૨) | (૬.૧૪) | (૪.૧૦) | (૧૧.૭૧) | (૨.૮૯) | (૧૫.૫૧) | (૭.૮૮) |
| ગૃહઉદ્યોગ આવક | ૧૫૮૦૦ | ૪૦૭૦૦ | ૧૭૧૦૦ | ૨૪૫૦૦ | ~~XX~~૫૦૦ | ~~X~~ ૨૦૦૦ | ૧૦૦૬૦૦ |
| ગૃહઉદ્યોગ આવકની ટકાવારી | (૨.૪૮) | (૨.૫૯) | (૩.૦૮) | (૨૧.૩૬) | (૦.૧૫) | (૧.૩૨) | (૩.૦૪) |

ચાલુ.....

કોઠા નંબર : ૪.૧૪.. ચાલુ...

| વિગત | વાંસદા | ધરમપુર | ચીખલી | પારડી | ઉમરગાંવ | વલસાડ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| નાના ઉદ્યોગનો આવક | ૬૭૦૦૦ | ૮૦૦ | ૧૫૦૦ | ૫૦૦૦ | - | - | ૧૪૦૦૦ |
| નાના ઉદ્યોગનો આવકનો ટકાવારી | (૧.૦૫) | (૦.૦૫) | (૦.૩૦) | (૪.૩૬) | - | - | (૦.૪૨) |
| નોકરીની આવક | ૧૮૪૦૦૦ | ૮૮૫૦૦ | ૮૫૪૦૦ | ૩૬૦૦૦ | ૧૯૨૦૦ | ૩૪૦૦૦ | ૪૪૭૧૦૦ |
| નોકરીની આવકની ટકાવારી | (૨૮.૮૬) | (૫.૬૨) | (૧૭.૩) | (૩૧.૩૯) | (૫.૬૧) | (૨૨.૪૪) | (૧૩.૫૦) |
| મજુરીની આવક | ૮૯૫૦૦ | ૪૭૬૯૦૦ | ૧૦૩૫૦૦ | ૫૫૦૦ | ૧૫૮૩૦૦ | ૫૦૦૦ | ૮૩૮૭૦૦ |
| મજુરીની આવકની ટકાવારી | (૧૪.૦૪) | (૩૦.૩૧) | (૨૧.૦૭) | (૪.૭૯) | (૪૬.૨૩) | ૩.૩૦) | (૨૫.૩૩) |
| અન્ય આવક | ૨૫૨૦૦ | ૧૬૫૦૦ | ૧૪૩૦૦ | ૪૦૦૦ | ૧૫૦૦ | - | ૬૧૫૦૦ |
| અન્ય આવકની ટકાવારી | (૩.૯૫) | (૧.૦૫) | (૨.૯૧) | (૩.૪૯) | (૦.૪૪) | - | (૧.૮૬) |
| કુલ આવક | ૬૩૭૬૦૦ | ૧૫૭૩૫૯૦ | ૪૯૧૨૦૦ | ૧૧૪૭૦૦ | ૩૪૨૪૦૦ | ૧૫૧૫૦૦ | ૩૩૧૦૯૯૦ |
| કુટુંબદીઠ આવક | ૫૭૪૪.૧૪ | ૬૬૬૯.૧૩ | ૪૯૩.૩૬ | ૫૭૩૫ | ૫૭૦૬.૬૭ | ૫૦૫૦ | ૫૯૪૪ |
| કુટુંબદીઠ મા.આવક | ૪૭૮.૬૮ | ૫૫૮.૦૧ | ૪૦૫.૨૮ | ૪૭૭.૯૧ | ૪૭૫.૫૬ | ૪૨૦.૮૩ | |
| સરેરાશ માથાદીઠ આવક | ૭૮.૯૫ | ૯૩.૫૩ | ૭૯.૪૮ | ૮૬.૧૧ | ૯૨.૩૪ | ૭૭.૯૩ | ૮૬.૯૮ |



| ક્રમ | આવકનું સ્તર | વાંસદા | ધરમપુર | ચીખલી | પારડી | ઉમરગાંવ | વલસાડ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| લાભાર્થી | લાભાર્થીની સંખ્યા | ૧૧૧ | ૨૩૫ | ૧૦૧ | ૨૦ | ૬૦ | ૩૦ | ૫૫૭ |
| ૧ | ૦ થી ૨૦૦૦ | ૪ | - | ૧૦ | ૧ | ૨ | ૪ | ૨૧ |
| ૨ | ૨૦૦૧ થી ૩૫૦૦ | ૨૭ | ૩૮ | ૨૩ | ૫ | ૧૭ | ૭ | ૧૧૭ |
| ૩ | ૩૫૦૧ થી ૫૦૦૦ | ૩૯ | ૫૬ | ૧૮ | ૮ | ૨૨ | ૮ | ૧૫૧ |
| ૪ | ૫૦૦૧ થી ૭૦૦૦ | ૧૫ | ૭૩ | ૨૧ | ૧ | ૭ | ૫ | ૧૨૨ |
| ૫ | ૭૦૦૧ થી ૧૦૦૦૦ | ૧૮ | ૩૯ | ૧૬ | ૨ | ૮ | ૪ | ૮૭ |
| ૬ | ૧૦૦૦૦ થી ઉપર | ૮ | ૨૯ | ૧૩ | ૩ | ૪ | ૨ | ૫૯ |
| | કુલ.. | ૧૧૧ | ૨૩૫ | ૧૦૧ | ૨૦ | ૬૦ | ૩૦ | ૫૫૭ |

## આવક :

સર્વેક્ષણ હેઠળના કુટુંબોનો મુખ્ય ધંધો ખેતીનો છે પરંતુ તેઓ ખેતીના ધંધા ઉપરાંત પશુપાલન, નોકરી, મજુરી, ગૃહ ઉદ્યોગ વગેરે ધંધામાં રોકાયેલા માલુમ પડે છે. અગાઉ જણાવ્યુ તે મુજબ તેમનામાંથી ૫૦૧ કુટુંબો પાસે ખેતીની જમીન છે પણ તે પુરતી નથી અને તેમાં પણ ધરમપુર વાંસદા વિસ્તારની કેટલીક જમીન તો અ ઉપજાઉ પણ છે તેથી તેમને ખેતીમાંથી જે આવક થાય છે તે પુરતી ન થવાને કારણે મજુરીએ જવું પડે છે.

આવકનું વિશ્લેષણ કરીએ તો કહી શકાય કે સર્વેક્ષણ હેઠળના સભાસદો મુખ્ય આવક ખેતીમાંથી મેળવે છે, તેની ટકાવારી ૪૭.૯૭ ટકા છે, બીજા નંબરે મજૂરી આવે છે જેમાં ખેતમજૂરી અને છુટક મજૂરી બંનેનો સમાવેશ કરવામાં આવ્યો છે જેની આવક કુલ આવકના ૨૫.૩૩ ટકા છે, ત્રીજા નંબરે નોકરી આવે છે જેની ટકાવારી ૧૩.૫૦ આવે છે. નિગમની લોન પેટે પેટા યોજના દ્વારા દૂધાળા ઢોર આપવામાં આવ્યા છે અને અહીંયા તેના ૨૭૦ કુટુંબો છે છતાં પણ પશુપાલનની આવક ફકત ૭.૮૮ ટકા જ છે, વળી કુટીર ઉદ્યોગ માટેની પણ લોનની સવલત હોવા છતાં તેનો લાભ પણ બહુ ઓછા કુટુંબોએ લીધો છે તેથી ગૃહઉદ્યોગની અને નાના ઉદ્યોગની આવક પણ ઓછી છે. ટૂંકમાં આ વિસ્તારના મોટા ભાગના લોકોનો આર્થિક નિભાવ ખેતી અને મજૂરી પર રહેલો છે. દરેક વિસ્તારની આવક કયા ક્ષેત્રમાંથી કેવી છે તે કોઠા નં.૪.૧૪ પરથી ખ્યાલ આવે છે.

હવે આ જે કુટુંબો છે તેમની કુટુંબદીઠ અને માથાદીઠ આવક કોઠા નંબર ૪.૧૪ના આધારે જોઈએ. કુલ ૫૫૭ કુટુંબની બધા ક્ષેત્ર મળીને કુલ આવક રુ. ૩૩૧૦૯૯૦ છે તેથી કુટુંબદીઠ વાર્ષિક આવક રુ.૫૯૪૪.૩૨ થાય છે જ્યારે માથાદિઠ માસિક આવક રુ.૮૬.૯૮ થાય છે તેમાં વાંસદાની કુટુંબદીઠ વાર્ષિક આવક રુ. ૫૭૪૪.૧૪ છે અને માથાદીઠ માસિક આવક રુ. ૭૮.૯૫ છે. ધરમપુરની કુટુંબદીઠ વાર્ષિક આવક રુ.૬૬૯૬.૧૩ થાય છે અને માથાદિઠ માસિક આવક રુ.૯૩.૫૩ થાય છે, ચીખલીની કુટુંબ દીઠ વાર્ષિક આવક રુ.૪૯૬૩ થાય છે અને માથાદીઠ માસિક આવક રુ.૭૯.૪૮ થાય છે. પારડીની કુટુંબદીઠ વાર્ષિક આવક રુ.૫૭૩૫ છે જ્યારે માથાદીઠ માસિક આવક રુ.૮૬.૧૧ થાય છે. ઉંબરગામમાં કુટુંબદીઠ વાર્ષિક આવક રુ.૫૭૦૬.૬૭ થાય છે જ્યારે માથાદીઠ માસિક આવક રુ.૯૨.૩૪ છે.



વલસાડની કુટુંબદીઠ વાર્ષિક આવક રુ.૫૦૫૦ છે જ્યારે માથાદિઠ માસિક આવક રુ.૭૭.૮૩ છે.

અહીંયા ૧૯૭૬ના ભાવાંક પ્રમાણે કોઈપણ કુટુંબ ગરીબાઈની રેખા નીચે નથી આવતું પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ જોઈએ તો છેલ્લા દાયકામાં જે ભાવનો વધારો થયો છે તેને ધ્યાનમાં રાખીએ તો કદાચ ગરીબાઈ રેખા નીચે આવવા માટેનો ભાવાંક રુ. ૧૦૦ જેટલો થાય અને બધા જ કુટુંબો ગરીબી રેખા નીચે આવી જાય. બીજુ ખ્યાલમાં રાખવા જેવી બાબત એ છે કે નિગમ દ્વારા જે લોન અપાઈ છે તે મોટે ભાગે જમીનવાળાને અપાય છે, તેથી આદિવાસીઓમાં જમીનવાળા કરતાં જમીન વિહોણાની આર્થિક સ્થિતિ નબળી હોય છે અને તે કુટુંબો અહીંયા આવ્યા નથી તેથી પણ આવકનો સ્તર ઊંચો દેખાય છે, ત્રીજી બાબત કે ધરમપુર ઉંબરગામ કે જ્યાં વારલીઓની વસ્તિ છે અને તેમની આર્થિક સ્થિતિ પણ નબળી છે તેવા વિસ્તારમાં પણ માથાદીઠ આવક વધુ આવે છે, એટલે એવું અનુમાન કરી શકાય કે મંડળીઓ દ્વારા નિગમની સહાયનો લાભ જે ખેડૂતોને અપાયો છે તે ખેડૂતો આર્થિક રીતે સધ્ધર હોય, ચોથું કારણ એ કે વલસાડ, ચીખલી જેવા તાલુકાની આજુબાજુ ઔદ્યોગિક તેમજ બીજી અનેક કુશળ તેમજ અકુશળ રોજગારીની તકો પડેલી છે ત્યાં માથાદીઠ આવક બીજા કરતાં પણ ઓછી આવે છે તેનું કારણ એ હોય કે ત્યાં રહેતી આદિવાસી જાતિઓ આજુબાજુના વિસ્તારના વિકાસને કારણે જાગૃત છે અને તેઓ સરકાર પાસેથી વધુ લાભ લેવાની ઈચ્છા રાખતા હોય અને તેથી પણ પોતાની આવક ઓછી જણાવતા હોય અને પરિણામે ધરમપુર, ઉંબરગામ જેવા પછાત તાલુકા કરતાં તેમની આવક ઓછી આવતી હોય. કુટુંબદીઠ જુદા જુદા સાધનોમાંથી થતી આવકનું પ્રમાણ અને વિગત કોઠા નંબર ૪.૧૪ માં આપવામાં આવી છે.

કોઠા નંબર : ૪.૧૫ કુટુંબનું વપરાશી ખર્ચ

| ક્રમ | વિગત | મંડળોની સંખ્યા | લાભાર્થી કુટુંબોની સંખ્યા | અનાજ | કઠોળ | દૂધ અને દહીંની બનાવટો | ઘી ધતેલ | ઇંડા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧ | ૨૧૨૨૦૦ | ૧૧૨૬૦૦ | ૨૧૩૦૦ | ૩૦૮૫૦ | ૪૩૦૦ |
| ૨ | ધરમપુર | ૧૨ | ૨૩૫ | ૬૮૦૦૦૦ | ૨૬૦૪૦૦ | ૭૯૯૮૫ | ૮૬૧૨૫ | ૧૧૬૭૫ |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧ | ૧૭૩૮૫૦ | ૨૭૧૫૦ | ૩૯૯૬૦ | ૩૪૬૫૦ | ૨૭૬૦ |
| ૪ | પારડી | ૨ | ૨૦ | ૫૧૦૦૦ | ૭૭૦૦ | ૨૨૦૦ | ૪૦૦૦ | ૧૪૦૦ |
| ૫ | ઉમરગામ | ૫ | ૬૦ | ૯૧૬૦૦ | ૧૩૩૦૦ | ૧૫૪૦૦ | ૧૯૫૫૦ | ૩૩૫૦ |
| ૬ | વલસાડ | ૧ | ૩૦ | ૭૧૦૦૦ | ૧૦૮૦૦ | ૩૪૦૦ | ૪૦૦૦ | ૧૫૦૦ |
| | | ૩૨ | ૫૫૭ | ૧૨૭૯૬૫૦ | ૩૮૧૯૫૦ | ૧૬૨૨૪૫ | ૧૭૮૬૭૫ | ૨૪૯૮૫ |
| | | | | (૩૪.૮૨) | (૧૦.૩૯) | (૪.૪૨) | (૪.૮૬) | (૦.૬૮) |



કોઠા નંબર : ૪.૧૫.. ચાલુ....

| ક્રમ | વિગત | મંડળોની સંખ્યા | લાભાર્થી કુટુંબોની સંખ્યા | માંસ અને માછલી | કંદમૂળ શાકભાજી | ખાંડ ગોળ | મરી મસાલા | પાન, સોપારી બીડી પરચુરણ ખર્ચ | બળતણ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧ | ૧૧૬૦૦ | ૧૧૯૫૦ | ૩૦૯૦૦ | ૨૬૮૦૦ | ૬૬૫૦ | ૫૪૯૦ |
| ૨ | ધરમપુર | ૧૨ | ૨૩૫ | ૫૦૩૭૫ | ૪૫૦૮૫ | ૬૬૭૧૦ | ૨૬૧૬૦ | ૪૦૭૮૫ | ૪૧૯૨૦ |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧ | ૭૪૫૦ | ૧૬૦૨૫ | ૩૮૬૫૦ | ૧૧૭૫૦ | ૪૪૭૫ | ૧૦૮૮૦ |
| ૪ | પારડી | ૨ | ૨૦ | ૧૫૦૦ | ૧૭૦૦ | ૪૦૦૦ | ૨૫૫૦ | ૩૩૦૦ | ૧૦૦૦ |
| ૫ | ઉમરગામ | ૫ | ૬૦ | ૬૩૫૦ | ૭૪૦૦ | ૧૬૮૨૫ | ૫૬૫૦ | ૨૪૫૦ | ૩૮૦૦ |
| ૬ | વલસાડ | ૧ | ૩૦ | ૨૫૦૦ | ૨૧૫૦ | ૬૦૦૦ | ૪૦૦૦ | ૨૧૫૦ | ૧૩૦૦ |
| | | | | ૭૯૭૭૫ | ૮૪૨૧૦ | ૧૬૩૦૮૫ | ૭૬૯૧૦ | ૫૯૮૧૦ | ૬૪૩૯૦ |
| | | | | (૨.૧૭) | (૨.૨૯) | (૪.૪૪) | (૨.૦૯) | (૧.૬૩) | (૧.૭૫) |

કોઠા નંબર : ૪.૧૫ .. ચાલુ.. કુટુંબનું પરચૂરણ ખર્ચ...

| ક્રમ | વિગત | મંડળોની સંખ્યા | લાભાર્થી કુટુંબોની સંખ્યા | કપડાં | પગરખાં | શૈક્ષણિક ખર્ચ | દાકતરી સારવાર | ભાડું અને કરવેરા | ફર્નીચર |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧ | ૬૧૬૫૦ | ૧૮૨૦૦ | ૨૪૧૦૦ | ૧૭૭૦૦ | ૬૧૬૦ | ૧૪૬૬૦ |
| ૨ | ધરમપુર | ૧૨ | ૨૩૫ | ૨૯૯૦૦૦ | ૨૩૧૫૦ | ૫૬૧૦૦ | ૧૦૬૬૦૦ | ૫૯૮૨ | ૧૨૬૨૦ |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧ | ૪૭૮૭૫ | ૧૦૦૨૫ | ૧૦૯૨૫ | ૧૧૩૭૫ | ૪૦૩૦ | ૯૦૦ |
| ૪ | પારડી | ૨ | ૨૦ | ૧૧૦૦૦ | ૩૨૦૦ | ૫૬૦૦ | ૨૯૦૦ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ૫ | ઉમરગામ | ૫ | ૬૫ | ૨૩૩૫૦ | ૫૬૦૦ | ૧૭૫૦ | ૭૦૨૫ | ૨૯૪૫ | ૧૫૦ |
| ૬ | વલસાડ | ૧ | ૩૦ | ૧૪૧૦૦ | ૪૧૦૦ | ૬૧૦૦ | ૪૦૦૦ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| | | | | ૪૫૬૯૧૫ | ૬૩૭૭૫ | ૧૦૪૫૭ | ૧૪૯૬૦૦ | ૨૧૯૧૭ | ૩૧૮૩૦ |
| | | | | (૧૨.૪૪) | (૧૦.૭૪) | (૨.૮૪) | (૪.૦૭) | (૦.૬૦) | (૦.૮૭) |

ચાલુ....



કોઠા નંબર : ૪.૧૫.. ચાલુ.....

| ક્રમ | વિગત | વાસણો | મોજશોખ મનોરંજન | અન્ય | કુલ | સરેરાશ |
| --- | --- | --- | --- | --- | --- | --- |
| ૧ | વાંસદા | ૧૦૬૦૦ | ૨૧૦૦૦ | ૧૪૧૦૦ | ૬૬૨૭૧૦ | ૮૨.૦૬ |
| ૨ | ધરમપુર | ૧૫૪૬૦ | ૭૧૦૨૦ | ૧૧૯૧૦૦ | ૨૦૪૮૨૫૨ | ૧૩૯.૨૧ |
| ૩ | ચીખલી | ૮૦૦ | ૧૦૯૫૦ | ૪૦૦૦ | ૪૬૮૪૮૦ | ૭૫.૮૧ |
| ૪ | પારડી | ૨૦૦૦ | ૨૯૦૦ | ૮૫૦ | ૧૧૧૩૦૦ | ૮૩.૫૬ |
| ૫ | ઉમરગામ | - | ૮૧૦૦ | - | ૨૩૩૫૯૫ | ૬૩.૦૦ |
| ૬ | વલસાડ | ૩૦૦૦ | ૫૦૦૦ | ૧૩૦૦ | ૧૫૦૨૦૦ | ૭૭.૨૬ |
| | | ૩૧૮૬૦ | ૧૧૮૯૭૦ | ૧૩૯૩૫૦ | ૩૬૭૪૫૩૭ | ૧૦૪.૨૫ |
| | | (૦.૮૨) | (૩.૨૪) | (૩.૭૯) | (૧૦૦.૦૦) | |

કોઠા નંબર : ૪.૧૬ સર્વેક્ષણ હેઠળના કુટુંબો ખર્ચની વિગત દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | વાંસદા | ધરમપુર | ચીખલી | પારડી | ઉમરગાંવ | વલસાડ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કુલ ખર્ચ | ૬૬૨૭૧૦ | ૨૭૪૮૨૫૨ | ૪૬૮૪૮૦ | ૧૧૧૩૦૦ | ૨૩૩૧૯૫ | ૧૫૦૨૦૦ | ૩૬૭૪૫૩૭ |
| ૨ | કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | ૫૯૭૦.૩૬ | ૮૭૧૫.૯૭ | ૪૬૩૮.૪૨ | ૫૫૬૫ | ૩૮૯૩.૨૫ | ૫૦૦૬.૬૭ | ૬૨૩૭.૯૫ |
| ૩ | માથાદિઠ વાર્ષિક ખર્ચ | ૯૮૪.૭૧ | ૧૪૬૦.૯૫ | ૯૦૯.૬૭ | ૧૦૦૨ | ૭૫૫.૯૭ | ૯૨૭.૧૬ | ૧૧૫૮.૪૩ |
| ૪ | માથાદિઠ માસિકખર્ચ | ૮૨.૦૬ | ૧૨૧.૭૫ | ૭૫.૮૦ | ૮૩.૫૬ | ૬૩.૦૦ | ૭૭.૨૬ | ૯૬.૫૪ |
| ૫ | માથાદિઠ માસિક આવક | ૭૮.૯૫ | ૯૩.૫૩ | ૭૯.૪૮ | ૮૬.૧૧ | ૯૨.૩૪ | ૭૭.૯૩ | ૮૬.૯૮ |
| ૬ | માથાદીઠ આવકના ખર્ચ | - ૩.૧૧ | -૨૮.૨૨ | +૩.૬૮ | + ૨.૫૫ | +૨૯.૩૪ | +૦.૬૭ | - ૯.૫૬ |
| | આવક વધુ + | | | | | | | |
| | ખર્ચ વધુ — | | | | | | | |



ખર્ચ :

સર્વેક્ષણ હેઠળના સભાસદ કુટુંબોનો નિર્વાહ ખર્ચ વિગતે કોઠા નંબર ૪.૧૬માં આપવામાં આવ્યો છે, એના ઉપરથી ખ્યાલ આવે છે કે તેમના નિર્વાહ ખર્ચનો મોટો ભાગ ખાધા-ખોરાકી, કપડાં અને જોડા પાછળ થાય છે. જ્યારે શિક્ષણ, આરોગ્ય પાછળ નજીવું ખર્ચ થાય છે. કોઠા નંબર ૪.૧૬ ના આધારે કહી શકાય કે સર્વેક્ષણના કુટુંબોનું કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ રૂ. ૬૨૩૭.૯૫ થાય છે જ્યારે માથાદીઠ વાર્ષિક ખર્ચ રૂ.૧૧૫૮.૪૩ છે અને માથાદિઠ માસિક ખર્ચ રૂ.૯૬.૫૪ છે, તેઓ મોટે ભાગે રોકડમાં ખરીદી કરે છે. ધરમપુર જેવા વિસ્તારમાં બાવટી પ્રથા છે ત્યાં રોકડમાં ખરીદીનું પ્રમાણ ઓછું છે, માથાદીઠ આવક અને માથાદીઠ ખર્ચમાં જોઈએ તો માથાદીઠ આવક કરતાં માથાદીઠ ખર્ચમાં ૯.૫૬ તફાવત પડે છે. ચીખલી, પારડી અને ઉંબરગામ, વલસાડ તાલુકામાં આવક કરતાં ખર્ચ ઓછું છે તેથી ત્યાં બચત થાય પણ કોઠામાં જોતા માલુમ પડે છે કે વાંસદા અને ધરમપુર તાલુકામાં આવક કરતાં ખર્ચ વધી જાય છે તેથી દેવાની સ્થિતિ ખર્ચની દ્રષ્ટિએ પણ ૧૯૭૬ના ભાવાંક પ્રમાણે કોઈ કુટુંબ ગરીબાઈ રેખા નીચે નથી આવતું પણ હાલના ભાવાંક પ્રમાણે તો ધરમપુર સિવાય બધા જ કુટુંબો ગરીબાઈ રેખા નીચે આવે વળી ધરમપુરમાં પણ આવક તો ઓછી છે તેથી ગરીબાઈ રેખા નીચે તો છે જ ધરમપુર વાંસદા વગેરેમાં જે વધુ આવે છે તે માટેના સ્પષ્ટ કારણો જ જે આવકમાં છે તે જ ખર્ચમાં હોઈ શકે, વધુ વિગત કોઠા નંબર ૪.૧૬માં છે.

કોઠા નંબર : ૪.૧૭ રોકડ - બચત

| ક્રમ | વિગત | મંડળીની સંખ્યા | લાભાર્થી કુટુંબોની સંખ્યા | ૧૯૮૦-૮૧ હા | ૧૯૮૦-૮૧ ના | કુલ બચત | સરેરાશ | ૧૯૮૪-૮૫ હા | ૧૯૮૪-૮૫ ના | કુલ બચત | સરેરાશ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧ | ૮ (૭.૨૧) | ૧૦૩ (૯૨.૭૯) | ૪૧૦૦ | ૫૧૨.૫ | ૨૯ (૨૬.૧૩) | ૮૨ (૭૩.૮૭) | ૧૬૦૦૦ | ૬૫૫.૧૭ |
| ૨ | ધરમપુર | ૧૨ | ૨૩૫ | ૮૨ (૩૪.૮૯) | ૧૫૩ (૬૫.૧૧) | ૨૦૫૦૦ | ૨૫૦.૦ | ૬૯ (૨૯.૩૬) | ૧૬૬ (૭૦.૬૪) | ૨૦૫૦૦ | ૨૯૭.૧૦ |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧ | ૧૬ (૧૫.૮૪) | ૮૫ (૮૪.૧૬) | ૮૭૦૦ | ૫૪૩.૭૫ | ૩૪ (૩૩.૬૬) | ૬૭ (૬૬.૩૪) | ૨૪૩૦૦ | ૭૧૪.૭૧ |

ચાલુ...



કોઠા નંબર : ૪.૧૭.. ચાલુ...

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | પારડી | ૨ | ૨૦ | ૪ (૨૦) | ૧૬ (૮૦) | ૧૩૦૦ | ૩૨૫ | ૧૧ (૫૫) | ૯ (૪૫) | ૪૩૦૦ | ૩૯૦.૯૧ |
| ૫ | ઉમરગામ | ૫ | ૬૦ | ૭ (૧૧.૬૭) | ૫૩ (૮૮.૩૩) | ૯૨૦૦ | ૧૩૧૪.૨૯ | ૨૫ (૪૧.૬૭) | ૩૫ (૫૮.૩૩) | ૧૦૦૪૦ | ૪૦૨ |
| ૬ | વલસાડ | ૧ | ૩૦ | ૨ (૬.૬૭) | ૨૮ (૯૩.૩૩) | ૫૦૦ | ૨૫૦ | ૪ (૧૩.૩૩) | ૨૬ (૮૬.૬૭) | ૨૨૦૦ | ૫૫૦ |
| | | ૩૨ | ૫૫૭ | ૧૧૯ | ૪૩૮ | ૪૪૩૦૦ | ૩૭૨.૨૭ | ૧૭૨ | ૩૮૫ | ૮૦૩૪૦ | ૪૬૭.૧૪ |
| | | | | ૨૧.૩૬ | ૭૮.૬૪ | | | ૩૦.૮૮ | ૬૯.૧૨ | | |

બચત :

ઉપર તપાસ્યુ તેમ સર્વેક્ષણના કુટુંબોમાં અગાઉ જણાવ્યું તે મુજબ સર્વેક્ષણના તાલુકાના આસદ કુટુંબોની સરેરાશ આવક કરતાં સરેરાશ ખર્ચ વધી જતુ હોવાથી બચતનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય છતાં સર્વેક્ષણમાં આવેલા કુટુંબોમાં વત્તાઓછા પ્રમાણમાં બચત થાય છે. અહીંયા નિગમ ધ્વારા અપાતી લોનના મૂલ્યાંકનનો અભ્યાસ લીધો હોવાથી ૧૯૮૦-૮૧માં જ્યારે નિગમની કોઈપણ પ્રકારની મદદ ન લીધી હતી ત્યારની બચત અને ૧૯૮૪-૮૫માં નિગમ પાસે મદદ લીધા પછીની બચત જાણવા પ્રયત્ન કર્યો છે એ ઉપરાંત બચતની પણ બે પ્રકારની ગણતરી કરી છે. કેટલીક બચત ઘરેણાં વાસણ અને અન્ય ખરીદીમાં થાય તેને ગણતરીમાં લીધી છે જ્યારે પોસ્ટ કે બેંકમાં રોકડ નાણામાં જે બચત કરી હોય તેને બીજા પ્રકારમાં લીધી છે.

કોઠા નંબર ૪.૧૭ના આધારે સામાન્ય બચત ~~ત~~ તપાસીશું તો ખ્યાલ આવશે કે ૧૯૮૦-૮૧માં સર્વેક્ષણમાં જે ૫૫૭ કુટુંબો લીધાં હતા તેમાં ૧૧૯ કુટુંબો એટલે કે ૨૧.૩૬ ટકા કુટુંબોએ બચત કરી હતી, બચત કરનાર કુટુંબોની કુટુંબદીઠ સરેરાશ બચત રૂ.૩૭૨ હતી જે આજના હિસાબે સામાન્ય જ ગણાય. બચત કરનાર કુટુંબોમાં સંખ્યાની દ્રષ્ટિએ ધરમપુર તાલુકામાં બચત કરનારા વધુ હતા પરંતુ સરેરાશ બચત જોતા જોઈએ તો ઉમરગાવ તાલુકાની કુટુંબદીઠ બચત વધુ હતી અને તે સરેરાશ રૂ.૧૩૧૪ જેટલી હતી.

૧૯૮૦-૮૧ના પ્રમાણમાં ૧૯૮૪-૮૫માં બચત કરનાર કુટુંબો તેમજ સરેરાશ બચત પણ વધવા પામી છે. ૧૯૮૪-૮૫માં કુલ ૧૭૨ એટલે કે ૩૦.૮૮ ટકા કુટુંબોએ બચત કરી હતી જેની સરેરાશ કુટુંબદીઠ બચત રૂ૪૬૭.૧૫ હતી ૧૯૮૦-૮૧ની સરખામણીએ જોઈએ તો ધરમપુરમાં ૧૯૮૪-૮૫માં બચત કરનારાની સંખ્યા ઘટવા પામી હતી પરંતુ તે સિવાયના બીજા તાલુકામાં બચત કરનારાઓની સંખ્યા વધવા પામી હતી તેવી જ રીતે સરેરાશ કુટુંબદીઠ બચતની રકમ જોઈએ તો ૧૯૮૦-૮૧માં ઉમરગાંવમાં સરેરાશ કુટુંબદીઠ બચત જે હતી ત્રીજા ભાગની થઈ ગઈ હતી તે સિવાયના બીજા તાલુકામાં કુટુંબદીઠ સરેરાશ બચતમાં વધારો થવા પામ્યો હતો. દરેક તાલુકામાં કેટલા કુટુંબોએ બચત કરી હતી તેની સંખ્યા અને કુટુંબદીઠ સરેરાશ બચત કેટલી હતી તે કોઠા નં.૪.૧૭માંથી સ્પષ્ટ થાય છે.

હવે આપણે કોઠા નં.૪.૧૮ સર્વેક્ષણમાં લીધેલા કુટુંબોએ પોસ્ટ અને બેંકમાં જે રકમ મુકેલી છે તે બચત ખ્યાલ આવે છે.



કોઠા નંબર : ૪.૧૮ રોકડ - બચત ( પોસ્ટ - બેંક )

| ક્રમ | વિગત | મંડળી ની સંખ્યા | લાભાર્થી કુટુંબોની સંખ્યા | ૧૯૮૦-૮૧ હા | ૧૯૮૦-૮૧ ના | ૧૯૮૦-૮૧ રકમ | ૧૯૮૪-૮૫ હા | ૧૯૮૪-૮૫ ના | ૧૯૮૪-૮૫ રકમ | કુલ બચત ૧૯૮૦-૮૧ | કુલ બચત ૧૯૮૪-૮૫ | સરેરાશ ૧૯૮૦-૮૧ | સરેરાશ ૧૯૮૪-૮૫ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧ | ૨૭ | ૮૪ | ૩૫૦૦ | ૫૧ | ૬૦ | ૧૩૪૭૦ | ૩૫૦૦ | ૧૩૪૭૦ | ૧૨૯.૬૨ | ૨૬૪.૧૨ |
| ૨ | ધરમપુર | ૧૨ | ૨૩૫ | ૧૫ | ૨૨૦ | ૩૬૦૦ | ૧૪ | ૨૨૧ | ૭૨૦૦ | ૩૬૦૦ | ૭૨૦૦ | ૨૪૦ | ૫૧૪.૨૮ |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧ | ૪૧ | ૬૦ | ૬૩૦૦ | ૨૧ | ૮૦ | ૨૭૦૦ | ૬૩૦૦ | ૨૭૦૦ | ૧૫૩.૬૬ | ૧૨૮.૫૭ |
| ૪ | પારડી | ૨ | ૨૦ | ૧ | ૧૯ | ૧૦૦ | ૪ | ૧૬ | ૩૭૦૦ | ૧૦૦ | ૩૭૦૦ | ૧૦૦.૦૦ | ૯૨૫.૦૦ |
| ૫ | ઉમરગામ | ૫ | ૬૦ | ૨૬ | ૩૪ | ૪૮૦૦ | ૪૦ | ૨૦ | ૬૩૦૦ | ૪૮૦૦ | ૬૩૦૦ | ૧૮૪.૬૧ | ૧૫૭.૫૦ |
| ૬ | વલસાડ | ૧ | ૩૦ | ૧ | ૨૯ | ૮૦૦ | ૪ | ૨૬ | ૨૪૦૦ | ૮૦૦ | ૨૪૦૦ | ૮૦૦.૦૦ | ૬૦૦.૦૦ |
| | | ૩૨ | ૫૫૭ | ૧૧૧ | ૪૪૬ | ૧૯૪૦૦ | ૧૩૪ | ૪૨૩ | ૩૫૬૭૦ | ૧૯૪૦૦ | ૩૫૬૭૦ | ૧૭૪.૭૭ | ૨૬૬.૧૯ |
| | | | | (૧૯.૯૩) | (૮૦.૦૭) | | (૨૪.૦૬) | (૭૫.૯૪) | | | | | |

પોસ્ટ અને બેંકમાં મુકેલી બચતને ખ્યાલમાં રાખી વિશ્લેષણ કરીએ તો ખ્યાલ આવશે કે સામાન્ય બચત કરતાં આ બચતનું પ્રમાણ ઓછું છે. અહીંયા પણ ૧૯૮૦-૮૧ કરતાં ૧૯૮૪-૮૫માં બચત કરનારની સંખ્યા અને સરેરાશ બચત બંને વધવા પામ્યા છે.

૧૯૮૦-૮૧માં પોસ્ટ અને બેંકમાં બચત કરનાર કુલ સભાસદ કુટુંબ ૧૧૧ (૧૯.૮૩) હતા કે જે ૧૯૮૪-૮૫માં વધીને ૧૩૪ (૨૪.૦૬) થયા તેવી જ રીતે કુટુંબદીઠ સરેરાશ બચત ૧૯૮૦-૮૧માં ૧૭૪.૭૭ હતી જે ૧૯૮૪-૮૫માં ૨૬૬.૯૪ થઈ આમાં કુટુંબદીઠ સરેરાશ બચતમાં રૂ.૯૨.૧૭ જેટલો વધારો થવા પામ્યો છે. અલબત્ત અત્યારે ત્રણ વર્ષમાં જે ભાવાંક વધ્યો છે તે પ્રમાણમાં વધારે ગણી ન શકાય. આ પ્રકારની બચત કરનારની સંખ્યા ચીખલી, ધરમપુર સિવાય બીજા ચારેય તાલુકામાં ૧૯૮૦-૮૧ કરતાં ૧૯૮૪-૮૫માં વધવા પામી છે અને કુટુંબદીઠ સરેરાશ બચત ચીખલી, ઉમરગાંવ અને વલસાડમાં ઘટવા પામી છે. અલબત્ત બચત કરનાર કુટુંબની સંખ્યા વધવાથી તે અસર વલસાડમાં વર્તાઈ છે, વધુ વિશ્લેષણ કોઠા નંબર ૪.૧૮માં આપવામાં આવ્યું છે.



કોઠા નંબર : ૪.૧૯ દેવું (૧૯૮૦-૮૧ - ૧૯૮૪-૮૫)

| ક્રમ | તાલુકો | મંડળીની સંખ્યા | લાભાર્થી કુટુંબોની સંખ્યા | તાલુકાવાર ૧૯૮૦-૮૧ | તાલુકાવાર ૧૯૮૪-૮૫ | સહકારી મંડળી ૧૯૮૦-૮૧ | સહકારી મંડળી ૧૯૮૪-૮૫ | સગા સંબંધી ૧૯૮૦-૮૧ | સગા સંબંધી ૧૯૮૪-૮૫ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧ ૫૧/૬૦ | ૪૫૦૦ | ૧૫૦૦ | ૭૧૨૫૦ | ૧૭૩૮૫૫ | ૨૦૦૦ | ૨૦૦ |
| ૨ | ધરમપુર | ૧૨ | ૨૩૫ ૯૧/૧૪૪ | - | - | ૭૨૨૮૫ | ૧૪૪૩૦ | ૧૦૦૦ | ૩૫૫૦ |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧ ૫૩/૪૮ | ૪૦૦૦ | ૧૦૦૦ | ૮૬૦૦૦ | ૩૯૦૦૦ | ૫૦૦૦ | ૧૦૦૦૦ |

ચાલુ....

કોઠા નંબર : ૪.૧૯... ચાલુ....

| ક્રમ | વિગત | દુકાનદાર 1980-81 (૧૯૮૦-૮૧) | દુકાનદાર 1984-85 (૧૯૮૪-૮૫) | સરકાર ૧૯૮૦-૮૧ | સરકાર ૧૯૮૪-૮૫ |
|---|---|---|---|---|---|
| ૧ | વાંસદા | ૧૭૦૦૦ | - | ૨૦૦૦ | - |
| ૨ | ધરમપુર | ૧૪૦૦ | - | - | - |
| ૩ | ચીખલી | ૧૭૫ | ૩૨૦૦ | ૫૫૦૦ | ૯૯૩૦૦ |

ચાલુ....



કોઠા નંબર : ૪.૧૯.. ચાલુ...

| ક્રમ | વિગત | મંડળીની સંખ્યા | લાભાર્થી* કુટુંબોની સંખ્યા | શાહુકાર ૧૯૮૦-૮૧ | શાહુકાર ૧૯૮૪-૮૫ | સહકારી મંડળી ૧૯૮૦-૮૧ | સહકારી મંડળી ૧૯૮૪-૮૫ | સગા સંબંધી ૧૯૮૦-૮૧ | સગા સંબંધી ૧૯૮૪-૮૫ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | પારડી | ૨ | ૨૦ | ૧૧૦૦ | - | ૫૦૦૦ | ૬૦૦૦૦ | ૬૦૦ | - |
| | | | ૮/૧૨ | | | | | | |
| ૫ | ઉંમરગામ | ૫ | ૬૦ | ૩૬૦૦ | - | ૮૮૫૦ | ૪૭૮૦ | - | ૫૦૦ |
| | | | ૧૭/૪૩ | | | | | | |
| ૬ | વલસાડ | ૧ | ૩૦ | - | - | ૨૯૦૦૦ | ૫૭૦૦૦ | - | - |
| | | | ૧૩/૧૭ | | | | | | |
| | | ૩૨ | ૫૫૭ | ૧૩૨૦૦ | ૨૫૦૦ | ૨૭૨૩૮૫ | ૩૪૯૭૯૫ | ૯૩૭૦ | ૧૪૨૫૦ |
| | | | ૨૩૩/૩૨૪ | (૩.૮૫) | (૦.૪૩) | (૭૯.૪૩) | (૬૦.૧૬) | (૨.૭૩) | (૨.૪૬) |
| | | | ૪૧.૮૩/ ૫૮.૧૭ | | | | | | |

કોઠા નંબર : ૪.૧૯.. ચાલુ..  દેવું ( ૧૯૮૦-૮૧ - ૧૯૮૪-૮૫ )

| ક્રમ | વિગત | મંડળો ની સંખ્યા | લાભાર્થી કુટુંબોની સંખ્યા | શેઠ ૧૯૮૦-૮૧ | શેઠ ૧૯૮૪-૮૫ | અન્ય ૧૯૮૦-૮૧ | અન્ય ૧૯૮૪-૮૫ | કુલ ૧૯૮૦-૮૧ | કુલ ૧૯૮૪-૮૫ | સરેરાશ ૧૯૮૦-૮૧ | સરેરાશ ૧૯૮૪-૮૫ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧<br>૮૯/૨૨ | ૧૦૦૦ | - | - | - | ૯૭૮૨૦ | ૧૭૫૫૫૫ | ૧૯૧૮.૦૩ | ૧૯૭૨.૫૩ |
| ૨ | ધરમપુર | ૧૩ | ૨૩૫<br>૮૬/૧૪૯ | - | - | - | - | ૭૪૬૮૫ | ૧૭૯૮૦ | ૮૨૦.૭૧ | ૨૦૯.૦૭ |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧<br>૭૯/૨૨ | - | ૧૦૦ | - | - | ૧૦૧૩૭૫ | ૧૫૨૬૦૦ | ૧૯૧૨.૭૪ | ૧૯૩૧.૬૫ |

ચાલુ...

કોઠા નંબર : ૪.૧૯... ચાલુ...

| ક્રમ | વિગત | દુકાનદાર ૧૯૮૦-૮૧ | દુકાનદાર ૧૯૮૪-૮૫ | સરકાર ૧૯૮૦-૮૧ | સરકાર ૧૯૮૪-૮૫ |
|---|---|---|---|---|---|
| ૪ | પારડી | - | - | - | - |
| ૫ | ઉંમરગામ | - | ૫૦૦ | ૧૦૦૦૦ | ૧૦૧૦૦૦ |
| ૬ | વલસાડ | - | - | ૧૦૦૦ | ૬૦૦૦ |
| | | ૧૮૫૭૫ | ૩૭૦૦ | ૧૮૫૦૦ | ૨૦૬૩૦૦ |
| | | (૫.૪૨) | (૦.૬૪) | (૫.૩૯) | (૩૫.૫૫) |

કોઠા નંબર : ૪.૧૯ .. ચાલુ...

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | પારડી | ૨ | ૨૦<br>૧૮/૨ | ૫૦૦ | - | ૮૦૦૦ | - | ૧૫૨૦૦ | ૬૦૦૦૦ | ૧૯૦૦ | 3333.33 |
| ૫ | ઉમરગામ | ૬ | ૬૦<br>૪૪/૧૬ | - | ૩૫૦૦ | - | ૮૦૦ | ૨૨૪૫૦ | ૧૧૧૦૮૦ | ૧૩૨૦.૫૯ | ૨૫૨૪.૫૫ |
| ૬ | વલસાડ | ૧ | ૩૦ | ૧૪૦૦ | - | - | - | ૩૧૪૦૦ | ૬૩૦૦ | ૨૪૧૫.૩૮ | ૩૦૦૦ |
| | | ૩૪ | ૫૫૭<br>૩૩૭/૨૨૦<br>૬૦.૫૦/૩૯.૫૦ | ૨૯૦૦<br>(૦.૮૫) | ૩૬૦૦<br>(૦.૬૨) | ૮૦૦૦<br>(૨.૩૩) | ૮૦૦<br>(૦.૧૪) | ૩૪૨૯૩૦<br>(૧૦૦) | ૫૮૦૨૧૫<br>(૧૦૦) | ૧૪૭૧.૮૦ | ૧૭૨૧.૭૧ |



## દેવું :

દેવાની સ્થિતિ તપાસીએ તો ૧૯૮૦-૮૧માં દેવા કરનાર સભાસદ કુટુંબોની સંખ્યા વધવા પામી છે. ૧૯૮૦-૮૧માં દેવું કરનાર કુલ કુટુંબો ૨૩૩૮૪૧.૮૩ ટકા હતી જયારે ૧૯૮૪-૮૫માં તે વધીને ૩૩૭ (૬૦.૫૦%) થયી આમાં કુલ ૧૦૪ કુટુંબોનું દેવું વધ્યું છે આમ બચત પણ વધવા પામી છે, સાથે સાથે દેવું પણ વધવા પામ્યું છે. આનુ મુખ્ય કારણ એ છે કે ૧૯૮૦-૮૧માં નિગમ ધ્વારા જે લોન અપાતી હતી તે લેનાર ભાગ્યે જ હતી જયારે ૧૯૮૦-૮૧ પછીના ત્રણ વર્ષમાં આ લોન લેનારની સંખ્યા વધવા પામી છે અને તેથી ૧૯૮૦-૮૧માં જે લોકોએ બચત કરી હતી તે કુટુંબો દેવા કરનારમાં આવતા નથી પરંતુ ૧૯૮૪-૮૫માં એક બાજુ વસ્તુના સ્વરુપમાં બચત કરી હોય તો બીજી બાજુ ઉત્પાદન હેતુ માટે પણ દેવું કર્યું હોય તેવા કુટુંબો જોવા મળ્યા છે.

બીજું કે ૧૯૮૦-૮૧ના પ્રમાણમાં ૧૯૮૪-૮૫ના ત્રણ વર્ષના ગાળામાં મોંઘવારી વધવા પામી છે માટે કેટલાક લોકોને જીવન જરુરિયાતની વસ્તુ માટે પણ દેવું કરવું પડયું છે અલબત્ત તે સંખ્યા નહીંવત છે.

૧૯૮૦-૮૧માં ૨૩૩ કુટુંબો દેવાદાર હતા તેનું કુલ દેવું રુ.૩૪૨૯૩૦ હતું જે કુટુંબદીઠ સરેરાશ દેવું રુ.૧૪૭૧.૮૦ થતુ હતું જયારે ૧૯૮૪-૮૫માં દેવાદાર કુટુંબો ૩૩૭ હતા અને તેમનું કુલ દેવું રુ.૫૮૦૨૧૫ હતું જે સરેરાશ કુટુંબદીઠ દેવું રુપિયા ૧૭૨૧.૭૧ હતું આમ ૧૯૮૦-૮૧ના પ્રમાણમાં ૧૯૮૪-૮૫માં સભાસદ દીઠ સરેરાશ દેવાની રકમ ૨૪૯.૮૧ વધવા પામી છે, અલબત્ત છેલ્લા વર્ષોમાં જે ભાવાંક વધ્યો છે તે જોતાં તે વધુ ન કહેવાય ધરમપુર સિવાય બાકીના બીજા તાલુકામાં દેવાની રકમ સરેરાશ કરતાં વધુ છે. આમ ધરમપુર તાલુકો આર્થિક રીતે પછાત ગણાય છે છતાં ત્યાના આદિવાસીઓમાં દેવું કરવા તરફનો વૃત્તિ ઓછી છે એની સાથે સરકારી લાભ લેવા પાછળ પણ ઉદાસિનતા હોય એમ કલ્પી શકાય. કયા તાલુકામાં કોનું કેટલું દેવું થયું છે તેની વિગત કોઠા નંબર ૪.૧૯માં આપવામાં આવી છે.

સાધનવાર દેવાની સ્થિતિ તપાસીએ તો કહી શકાય કે સહકારી દેવાનું પ્રમાણ સવિશેષ છે. ૧૯૮૦-૮૧માં તેની ટકાવારી ૭૯.૪૩ હતી જયારે ૧૯૮૪-૮૫માં તે ~~xxx~~ ૬૦.૧૬ થઈ છે અલબત્ત ૧૯૮૦-૮૧ના પ્રમાણમાં ૧૯૮૪-૮૫માં સહકારી મંડળીનું દેવું ઓછું થયું છે. આ બચત એવું સુચન કરે છે કે સહકારી મંડળીઓ ધ્વારા લોન લેવામાં લોકોની ઉદાસિનતા વધવા પામી છે તેની સામે બીજી બાજુ જોઈએ તો ૧૯૮૦-૮૧માં સરકારી દેવું ૫.૩૯ ટકા હતું તે ૧૯૮૪-૮૫માં વધીને ૩૫.૫૫% થયું છે આમ સરકારી મંડળીઓ ધ્વારા લોન લેવાને બદલે સીધી સરકાર પાસેથી લોન લેવાની વૃત્તિ વધવા પામી છે.

કોઠા નંબર : ૪.૨૦ દેવાની મુદત

| ક્રમ | વિગત | મંડળી ની સંખ્યા | લાભાર્થી કુટંબોની સંખ્યા | ટૂંકી મુદત ૧૯૮૦-૮૧ | ટૂંકી મુદત ૧૯૮૪-૮૫ | મધ્યમ મુદત ૧૯૮૦-૮૧ | મધ્યમ મુદત ૧૯૮૪-૮૫ | લાંબી મુદત ૧૯૮૦-૮૧ | લાંબી મુદત ૧૯૮૪-૮૫ | અનિશ્ચિત મુદત ૧૯૮૦-૮૧ | અનિશ્ચિત મુદત ૧૯૮૪-૮૫ | કુલ ૧૯૮૦-૮૧ | કુલ ૧૯૮૪-૮૫ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧ | ૧૩ | ૫ | ૩૫ | ૮૦ | ૩ | ૪ | - | - | ૫૧ | ૮૯ |
| ૨ | ધરમપુર | ૧૨ | ૨૩૫ | ૧ | ૨ | ૯૦ | ૮૪ | - | - | - | - | ૯૧ | ૮૬ |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧ | - | - | ૫૩ | ૭૭ | - | ૨ | - | - | ૫૩ | ૭૯ |
| ૪ | પારડી | ૨ | ૨૦ | ૫ | - | ૨ | ૧૮ | ૧ | - | - | - | ૮ | ૧૮ |
| ૫ | ઉમરગામ | ૫ | ૬૦ | - | ૧ | ૧૭ | ૪૩ | - | - | - | - | ૧૭ | ૪૪ |
| ૬ | વલસાડ | ૧ | ૩૦ | ૨ | - | ૧૦ | ૨૦ | ૧ | ૧ | - | - | ૧૩ | ૨૧ |
| | | ૩૨ | ૫૫૭ | ૨૧ | ૮ | ૨૦૭ | ૩૨૨ | ૫ | ૭ | - | - | ૨૩૩ | ૩૩૭ |
| | | | | ૯.૦૧ | ૨.૩૭ | ૮૮.૮૪ | ૯૫.૫૫ | ૨.૧૫ | ૨.૦૮ | | | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |



આ સિવાય બીજા બધા દેવાનું પ્રમાણ ઓછું છે. કોઠા નંબર ૪.૧૯ પરથી ખ્યાલ આવી જાય છે. દેવાનું પ્રમાણ ઓછું છે એટલું જ નહીં ધીરે ધીરે ૧૯૮૦-૮૧ કરતાં ૧૯૮૪-૮૫માં સરકાર બધા જ પ્રકારનો દેવાની ટકાવારીમાં ઘટાડો થવા પામ્યો છે અને હવે શાહુકારનું દેવું તો નહીંવત જ બન્યું છે અને તે પણ ૧૯૮૦-૮૪ના પ્રમાણમાં જ ઘણું ઓછું રહયું છે.

મુદતની રીતે તપાસીએ તો કહી શકાય કે મોટા ભાગનું દેવું મધ્યમ મુદતનું છે. ૧૯૮૦-૮૧ માં ૮૮.૮૪ ટકા સભાસદોનું દેવું મધ્યમ મુદતનું હતું તે વધીને ૧૯૮૪-૮૫માં ૯૫.૫૫ ટકાનું થયું, કારણ સહકારી કે સરકારી મંડળી ધ્વારા જે લોન પ્રાપ્ત થાય છે તે બધી મધ્યમ મુદતની હોય છે તેથી મધ્યમ મુદતના દેવાનું પ્રમાણ વધું છે.

ધ્યાન ખેંચે તેવી બાબત એ છે કે ૧૯૮૦-૮૪ના પ્રમાણમાં ટૂંકાગાળાના દેવામાં લગભગ ૭ ટકા જેટલો ઘટાડો થયો છે. આના ઉપરથી એવું તારણ કાઢી શકાય કે હવે ખાધાખોરાકી જેવી બાબતો માટે ટૂંક સમય માટે સગાસબંધી શાહુકાર પાસેથી લેવાતું ધિરાણ લગભગ બંધ થવા પામ્યું છે તેવી જ રીતે લાંબી મુદતના ધિરાણો પણ ઓછા થવા પામ્યા છે. દેવાની સમય મર્યાદાની રીતે તાલુકાવાર સ્થિતિ કોઠા નંબર ૪.૨૦માં આપવામાં આવી છે.

કોઠા નંબર : ૪.૨૧ વ્યાજનો દર

| ક્રમ | વિગત | મંડળીની સંખ્યા | લાભાર્થી કુટુંબોની સંખ્યા | ૪% દરે ૧૯૮૦-૮૧ | ૪% દરે ૧૯૮૪-૮૫ | ૬% દરે ૧૯૮૦-૮૧ | ૬% દરે ૧૯૮૪-૮૫ | ૧૦% દરે ૧૯૮૦-૮૧ | ૧૦% દરે ૧૯૮૪-૮૫ | અનિશ્ચિત દરે ૧૯૮૦-૮૧ | અનિશ્ચિત દરે ૧૯૮૪-૮૫ | વ્યાજ વગર ૧૯૮૦-૮૧ | વ્યાજ વગર ૧૯૮૪-૮૫ | કુલ ૧૯૮૦-૮૧ | કુલ ૧૯૮૪-૮૫ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧ | ૧૯ | ૩૯ | ૧૧ | ૨૬ | ૨૧ | ૨૪ | - | - | - | - | ૫૧ | ૮૯ |
| ૨ | ધરમપુર | ૧૨ | ૨૩૫ | ૬ | ૨૧ | ૬ | ૧૮ | ૭૯ | ૪૭ | - | - | - | - | ૯૧ | ૮૬ |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧ | ૪૦ | ૫૦ | ૧૩ | ૧૩ | - | ૬ | - | - | - | - | ૫૩ | ૬૯ |
| ૪ | પારડી | ૨ | ૨૦ | ૨ | ૭ | ૨ | ૧૧ | ૪ | - | - | - | - | - | ૮ | ~~૪૪~~૧૮ |
| ૫ | ઉમરગામ | ૫ | ૬૦ | ૯ | ૩૬ | - | ૪ | ૮ | ૪ | - | - | - | - | ૧૭ | ૪૪ |
| ૬ | વલસાડ | ૧ | ૩૦ | ૨ | ૧ | ૭ | ૨૦ | ૧ | - | ૧ | - | ૨ | - | ૧૩ | ૨૧ |
| | | ૩૨ | ૫૫૭ | ૭૮ | ૧૬૪ | ૩૯ | ૯૨ | ૧૧૩ | ૮૧ | ૧ | - | ૨ | - | ૨૩૩ | ૩૩૭ |
| | | | | ~~૪૪.૪૪~~ ૩૩.૪૭ | ૪૮.૬૬ | ૧૬.૭૪ | ૨૭.૩૦ | ૪૮.૫૦ | ૨૪.૦૪ | ૦.૪૩૦ | - | ૦.૮૬ | - | ૧૦૦ | ૧૦૦ |



વ્યાજના દરની રીતે વિચાર કરીએ તો મોટા ભાગની લોન વ્યાજે લીધેલી છે. ફક્ત ૧૯૮૦-૮૧માં ૨ સભાસદોની લોન વ્યાજ મુક્ત હતી પરંતુ ફેરફાર થયો હોય તો એ થયો છે કે ૧૯૮૦-૮૧ કરતાં ૧૯૮૪-૮૫માં રાહતદરે લોન આપવાનું પ્રમાણ વધવા પામ્યું છે તેથી ૧૯૮૦-૮૧માં ૪ ટકાના દરે ફક્ત ૩૩.૪૭ ટકા લોન હતી જ્યારે ૧૯૮૪-૮૫માં તે ૪૬.૮૬ ટકા થઈ તેની વિરુધ્ધ ૧૦ટકા જેવા ઉંચા વ્યાજના દરે ૧૯૮૦-૮૧માં ૪૮.૫૦ ટકા સભાસદોની લોન હતી તે ૧૯૮૪-૮૫માં ૨૪.૦૪ ટકા સભાસદોની થઈ આમ ધીરે ધીરે નિગમની લોન સહાય યોજનાના લાભના કારણે ઉંચા વ્યાજની લોનનું પ્રમાણ ઘટવા માંડયુ છે એટલું જ નહીં ઓછા વ્યાજે લોન લેનાર સંખ્યા વધવી માંડી છે એટલે ઉત્પાદન હેતું માટે જે લોન અપાય છે તે વધુ લેવા માંડી છે. તાલુકાવાર કેટલા સભાસદોએ કેટલા ટકાએ લોન લીધી છે તેની માહીતી કોઠા નંબર ૪.૨૧ માં આપવામાં આવી છે.

### કોઠા નંબર : ૪.૨૨    હેતુ - કરવાનો ઉદ્દેશ

| ક્રમ | વિગત | મંડળોની સંખ્યા | લાભાર્થી કુટુંબોની સંખ્યા | ખાધા ખોરાકી ૧૯૮૦-૮૧ | ખાધા ખોરાકી ૧૯૮૪-૮૫ | ઉત્પાદન ૧૯૮૦-૮૧ | ઉત્પાદન ૧૯૮૪-૮૫ | ખેતી ૧૯૮૦-૮૧ | ખેતી ૧૯૮૪-૮૫ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧ | ૮૦૦૦ | ૧૫૦૦ | ૨૨૦૦ | ૧૦૮૦૦ | ૩૮૦૦ | ૫૩૦૦ |
| | | | | (૪૬.૫૧) | (૬.૭૯) | (૧૨.૭૯) | (૪૮.૮૭) | (૨૨.૦૯) | (૨૩.૯૮) |
| ૨ | ધરમપુર | ૧૨ | ૨૩૫ | ૧૪૦૦ | - | ૭૨૨૮૫ | ૧૪૪૩૦ | - | - |
| | | | (૧.૮૭) | | | (૯૬.૭૯ | (૮૦.૨૬) | | |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧ | ૨૯૭૫ | ૨૮૭૫ | ૧૧૫૦૦ | ૮૭૧૦૦ | ૪૩૦૦૦ | ૩૮૫૦૦ |
| | | | | (૪.૮૪) | (૨.૨૨) | (૧૮.૭૧) | (૬૭.૨૭) | (૬૯.૯૪) | (૨૯.૭૪) |

ચાલુ...



### કોઠા નંબર : ૪.૨૨... ચાલુ....

| ક્રમ | વિગત | અન્ય ૧૯૮૦-૮૧ | અન્ય ૧૯૮૪-૮૫ | કુલ ૧૯૮૦-૮૧ | કુલ ૧૯૮૪-૮૫ |
|---|---|---|---|---|---|
| | | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧ | વાંસદા | ૩૨૦૦ | ૪૫૦૦ | ૧૭૨૦૦ | ૨૨૧૦૦ |
| | | (૧૮.૬૭) | (૨૦.૩૬) | (૧૦૦) | (૧૦૦) |
| ૨ | ધરમપુર | ૧૦૦૦ | ૩૫૫૦ | ૭૪૬૮૫ | ૧૭૯૮૦ |
| | | (૧.૩૪) | (૧૯.૭૪) | (૧૦૦) | (૧૦૦) |
| ૩ | ચીખલી | ૪૦૦૦ | ૧૦૦૦ | ૬૧૪૭૫ | ૧૨૯૪૭૫ |
| | | (૬.૫૧) | (૦.૭૭) | (૧૦૦) | |

ચાલુ....

કોઠા નંબર : ૪.૨૨... ચાલુ....

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | પારડી | ૨ | ૨૦ | ૩૯૦૦ | - | ૩૦૦૦ | ૧૭૫૦૦ | ૧૩૦૦ | - |
| | | | | (૪૭.૫૬) | | ( ૩૬.૫૯) | (૧૦૦) | (૧૪.૮૫) | |
| ૫ | ઉમરગામ | ૫ | ૬૦ | - | ૧૦૦૦ | ૨૭૫૦ | ૩૫૮૦૦ | ૧૧૭૫૦ | ૭૮૫૦૦ |
| | | | | | (૦.૮૭) | (૧૪.૦૩) | (૩૧.૦૫) | (૬૮.૦૮) | (૬૮.૦૮) |
| ૬ | વલસાડ | ૧ | ૩૦ | ૩૫૦૦ | ૪૮૦૦ | ૭૦૦૦ | ૨૮૦૦૦ | ૭૫૦૦ | ૧૦૫૦૦ |
| | | | | (૧૯.૪૪) | (૧૦.૩૬) | (૩૮.૮૯) | (૬૦.૪૮) | (૪૧.૬૭) | (૨૨.૬૮) |
| | | ૩૨ | ૫૫૭ | ૧૯૭૭૫ | ૧૦૧૭૫ | ૯૮૭૩૫ | ૧૯૩૬૩૦ | ૬૭૩૫૦ | ૧૩૨૮૦૦ |
| | | | | ૧૦૦.૦૦ | ૨.૯૨ | ૪૯.૯૦ | ૫૫.૫૩ | ૩૪.૦૪ | ૩૮.૦૯ |



કોઠા નંબર : ૪.૨૨... ચાલુ...

| ક્રમ | વિગત | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
|---|---|---|---|---|---|
| ૪ | પારડી | - | - | ૮૨૦૦ | ૧૭૫૦૦ |
| ૫ | ઉમરગામ | ૩૮૦૦ | - | ૧૮૩૦૦ | ૧૧૫૩૦૦ |
| | | (૨૦.૭૬) | | (૧૦૦) | (૧૦૦) |
| ૬ | વલસાડ | - | ૩૦૦૦ | ૧૮૦૦૦ | ૪૬૩૦૦ |
| | | | (૬.૪૮) | (૧૦૦) | (૧૦૦) |
| | | ૧૨૦૦૦ | ૧૨૦૫૦ | ૧૯૭૮૬૦ | ૩૪૮૬૫૫ |
| | | (૬.૦૬) | (૩.૪૬) | (૧૦૦) | |

હવે આ ૧૯૮૦-૮૧ અને ૧૯૮૪-૮૫માં જે લોન લેવામાં આવી હતી તે કયા ઉદ્દેશથી લેવામાં આવી હતી તે કોઈપણ મૂલ્યાંકન માટે મહત્વનો પ્રશ્ન હોઈ શકે અને એ રીતે જોઈએ તો કોઠા નંબર ૪.૨૨ પ્રમાણે કહી શકાય કે મોટા ભાગની લોન ઉત્પાદકીય અને ખેતી માટે લેવામાં આવી છે. ૧૯૮૦-૮૧માં ઉત્પાદકીય અને ખેતી માટે અનુક્રમે ૪૯.૯૦ ટકા અને ૩૪.૦૪ ટકા એટલે કે વધુ મળીને ૮૩.૯૪ ટકા લોન આ હેતુઓ માટે લેવાઈ હતી ફકત ૧૦ ટકા લોન ખાધા ખોરાકી અને ૬.૦૬ ટકા લોન અન્ય બાબતો માટે લેવાઈ હતી. ૧૯૮૪-૮૫માં તો ખાધા ખોરાકી અને અન્ય બાબતો માટે લેવાતી લોનનું પ્રમાણ ૧૯૮૦-૮૧ કરતાં પણ ઘટવા પામ્યું છે. આ બંને બાબતો મળીને ફકત ૬.૩૮ ટકા જ લોન લેવાઈ છે. બાકીની ૯૩.૬૨ % લોન ઉત્પાદકીય અને ખેતીના હેતુ માટે જ લેવાઈ છે અને આ બાબત આદિવાસીના વિકાસનો વિચાર કરતા હોઈએ ત્યારે ઇચ્છવા યોગ્ય પરિસ્થિતિ ગણી શકાય અને હવે આપણે એમ કહી શકીએ કે આદિવાસીઓનું દેવું કરવાનો ઉદ્દેશ્ય મોટેભાગે ઉત્પાદકીય હેતુ માટે રહયો છે.

બીજું નોંધપાત્ર બાબત અહીંયા એ જોવા મળી છે કે ધરમપુર જેવા ગરીબ તાલુકામાં પણ ઉત્પાદકીય હેતુ માટેની લોનની ટકાવારી ઘણી ઉંચી છે જે કોઠા ૪.૨૨ પરથી માલુમ પડે છે. અલબત્ત વરસ ખરાબ પડવાને કારણે અથવા બીજા કારણોસર ૧૯૮૦-૮૧ કરતાં ૧૯૮૪-૮૫માં તેઓનું ઉત્પાદકીય હેતુ માટેની લોનનું પ્રમાણ ઘટવાxxxxxxxx પામ્યું છે.

વાંસદા પારડી અને વલસાડ તાલુકામાં ૧૯૮૦-૮૧ દરમ્યાન ખાધા ખોરાકી પાછળ લોન વધુ વપરાઈ છે એ પણ નોંધપાત્ર બાબત છે કે વલસાડ પારડી જેવા તાલુકામાં આજુબાજુ આવક મેળવવાના સાધનો હોવા છતાં તેમને પુરતી આવક પ્રાપ્ત થઈ નથી એથી તેમને ખાધા ખોરાકી માટે દેવું કરવું પડયું છે, એટલે સંશોધનની દ્રષ્ટિએ એ જાણવા જેવું છે કે ઔદ્યોગિક વસાહતોની નજીક વસેલા આદિવાસી લોકોને જીવન જરૂરીયાત પૂરી પાડવામાં શું મુશ્કેલીઓ પડે છે કારણકે અમારા બીજા સંશોધનો જે થયા છે તેમાં પણ એ ફલિત થાય છે કે ઔદ્યોગિક એકમોની નજીક આવેલા તાલુકાનાં આદિવાસીઓની આર્થિક સ્થિતિ બીજા તાલુકામાં આવેલા આદિવાસીઓના પ્રમાણમાં નબળી દેખાય છે.

તાલુકાવાર કયા હેતુ માટે કેટલું દેવું કર્યું છે તેની વિગત કોઠા નંબર ૪.૨૨ માં વિગતે આપ્યો છે.



કોઠા નંબર : ૪.૨૩ સર્વેક્ષણના કુટુંબોમાં રોજગારોની માહીતી

| ક્રમ | વિગત | મંડળીની સંખ્યા | લાભાર્થી કુટુંબો | કમાનાર પુરુષ | કમાનાર સ્ત્રી | નહીં કમાનાર પુરુષ | નહીં કમાનાર સ્ત્રી | કુલ સંખ્યા પુરુષ | કુલ સંખ્યા સ્ત્રી | કુલ | કુલ કમાનાર | કુલ ન કમાનાર | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧ | ૨૧૫ | ૧૪૩ | ૧૫૦ | ૧૬૫ | ૩૬૫ | ૩૦૮ | ૬૭૩ | ૩૫૮ | ૩૧૫ | ૬૭૩ |
| | | | | | | | | | | | ૫૩.૧૯ | ૪૬.૮૧ | |
| ૨ | ધરમપુર | ૧૨ | ૨૩૫ | ૪૧૨ | ૩૮૩ | ૩૧૭ | ૨૯૦ | ૭૨૯ | ૬૭૩ | ૧૪૦૨ | ૭૯૫ | ૬૦૭ | ૧૪૦૨ |
| | | | | | | | | | | | ૫૬.૭૦ | ૪૩.૩૦ | |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧ | ૧૫૭ | ૮૨ | ૧૩૨ | ૧૪૪ | ૨૮૯ | ૨૨૬ | ૫૧૫ | ૨૩૯ | ૨૭૬ | ૫૧૫ |
| | | | | | | | | | | | ૪૬.૪૧ | ૫૩.૫૯ | |

ચાલુ....

કોઠા નંબર : ૪ૠ ૪.૨૩.. ચાલુ....

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | પારડી | ૨ | ૨૦ | ૩૭ | ૨૩ | ૨૪ | ૨૭ | ૧૬૧ | ૫૦ | ૧૧૧ | ૬૦ | ૫૧ | ૧૧૧ |
| | | | | | | | | | | | ૫૪.૦૫ | ૪૫.૯૫ | |
| ૫ | ઉમરગામ | ૫ | ૬૦ | ૧૨૫ | ૪૨ | ૫૦ | ૯૨ | ૧૭૫ | ૧૩૪ | ૩૦૯ | ૧૬૭ | ૧૪૨ | ૩૦૯ |
| | | | | | | | | | | | ૫૪.૦૫ | ૪૫.૯૫ | |
| ૬ | વલસાડ | ૬ | ૩૦ | ૪૭ | ૪ | ૩૬ | ૭૫ | ૮૩ | ૭૯ | ૧૬૨ | ૫૧ | ૧૧૧ | ૧૬૨ |
| | | | | | | | | | | | ૩૧.૪૮ | ૬૮.૫૨ | |
| | | ૩૨ | ૫૫૭ | ૯૯૩ | ૬૭૭ | ૭૦૯ | ૭૯૩ | ૧૭૦૨ | ૧૪૭૦ | ૩૧૭૨ | ૧૬૭૦ | ૧૫૦૨ | ૩૧૭૨ |
| | | | | ૫૪.૩૪ | ૪૬.૦૫ | ૪૧.૬૬ | ૫૩.૯૫ | ૧૦૦ | ૧૦૦ | | ૫૨.૬૫ | ૪૭.૩૫ | |



# પ્રકરણ – ૫

## વ્યવસાય અને રોજગારી

નિગમ ધ્વારા રાહત દરે [illegible] લાભ અપાય છે તેમાં ખાસ ઉદ્દેશ તેમની આવક છે તેમને પૂરતો વ્યવસાય અને રોજગારી પ્રાપ્ત થાય છે એટલે આ પ્રકરણમાં નિગમ ધ્વારા લાભ અપાય છે તે વહેલા અને પછીના ત્રણ વર્ષોમાં તેમના વ્યવસાયૠય અને રોજગારીમાં તફાવત પડયો છે કે નહીં તેનો તુલનાત્મક અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યો છે.

કોઠા નંબર ૪.૨૩ માં બતાવ્યા મુજબ સર્વેક્ષણમાં ૫૫૭ સભારાદ કુટુંબોમાંના ૩૧૭૨ વ્યક્તિઓમાં કામ કરનારની સંખ્યા ૧૬૭૦ (૫૨.૬૫ ટકા) છે તેમાં ૯૯૩ પુરુષો અને ૬૭૭ સ્ત્રીઓનો સમાવેશ થયેલો છે. તાલુકાવાર કામ કરનાર અને કામ ન કરનાર પુરુષ સ્ત્રી અંગેની વિગતવાર માહીતી કોઠા નંબર ૪.૨૩માં આપવામાં આવી છે.

કોઠા નંબર ૪.૨૩માં કામ કરનાર અને ૠકામ ન કરનારની માહીતી ૧૯૮૫માં જુલાઇ ઓગષ્ટમાં જયારે સર્વેક્ષણ કર્યું હતું ત્યારે મેળવી હતી પરંતુ ત્યારે ૧૯૮૦–૮૧ અને ૧૯૮૪–૮૫ના વર્ષોમાં કયા કયા મુખ્ય વ્યવસાયમાં કેટલા સ્ત્રી પુરુષો રોકાયેલા છે તે માહીતી મેળવી હતી કે જેના કારણે ખ્યાલ આવે કે નિગમ ધ્વારા જે સહાય મળી છે તેનાથી તેમના વ્યવસાયમાં પરિવર્તન આવ્યું છે ? તેમનામાંથી વ્યવસાય કરનારની સંખ્યા વધી છે ? અને તે રીતે અહીંયા ૧૯૮૦–૮૧ અને ૧૯૮૪–૮૫ દરમ્યાન મુખ્ય વ્યવસાયમાં કયા માણસો રોકાયેલા હતા તેઓની રોજગારીના દિવસો કેટલા હતા તે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. અહીં એ સ્પષ્ટતા કરતી અહીંયા જે કામ કરનારની સંખ્યા આપી છે તેના કરતાં ૧૯૮૪–૮૫માં સંખ્યા ઓછી આવે છે એના કારણમાં પ્રથમ તો ઉપર જણાવ્યું તે મુજબ આ સર્વેક્ષણ થયું ત્યારે જુલાઈ ઓગષ્ટ માસ હતો તેથી જે લોકો બહારગામ કામે જતા હતા તેઓને સ્થાનિક કામ મળી રહેતું હતું તેથી તેઓની રોજગારીની ગણતરીમાં આવી ગયા હતા જયારે ૧૯૮૪–૮૫માં તેની ગણતરી કદાચ કુટુંબના કામ કરનારની સંખ્યામાં ન કરી હોય, બીજું કે છ માસના ગાળામાં નિગમની જે સહાય મળી હોય તેના પરિણામ સ્વરુપ પણ કેટલાકને રોજગારીની તક મળી હોય અને તેથી પણ કામાનારની સંખ્યા વધવા પામી હોય. હવે આપણે

૧૯૮૦-૮૧માં અને ૧૯૮૪-૮૫માં વ્યવસાયમાં કેટલી સ્ત્રી પુરુષો કામ કરતા હતા તેનું વિશ્લેષણ કરીએ.

વાંસદા પેટા યોજના દ્વારા જે ૬ તાલુકામાં નિગમ દ્વારા લોન અપાઈ છે તેમાં ૧૯૮૦-૮૧ અને ૧૯૮૪-૮૫ બંને વર્ષોમાં મુખ્ય વ્યવસાય ખેતી જ રહયો છે.

પ્રથમ આપણે કોઠા નંબર ૫:૧ ના આધારે ૧૯૮૦-૮૧નું તારણ કાઢીએ તો જાણવા મળે છે કે ૧૯૮૦-૮૧માં ૭૭.૦૭ ટકા લોકો ખેતીમાં રોકાયેલા હતા ત્યાર પછી બીજો વ્યવસાય મજૂરીનો છે તેમાં ૧૭.૧૮ ટકા લોકો રોકાયેલા છે. ત્રીજા નંબરે નોકરી આવે છે જેમાં ૬૫ એટલે કે ૪.૩૦ ટકા લોકો રોકાયેલા છે જયારે પશુપાલન અને અન્ય વ્યવસાયમાં અનુક્રમે ૯ અને ૧૩ વ્યકિતઓ જ રોકાયેલો છે.



કોઠા નંબર : ૫.૧ આવક ૧૯૮૦-૮૧ ( મુખ્ય વ્યવસાય )

| ક્રમ | વિગત | મંડળોની સંખ્યા | લાભાર્થી કુટુંબોની સંખ્યા | ખેતી પુરુષો | ખેતી સ્ત્રી | નોકરી પુરુષો | નોકરી સ્ત્રી | મજૂરી પુરુષો | મજૂરી સ્ત્રી | પશુપાલન પુરુષો | પશુપાલન સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧ | ૧૩૨ | ૪૬ | ૨૬ | - | ૧૮ | ૪ | - | ૨ |
| ૨ | ધરમપુર | ૧૨ | ૨૩૫ | ૩૫૨ | ૩૩૭ | ૬ | - | ૬૪ | ૭૭ | ૧ | - |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧ | ૮૧ | ૨૪ | ૧૯ | - | ૫૨ | ૩૨ | - | ૨ |
| ૪ | પારડી | ૨ | ૨૦ | ૧૭ | ૩ | ૭ | - | ૨ | ૧ | ૧ | ૨ |
| ૫ | ઉમરગામ | ૫ | ૬૦ | ૧૦૯ | ૨૭ | ૨ | ૧ | ૭ | ૨ | - | - |
| ૬ | વલસાડ | ૧ | ૩૦ | ૩૬ | ૨ | ૪ | - | ૧ | - | ૧ | - |
| | | ૩૨ | ૫૫૭ | ૭૨૭ | ૪૩૯ | ૬૪ | ૧ | ૧૪૪ | ૧૧૬ | ૩ | ૬ |
| | | | | ૭૬.૬૧ | ૭૭.૮૪ | ૬.૭૪ | ૦.૧૦ | ૧૫.૧૭ | ૨૦.૫૭ | ૦.૩૨ | ૧.૦૬ |
| | | | | ૧૧૬૬ | | ૬૫ | | ૨૬૦ | | ૯ | |
| | | | | (૭૭.૦૭) | | (૪.૩૦) | | (૧૭.૧૮) | | (૦.૫૯) | |

ચાલુ....

કોઠા નંબર ૫.૧ ચાલુ...

| ક્રમ | વિગત | ગૃહઉદ્યોગ પુરુષ | ગૃહઉદ્યોગ સ્ત્રી | અન્ય પુરુષ | અન્ય સ્ત્રી | કુલ પુરુષ | કુલ સ્ત્રી | સરેરાશ પુરુષ | કુલ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૧ | વાંસદા | - | - | - | ૨ | ૧૭૬ | ૫૪ | | ૨૩૦ |
| ૨ | ધરમપુર | - | - | ૭ | - | ૪૩૦ | ૪૧૪ | | ૮૪૪ |
| ૩ | ચીખલી | - | - | ૨ | - | ૧૫૪ | ૫૮ | | ૨૧૨ |
| ૪ | પારડી | - | - | ૧ | - | ૨૮ | ૬ | | ૩૪ |
| ૫ | ઉમરગામ | - | - | ૧ | - | ૧૧૯ | ૩૦ | | ૧૪૯ |
| ૬ | વલસાડ | - | - | - | - | ૪૨ | ૨ | | ૪૪ |
| | | - | - | ૧૧ | ૨ | ૯૪૯ | ૫૬૪ | | ૧૫૧૩ |
| | | | | ૧.૧૬ | ૦.૩૫ | ૬૨.૭૨ | ૩૭.૨૮ | | |
| | | | | ૧૩ | | | | | |
| | | | | ૦.૮૬ | | | | | |



કોઠા નંબર : ૫.૨ આવક ( મુખ્ય વ્યવસાય ) ૧૯૮૪-૮૫

| ક્રમ | વિગત | મંડળીની સંખ્યા | લાભાર્થી કુટુંબોની સંખ્યા | ખેતી પુ | ખેતી સ્ત્રી | નોકરી પુ | નોકરી સ્ત્રી | મજુરી પુ | મજુરી સ્ત્રી | પશુપાલન પુ | પશુપાલન સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧ | ૧૪૭ | ૪૬ | ૪૧ | - | ૧૫ | ૨ | ૧ | ૩ |
| ૨ | ધરમપુર | ૧૨ | ૨૩૫ | ૩૫૧ | ૩૬૯ | ૧૩ | ૧ | ૬૨ | ૬૦ | - | ૧ |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧ | ૮૨ | ૨૩ | ૨૩ | ૧ | ૫૨ | ૩૮ | - | ૪ |
| ૪ | પારડી | ૨ | ૨૦ | ૧૯ | ૧ | ૧૨ | ૧ | ૨ | - | - | - |
| ૫ | ઉમરગામ | ૫ | ૬૦ | ૧૧૧ | ૨૬ | ૫ | - | ૫ | ૧ | - | - |
| ૬ | વલસાડ | ૧ | ૩૦ | ૩૬ | ૫ | ૬ | - | ૧ | - | - | ૧ |
| | | ૩૨ | ૫૫૭ | ૭૪૬ | ૪૬૮ | ૧૦૦ | ૩ | ૧૩૭ | ૧૦૧ | ૧ | ૯ |
| | | | | ૭૩.૬૪ | | ૯.૮૭ | | ૧૩.૫૨ | | ૦.૧૦ | |
| | | | | ૧૨૧૪ | | ૧૦૩ | | ૨૩૮ | | ૧૦ | |
| | | | | ૬૬.૭૬ | | ૬.૪૫ | | ૧૪.૯૧ | | ૦.૬૨ | |

ચાલુ...

※

કોઠા નંબર : ૫.૨.. ચાલુ...

| ક્રમ | વિગત | ગૃહઉદ્યોગ | | અન્ય | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી |
| | | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ૧ | વાંસદા | ૫ | - | - | - | ૨૦૯ | ૫૧ |
| ૨ | ધરમપુર | - | - | ૧૮ | - | ૪૪૪ | ૪૩૧ |
| ૩ | ચીખલી | - | - | ૩ | - | ૧૬૦ | ૬૪ |
| ૪ | પારડી | ૩ | ૨ | - | - | ૩૬ | ૪ |
| ૫ | ઉમરગામ | - | - | - | - | ૧૨૧ | ૨૭ |
| ૬ | વલસાડ | - | - | - | - | ૪૩ | ૬ |
| | | ૮ | ૨ | ૨૧ | - | ૧૦૧૩ | ૫૮૩ |
| | | ૦.૭૯ | | ૨.૦૭ | | ૬૩.૪૧ | ૩૬.૫૩ |
| | | ૧૦ | | ૨૧ | | ૧૫૯૬ | |
| | | ૦.૬૩ | | ૧.૩૨ | | ૧૦૦ | |



અહીંયા એ જોઈ શકાય છે કે ગૃહઉદ્યોગને કોઈપણ વ્યક્તિએ મુખ્ય વ્યવસાય તરીકે સ્વીકાર્યા નથી. આમ ૧૯૮૦-૮૧માં ગૃહ ઉદ્યોગ તરફનું આદિવાસીઓનું વલણ જોવા મળ્યું નથી. ૧૯૮૦-૮૧માં કેવળ પશુપાલન સિવાય બધા જ વ્યવસાયમાં પુરુષોના પ્રમાણમાં સ્ત્રીઓની સંખ્યા ઓછી હતી અને તેમાં નોકરીમાં તો કુલ કામકાજના ૫૬૪ સ્ત્રીઓમાંથી ફક્ત ૧ જ સ્ત્રી હતી, આમ મોટે ભાગે સ્ત્રીઓ ખેતીમાં અને મજુરીમાં જ રોકાયેલી છે. ૧૯૮૦-૮૧ તાલુકાવાર કયા વ્યવસાયમાં કેટલા સ્ત્રી પુરુષો છે તેની વિગતવાર માહીતી કોઠા નંબર ૪.૨૪માં છે.

દેખીતી રીતે તો ૧૯૮૪-૮૫માં પણ ૧૯૮૦-૮૧ જેવી જ પરિસ્થિતિ છે. અલબત ૧૯૮૦-૮૧ કરતાં કામ કરનારની સંખ્યા વધવા પામી છે અને સાથે સાથે ખેતી અને મજુરીમાં જે કામ કરતા હતા તેની ટકાવારી થોડીક ઘટવા પામી છે અને તેની સામે નોકરી ગૃહઉદ્યોગ અને અન્ય વ્યવસાયનો ટકાવારી વધવા પામી છે. કોઠા નંબર ૪.૨૫માં જોઈ શકાય છે કે ૧૯૮૦-૮૧માં કુલ કામ કરનાર ૧૫૧૩ હતા તેની બદલે ૧૯૮૪-૮૫માં ૧૫૯૬ થયા છે આમ ત્રણ વર્ષના ગાળામાં કુલ ૮૩ વ્યક્તિ વધુ કામ કરતી થઈ છે. કુલ કામ કરનારની દૃષ્ટિએ ખેતીમાં કામ કરનારની ટકાવારી ૭૩.૬૪ થઈ છે જે ૧૯૮૦-૮૧ કરતાં લગભગ ૩ ટકા જેટલી ઓછી છે અને તેમાં પણ પુરુષોની દૃષ્ટિએ તો લગભગ ૩ ટકા જેટલી ટકાવારી ઘટી છે પરંતુ સંખ્યાની દૃષ્ટિએ જોઈએ તો ખેતીમાં કામ કરનાર ઘટયા નથી અલબત વધ્યા છે અને તે વધવાની સંખ્યા ૪૮ની છે તેમાં ૧૯ પુરુષો અને ૨૯ સ્ત્રીઓ વધવા પામી છે. તેવી જ રીતે મજૂરોને જોઈએ તો ૧૯૮૦-૮૧ના પ્રમાણમાં ૧૯૮૪-૮૫માં સંખ્યા અને ટકાવારી બંનેની દૃષ્ટિએ ઘટવા પામી છે અને તે લગભગ ૨.૨૭ ટકા જેટલી ઘટવા પામી છે. આમ નિગમો રાહત દરે લોન આપવા માંડી પછી મજુરીમાં જે ઘટાડો થયો છે તે નોંધપાત્ર બાબત ગણી શકાય.

૧૯૮૦-૮૧ના પ્રમાણમાં ૧૯૮૪-૮૫માં નોકરીમાં સારો એવો વધારો નોંધાયો છે. ૧૯૮૦-૮૧માં નોકરી કરનાર ફક્ત ૬૫ વ્યક્તિ હતી તેને બદલે ૧૯૮૪-૮૫માં ૧૦૩ થઈ. આમ ૩૮નો વધારો થયો પરંતુ નોંધપાત્ર બાબત એ છે કે ત્રણ વર્ષોમાં દુધાળા ઢોરની સંખ્યા સારા એવા પ્રમાણમાં આપવામાં આવી છતાં પણ ૧૯૮૦-૮૧ના પ્રમાણમાં મુખ્ય વ્યવસાય તરીકે પશુપાલનની સંખ્યામાં ઓછો જ વધારો નોંધાયો છે. અહીંયા કહેવાનો આશય એ છે કે આ લોકોની સ્થિતિમાં પશુપાલન મુખ્ય વ્યવસાય તરીકે સ્થાન પામી શક્યું નથી એટલે કે બે-ત્રણ પશુ હોય અને બીજા લોનથી લઈ પગભર થઈ શકાય પરંતુ એ વૃત્તિ હજુ કેળવાઈ નથી અલબત પુરુષ સ્ત્રીના વ્યવસાયને અલગ તપાસીએ તો પુરુષોમાં મુખ્ય

વ્યવસાય તરીકે પશુપાલન કરનારમાં ૨ નો ઘટાડો થયો છે જ્યારે સ્ત્રીઓમાં ૩ નો વધારો થયો છે. આમ દૂધાળા ઢોર આપવાથી મુખ્ય વ્યવસાય પશુપાલનમાં ફેર પડયો નથી પરંતુ ગૌણ વ્યવસાયમાં ફેર પડયો છે તે આપણે ગૌણ વ્યવસાયની ચર્ચામાં જોઈશું.

૧૯૮૦-૮૧ના કરતાં ૧૯૮૪-૮૫માં મહત્વની બાબત હોય તો એ છે કે ૧૯૮૪-૮૫માં ગૃહઉદ્યોગોને મુખ્ય વ્યવસાય તરીકે સ્થાન મળ્યું છે અને તે સંખ્યા ઠીક કહેવાય. આ વ્યવસાયમાં ૭ પુરુષો અને ૩ સ્ત્રીઓ રોકાયેલા છે. વળી ધ્યાન ખેંચે તેવી બાબત એ છે કે વાંસદા અને પારડી કે જયાં છેલ્લા ત્રણ વર્ષોમાં કુટીર ઉદ્યોગ માટેની લોન અપાઈ છે ત્યાં જ આ વ્યવસાય મુખ્ય વ્યવસાય તરીકે સ્વીકાર્ય બન્યો છે અને તે બાબત નિગમને માટે દિશાસૂચન સમાન છે કે કુટિર ઉદ્યોગમાં લોન આપવાને કારણે ૧૦ વ્યકિતઓને રોજગારીની તક પૂરી પાડી છે. આમ પશુપાલનના પ્રમાણ કુટીર ઉદ્યોગ મુખ્ય વ્યવસાય તરીકે રોજગારી પુરી પાડવામાં ઉપયોગી નીવડયો છે એવું તારણ અહીં તો કાઢી શકાય પરંતુ અગાઉ જણાવ્યું તે મુજબ ગૌણ વ્યવસાય તરીકે પશુપાલનનું મહત્વ સ્વીકારાયેલું છે જ. તાલુકાવાર કયા વ્યવસાયમાં કેટલા સ્ત્રી પુરુષો રોકાયેલા છે તેની માહીતી કોઠા નંબર ૪.૨૪ અને ૪.૨૫ માંથી વિગતે મળી રહેશે.

વાંસદા પેટા યોજનામાં આવેલા તાલુકાઓમાં ઉપર જણાવ્યા તે મુજબના મુખ્ય વ્યવસાયો છે અને તેમાંથી આદિવાસી કુટુંબો પોતાના જીવન નિર્વાહ માટેની આવક ઉભી કરે છે પરંતુ સર્વેક્ષણ અને ક્ષેત્રકાર્ય દરમ્યાન એ જાણવા અને જોવા મળ્યું કે ઉપરોકત વ્યવસાયમાંથી કુટુંબોને આવક પ્રાપ્ત થાય છે તે અપૂરતી છે તેથી પૂરક આવક મેળવવા માટે મોટા ભાગના લોકોએ ગૌણ ધંધાનો આશ્રય લીધો છે કેટલાક લોકોની તો મુખ્ય ધંધા કરતાં ગૌણ ધંધાનો આવક વધી જાય છે. હવે આપણે કોઠા નંબર ૪.૨૬ અને ૪.૨૭ ધ્વારા ગૌણ ધંધાનું ટૂંકમાં વિશ્લેષણ કરીએ.



કોઠા નંબર : ૫.૩ આવક ( ગૌણ વ્યવસાય ) ૧૯૮૦-૮૧

| ક્રમ | વિગત | મંડળી ની સંખ્યા | લાભાર્થી કુટુંબોની સંખ્યા | ખેતી પુ | ખેતી સ્ત્રી | નોકરી પુ | નોકરી સ્ત્રી | મજૂરી પુ | મજૂરી સ્ત્રી | પશુપાલન પુ | પશુપાલન સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧ | ૫૫ | ૩૦ | ૨ | ૧ | ૪૦ | ૬ | ૧૫ | ૨૭ |
| ૨ | ધરમપુર | ૧૨ | ૨૩૫ | - | - | ૧ | - | ૩૦૬ | ૨૮૦ | ૬ | ૨ |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧ | ૧ | - | ૨ | - | ૨૮ | ૨૮ | * | - |
| ૪ | પારડી | ૨ | ૨૦ | ૧ | - | ૨ | - | ૭ | - | - | - |
| ૫ | ઉમરગામ | ૫ | ૬૦ | - | - | - | - | ૩૪ | ૧૭ | - | - |
| ૬ | વલસાડ | ૧ | ૩૦ | - | - | - | - | ૧૪ | - | ૭ | ૧૦ |
| | | ૩૨ | ૫૫૭ | ૫૮ | ૩૦ | ૭ | ૧ | ૪૨૯ | ૩૩૧ | ૨૪ | ૪૩ |
| | | | | ૧૧.૦૫ | ૭.૩૫ | ૧.૩૩ | ૦.૨૪ | ૮૧.૭૨ | ૮૧.૧૩ | ૪.૫૬ | ૧૦,૫૪ |
| | | | | ૮૮ | | ૮ | | ૭૬૦ | | ૬૭ | |
| | | | | ૯.૪૩ | | ૦.૮૬ | | ૮૧.૪૬ | | ૭.૧૮ | |

ચાલુ ...

કોઠો નંબર : ૫.૩ આવક-ગારિ વ્યવસાય (૧૯૮૪-૮૫)

| ક્રમ | વિગત | મંડળીની સંખ્યા | લાભાર્થી કુટુંબોની સંખ્યા | ખેતી પુ | ખેતી સ્ત્રી | નોકરી પુ | નોકરી સ્ત્રી | મજૂરી પુ | મજૂરી સ્ત્રી | પશુપાલન પુ | પશુપાલન સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧ | ૨૯ | ૨૪ | ૨ | ૧ | ૬૨ | ૫ | ૩૮ | ૪૦ |
| ૨ | ધરમપુર | ૧૨ | ૨૩૫ | - | - | ૨ | - | ૩૦૮ | ૩૨૩ | - | - |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧ | ૨ | - | - | - | ૨૪ | ૨૪ | - | - |
| ૪ | પારડી | ૨ | ૨૦ | ૧ | - | - | - | ૮ | ૧ | ૧ | ૧૦ |
| ૫ | ઉમરગામ | ૫ | ૬૦ | ૧ | - | ૧ | - | ૩૫ | ૧૭ | - | - |
| ૬ | વલસાડ | ૧ | ૩૦ | - | - | - | - | ૫ | ૨ | ૨૭ | ૩૪ |
| | | ૩૨ | ૫૫૭ | ૩૩ | ૨૪ | ૫ | ૧ | ૪૪૨ | ૩૭૨ | ૬૬ | ૮૪ |
| | | | | ૫.૮૩ | ૪.૮૭ | ૦.૮૮ | ૦.૨૦ | ૭૮.૦૯ | ૭૫.૪૬ | ૧૧.૬૬ | ૧૭.૦૪ |
| | | | | ૫૭ | | ૬ | | ૮૧૪ | | ૧૫૦ | |
| | | | | ૫.૩૮ | | ૦.૫૭ | | ૭૬.૮૭ | | ૧૪.૧૬ | |



કોઠો નંબર : ૫.૩ ચાલુ....

| ક્રમ | વિગત | ગૃહઉદ્યોગ પુ | ગૃહઉદ્યોગ સ્ત્રી | અન્ય પુ | અન્ય સ્ત્રી | કુલ પુ | કુલ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|
| | | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ૧ | વાંસદા | ૧ | ૨ | - | - | ૧૧૩ | ૬૬ |
| ૨ | ધરમપુર | ૨ | - | - | - | ૩૧૧ | ૨૮૬ |
| ૩ | ચીખલી | - | - | - | - | ૩૧ | ૨૮ |
| ૪ | પારડી | ૩ | ૧ | - | - | ૧૩ | ૧ |
| ૫ | ઉમરગામ | - | - | - | - | ૩૪ | ૧૭ |
| ૬ | વલસાડ | ૧ | - | - | - | ૨૩ | ૧૦ |
| | | ૭ | ૩ | - | - | ૫૨૫ | ૪૦૮ |
| | | ૧.૩૩ | ૦.૭૪ | | | ૫૬.૨૭ | ૪૩.૭૩ |
| | | ૧૦ | | | | | ૯૩૩ |
| | | ૧.૦૭ | | | | | |

કોઠા નંબર : ૫.૩ ચાલુ....

| ક્રમ | વિગત | ગૃહઉદ્યોગ પુ | ગૃહઉદ્યોગ સ્ત્રી | અન્ય પુ | અન્ય સ્ત્રી | ગૌણવ્યવસાય નહીં કરનાર પુ | ગૌણવ્યવસાય નહીં કરનાર સ્ત્રી | કુલ પુ | કુલ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૧ | વાંસદા | ૪ | ૪ | - | - | - | - | ૧૩૫ | ૭૪ |
| ૨ | ધરમપુર | ૪ | - | ૭ | ૭ | - | - | ૩૨૧ | ૩૩૦ |
| ૩ | ચીખલી | - | - | - | - | - | - | ૨૬ | ૨૪ |
| ૪ | પારડી | ૫ | ૧ | - | - | - | - | ૧૫ | ૧૨ |
| ૫ | ઉમરગામ | - | - | - | - | - | - | ૩૭ | ૧૭ |
| ૬ | વલસાડ | - | - | - | - | - | - | ૩૨ | ૩૬ |
| | | ૧૩ | ૫ | ૭ | ૭ | - | - | ૫૫૬ | ૪૯૩ |
| | | ૨.૩૦ | ૧.૦૧ | ૧.૨૪ | ૧.૪૨ | | | ૫૩.૪૯ | ૪૬.૫૫ |
| | | ૧૮ | | ૧૪ | | | | ૧૦૫૯ | |
| | | ૧.૭૦ | | ૧.૩૨ | | | | | |



૧૯૮૦-૮૧ના પ્રમાણમાં ૧૯૮૪-૮૫માં ગૌણ વ્યવસાય કરનારની સંખ્યામાં વધારો નોંધાયો છે ૧૯૮૦-૮૧માં કુલ ગૌણ વ્યવસાય કરનાર ૯૩૩ વ્યક્તિઓ હતી જેમાં ૫૨૫ પુરુષો અને ૪૦૮ સ્ત્રીઓ હતી. ૧૯૮૪-૮૫માં ગૌણ વ્યવસાય કરનાર કુલ ૧૦૫૯ વ્યક્તિઓ હતી જેમાં ૫૬૬ પુરુષો અને ૪૯૩ સ્ત્રીઓ હતી આમ ૧૯૮૦-૮૧ના પ્રમાણમાં ૧૯૮૪-૮૫માં ગૌણ વ્યવસાય કરનારાની સંખ્યામાં પુરુષ અને સ્ત્રી બંનેમાં વધારો થયો છે પણ કુલનો દૃષ્ટિએ ગણીએ તો ૧૯૮૦-૮૧માં કુલ ગૌણ વ્યવસાય કરનાર જે હતી તેમાં ૫૬.૨૭ ટકા પુરુષો અને ૪૩.૭૩ ટકા સ્ત્રીઓ હતી જેના xxxxપ્રમાણમાં ૧૯૮૪-૮૫માં ૫૩.૪૫ ટકા પુરુષો અને ૪૬.૫૫ ટકા સ્ત્રીઓ થઈ આમ પુરુષોના પ્રમાણમાં સ્ત્રીઓની ટકાવારીમાં વધારો થવા પામ્યો છે.

હવે આ જે ગૌણ વ્યવસ્થા થાય છે તે કયાં કયાં છે તે તપાસીએ. ગૌણ વ્યવસાયમાં મહત્વનો વ્યવસાય મજૂરી છે. ૧૯૮૦-૮૧માં તેની ટકાવારી ૮૧.૪૬ ટકા હતી અને ૧૯૮૪-૮૫માં ૭૬.૮૭ ટકા થઈ. મજૂરી ગૌણ વ્યવસાય તરીકે હોય તે સમજી શકાય તેવી બાબત છે કારણકે અગાઉ જણાવ્યું તે મુજબ પિયતના સાધનો ન હોવાને કારણે ચોમાસું ખેતી પર આધાર રાખવો પડે છે અને તેમાંથી જીવન ગુજરાન ન થઈ શકે તેથી તેઓએ બાકીના મહિનાઓમાં મજૂરી કરી જીવન જુરુરીયાત ઉભી કરવી પડે છે.

જે લોકો નોકરી ગૃહઉદ્યોગ કે અન્ય વ્યવસાય મુખ્ય વ્યવસાય તરીકે સ્વીકારેલો છે તેઓએ ગૌણ વ્યવસાય તરીકે ખેતી સ્વીકારી છે અને એવા લોકોની સંખ્યા ૧૯૮૦-૮૧ના પ્રમાણમાં ૧૯૮૪-૮૫માં ઘટવા પામી છે. ૧૯૮૦-૮૧માં ખેતીને ગૌણ વ્યવસાય તરીકે સ્વીકારનાર ૮૮ વ્યક્તિ હતી જે ૧૯૮૪-૮૫માં ૫૭ થઈ. આનો અર્થ એ પણ તારવી શકાય કે જે લોકોની ખેતી ગૌણ વ્યવસાય તરીકે થઈ હોય xxxx તેમણે તેમની થોડી ઘણી જમીન હતી તે વેચી દીધી હશે અથવા કુટુંબથી જુદા પડવાની સાથે જમીન છોડી દીધી હોય અથવા ૧૯૮૦-૮૧માં તેઓ જમીન ગીરે રાખી ખેતી કરતા હોય જે ૧૯૮૪-૮૫માં બીજો વ્યવસાય મળવાથી અથવા આવક વધવાથી છોડી xદીધો હોય.

પશુપાલન એવું ક્ષેત્ર છે કે ગૌણ વ્યવાસાયમાં મહત્વનું હોય છે અને એ રીતે અહીં તપાસીએ તો આપણને સ્પષ્ટ ખ્યાલ પણ આવશે. ૧૯૮૦-૮૧માં ગૌણ વ્યવસાય તરીકે પશુપાલન કરનાર ૬૭ હતા જેને બદલે ૧૯૮૪-૮૫માં ૧૫૦ થયાં ૮૩ xx વ્યક્તિઓ ગૌણ વ્યવસાય તરીકે પશુપાલનમાં વધી, ટકાવારીની દૃષ્ટિએ લગભગ ૭ ટકા વધારે નોંધાયો પરંતુ ૧૯૮૦-૮૧ પછીના ત્રણ વર્ષોમાં

જેટલા પ્રમાણમાં દૂધાળા ઢોર અપાયા છે તેટલા પ્રમાણમાં મુખ્ય વ્યવસાય કે ગૌણ વ્યવસાય તરીકે પશુપાલનનો ધંધો વિકસ્યો નથી વળી ખાસ ધ્યાન ખેંચે તેવી બાબત એ છે કે પશુપાલન ગૌણ વ્યવસાયમાં મહત્વનું રહ્યું એનો અર્થ એ પણ તારવી શકાય કે જેમની ખેતી સારી હતી તેવા ખેડૂતોને જ દૂધાળા ઢોરની લોન પૂરી પાડવામાં આવી હોય અને તેથી પણ ખેતી મુખ્ય વ્યવસાય થયો હોય અને પશુપાલન ગૌણ વ્યવસાય બન્યો હોય, પણ હકીકત છે કે સર્વેક્ષણના જે ૫૫૭ કુટુંબો તપાસ્યા છે તેમાં છેલ્લા ત્રણ વર્ષોમાં ૨૭૦ કુટુંબોને દૂધાળા ઢોર અપાયા છે છતાં ૧૯૮૪-૮૫માં મુખ્ય વ્યવસાય તરીકે ૧૦ અને ગૌણ વ્યવસાય તરીકે ૧૫૦ વ્યકિતઓ જે પશુપાલન કરતાં હતા તો બાકીના ૧૧૦ કુટુંબોને દૂધાળા ઢોર આપ્યા તેનું શું થયું ? તે પ્રશ્ન અહીંયા ઉદભવે છે. પૂરક આવક મળી રહે એ દષ્ટિએ ધ્યાનમાં રાખી પશુ આપવામાં આવતા હોય તો પછી ગૌણ વ્યવસાય તરીકે તો તે વ્યવસાય આવતો હોવો જોઈએ છતાં ૧૫૦ કુટુંબોમાં ગૌણ વ્યવસાય તરીકે બતાવ્યું નથી મુખ્ય વ્યવસાય નથી આથી કયાં તે પશુપાલન કરતાં નહીં હોય અથવા તો એની આવક એટલી નજીવી હશે જેથી તેઓ તેને ગૌણ વ્યવસાય તરીકે ગણાવી જ ન શકે છતાં અમારા અને નિગમના આ નિયમમાં શાબ્દિક જ ભેદ છે.

વાંસદા, પારડી અને ધરમપુર જયાં કુટીર ઉદ્યોગની લોન અપાઈ તે તાલુકામાં જેવી રીતે મુખ્ય વ્યવસાય તરીકે ગૃહઉદ્યોગને સ્થાન મળ્યું છે તેજ રીતે ગૌણ વ્યવસાય તરીકે ગૃહઉદ્યોગ કરનારની સંખ્યામાં વધારો નોંધાયો છે ૧૯૮૦-૮૧ કરતા ૧૯૮૪-૮૫માં ૮ નો વધારો નોંધાયો છે.

૧૯૮૦-૮૧માં ગૌણ વ્યવસાય તરીકે અન્ય વ્યવસાયમાં કોઈ ન હતુ પરંતુ ૧૯૮૪-૮૫માં ૧૪ વ્યકિતઓ હતી જેને કોઈને કોઈ કામમાં થોડાક દિવસ xxx માટેની રોજગારી મળતી હતી અને તેને ગણતરીમાં લીધો છે.

તાલુકાવાર કયા ગૌણ વ્યવસાયમાં કેટલા સ્ત્રી પુરુષો રોકાયેલા છે તેની માહિતી કોઠા નંબર પ.૨૬ અને પ.૨૭માં વિગતવાર આપવામાં આવી છે.



કોઠો નંબર : પ.૫ મજૂરોના દિવસો, મુખ્ય વ્યવસાય ૧૯૮૦-૮૧

| ક્રમ | તાલુકો | મંડળોની સંખ્યા | લાભાર્થી કુટુંબોની સંખ્યા | ૦ થી ૯૦ પુ | ૦ થી ૯૦ સ્ત્રી | ૯૧ થી ૧૮૦ પુ | ૯૧ થી ૧૮૦ સ્ત્રી | ૧૮૧ થી ૨૭૦ પુ | ૧૮૧ થી ૨૭૦ સ્ત્રી | ૨૭૧ થી વધુ પુ | ૨૭૧ થી વધુ સ્ત્રી | કુલ પુ | કુલ સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧ | ૭૪ | ૧૮ | ૩૭ | ૯ | ૧૮ | ૯ | ૪૭ | ૧૮ | ૧૭૬ | ૫૪ | ૨૩૦ |
| ૨ | ધરમપુર | ૧૨ | ૨૩૫ | ૨૪૫ | ૨૩૭ | ૪૪ | ૬૪ | ૭૨ | ૭૪ | ૬૯ | ૩૯ | ૪૩૦ | ૪૧૪ | ૮૪૪ |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧ | ૪ | ૩ | ૮૧ | ૩૮ | ૫૦ | ૧૭ | ૧૯ | - | ૧૫૪ | ૫૮ | ૨૧૨ |
| ૪ | પારડી | ૨ | ૨૦ | ૧૪ | ૩ | ૮ | - | ૨ | ૨ | ૪ | ૧ | ૨૮ | ૬ | ૩૪ |
| ૫ | ઉમરગામ | ૫ | ૬૦ | ૧૯ | ૫ | ૬૫ | ૧૦ | ૨૯ | ૧૫ | ૬ | - | ૧૧૯ | ૩૦ | ૧૪૯ |
| ૬ | વલસાડ | ૧ | ૩૦ | ૩૦ | ૨ | ૬ | - | ૪ | - | ૨ | - | ૪૨ | ૨ | ૪૪ |
| | | | | ૬૫૪ | | ૩૬૨ | | ૨૯૨ | | ૨૦૫ | | | | |
| | | | | ૪૩.૨૨ | | ૨૩.૯૩ | | ૧૯.૩૦ | | ૧૩.૫૫ | | ૬૨.૭૨ | ૩૭.૨૮ | |

કોઠો નંબર : ૫.૫ હાજરોના દિવસો ( મુખ્ય વ્યવસાયમાં ૧૯૮૪-૮૫ )

| ક્રમ | તાલુકા | મંડળીની સંખ્યા | લાભાર્થી કુટુંબોની સંખ્યા | ૧ થી ૯૦ પુ | ૧ થી ૯૦ સ્ત્રી | ૯૧ થી ૧૮૦ પુ | ૯૧ થી ૧૮૦ સ્ત્રી | ૧૮૧ થી ૨૭૦ પુ | ૧૮૧ થી ૨૭૦ સ્ત્રી | ૨૭૧ થી વધુ પુ | ૨૭૧ થી વધુ સ્ત્રી | કુલ પુ | કુલ સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧ | ૩૨ | ૧૨ | ૫૫ | ૧૩ | ૫૦ | ૮ | ૭૨ | ૧૮ | ૨૦૯ | ૫૧ | ૨૬૦ |
| ૨ | ધરમપુર | ૧૨ | ૨૩૫ | ૧૪૦ | ૧૭૭ | ૬૪ | ૪૪ | ૧૧૨ | ૯૮ | ૧૨૮ | ૧૧૨ | ૪૪૪ | ૪૩૧ | ૮૭૫ |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧ | ૧ | ૨ | ૭૦ | ૨૬ | ૬૨ | ૩૦ | ૨૭ | ૬ | ૧૬૦ | ૬૪ | ૨૨૪ |
| ૪ | પારડી | ૨ | ૨૦ | ૪ | ૧ | ૬ | ૨ | ૧૪ | - | ૧૨ | ૧ | ૩૬ | ૪ | ૪૦ |
| ૫ | ઉમરગામ | ૫ | ૬૦ | ૧૮ | ૧૦ | ૬૦ | ૧૦ | ૩૦ | ૩ | ૧૩ | ૪ | ૧૨૧ | ૨૭ | ૧૪૮ |
| ૬ | વલસાડ | ૧ | ૩૦ | ૧૧ | ૨ | ૮ | ૨ | ૧૬ | ૨ | ૮ | - | ૪૩ | ૬૦ | ૪૯ |
| | | ૩૨ | ૫૫૭ | ૨૦૬ | ૨૦૪ | ૨૬૩ | ૯૭ | ૨૮૪ | ૧૪૧ | ૨૫૦ | ૧૪૧ | ૧૦૧૩ | ૫૮૩ | ૧૫૯૬ |
| | | | | ૨૦.૩૪ | ૩૫.૦૦ | ૨૫.૯૬ | ૧૬.૬૪ | ૨૮.૦૩ | ૨૪.૧૮ | ૨૪.૬૭ | ૨૪.૧૮ | ૬૩.૪૭ | ૩૬.૫૩ | |
| | | | | ૪૧૦ | | ૩૬૦ | | ૪૨૫ | | ૪૦૧ | | | | |
| | | | | ૨૫.૬૯ | | ૨૨.૫૬ | | ૨૬.૬૩ | | ૨૫.૧૨ | | | | |



આપણે અગાઉ જણાવ્યું તે મુજબ કે સર્વેક્ષણમાં લીધેલા ૫૫૭ કુટુંબોના સભ્યોને મુખ્ય વ્યવસાયમાંથી જીવનધોરણ ૦ પુરુ કરી ન શકાતું હોવાથી તે માટે ગૌણ વ્યવસાય કરવો પડે છે અને ગૌણ વ્યવસાયની માહીતી પણ મેળવી હવે અહીંયા કોઠા નંબર ૫:૪ અને ૫:૫ ધ્વારા જે એ જોઈએ કે જે લોકો વ્યવસાય કરે છે તેમનેતેમના મુખ્ય વ્યવસાયમાંથી કેટલા દિવસ રોજગારી પુરી પડે છે, કારણકે ખેતી કે મજૂરી રોકાયેલા માણસોને પુરતા દિવસ મજુરી પ્રાપ્ત નથી આથી એમને ઓઈલ એન્જીન , ઈલેક્ટ્રીક મોટર, બળદ, દુધાળા ઢોર અને કુટીર ઉદ્યોગ માટે લોન આપવાથી તેમના રોજગારીના દિવસોમાં કંઈ ફેર પડયો છે કે નહીં તે અહીં જોવા પ્રયત્ન કરીએ.

કોઠા નંબર ૫:૪ અને ૫:૫ના આધારે સ્પષ્ટપણે કહી શકાય કે રોજગારીના દિવસો વધવા પામ્યા છે. ૧૯૮૦-૮૧માં ૪૩.૨૨ ટકા વ્યક્તિઓને ફક્ત ૯૦ દિવસ સુધીની રોજગારી પ્રાપ્ત થતી હતી જે ૧૯૮૪-૮૫માં ઘટીને ૨૫.૬ ટકા થઈ છે. ૯૧ થી ૧૮૦ દિવસની રોજગારી પ્રાપ્ત કરનારાઓની ટકાવારીમાં ૧ ટકાનો ઘટાડો થવા પામ્યો છે. આ બતાવે છે કે છ મહિના ઓછી રોજગારી મેળવનારની સંખ્યા ઘટવા પામી છે.

બીજી બાજુ ૧૮૧ થી ૨૭૦ દિવસની રોજગારી મેળવનારની સંખ્યામાં વધારો થયો છે. ૧૯૮૦-૮૧માં તે ૧૯.૩૦ ટકા હતી તે ૧૯૮૪-૮૫માં વધીને ૨૬.૬૩ થઈ. આમ લગભગ ૭ ટકા જેટલો વધારો થવા પામ્યો છે તેવીજ રીતે ૨૭૧થી વધુ દિવસો રોજગારી મેળવનારની ટકાવારીમાં લગભગ બમણોજ વધારો થયો છે. ૧૯૮૦-૮૧માં ૨૭૧ થી વધુ દિવસ રોજગારી મેળવનાર વ્યક્તિઓ ૧૩.૫૫ ટકા હતા જે ૧૯૮૪-૮૫માં ૨૫.૧૨ ટકા થઈ છે. આમ નિગમે રાહત દરે લોન આપ્યા પછી છ મહીનાથી વધુ રોજગારી મેળવનારની સંખ્યામાં સારો એવો વધારો થયો છે વળી કોઠામાં જોઈશું તો માલુમ પડશે કે આ વધારો કોઈ એક બે તાલુકા પુરતો નથી પરંતુ દરેક તાલુકામાં ૧૯૮૦-૮૧ કરતા ૧૯૮૪-૮૫માં રોજગારીના દિવસો વધવાનું વલણ રહયું છે. ફક્ત કેટલીક જગ્યાએ સ્ત્રીઓની બાબતમાં ઘટવાનું વલણ રહયું છે એનું કારણ એ પણ હોય કે પુરુષોને પુરતા પ્રમાણમાં રોજગારી પ્રાપ્ત થતી હોય તેથી સ્ત્રીઓને રોજગારીએ ન મોકલતાં હોય અને તેથી પણ તેમની સંખ્યા ઘટી હોય. પરંતુ સામાન્ય પ્રવાહ વધવા તરફનો છે અને આ બાબત ઉત્સાહપૂર્વક કહી શકાય કે રાહત દરે લોન આપીને જરુરી સાધનો જો આદિવાસીને આપવામાં આવે તો તેઓની રોજગારીમાં જરુરી વધારો થાય છે. તાલુકાવાર વિગતે માહીતી કોઠા નંબર ૫:૪ અને ૫:૫માં આપવામાં આવી છે.

રોજગારી માટે બહારગામ ગયા છે ?

| ક્રમ | વિગત | મંડળીની સંખ્યા | લાભાર્થી કુટુંબોની સંખ્યા | ૧૯૮૦-૮૧ નોકરી | ૧૯૮૦-૮૧ મજુરી | ૧૯૮૦-૮૧ અન્ય | ૧૯૮૪-૮૫ નોકરી | ૧૯૮૪-૮૫ મજુરી | ૧૯૮૪-૮૫ અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વાંસદા | ૬ | ૧૧૧ | ૧૫ | ૪ | - | ૧૧ | ૧ | ૨ |
| ૨ | ધરમપુર | ૧૨ | ૨૩૫ | - | ૫૪ | - | - | ૪ | ૧ |
| ૩ | ચીખલી | ૬ | ૧૦૧ | ૭ | - | - | ૫ | - | ૧ |
| ૪ | પારડી | ૨ | ૨૦ | ૩ | - | - | ૪ | - | - |
| ૫ | ઉમરગામ | ૫ | ૬૦ | ૩ | - | - | ૫ | ૧ | ૧ |
| ૬ | વલસાડ | ૧ | ૩૦ | ૪૩ | ૪- | ૧૪ | ૪૫ | ૪- | ૨ |
| | | ૩૨ | ૫૫૭ | ૪૩૧ | ૫૮ | ૧ | ૩૦ | ૬ | ૬ |
| | | | | | ૯૦ | | | ૪૨ | |



આદિવાસીઓને જીવનનિર્વાહ પૂરો ન થતો હોવાથી મજૂરી તેમજ અન્ય વ્યવસાય માટે સ્થળાંતર પણ કરવું પડે છે અને તેના પરિણામ સ્વરુપે તેમના બાળકોની કેળવણીને પણ અસર પહોંચતી હોય છે અને તેથી તેમના બાળકોને કેળવણી મળે અને તેઓ સ્થિર રહી શકે તે માટે પણ તેમને વ્યવસાય માટેની તક પુરી પડે તે જરુરી છે અને એ રીતે વિચારતા નિગમ ધ્વારા લોન અપાવાથી કેટલો ફાયદો થયો છે તે કોઠા નંબર ૪.૩૦ પરથી આવી શકે તેમ છે.

૧૯૮૦-૮૧માં સર્વેક્ષણમાં લીધેલા ૫૫૭ કુટુંબોમાંથી ૯૦ સભાસદોને રોજગારી માટે સ્થળાંતર કરવું પડયું હતું પરંતુ ૧૯૮૪-૮૫માં ફકત ૪૨ વ્યકિતઓએ જ સ્થળાંતર કરવું પડયું છે. આ બાબત ઘણી જ મહત્વની છે કારણકે જો આદિવાસીઓને તેમના વ્યવસાય માટે સાધન મળી રહેતું હોય તો તેમનું જીવનધોરણ સુધરે છે એટલું જ નહીં પણ ભવિષ્યની પેઢીને કેળવણી આપી શકાય અને તેથી તેમના વિકાસની દિશામાં પણ પગરણ મંડાય છે.

અહીંયા ધ્યાન ખેંચે તેવી બાબત હોય તો એ છે કે વાંસદા અને ચીખલીમાં ૧૯૮૦-૮૧માં જે નોકરી કરવા માટે બહાર જતા હતા તેના પ્રમાણમાં ૧૯૮૪-૮૫ ઘટાડો થવા પામ્યો છે આનું કારણ મેળવતાં એવું જાણવામળ્યું છે કે પહેલાં જે લોકો હીરા ઘસવા માટે કારખાનામાં છુટક મજુરી તેમજ હોટલ લોજમાં છુટક નોકરી માટે જતા હતા તેમને કાયમી કામનું સાધન પોતાના વિસ્તારમાં મળવાથી તેમણે બહારગામ જવાનું છોડી દીધું છે.

ધરમપુર તાલુકા પછાત છે અને અહીંયા આદિવાસીઓને બારેમાસ પુરતુ કામ મળી રહેતું નથી અને તેથી તેઓને મજુરી માટે બહારગામ જવું પડે છે પરંતુ કોઠા નંબર ૪.૩૦ના આધારે કહી શકાય કે સર્વેક્ષણના કુટુંબોમાં ૧૯૮૦-૮૧માં ધરમપુરમાંથી ૫૪ વ્યકિતઓ મજુરી માટે બહારગામ જતી હતી તેને બદલે ૧૯૮૪-૮૫માં ફકત ૪ જ વ્યકિતઓ જવા માંડી આથી સ્પષ્ટપણે કહી શકાય કે નિગમની સહાયને કારણે તેમના સ્થળાંતરમાં ઘટાડો થયો જ છે અને જો તે નિગમની સહાયને કારણે જ હોય તો એનો અર્થ એ થયો કે આદિવાસીઓને સ્થિર રાખવા માટે તેમને જરુરી સાધનો પૂરતા આપવા જોઈએ દાખલા તરીકે ધરમપુરમાં બળદપાડા વધુ અપાય છે એની સાથે ગાડા પણ હોય તો તે ખેતી સિવાય જંગલની પેદાશની હેરફેરમાં પણ ઘણા ઉપયોગી નીવડે છે. અમારા ધરમપુરના ક્ષેત્રકાર્ય અને અન્ય અભ્યાસને આધારે પણ અમને ખ્યાલ આવ્યો છે કે ત્યાંનીજંગલ મંડળીઓ ધ્વારા બળદપાડા જે અપાયા છે તેમાં ખેતી સિવાય માલની હેરફેર માટેનો ઉદ્દેશ પણ ખ્યાલમાં રખાયો છે અને એ અહીં સફળ પુરવાર પણ થયો છે એટલે પછાત અને જંગલ વિસ્તારમાં બળદપાડા અને ગાડા જો અપાય તો મજુરોના કામમાં તે ઉપયોગી નીવડે છે.

## પ્રકરણ - ૬

## વાંસદા પ્રોજેક્ટ વિસ્તારમાં આવેલી મંડળીઓમાં સંચાલન અને સંકલન

### પ્રાસ્તાવિક :

વાંસદા પ્રોજેક્ટ વિસ્તારમાં વિવિધ પ્રકારની સહકારી મંડળીઓ આવેલી છે જે જુદી જુદી પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખી સહકાર અને સર્વોદયની ભાવના સાથે સ્થપાયેલી છે. આ મંડળીઓનો મુખ્ય ધ્યેય સ્થાનિક સભાસદોને જીવન જરૂરિયાતની તેમજ ધંધાકીય જરૂરિયાતોને ધ્યાનમાં રાખી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. કુલ મંડળીઓ લગભગ ૫૦૦ જેટલી છે તેમાંથી ૩૪ મંડળીઓની મુલાકાત લીધી હતી જે નીચેના પ્રકારની હતી.

(૧) દૂધ ઉત્પાદક સહકારી મંડળી

(૨) ખેડૂત સેવા સહકારી મંડળી

(૩) વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી

(૪) જંગલ કામદાર સેવા સહકારી મંડળી

(૫) ગૃહ ઉદ્યોગ ઉત્પાદક સેવા સહકારી મંડળી

(૬) ઔદ્યોગિક સેવા સહકારી મંડળી

(૭) તાલુકા ખરીદ વેચાણ સેવા સહકારી મંડળી

ઉપરોક્ત મંડળીઓ સ્થાનિક વિસ્તારમાં તેના સભાસદોની વિવિધ જરૂરીયાતોને સંતોષવા માટે સહકારી ધોરણે વિવિધ પ્રવૃત્તિઓ કરે છે જેવી કે દૂધ ઉત્પાદક સહકારી મંડળી પશુપાલનની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે છે તેમજ તેને જરુરી અન્ય સવલતો આપે છે. ખેડૂત સેવા સહકારી મંડળી ખેત ધિરાણ તેમજ ખેતવિષાયક અન્ય જરુરીયાતો માટે ધિરાણ તેમજ સાધનોની સવલત આપે છે. વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી ખેત ધિરાણ તેમજ ખેત વિષાયક અન્ય જરુરીયાતો માટે ધિરાણ તેમજ સાધનોની સવલત આપે છે. વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળીઓ ગામમાં વ્યાજબી ભાવની દુકાનો ચલાવે છે તેમજ ધિરાણ પણ કરે છે અને મોટા ભાગની રોજીંદી જીવન



જરુરીયાતની ચીજોનું વેચાણ કરી સભાસદોને સવલત આપે છે. જંગલ કામદાર મંડળીઓ સ્થાનિક જંગલ મજુરોને સભાસદ બનાવી તેમને વ્યાજબી વળતર (વેતન) મળે તે માટે તેમની જંગલ પેદાશો વ્યાજબી ભાવે ખરીદે છે તેમજ યોગ્ય વળતર આપે છે તેમને જંગલમાં મજુરી હોય તો પણ વ્યાજબી મજૂરી આપીને કામ કરાવે છે. ગૃહઉદ્યોગ ઉત્પાદક મંડળી તેમના સભાસદોને નાના ગૃહઉદ્યોગ શરુ કરીને કામ આપે છે તેમજ તેના નફામાંથી પણ હિસ્સો આપે છે. આ ઉપરાંત ઔદ્યોગિક સેવા સહકારી મંડળી અને અન્ય મંડળીઓ પણ આ રીતની પ્રવૃત્તિઓ કરીને સભાસદોના કલ્યાણને ધ્યાનમાં રાખે છે. મોટા ભાગે દરેક મંડળીઓમાં એવા જ સભાસદો હોય કે જે મંડળીની મુખ્ય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હોય છે.

### મંડળીઓનું સંચાલન અને સંકલન :

મંડળીના સંચાલકીય માળખામાં પ્રમુખ અને વ્યવસ્થાપક સમિતિ હોય છે જે બંને ચૂંટણી દ્વારા નિયુકત કરવામાં આવતા હોય છે. કેટલીક સુવિકસિત મંડળીઓમાં પ્રમુખની ચૂંટણી થાય છે પરંતુ મોટા ભાગની મંડળીઓમાં પ્રમુખની ચુંટણી સર્વાનુમતે થઈ જતી હોય છે કારણકે મંડળીની પ્રવૃત્તિ સાથે ખાસ કરીને સ્થાનિક નેતાઓ વધુ જોડાયેલા હોય છે. દા.ત. સરપંચ, તાલુકા પંચાયતના સભ્ય, પ્રમુખ, ઉપપ્રમુખ વિ. પરિણામે તેઓ રાજકીય વગ ધરાવતા હોવાથી મંડળીનું તાલુકાકક્ષાનું કે જિલ્લા કક્ષાનું કામ સરળતાથી થઈ શકે એમ માનીને પણ આવા વગદાર વ્યકિતઓને મંડળીનું પ્રમુખપદ સોંપવામાં આવતુ હોય છે. સામાન્ય દષ્ટિએ પણ તેમનું તેમના વિસ્તારમાં સારુ વર્ચસ્વ જોવા મળતું હોય છે. ખાસ કરીને બધીજ મંડળીઓમાં પ્રમુખ આદિજાતીની વ્યકિત જ જોવા મળે છે. કેટલાક જાતિ બહુમતીને કારણે અથવા મંડળીમાં વધુ હિત ધરાવતા હોવાને લીધે પણ પ્રમુખ થતા હોય છે. કેટલીક મંડળીઓમાં પ્રમુખપદે લાંબાગાળા સુધી એકજ વ્યકિત રહેતી હોય છે જે ચાર-પાંચ-દશ વર્ષ સુધી પણ હોય છે.

વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી કરવામાં આવે છે અને તેની સંખ્યામાં દરેક મંડળીના પેટા નિયમમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હોય છે. વ્યવસ્થાપક કમિટિની ચૂંટણી પેટાકાયદામાં કરાવેલી હોય છે પરંતુ આમાં પણ આગેવાની જેવું થોડું તત્વ ધરાવતા વ્યકિતઓ અથવા તો જે થોડો વિરોધ કરે તેવી વ્યકિતઓના નામ મૂકવામાં આવતા હોય છે. અને તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે. અને સમિતિ નિમવામાં આવે છે. જો કે કેટલીક વધુ વિકસિત અને મોટા પાયા ઉપર ચાલતી મંડળીઓમાં પધ્ધતિસરની ચૂંટણી કરવામાં આવે છે. વ્યવસ્થાપક સમિતિ

ના ૧/૩ સભ્યો નિવૃત્ત થાય અને ખાલી પડેલી જગ્યા માટે ચૂંટણી થાય છે અથવા તો તમામ સભ્યો બીજા વર્ષ માટે ચાલુ રહે અને દર ત્રીજા વર્ષે ચૂંટણી થાય છે.

મંડળીઓમાં મહદ્અંશે તેનો સંચાલન દોર પ્રમુખના હાથમાં હોય છે. મંત્રી તેને વહીવટી બાબતોમાં મદદ કરે છે તેમજ હિસાબી તેમજ મંડળીની દૈનિક પ્રવૃત્તિ માટે જવાબદાર છે. આ મંડળીઓમાં ખાસ કોઈ ચોક્કસ વ્યવસ્થાપ્ર તંત્રનું માળખું જોવા મળતું નથી પરંતુ પ્રત્યેક મંડળી તેની પ્રવૃત્તિ, વિકાસ અને વિસ્તારના આધારે કર્મચારીદળ રાખતી હોય છે. સામાન્ય પ્રણાલિકા મુજબ મંડળીમાં મંત્રી, સહમંત્રી તેમજ અન્ય કર્મચારી હોય છે. દા.ત. દૂધ મંડળી તેની જરુરીયાત અનુસાર કલાર્ક, ટેસ્ટર, કલેકશનર (દૂધ) વિ. હોય છે, જયારે ગૃહ ઉદ્યોગ મંડળીમાં કટર, ઈન્સ્દ જરૂર અનુસાર માણસો રાખતી હોય છે.

મંડળીના સંચાલકીય નિર્ણયો પ્રમુખ લેતા હોય છે પરંતુ કેટલાક મહત્વના અને નાણાંકીય નિર્ણયો માટે વ્યવસ્થાપક સમિતિની સભા બોલાવવામાં આવે છે અને તેમાં ઠરાવ કરી મંજુર થયા પછી જ નિર્ણયો અમલમાં મુકવામાં આવે છે, આવું કેટલીક વિકસિત અને સધ્ધર મંડળીઓમાં જ જોવા મળે છે. નાની મંડળીઓમાં આવી કોઈ ખાસ વિધિ કરવામાં આવતી નથી, ત્યાં પ્રમુખ હોદ્દાની રુએ નિર્ણય લે છે અને તે જ અમલમાં મુકાવામાં આવતો હોય છે અને કાયારેક આવી મંડળીઓમાં વ્યવસ્થાપક સમિતિની સભા બોલાવવામાં આવે તો પણ તે માત્ર ઔપચારીકતા ખાતર જ હોય છે તેવું જણાય છે. જો કે આમાં પણ કેટલાક નિર્ણયો લેતાં વિરોધ કરવામાં આવતો હોય છે પરંતુ બહુમતી મેળવીને પણ પ્રમુખ ધાર્યું કાર્ય અમલમાં લેતા હોય છે. પ્રમુખ મંડળીના દૈનિક મહત્વના નિર્ણયો, પ્રવૃત્તિ અંગેના નિર્ણયો, હિસાબી નિર્ણયો વિ. જાતે જ લેતા હોય છે. આ ઉપરાંત મંડળીમાં કર્મચારી પણ પ્રમુખની ઈચ્છાનુસાર જ લેવામાં આવતા હોય છે. કેટલીક મંડળીઓમાં એવું પણ જોવા મળે છે કે પ્રમુખ ખૂબ ઓછું હાજર રહેતા હોય અથવા ઓછું ધ્યાન આપતા હોય તેવું જોવા મળે છે. તેના બદલે મંત્રી બધીજ વિધિ કરતો હોય છે. કેટલાક રાજકિય વ્યકિતઓ (સ્થાનિક નેતાઓ) કે જે તેમની રાજકીય પ્રવૃત્તિમાં પરોવાયેલા રહેતા હોય છે અથવા તો એક કરતા વધુ મંડળીઓ સાથે સંકળાયેલા હોય છે. પરિણામે મંડળીમાં પ્રમુખપદ તેમનું હોય પરંતુ મંડળીની પ્રવૃત્તિ અંગેની બધી બાબતો મંત્રી સંભાળતો જોવા મળે છે.



આ મંડળીઓમાં સભાસદો મુખ્યત્વે આદિવાસી છે. લગભગ ૯૦% જેટલું પ્રમાણ આદિવાસી સભાસદોનું જોવા મળે છે. કેટલાંક ગામોમાં ૧૦૦ % આદિવાસી વસ્તી હોવાથી મંડળીમાં અન્ય કોઈ જાતિનો સભાસદ જોવા મળે પણ નહીં. કોઈપણ મંડળીના સભાસદ થવા માટે ૧ રુ. સભ્ય ફી તેમજ ૧૦ રુ. ની એક શેર ખરીદીને મંડળીના સભ્ય બની શકાય છે તેમજ તેની સાથે મંડળીના કેટલાક પેટા નિયમો પણ પાળવાના હોય છે. આદિવાસી સભાસદોમાં પણ સૌથી વધુ ધોડિયા-પટેલ, કોકણા-પટેલ અને વારલી એમ ત્રણેય ક્રમશ: ઉતરતા પ્રમાણમાં જોવા મળે છે. આ સિવાયની અન્ય આદિમજાતિ (              )ના સભ્યોનું પ્રમાણ ખૂબ ઓછું જોવા મળે છે. દરેક સભાસદને મંડળીના પ્રમુખ કે વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં મત આપવાનો અધિકાર હોય છે.

દરેક મંડળીને તેની ચોક્કસ પ્રવૃત્તિ છે તે પ્રવૃત્તિને અનુલક્ષીને તેની સંગીત અને સહાયક પ્રવૃત્તિ પણ તેટલી જરુરી ગણાય. માત્ર એકજ પ્રવૃત્તિ અને વ્યવસ્થિત વહીવટ * જ મંડળી વિકાસ અને સફળતાના લક્ષ્યાંકો પ્રાપ્ત કરી શકે નહીં પરંતુ * જે તે પ્રવૃત્તિના વિકાસમાં અને વિસ્તારમાં મદદરુપ થાય તેવી સહાયક પ્રવૃત્તિ શરુ કરવી જોઈએ. દા.ત. દૂધ મંડળી માત્ર દૂધનું એકત્રિકરણ કરે અને તે સંઘને વેચાણ કરે તેટલું જ પુરતું નથી, તેની સાથે સાથે તે સભાસદોને તેમજ ગ્રાહકોને છૂટક દૂધ, ઘી, છાશ વિગેરેનું વેચાણ કરે, રજકો બી ખાતર તેમજ અન્ય દાણ વિ.ની સવલતો પણ સભાસદોને આપે તો તેમાં મંડળીનું કાર્યક્ષેત્ર વિકસે મંડળીનો વિકાસ થાય તેમજ સભાસદોને પણ સવલત પ્રાપ્ત થતીં સંતોષ અનુભવે.

આમ કેટલીક મંડળીઓમાં આવી સહાયક પ્રવૃત્તિઓ જોવા મળે છે, બે ત્રણ મંડળી તેના સભાસદોને દાણ પણ સબસીડીથી આપે છે જે ૫૦ % જેટલી છે, જો કે તે યોજના મંડળીની પોતાની નથી પરંતુ જિલ્લા એજન્સીઓ અને દૂધ ઉત્પાદકસંઘની છે પરંતુ તે મેળવી સભાસદો સુધી પહોંચાડવાનું કાર્ય મંડળી કરે છે. આ ઉપરાંત કેટલીક સધ્ધર દૂધ મંડળીઓ સભાસદોના પશુઓને સારવાર માટે અથવા તો ઓલાદ સુધારણા માટે કૃત્રિમ બીજદાન માટે એક ટ્રેઈન્ડ (તાલીમી) વ્યકિત રોકે છે. તેમજ સંઘમાંથી પણ પશુ દાકતરને બોલાવે છે. આ પ્રમાણે અન્ય મંડળીઓ પણ કેટલીક સહાયક પ્રવૃત્તિઓ ચલાવે છે જેમાં ગૃહ ઉદ્યોગ મંડળીઓ બહારથી કામ મેળવે છે અને કેટલાક * કારીગરોને કામે બોલાવે છે અને સુથારીકામ, દરજીકામ, લુહારીકામ વિ. કરાવે છે અને સારું દૈનિક વેતન ચૂકવે છે તે ઉપરાંત નફામાંથી પણ હિસ્સો આપે છે.

આમ મંડળીઓમાં થોડુંક વ્યવસ્થિત પ્રવૃત્તિ સંકલન જોવા મળે છે પરંતુ બધીજ મંડળીઓમાં આવી ક્રમબધ્ધ અને વ્યવસ્થિત પ્રવૃત્તિઓ શરુ થઈ નથી જો કે ગુજરાત આદિજાતિ વિકાસ નિગમની સહાય ધિરાણ યોજના દ્વારા અપાતી લોને આ સ્થાનિક મંડળીઓ દ્વારા જ ધીરવામાં આવેલો છે તેથી આ મંડળીઓની એક સારી સહાય પ્રવૃત્તિ મળી ગઈ છે તેનું ધીરાણ, વસુલાત વિ. આ મંડળીઓ દ્વારા જ થાય છે પરિણામે ઘણી મંડળીઓને તેમની પ્રવૃત્તિ માટેની લોન સભાસદોને મળતાં પ્રવૃત્તિને વેગ મળ્યો છે તેમજ મંડળી પણ વ્યવસ્થિત વિકાસ કરવાની તક મેળવી શકી છે. અને સભાસદોને રોજગારી તેમજ આર્થિક લાભ સાંપડયો છે.

વાર્ષિક સાધારણ સભા :

આ સહકારી મંડળીઓ પુરા થતા વર્ષને અંતે મંડળીના હિસાબો મંજુર કરવા તેમજ અન્ય જરુરી બાબતો ચર્ચવા માટે વાર્ષિક સાધારણ સભા બોલાવે છે જે ફરજીયાત બોલાવવાની હોય છે વર્ષ પુરું થવાની તારીખથી ત્રણ માસની અંદર સભા બોલાવવાની હોય છે. કોઈ કારણસર મંડળીની ત્રણ માસની અંદર બોલાવી શકે તેમ ન હોય તો બીજા ત્રણ માસની મુદત નિબંધક વધારી આપી શકે છે. આ સભામાં મંડળીના હિસાબો, પાકુ સરવૈયું અને નફા અને ખોટનો હિસાબ વગેરે તમામ સભાસદો સમક્ષ રજુ કરવામાં આવે છે. સાથે સાથે હિસાબ તપાસીનું નિવેદન, સમિતિનું નિવેદન અને પેટા નિયમોમાં જણાવેલ અન્ય કામકાજ આ સભામાં મુકવામાં આવે છે.

આ સભામાં વ્યવસ્થાપક સમિતિના કામકાજ ઉપર ચર્ચા કરવામાં આવે છે. આ સભામાં દરેક સભાસદ મંડળીને લગતી બાબતે પોતાના મંતવ્યો કે હકીકતો કહેવાની હકકદાર હોય છે. આ સભા બોલાવતા અગાઉ દશ દિવસ પહેલાં નોટીસ કાઢવી પડે છે તેમજ નોટીસમાં દર્શાવેલ પ્રમાણે કાર્યવાહી સભામાં કરવાની હોય છે. કેટલાક ઠરાવો સભામાં મુકવા કે નહીં તે સત્તા વ્યવસ્થાપક કમિટિને આપવામાં આવે છે. જો વાર્ષિક સાધારણ સભામાં હાજર રહેલા સભાસદો પૈકી ૨/૩ સભાસદો જો સંમત હોય તો નોટિસ નહીં જણાવેલી બાબત સંબંધમાં દરખાસ્ત કોઈપણ સભાસદ રજુ કરી શકે છે. દરખાસ્ત મંડળીના કાર્યને લગતી હોવી જોઈએ. કોઈને બરતરફ કરવા કે છુટા કરવા અંગેની ન હોવી જોઈએ.



આ ઉપરાંત ખાસ સાધારણસભા વ્યવસ્થાપક સમિતિના અડધા કરતાં વધારે સભાસદો અગર ૧/૫ સભાસદો લેખિત માંગણી કરે તો સમિતિની માંગણીને ધ્યાનમાં લઈ એક માસમાં સાધારણ સભા બોલાવવામાં આવે છે. આવી સભા બોલાવ્યા અગાઉ સાત દિવસ પહેલાં નોટિસ કાઢવી પડે છે.

વાર્ષિક સાધારણ સભામાં વાર્ષિક હિસાબો મંજુર કરાવવા ઉપરાંત પ્રમુખને વ્યવસ્થાપક સમિતિને જરુરી સત્તાઓ આપવામાં આવે છે તેમજ કેટલીક મર્યાદાઓ પણ નકકી કરવામાં આવે છે. આ ઉપરાંત ધિરાણ અંગેની બાબતો પણ ચર્ચાવામાં આવતી હોય છે તે ઉપરાંત મંડળીનું ખાસ કોઈ પ્રવૃત્તિ માટે આયોજન હોય તો પણ તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવે છે. આ સભામાં દરેક સભાસદને આમંત્રણ આપવામાં આવે છે અને મોટાભાગે સભાસદો હાજર રહેતા હોય છે.

મંડળીની આર્થિક બાબતો :

આ મંડળીઓમાં કેટલીક સુવ્યવસ્થિત ચાલી રહી છે તેમની મિલકતોમાં શેરભંડોળ, સભ્ય ફી, ફરજીયાત બચત, સરકારશ્રીનો ફાળો, સ્થાવર જંગલ મિલકત, અનામત ભંડોળો વિગેરે હોય છે. આ મંડળીઓ માત્ર નફાના ઉદ્દેશથી જ પ્રવૃત્તિ કરતી નથી પરંતુ સભાસદોના હિત અને સેવાને ધ્યાનમાં રાખી વ્યાજબી નફો મેળવતી આર્થિક પ્રવૃત્તિ છે, જો કે કેટલીક મંડળીઓ તેમના બિન કાર્યક્ષમ વહીવટ અને બીન આયોજીત પ્રવૃત્તિને લીધે ફડચામાં જાય છે અને કંઈ મેળવી શકતી નથી. મંડળીની કુલ આવક અને કુલ ખર્ચના હિસાબો મેળવતાં જે વધારાની આવક મળે છે તે નફામાંથી કેટલાંક અનામત ભંડોળો ઉભા કરવામાં આવે છે અને ત્યારબાદ જે નફો વધે છે તે સભાસદો વચ્ચે વહેંચવામાં આવે છે જેનું પ્રમાણ નજીક હોય છે, પરિણામે ઘણી મંડળીઓ ચીજ વસ્તુઓ ખરીદીને ભેટરુપે સભાસદોને આપતી હોય છે.

આ મંડળીઓના દૈનિક પ્રવૃત્તિ કે વ્યવહાર અંગેના આર્થિક નિર્ણયો પ્રમુખ અને સેક્રેટરી દ્વારા જ લેવામાં આવતા હોય છે પરંતુ જ્યારે મહત્વના આર્થિક નિર્ણયો લેવાના હોય કે સ્થાવર જંગલ મિલકત ખરીદવાની હોય ત્યારે વ્યવસ્થાપક સમિતિની સભા બોલાવવામાં આવે છે. ધિરાણ બાબતે પણ વ્યવસ્થાપક સમિતિની સભા બોલાવવમાં આવે છે. આ મંડળીઓએ વ્યાપક ધિરાણ પ્રવૃત્તિ હાથ ધરી છે. શાખ/મર્યાદા નકકી કરીને સભાસદોને ધિરાણ

કરે છે જે મોટા ભાગે ટૂંકા ગાળાનું જોવા મળે છે. વ્યાજનો દર પણ સહકારી બેંક જેટલોજ રાખવામાં આવે છે. આમ છતાં ગુજરાત રાજ્ય આદિજાતિ વિકાસ નિગમ તરફથી ધિરાણ યોજના અમલમાં મુકવામાં આવેલ છે જે વિવિધ હેતુઓ માટે આદિવાસીઓને ધિરાણ પુરું પાડવા માટે છે. તે આ વિસ્તારમાં સહકારી મંડળીઓ ધ્વારા ધિરાણ કરવામાં આવે છે અને વસુલાત પણ હપ્તાથી મંડળીઓ ધ્વારા કરવામાં આવે છે. આ ધિરાણ કરવામાં મંડળીઓએ મહત્વનો ભાગ ભજવ્યો છે. જો કે આદિજાતિ વિકાસ નિગમ ધ્વારા અપાતી લોન વિતરણ અને તેની વસુલાત માટે મંડળીઓ વહીવટ ખર્ચ માટે બે ટકા વ્યાજ ગણે છે અને ત્યારબાદ તે રીતે નાણાં વસુલ મેળવવામાં આવે છે. આ ધિરાણ સરકારશ્રીએ નકકી કરેલ ૪% ના વ્યાજના દરે ધિરવામાં આવે છે અને મંડળીએ પણ ૪%ના દરે જ ધીરાણ કરવાનું છે એવું સ્પષ્ટ છે છતાં કેટલીક મંડળીઓ વહીવટ ખર્ચ માટે ૨ % ઉમેરી વ્યાજ લે છે તેવું અમારા ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું છે. વધુ ચકાસણી કરી લખશું, જો કે આ વ્યાજના ૫૦ % સબસીડી આપવામાં આવે છે અને વ્યાજનો દર ૪ % જ રાખવામાં આવેલ છે. નિગમ ધ્વારા જુદા જુદા હેતુઓ માટે ધિરાણ આપવામાં આવે છે જેની ધિરાણ મર્યાદા પણ જુદી જુદી છે પરંતુ આ વિસ્તારની સહકારી મંડળીઓએ ૧૯૭૭-૭૮ થી માર્ચ ૧૯૮૪ સુધી નીચે પ્રમાણેના હેતુઓ માટે ધિરાણ મેળવવામાં સભાસદોને મદદરુપ બની છે. તેમજ જુદા જુદા હેતુઓ માટે ધિરાણ અપાવ્યું છે અને વ્યાજનો લાભ તેના આદિવાસી સભાસદોને પહોંચાડયો છે.

| ક્રમાંક | હેતુ | લાભાર્થી | રકમ (રૂ.માં) |
|---|---|---|---|
| ૧. | દુધાળા ઢોર | ૫૧૦૭ | ૧૩૧૨૬૪૦૦ |
| ૨. | બળદપાડા | ૩૪૩૬ | ૬૬૬૩૦૪૦ |
| ૩. | બળદગાડા | | |
| ૪. | મરઘા ઉછેર | ૩૫૨ | ૧૬૭૨૪૦૦ |
| ૫. | ઇલેક્ટ્રીક મોટર | ૮૫ | ૩૭૦૦૦૦ |
| ૬. | સંકલિત પ્રવૃત્તિ | ૩૮ | ૧૭૧૯૫૦૯ |
| ૭. | ડાંગર ખરીદી | ૨૫ | ૨૪૬૦૦૦૦ |
| ૮. | કારીગરી લોન | ૫૯ | ૧૧૫૭૦૦ |
| | કુલ.. | ૯૧૦૨ | ૨૬૧૫૭૦૪૯ |



આ સાત વર્ષના ગાળામાં આ મંડળીઓએ ધિરાણ વિવિધ હેતુઓ માટે કરેલું તેમાંથી કેટલીક વિકસિત મંડળીઓએ આયોજીત પ્રવૃત્તિઓ શરુ કરીને સભાસદો (લાભાર્થીઓ)ને પ્રોત્સાહન પુરું પાડીને આવકના સાધનો અપાવ્યાં હતાં તેમજ તે સાધનોમાંથી આવક મેળવીને તેમાંથી હપ્તા ધ્વારા ધિરાણ વસુલ મેળવ્યું છે. જો કે આ ધિરાણમાંથી ઘણું ધિરાણ પરત મેળવી શકાયું નથી પરંતુ હપ્તા ધ્વારા વસુલ કરવામાં આવે છે.

ઓડિટ અંગે :

દરેક સહકારી મંડળીએ પોતાનુ હિસાબીવર્ષ પુરું થયેથી વાર્ષિક હિસાબી પત્રકો તૈયાર કરવાની ફરજીયાત છે. દરેક સહકારી મંડળીના સેક્રેટરીએ હિસાબી વર્ષ પુરું થયાની તારીખ થી એક માસમાં સંસ્થાના વાર્ષિક હિસાબી પત્રકો તૈયાર કરીને વ્યવસ્થાપક સમિતિની સભામાં રજુ કરવાના હોય છે અને તેમાં મંજુર કરાવી દોઢ માસમાં લાગતા વળગતા તમામ ખાતાઓ અને મંડળીના ઓડીટરોને મોકલવાના હોય છે. સહકારી વર્ષ જુનની ૩૦મી તારીખે પુરું થાય છે પરંતુ મંડળીના પ્રકાર પ્રમાણે હિસાબી વર્ષ પુરું થવાની તારીખો જુદી જુદી પણ હોય છે.

સહકારી ખાતાના જિલ્લા ઓડીટર્સ કચેરી ધ્વારા મંડળીના હિસાબો ઓડીટ કરાવવામાં આવે છે અને મંડળીએ ઓડીટ ચાર્જ ચુકવવાનો હોય છે. ઓડીટ નોંધ મંડળીઓ કાયમ માટે સાચવી રાખવાની હોય છે તે ઉપરાંત મંડળી ધંધા કરતી હોય તો તેનું ધંધાદારી ઓડિટ પણ કરાવવાનું હોય છે અને તપાસણી ( INSPECTION ) પણ કરવામાં આવે છે. ધંધાદારી ઓડિટ નોંધ ૧૦ વર્ષ સુધી સાચવી રાખવાની હોય છે આ ઉપરાંત મંડળીમાં આંતરિક હિસાબ તપાસનીશની પણ નિમણુંક કરવામાં આવેલી હોય છે જે સ્થાનિક ઓડીટર ગણી શકાય. આ મોટા ભાગે સભાસદમાંથી હોય છે.

મંડળીના હિસાબોની સ્પષ્ટતા ભૂલો રહિત, તેમજ ખરા અને નિયમાનુસાર હોય, દૈનિક કાર્યવાહી તેમજ પ્રવૃત્તિ સુવ્યવસ્થીત અને કાર્યક્ષમ હોય, મંડળીનો વહીવટ યોગ્ય અને કાર્યક્ષમ હોય તેમજ ગેરરીતિઓ ન હોય તો તેને [illegible] અ વર્ગ આપવામાં આવે છે. ઉપરોકત બતાવ્યા પ્રમાણે જેટલી સત્યતા અને સ્પષ્ટતા હોય તેજ પ્રમાણે બ, ક વિગેરે ઓડીટ વર્ગ આપવામાં આવે છે. ઓડીટર ઓડીટ વર્ગ આપે અને ઓડીટ મેમો તેમજ ઈન્સ્પેકશન મેમો

પણ આપવામાં આવતો હોય છે. આવા મેમાનો સુધારણા રિપોર્ટ તૈયાર કરીને સમયસર ઓડીટરની કચેરીને મોકલવામાં આવે છે. આ વિસ્તારની ૩૪ મંડળીઓનો અભ્યાસ કરતાં જોવા મળ્યું છે કે મોટાભાગની મંડળીઓ ઓડીટ વર્ગ-ર ધરાવે છે. અ વર્ગની ચાર જોવા મળી અને ક વર્ગની સાત હતી બાકીની બધી મંડળીઓ બ વર્ગની ધરાવે છે.

ઉપ સંહાર :

આ મંડળીઓના સંચાલન અને સંકલન તથા સત્તાએ તારણ મેળવી શકાય કે જે મંડળીઓનો વહીવટ કાર્યક્ષમ અને કુશળ સંચાલકોના હાથમાં હોય છે મંડળીઓ સારો વિકાસ સાધી શકે છે તેમજ પ્રવૃત્તિને ખુબ મોટા પાયા ઉપર શરુ કરી ઉંચા લક્ષાંકો સિધ્ધ કરી શકો છે, કેટલીક વ્યક્તિઓ કે જે માત્ર સંગાવાદ અને બહુમતીને કારણે વહીવટીદાર મેળવી શકયા છે અને તેમનામાં વહીવટી કુશળતાનો અભાવ છે તેવી વ્યક્તિઓ પ્રમુખ કે અન્ય સંચાલકીય હોદ્દો મેળવીને પણ મંડળીનું કંઈ હિત સુધારી શકી નથી પરંતુ જે પ્રવૃત્તિ ધીમે ચાલતી હતી તે પણ બંધ થઈ ગઈ હોય એવું પણ બને છે. આથી સંચાલન અને સંકલન એ મહત્વની બાબત હોવાથી મંડળીની સફળતા નિષ્ફળતાનું કારણ બની શકે છે. જે મંડળીઓનો વહીવટ કુશળ વ્યક્તિઓના હાથમાં છે તેમાં થોડી ગેરરીતિની શકયતાઓ છે પરંતુ જે મંડળીનો દોર નિષ્ક્રિય અને અજ્ઞાન વ્યક્તિઓના હાથમાં છે તેમાં ગેરરીતિઓ થવાની શકયતા ઓછી છે. સાથે સફળતા મેળવવાની કોઈ શકયતા નથી.

યોજનાની સામાન્ય અસરો વિશે કેટલાંક આંકડાકીય તારણો :

વાંસદા પ્રોજેકટ વિસ્તારમાં પપ૭ કુટુંબો કે જેમણે આદિજાતિ વિકાસ નિગમની યોજનાઓ અન્વયે લાભ મેળવ્યો છે તેમની મુલાકાત લઈ કેટલીક આંકડાકીય માહીતી મેળવી નીચે પમાણે તારણો કરી શકયા છે. કુલ સભાસદોનું પ્રમાણ જોતા ૧૯૮૦-૮૧ની સરખામણીમાં ૧૯૮૪-૮૫માં મંડળીના સભાસદ બન્યા હોય તેવું પ્રમાણ ઓછું છે. તપાસેલ કુટુંબોમાંથી પરર ઉત્તરદાતાઓ ૧૯૮૦-૮૧માં પણ મંડળીના સભ્ય હતા જયારે ૧૯૮૪-૮૫માં તે સંખ્યામાં વધારો થયો અને બાકીના ૩પ પણ સભ્ય બન્યા હતા આમ તપાસેલ પપ૭ કુટુંબો



પૈકી કોઈને કોઈ મંડળીના સભાસદ બન્યા હતા જો કે કેટલાક એક બે કે ત્રણ મંડળીઓનું સભ્યપદ પણ ધરાવતા જોવા મળે છે.

આદિજાતિ વિકાસ નિગમની સહાયથી અહીંની સ્થાનિક મંડળીઓ ધ્વારા આદિજાતિના સભાસદો લોન ધિરાણ કરવામાં આવ્યું છે, જેમાં ૫૦ % સબસીડી આપવામાં આવે છે, આદિજાતિનાસભ્યોને ૭પ ટકા સબસીડી આપવામાં આવે છે. આ વ્યાજ રાહત યોજના હેઠળ ૭ હેતુઓ માટે ધીરાણ કરવામાં આવ્યું છે તે ૧૦૦ ટકા ઉત્પાદન લક્ષી હેતુઓ માટેનું ધિરાણ છે. ૧૯૮૦-૮૧ના વર્ષ દરમ્યાન રુ. ૪૦૪૪૦૦ નું ધિરાણ કરવામાં આવ્યુ હતું અને ૧૯૮૪-૮પ સુધીમાં રુપિયા ૬૭૪૦૦૦ નું ધિરાણ કરવામાં આવ્યુ હતું જે તમામ ઉત્પાદનલક્ષી હેતુઓ માટે કરવામાં આવ્યું હતું જે ઉત્પાદકીય હેતુઓ માટે લોન ધિરાણ કરવામાં આવ્યું હોય તેના ઉત્પાદનમાંથી જ ધિરાણ વસુલ મેળવવામાં આવે તેવું ઈચ્છવામાં આવે છે પરંતુ કેટલાક સંજોગોમાં તેની વસુલાત લાભાર્થીની અન્ય આવકમાંથી પણ વસુલ કરવામાં આવે છે. ધિરાણ વસુલાતની બાબતમાં પપ૭ લાભાર્થીઓમાંથી માત્ર ૭ લાભાર્થીઓ સાથે ધિરાણ વસુલાત મેળવવામાં ગુંચવણ રહી હતી કારણકે તેમની સબસીડી મંજુર થઈ ન હતી. પ્રયત્ન કરતાં એવું જાણવા મળ્યું હતું કે તેમની ગૃહ ઉદ્યોગ માટે લોન મંજુર થઈ હતી તે લોનની રકમમાંથી જરુરી સાધનો ખરીદીને લાભાર્થીઓને આપવામાં આવ્યાં હતાં અને કેટલીક રકમ તેમને કાર્યશીલ મુડી તરીકે આપવામાં આવી હતી. સબસીડી તેમની કુલ રકમ ઉપર ગણાવી કે માત્ર સાધનો ખરીદવા હતાં તેટલી રકમ ઉપર ગણાવી તે ચોકકસ થયું ન હતું તેથી થોડી ગુંચવણ થઈ હતી.

આ સહાય યોજનાથી લાભાર્થીઓને આવકમાં વધારો થયો હહોય તેમ જણાય છે આ ઉપરાંત આવી યોજનાઓથી કામ પણ મળી રહયું છે જ જે ખેતીના પૂરક ધંધા જેવું ગણી શકાય. ઉત્પાદકીય પ્રવૃત્તિઓથી પપ૭ લાભાર્થીઓએ ૧૯૮૪-૮પમાં કુલ રુ. ૩૪૧૬૦૦ ની ઉપજ મેળવી હતી જેમાંથી રુ.૧૯૦૮૫૦ (૫૫.૮૭ % ) ખેત પેદાશમાંથી મેળવેલ હતી જયારે ૧૫૦૭૫૦ રુ. (૪૪.૧૩%) ની ઉપજ ગૃહઉદ્યોગ અને અન્ય પ્રવૃત્તિઓ માંથી મેળવેલ હતી. આ ઉપજની આવક કેવીરીતે અને કેટલા પ્રમાણમાં ખર્ચ થાય છે તેનો અંદાજીત ખ્યાલ મેળવતાં ૧૯૮૦-૮૧ના વર્ષમાં ખાંડની ખરીદીમાં રુ.૩૬૯૪૦ ( ૧૨.૯૨ % )નો ખર્ચ કર્યો હતો જે ૧૯૮૪-૮પમાં રુ.૪૬૮૫૦ (૧૧.૪૪ % )નો થયો હતો તે પ્રમાણે કેરોસીન ખર્ચ ૧૯૮૦-૮૧માં રુ.૧૫૩૩૦ (૫.૩૭ %) હતો જે ૧૯૮૪-૮પમાં રુ.૨૪૯૫૫

(૬.૦૮ ટકા) જેટલો ખર્ચ કરવામાં આવ્યો હતો. કપડા માટે ખર્ચ ૧૯૮૦-૮૧માં રૂ. ૫૯૩૦૦ ( ૨૦.૭૪ % ) હતો જે ૧૯૮૪-૮૫માં રૂ.૭૧૧૦૦ ( ૧૭.૩૨ % ) થયો હતો. મીઠું, મસાલા, શાકભાજી વિગેરેનો ખર્ચ ૧૯૮૦-૮૧માં રૂપિયા ૪૩૦૦૦ ( ૧૫.૦૫ % ) હતો જે ૧૯૮૪-૮૫માં રૂ.૫૮૫૦૦ ( ૧૪.૨૬ % ) થયો છે. ૧૯૮૦-૮૧માં અનાજ માટેનો ખર્ચ રૂ.૬૩૮૦૦ ( ૨૨.૩૧ % ) હતો જે ૧૯૮૪-૮૫માં વધીને રૂ. ૯૩૩૦૦ ( ૨૨.૭૩ % ) જેટલો ખર્ચ થયો હતો. ૧૯૮૦-૮૧ના વર્ષમાં બીડી,ચા,તમાકુ તેમજ અન્ય પીણાનો ખર્ચ રૂ.૨૪૯૮૦ ( ૮.૭૩ %) હતો જે ૧૯૮૪-૮૫ વધીને રૂ. ૪૧૧૦૦ ( ૧૦.૦૧ % ) થયો હતો આ ઉપરાંત સામાજીક પ્રસંગો દવા અને અન્ય આકસ્મિક ખર્ચ અંગે ૧૯૮૦-૮૧માં ખર્ચ રૂ.૪૨૫૬૦ ( ૧૪.૮૮ % ) હતો જે વધીને ૧૯૮૪-૮૫માં રૂ. ૭૪૫૫૦ ( ૧૮.૧૬ % ) થયો છે આમ આ સામાન્ય અંદાજીત આંકડાઓ ઉપરથી એવું તારવી શકાય કે આવકમાં થોડો વધારો થયો છે પરંતુ જેનું વપરાશી ખર્ચનું પ્રમાણ યથાવત જળવાય છે ટકાવારીમાં નજીવા ફેરફાર જોવા મળે છે તેમનો કુલ ખર્ચ ૧૯૮૦-૮૧માં રૂ.૨૮૫૯૧૦ જેટલો હતો તે વધીને ૧૯૮૪-૮૫માં રૂ.૪૧૦૩૦૫ થયેલો છે.

આ લોકોમાં યોજના કચેરી અંગેની કેટલાંને જાણ છે અને કેટલા ત્યાં ગયેલા છે તેવા પ્રશ્નનો જવાબ ૫૫૭ લાભાર્થીઓને પુંછતા એવું તારણ મળ્યું હતું કે ૫૫૭માંથી ૫૩૦ ને પ્રાયોજના ઓફીસની જાણ હતી અને ૨૭ જણને તેનો ખ્યાલ ન હતો. આ ૫૫૭માંથી ૩૫ લાભાર્થીઓ ઓફીસ ગયેલ હતાં અને બાકીના ૫૨૨ ઓફીસે ગયેલાં ન હતાં આથી એ સ્પષ્ટ થાય છે કે પ્રાયોજના કચેરીની મોટા ભાગના લોકોને જાણ હોય છે. પરંતુ તેની પ્રત્યક્ષ મુલાકાત લેનારની સંખ્યા ખુબxxx ઓછી છે. લાભાર્થીઓ પ્રાયોજના કચેરીના સંપર્કમાં ખૂબ ઓછા છે પરંતુ મંડળીના સીધા સંપર્કમાં છે તેથી મંડળીના વધુ સક્ષમ કાર્યો જ આ લાભાર્થીઓના વિકાસમાં સારો ફાળો આપી શકે.

આદિવાસિઓના કલ્યાણ કાર્યક્રમો અને વિકાસ યોજનાના કાર્યોમાં કોણ વધુ રસ ધરાવે છે તેના જવાબ ઉપરથી એવું તારણ કરી શકાય છે કે સૌથી વધુ રકમ અનુક્રમે સહકારી મંડળી, xગ્રામ પંચાયત, xસ્થાનિક નેતાઓ અને અન્ય સરકારી અધિકારીઓ xx ક્રમશ: પ્રમાણમાં રસ ધરાવે છે જો કે આ પ્રવૃત્તિઓ માટે સૌથી વધુ પ્રયત્નશીલ આદિજાતિ વિકાસ નિગમ, સરકારશ્રી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત વિગેરે છે પરંતુ આ લાભાર્થીઓ જેમની પાસેથી પ્રત્યક્ષ લાભ મેળવી શકયા છે તેમના નામો ( સ્થાનો ) બતાવતા હોય છે તેવું



પણ એક તારણ નીકળી શકે.

આ લાભાર્થીઓના મતે તેમને સૌથી વધુ મદદગાર બનનાર સ્થાનિક મંડળીઓ, ગ્રામપંચાયત તથા તેના કર્મચારીઓ તેમજ તેમના આગેવાનો વધુ મદદગાર બને છે એમ બતાવે છે. ધરમપુર અને ચીખલી તાલુકામાં તાલુકા પંચાયત તરફથી આદિવાસી કાર્યોમાં કોઈ રસ ધરાવતું નથી તેવો અભિપ્રાય મળ્યો છે જયારે અન્ય તાલુકામાં તાલુકાપંચાયત સક્રિય છે એવું જાણવા મળે છે.

આ ૫૫૭ લાભાર્થીઓમાંથી ૨૬૯ જેટલાએ દુધાળા ઢોર અંગેની લોન મેળવી છે. ૯૫ ને બળદપાડા માટે લોન મળી છે. ૧૪૩ ને બળદગાડા ખરીદવા લોન મળી છે. ૧૨ વ્યકિતને ઈલેકટ્રીક મોટર ખરીદવા અને ૯ લાભાર્થીઓને ઓઈલ એન્જીન ખરીદવા ધિરાણ મળેલ છે. ગૃહ ઉદ્યોગ માટે ૨૯ જેટલા ઈસમોને લોન મળેલ છે અનુક્રમે દુધાળા ઢોર, બળદગાડા, બળદપાડા, ગૃહ ઉદ્યોગ, ઈલેકટ્રીક મોટર અને ઓઈલ એન્જીન ખરીદવાના હેતુ માટે ક્રમશ: ઉતરતી સંખ્યામાં લોન ધિરાણ કરવામાં આવેલછે.

આ યોજના માટે સર્વેક્ષણ લાભાર્થીઓમાંથી ૧૯૮૦ના વર્ષ દરમ્યાન, ૩૨, ૧૯૮૧ના વર્ષ દરમ્યાન ૧૪૩, ૧૯૮૨ના વર્ષમાં ૧૩૦ અને ૧૯૮૩ના વર્ષમાં ૧૮૩ તેમજ ૧૯૮૪ના વર્ષ દરમ્યાન ૬૯ ઈસમોએ લોન માટે અરજી કરેલી હતી. આ યોજનાનો લાભ જરુરી આધુનીક કાગળો, અરજી અને પુરાવા રજુ કરવાથી લગભગ ૭ થી ૮ માસ પછી લોનના નાણાં મળે છે. ઉપરોકત અરજદારોને કમશ: ૧૯૮૧-૮૨માં ૯૧ને, ૧૯૮૨-૮૩માં ૧૩૪ ને અને ૧૯૮૩-૮૪માં ૧૪૦ ને કુટુંબોને યોજનાનો લાભ મળ્યો હતો. આ યોજના અંગેની માહીતી સ્થાનિક આદિવાસીઓને સહકારી મંડળીના ચેરમેન, સેક્રેટરી વિગેરે ધ્વારા મળે છે જયારે આવી મંડળીઓને પ્રાયોજના કચેરી ધ્વારા માહીતી આપવામાં આવે છે. ખાસ કરીને લાભાર્થીઓને મંડળીના કાર્યકરો ધ્વારા વધુ પ્રમાણમાં મળે છે, કેટલીક જગ્યાએ ગ્રામ પંચાયતના કર્મચારીઓ ગ્રામ સેવક, તલાટી તેમજ સરપંચ વિગેરે ધ્વારા પણ માહીતી આપવામાં આવેલી હોય છે અને લાભ મેળવવામાં પણ મંડળીઓ જ વધારે પ્રમાણમાં મદદરૂપ બને છે એવું તારણ આંકડાકીય રીતે મેળવી શકાય છે.

આ સહાય યોજનામાં લાભ ખાસ કરીને વસ્તુમાં અને રોકડમાં આપવામાં આવે છે જે હેતુ માટે લોન આપવામાં આવેલી તે હેતુની અનુલક્ષીને જરુરી સાધનો ખરીદીને લાવી આપવામાં આવે છે. કયારેક મળેલ સહાય રોકડ રકમમાં પણ આપવામાં આવે છે. કુલ તપાસેલ ૫૫૭ લાભાર્થીઓમાંથી ૩૨૬ (૫૮.૫૩ %)

લાભાથીઓને રોકડમાં અને ૨૩૧ ( ૪૧.૪૭ % ) લાભાથીઓને વસ્તુમાં લાભ મળ્યો હતો તેમ જાણવા મળ્યું હતું આથીએ સાબિત થાય છે કે કેટલીક મંડળીઓ વધુ સુસંકલીત અને આયોજીત પ્રવૃત્તિઓ હાથ ધરે છે તે મંડળીઓ તેમના સભાસદોને (લાભાથીઓને) હેતુપયોગી સાધન સામગ્રી લાવીને તે યોગ્ય રીતે રકમનો ઉપયોગ થાય તે હેતુસર વસ્તુઓ ખરીદીને લાવી આપે છે જયારે કેટલીક મંડળીઓ મંજુર થયેલ રકમ રોકડ જ આપે છે. આમ બંનેનું પ્રમાણ સરખા જેવું જ છે. જો કે વસ્તુમાં સહાય આપવી એ વધુ હિતાવહ છે જયારે રોકડ રકમનો દુરુપયોગ થવાની શકયતા વધારે છે.

આ યોજના હેઠળ આદિજાતિના લોકોને વ્યાજના રાહતદરે જુદા જુદા હેતુઓ માટે જે લોન ધીરાણ કરવામાં આવ્યું છે તેમાંના ૫૫૭ કુટુંબોને તપાસતા જાણવા મળ્યું હતું કે ૨૬૪ ( ૪૭.૪૦ % ) કુટુંબોએ ૧૯૮૦-૮૧ સુધીમાં લોન લીધી હતી જયારે ૧૯૮૪-૮૫ સુધીમાં વધોમાં ૨૯૩ ( ૫૨.૬૦ ) કુટુંબોએ લોન લીધી હતી. આમ ઉત્તરોત્તર લોન લેનારની સંખ્યામાં વધારો થયો છે. લોકો તે મેળવવા વધારે રસ ધરાવે છે. તેવું માની શકાય કે તે લાભદાયી બની છે. આ ધીરાણ સરકારશ્રીએ નકકી કરેલ ૪ % વ્યાજના દરે ધીરવામાં આવે છે પરંતુ કેટલીક મંડળીઓ તેમના વહીવટી ખર્ચ માટે ૨ % ઉમેરી ૬ % વ્યાજના દરે પણ ધીરાણ કરે છે.

લોન મહદઅંશે પ્રથમ હપ્તે જ મળી જાય છે તેમાં હપ્તા હોતા નથી લોન મંજુર થયા પછી તેમજ બધા જરૂરી કાથળો દસ્તાવેજી પુરાવા વગેરે સ્પષ્ટ xxx થયા પછી લોન મંજુર થાય છે અને ત્યારબાદ લોનની પુરેપુરી રકમ મળી જાય છે. જો કે કેટલાક કિસ્સામાં એવું બન્યું હતું કે આધુનિક કાગળો , અરજી, પુરાવા વિ. અપુરતા યા રજુ નહીં કરેલા હોવાથી લોન ન મળી શકી હોય પરંતુ તે રજુ કરતા લોન મળી રહી હોય તેવું બન્યું છે. કુલ ૫૫૭ લાભાથીઓમાંથી ૫૫૨ ઇસમોને પ્રથમ હપ્તે જ લોન મળી ગઇ હતી જયારે ૫ અરજદારોને બીજા હપ્તે મળી હતી તેવું જાણવા મળ્યું છે.

લોન મળ્યા પછી સબસીડી મંજુર કરવા માટે અરજી અને જરુરી પુરાવા મોકલવા પડે છે જે વિધિ ખાસ કરીને આ સહકારી મંડળીઓ મારફત થાય છે. સબસીડી મંજુર ખર્ચ ગયા પછી તે સબસીડીની રકમ ઉપર વ્યાજ ગણાતું નથી પરંતુ લોન તરીકે રહેલ બાકીની રકમ ઉપર વ્યાજ ગણાય છે જો કે કેટલીક વાર સબસીડી મંજુર થવામાં વધુ સમય જાય છે ત્યારે લાભાથીને વ્યાજની રકમ વધારે ભરવી પડતી હોય છે. સબસીડીમાં કોઈ હપ્તા હોતા નથી આ યોજનામાં લાભ



મેળવવામાં ખાસ કોઈ મુશ્કેલી પડતી હોય તેવું પ્રમાણ ખુબ ઓછું જોવા મળે છે. જો કે આવી લેખિત અને પુરાવા વિગેરે બાબતો રજુ કરવા નિરક્ષાર આદિવાસીઓને કેટલીક કચેરીઓ પાસેથી સાબીતી મેળવવી પડતી હોય છે.

દાખલા મેળવવા પડતા હોય છે x તે ઉપરાંત પશુ ચકાસણી કરવામાં પણ પશુષ્ખદાકતરનો રિપોર્ટ મેળવવો પડતો હોય છે તેથી વિધિ થોડી ગુંચવણભરી લાગે છે. આ ઉપરાંત લોન મેળવવા અરજી કર્યા પછી ૭ થી ૮ માસ કે તેથી વધુ સમય પણ પસાર થઈ જતો હોય છે. તે સમયગાળો લાંબો છે તેમ જણાવે છે.

સ્થાનિક મંડળીઓનો વહીવટી અંકુશ ધરાવતા લોકો ખોટો પક્ષાપાત જાતિવાદ અથવા સગાવાદને પોશે અને અન્ય વ્યકિતઓ લાભથી વંચિત રહેતો હોય તેવું પણ બને છે જે એક મુશ્કેલી છે. કુલ તપાસેલ ૫૫૭ કુટુંબોમાંથી ૫૩૧ ( x ૫૫.૩૩ % ) લાભાથીઓના મતે તેમને ખાસ કોઈ મુશ્કેલી પડતી નથી ત્યારે બાકીના ૨૬ ( ૪.૬૭ ટકા ) ના મતે ધીરાણ મળવામાં વિલંબ, ધકકા, ખર્ચ વિગેરે મુશ્કેલીઓ પડી હતી એવું એમનું કહેવું છે.

આ યોજનાથી શૈક્ષણિક બાબતમાં xx કંઈ ફેરફાર થયો છે કે કેમ તે બાબત તપાસતા સામાન્ય દ્રષ્ટિએ એવું જણાયુ હતું કે શિક્ષણના પ્રમાણમાં વધારો થયો છે. ૫૫૭ કુટુંબમાંથી ૩૪૭ ( ૬૨.૩૦ % ) કુટુંબોના મતે શિક્ષણમાં ફેરફાર થયો છે તેનું પ્રમાણ વધ્યું છે, તેમ બતાવ્યુ હતું અને તેનું કારણ એવું જણાવ્યું હતું કે આવકમાં થોડો વધારો થવાથી પણ શિક્ષણ વધ્યું છે, વળી ઉત્તેજન મળ્યું છે તે ઉપરાંત નોકરી માટે પણ તક સમાજના કેટલાક યુવાનોએ શિક્ષણ મેળવી સારો વિકાસ સાધ્યો છે તેથી તેમના અનુકરણ અને દેખાદેખીની અસરથી પણ શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. ૨૧૦ ( ૩૭.૭૦ % ) ઉત્તરદાતાઓના મત મુજબ શિક્ષણમાં કોઈ ફેરફાર થયો નથી તેનું કારણ બતાવતા એમ જણાવ્યું હતું કે શિક્ષણ તરફ હજુ આકર્ષણ પેદા થયું નથી. વળી ખેતીમાં જોડાઈ જવાથી પણ અભ્યાસ છોડી દે છે તે ઉપરાંત કેટલાક આર્થિક સ્થિતિ સારી ન હોવાથી પણ શિક્ષણ મેળવી શકતા નથી અને એમ પણ બતાવ્યું હતું કે માત્ર આ સહાયથી શિક્ષણમાં ખાસ કંઈ અસર થઈ શકે તેમ નથી. કારણકે આ સહાય યોજનાથી રોજીંદુ ગુજરાન કરવા જેટલી આવક xx મેળવી શકાય તેમ છે.

આ યોજનાનો લાભ મેળવતા ખાસ કોઈ દેવું થયું હોય તેમ જણાતું નથી પરંતુ કેટલાક અપવાદરુપ કિસ્સાઓમાં xxx એવું જોવા મળ્યું હતું કે કદાચ ખર્ચ થાય છે તો પણ તે રુપિયા ૧૦૦ (એકસો) થી વધારે હોતું નથી. વાસદા,

ચીખલી, પારડી, વલસાડ વિગેરે તાલુકામાં દેવું જોવા મળેલ નથી પરંતુ ધરમપુર તાલુકામાં ૨ અને ઉમરગામ તાલુકામાં ૫ ઉત્તરદાતાઓનો એવો અભિપ્રાય હતો કે લોન મેળવવા દેવું કરવું પડયું હતું જે સગા સંબંધી અને ૪ દુકાનદારનું જ હતું એમ જણાવ્યુ હતું.

આ ઉપરાંત પણ યોજનાથી થયેલ લાભોથી તેમની રોજીંદી તેમજ કૌટુંબિક પરિસ્થિતિમાં કંઈ ફેરફાર થયો છે કે કેમ તેના જવાબમાં માહીતી મેળવી શકાયેલ હતી કે ૫૫૭ Xઉત્તરદાતાઓ તેમની આવક અંગે સવાલ પુછતા ૪૯૮ ( ૮૯.૪૧ % ) ના મત મુજબ આવક વધી છે જયારે ૫૯ (૧૦.૫૯ %) ના મતે આવકમાં કોઈ ફેરફાર થયો નથી. ખોરાકની સગવડ અંગે પુછતાં ૪૨૬ ( ૭૬.૪૮ % ) આ અભિપ્રાય મુજબની ખોરાકની સગવડ સારી છે. ૧૦ ( ૧.૮૦ % ) લાભાથીઓના મતે અપૂરતી સગવડ છે જયારે ૨૨૧ (૨૧.૭૨%) મતાનુસાર ખોરાકની સગવડ જેમની તેમ છે. ખાસ કંઈ ફેરફાર થયો નથી. ખોરાક પૂરતો મળે છેકે કેમ તેના જવાબમાં ૪૭૨ ( ૮૪.૭૪ % ) ના મતાનુસાર પૂરતો ખોરાક મળે છે જયારે ૮૫ ( ૧૫.૨૬ ) ના મત મુજબ ખોરાક અપૂરતો મળે છે એમ જણાવ્યું હતું.

આરોગ્ય અંગેનો સવાલ પુછતા ૫૯ લાભાથીઓ ( ૧૦.૫૯ % )ના મત મુજબ માંદગીના પ્રસંગો વધ્યા છે એમ જાણવા મળ્યુ હતું જયારે ૨૦૮ ( ૩૭.૩૪ % ) ના મતે માંદગીનું પ્રમાણ ઘટયું છે જયારે ૨૯૦ ( ૫૨.૦૭ % ) લાભાથીઓએ જણાવ્યુ હતું કે માંદગીના પ્રમાણમાં કોઈ ફેરફાર થયો નથી. દાકતરી સારવારની સવલતની ઉપલબ્ધી અંગે ૪૬૮ ( ૮૪.૦૨ % ) ઉત્તરદાતાઓના જણાવ્યાનુસાર સવલત મળી રહે છે જયારે ૮૯ ( ૧૫.૯૮ % ) ના જણાવ્યા પ્રમાણે દાકતરી સારવારની સવલત ઉપલબ્ધ નથી.

મુલાકાત લીધેલ ૫૫૭ ઉત્તરદાતાઓએ તેમની દૈનિક જરુરીયાતોની ઉપલબ્ધીમાં કોઈ ફેરફાર અંગે પુછતા ૩૬૫ ( ૬૫.૫૩ % ) ના મતે ઉપલબ્ધી વધી છે એમ જણાવ્યુ હતું જયારે ૧૯૨ ( ૩૪.૪૭ % ) લાભાથીઓએ જણાવ્યું હતું કે દૈનિક જરુરીયાતોની ચીજોની ઉપલબ્ધીમાં કોઈ ફેરફાર થયો નથી. વાહન-વ્યવહારની પ્રાપ્યતા અંગે ૪૩૨ ( ૭૭.૫૬ % ) લાભાથીઓના મતે વાહન-વ્યવહારની સુવિધા પ્રાપ્ત છે જયારે ૨૨૫ ( ૨૨.૪૪ % ) ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું કે વાહન-વ્યવહારની સુવિધા XXXX અપ્રાપ્ય છે.



લોક સંપર્કના માધ્યમો કેટલા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે અને કયા કયા તે વિશે પુછતાં ૨૮૧ ( ૫૦.૪૫ % ) કુટુંબોને તે પ્રાપ્ત હતાં જયારે ૨૭૬ ( ૪૯.૫૫ % ) કુટુંબોને તે અપ્રાપ્ત હતા. આ માધ્યમો ખાસ કરીને દૈનિક પત્રો, રેડિયો અને અન્ય સામયિકો XX જ હતાં. ૨૮૧ કુટુંબોને આવાં માધ્યમો પ્રાપ્ત હતા તેમાંના ૨૧૫ કુટુંબોને રેડિયો હતો અને ૭૦ જેટલાંને સામયિકો પ્રાપ્ત હતા જયારે ૩૦ કુટુંબોને દૈનિકપત્રો જોવા મળે છે. મોજશોખ અને મનોરંજનની પ્રવૃત્તિમાં ૨૧૯ ( ૩૯.૩૧ % ) ઉત્તરદાતાઓએ જણાવ્યુ હતું કે મોજશોખની પ્રવૃત્તિ વધી છે જયારે ૩૩૮ ( ૬૦.૬૯ % ) કુટુંબોના જણાવ્યા પ્રમાણે મોજશોખ અને મનોરંજનની પ્રવૃત્તિમાં કોઈ વધ-ઘટ થઈ નથી.

આ ઉપરાંત દુધાળા ઢોરે અને બળદપાડા ખરીદવાના હેતુથી જે લોન વિતરણ કરવામાં આવ્યું છે અને તેનું પ્રમાણ વધારે છે તેથી પશુપાલનની સવલત અને સગવડ વિશે પ્રશ્નો પુછતાં મુલ્યાંકિત ૫૫૭ કુટુંબોમાંથી ૩૨૫ના મતે પશુપાલન માટે મકાન, ઘાસચારો, ડોકટર વિગેરેની સગવડ છે જયારે ૨૩૩ ઉત્તરદાતાઓના જણાવ્યાનુસાર આવી કોઈ સગવડ તેમનો નથી. ૫૫૭ ઉત્તરદાતાઓને અડચણ વિશે પૂછતાં જાણવા મળ્યું છે કે ૩૬૫ લાભાથીઓએ જણાવ્યુ હતું કે પશુપાલન માટે ચારવા જમીન સારા ખાણ-દાણ વિગેરેની મુશ્કેલી છે. ૧૯૨ લાભાથીઓના કહેવા પ્રમાણે પશુપાલનમાં ખાસ કંઈ તકલીફ નથી.

આમ આ પ્રોજેકટ વિસ્તારના ૫૫૭ કુટુંબોની મુલાકાત લઈ તેમની અગાઉ વર્ણવેલ બાબતો અંગેના જે આંકડા મેળવી શકાયા હતા તેનું વિવરણ ઉપરોકત પ્રમાણે કરી શકાય છે. જો કે કેટલીક ક્ષેત્ર તૂટીઓ તેમજ ઉત્તરદાતાઓની નિરક્ષારતાને કારણે મુશ્કેલી રહે છે તેમ છતાં ઉપર પ્રમાણે માહીતી મેળવી શકાઈ છે તે માહીતી ઉપરથી એવું તારણ કરી શકાય કે વિવિધ સહાય યોજનાઓથી લાભાથીઓને સારા પ્રમાણમાં લાભ મળી શકયો છે અને તેમની દૈનિક અને સામાજિક આર્થિક પરિસ્થિતિમાં થોડા અંશે પણ સુધારો કરી શકાયો છે.

# પ્રકરણ - ૭

## નિગમ ધ્વારા અપાતી લોન :

## અભ્યાસના તારણો અને સૂચનો

આર્થિક સામાજિક રીતે નબળાં વર્ગના લોકોને મદદરુપ થવાના આશયથી સરકારે નાણાંકીય સહાય સહિતની જે જે સવલતો આપી છે તેનું શું વળતર છે તે તપાસવાનો આ મૂલ્યાંકન અભ્યાસનો ખાસ આશય રહેલો છે.

મૂલ્યાંકન અભ્યાસનો હેતુ, કાર્યક્ષેત્ર પધ્ધતિ મૂલ્યાંકનમાં આવરી લીધેલા કુટુંબોની આર્થિક સ્થિતિ મંડળીઓનું સંચાલન વગેરેની છણાવટ શરુઆતના પ્રકરણમાં રજુ કરવામાં આવી છે. નકકી કરેલા કાર્યક્ષેત્રમાંથી પસંદ કરેલાં સભાસદોની તેમજ સભાસદો સાથે સંકળાયેલા અનુભવી અને નિષ્ણાત વ્યકિતઓની તેમજ સરકારી ખાનગી સંસ્થાઓ સરકારી મંડળીઓના પ્રમુખ, મંત્રીની મુલાકાત લઈને એમના અભિપ્રાયો જાણવા પ્રયત્ન કર્યો છે.

અગાઉ જણાવ્યું તે મુજબ આ મુલાકાતમાં વાંસદા પેટા યોજનામાં આવરી લીધેલા વાંસદા, ધરમપુર, ચીખલી, પારડી, ઉમરગામ, અને વલસાડ તાલુકાની ૨૪ મંડળીઓ અને તેના ૫૫૭ સભાસદોની વ્યકિતગત મુલાકાત લીધી તે ઉપરાંત ગામના સરપંચ, તલાટી, તાલુકાના અધિકારીઓ વગેરેને મળીને નિગમ ધ્વારા અપાતી સહાય અંગેની માહીતી એકત્ર કરવા પ્રયત્ન કર્યો છે. આ સમગ્ર અભ્યાસ ઉપરથી નિગમ ધ્વારા અપાતી સહાય અને તેની સફળતા નિષ્ફળતા માટેના કારણો પરિબળો તેમજ આદિવાસીના વિકાસ અંગે સહાય સહાયભૂત થઈ શકાય તે માટેના સુચનોનું તારણ કાઢવામાં આવ્યું છે.

અહીં એક સ્પષ્ટતા કરવાની છેકે પેટા યોજના ધ્વારા જે ધિરાણ અપાય છે તે જુદા જુદા સ્થળે જુદા જુદા હેતુ માટે અપાય છે. વળી મંડળીઓના સંચાલન પર પણ ધિરાણનો આધાર રહે છે તેથી જે તારણો નિકળ્યા છે તેમાં કેટલાક વિરોધાભાસ પણ લાગે પરંતુ સરવાળે જે અગત્યના લાગ્યા છે તે રજુ કરવાનો અહીં પ્રયત્ન કર્યો છે.

અ. સામાન્ય તારણો :

(૧) રાહત દરે લોને સહાય મળતા એકંદરે તેમની વાર્ષિક આવકમાં વધારો થયેલો જોવા મળે છે. પહેલાં જે આવક કરતા હતા તેમાં એક સાધન વધારે આવકવાળું મળતાં તેમની આર્થિક સ્થિતિમાં ચોક્કસ સુધારો થયો છે. કુટુંબોમાંથી એક માણસ એ સાધન સાથે રહે તો પણ તેમનું પુરતું ભરણપોષણ થાય છે જે પહેલાં થતુ નહોતું.

(૨) રાહતદરે સાધનો સરકાર ધ્વારા અપાયા તેથી કેટલાકને રાહત થઇ છે કારણકે એ ન મળ્યાં હોત તો પણ દેવું કરીને તેઓને એ સાધનો લેવા પડતં કારણકે ખેત ઉત્પાદન વધારવા આવક વધારવા માટે આ ખેત સાધનો જરુરી છે. કારણકે તેને કારણે જ પોતાની જમીનમાંથી જ નિયમિત અને જરુરી સમય સુધી આવક મેળવી શકાય છે. રાહત મળ્યા તે પહેલાં જે કુટુંબો પાસે, સાધન ન હતા તેઓને અનાજ કે રોકડના બદલામાં સાધન લાવવા પડતા વળી સમયસર ન મળે તો ધાર્યું ઉત્પાદન પણ મેળવી ન શકાતું.

(૩) સહાય સાથે તેમની આવક વધી છે જે પરિણામે તેમજ પોષક અને સુખ સગવડ જરુરીયાતો પણ પુરી પડી છે.

(૪) આવી યોજના સરકારશ્રી તરફથી મળે છે તેનાથી મંડળીના કાર્ય ક્ષેત્રમા આવતા ગામોના આદિવાસીઓ તેમજ ગામ અને તેમનો સમાજ સુવ્યવસ્થિત વિકાસની શરુઆત કરે છે વળી મંડળી પણ પ્રગતિપૂર્વક કાર્ય કરી શકે છે અને તેનો પણ વિકાસ થાય છે કારણકે તેઓ આવી યોજના સાથે સંકળાતા તેને પણ સુવ્યવસ્થિત આયોજિત પ્રવૃત્તિ મળતાં વિકાસ કરવાનું સહેલું બને છે. સરકારશ્રી તરફથી પણ પ્રોત્સાહન મળતાં પ્રગતિ વેગમાં વધારો થાય છે. આમ નિગમની પ્રવૃત્તિથી આદિજાતી ગામ અને સમાજ વગેરેનો આર્થિક વિકાસ ઝડપી અને સરળ બન્યો છે જે યોજનાનો મુખ્ય લાભ છે.

(૫) ક્ષેત્રકાર્ય દરમ્યાન એવો અનુભવ થયો છે કે આ સહાય મેળવી આપવામાં મંડળના મંત્રી અને કેટલીક જગ્યાએ ગ્રામ સેવકે નોંધનીય ફાળો આપ્યો છે.



(૬) સામાન્ય રીતે તો મોટા ભાગના ધિરાણમાં વસુલાત સારા પ્રમાણમાં થયેલી છે અને સભાસદો તરફથી પણ મંડળીનું વર્તન સારું જોવા મળે છે અને મંડળીઓનો બેંક સાથેનો વ્યવહાર પણ સારો હોય છે.

(૭) જ્યાં જ્યાં સહાય મળી છે ત્યાં તેમના શિક્ષણમાં કુટુંબના વિકાસમાં તેમને મળતા જરુરી ખોરાકમાં મોજશોખની વસ્તુઓની ખરીદીમાં અને અન્ય સુવિધાઓમાં વધારો થયેલો જોવા મળ્યો છે.

(૮) જે મંડળીઓ દ્વારા સહાય અપાઇ છે એમાંની કેટલીક મંડળીઓ તો વિવિધ કાર્યકારી મંડળીઓ છે તેઓ ખેડૂતોને આ સહાય ઉપરાંત ઘેરે બેઠા જરુરી ખાતર બિયારણ ખેત ધિરાણ આપે છે તેથી ખેડૂતોને તાલુકા મથક કે બીજે જવું પડતુ નથી.

૦૦ જેમને એક સહાય મળી છે તેમણે બીજી સહાય માટેની રજૂઆત કરી છે. દા.ત. જેમને દૂધાળા ઢોર મળ્યા હોય તેમણે ગાડું, બળદ, ભેંસ જેવી જરુરીયાતોની માગણી કરી છે.

૦૦ મંડળી સભાસદને નિગમ દ્વારા સહાય સાથે સભાસદોનો વિકાસ થાય તેવાં પ્રયત્નો કરે છે અને બીજી સવલતો પણ આપે છે.

૦૦ મંડળી દ્વારા જેમની આર્થિક સ્થિતિ સુધરી છે તેમને મંડળીના વહીવટ કાર્યક્ષમતા નિષ્ઠા અને કુશળતા ઉપર વિશ્વાસ છે. અલબત તેઓ માને છે કે આ લાભ સરકાર દ્વારા જ મળ્યો છે.

૦૦ જેમને લાભ મળ્યો છે તેમની સ્થિતિ એકંદરે સારી જોવા મળી છે તેમના કુટુંબમાં શિક્ષણ અને નોકરીયાત લોકો પણ છે તેમની ખેતી છે અને તે આવક પણ સારી છે જ્યારે અમુક કુટુંબોની આર્થિક સ્થિતિ ફક્ત ગુજરાત ચલાવવા પુરતી છે અલબત આ સહાય મળ્યા પછી તેઓને પણ ખાવા પીવામાં તકલીફ ઉઠાવવી પડતી નથી.

૦૦ જેમને લાભ મળ્યો છે તેઓમાંથી મોટા ભાગનાને મજૂરીના કામે જવાની જરૂર પડતી નથી, કારણ કે તેમને ખેતીમાંથી પૂરતી આવક મળી રહે છે.

૦૦ મંડળીના સભ્ય મંત્રીના સરકારથી બનતા હોય છે મંડળીઓ સામાન્યરીતે વિવિધ ધિરાણ તેમજ સહાય અને ખાતર બિયારણમાં વધારે મદદરૂપ બનતી હોય છે. ખેતીમાં ખાતર બિયારણની ચીજો ખેત સાધનોની બાબતમાં તેઓ સારા પ્રમાણમાં વપરાશ કરતા જોવા મળે છે પરંતુ અમુક અંશે અનિયમિત ખાતર અને ધિરાણ જોવા મળે છે.

૦૦ મંડળી અનાજની ખરીદી વેચાણ કરે છે તેથી ખેડૂતોને ઘેર બેઠા પૂરતા ભાવે રોકડ રકમ મળી રહે છે. મંડળી ગુણવત્તાના પ્રમાણે ખેત ઉપજના ભાવો આપે છે. જરુરી જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓની ખરીદી અને અન્ય ખેત સામગ્રીની ખરીદી પણ મંડળી મારફત જ થાય છે તેથી મંડળીના વહીવટમાં ખામી કે અનિષ્ઠા જેવું જણાતું નથી.

૦૦ ઉંડાણના ગામોમાં સરકારી મદદથી લોકોની આવક વધી છે પરંતુ દારૂની બદી ઘર કરી ગઇ છે. પોલીસ [illegible] ટકા લઇ જાય છે અને લોકોને દારૂ ગાળવાની છૂટ આપે છે. આમ દારૂનો ધંધો ચાલુ રહેતા જ બદી વધતી જ રહી છે પરિણામે તેમને રાહતદરે સાધન આપવાથી જે ફાયદો થવો જોઇએ તે થવા પામ્યો નથી.

૦૦ લીધેલ સહાયથી તેમજ મંડળી દ્વારા આ લોકોને પૂરતા અને જરુરી એવા નિયમિત ખાતર બિયારણ આવે છે જેથી લોકો નવી ઢબના ખેતી સાધનો દવા ખાતર બિયારણ વાપરે છે સાથે ટૂંકી મુદતનું ધિરાણ મળતા તેઓ ખેત ઉત્પાદન અને ખેતમાં નવી ઢબથી ઉત્પાદન મેળવે છે. ઉપરાંત ખેત ઉત્પાદન અને ખેતીમાં નવી ઢબથી ઉત્પાદન મેળવે છે ઉપરાંત ગ્રામસેવા મંડળીના મંત્રી સ્ટાફ અને



જાગૃત ખેડૂતોના માર્ગદર્શનથી તેઓ ટેકનીકલ અને વૈજ્ઞાનિક ઢબની ખેતી કરવાના પ્રયત્નો કરે છે.

૦૦ મંડળી જે વસ્તુનું ધિરાણ કરે છે તેના પર ૧૨ ટકા વ્યાજ લે છે જ્યારે નિગમ દ્વારા જે વસ્તુ અપાય છે તેના ઉપર ૪ ટકા વ્યાજ લેવાય છે. મુદત વિત્યા બાદ ૮ ટકા વ્યાજ લેવામાં આવે છે. અમારા ક્ષેત્રકાર્ય દરમ્યાન મંડળીઓ પોતે પોતાના વહીવટી ખર્ચ માટે ૨ ટકા વધારે વ્યાજ લેતી હતી, નિગમને આ લાગતું વળગતું નથી.

૦૦ ૭ ટકા સભાસદોને પ્રાયોજનાની કચેરી ક્યાં છે તેની ખબર પણ નથી. જેમને ખબર છે તેઓ પોતાના કામ પતાવી આવતા રહે છે. અન્ય મળતી સવલતો કે બીજાના રોકાયેલા કામોનો ખુલાસો કરવાની કે માથાકૂટ કરવાની મનો વૃત્તિ જોવા મળતી નથી.

૦૦ સબસીડી મેળવવાની બાબતમાં તકલીફ જોવા મળે છે વારંવાર ધક્કા ખાધા પછી સહાય અને સાધનો મળે છે.

૦૦ ધરમપુર જેવા વિસ્તારમાં બસ વ્યવહાર ઓછો હોય અને દૂરના ગામોને લાભ ઓછો મળે છે કારણ કે લાભ લેવા દૂર સુધી જવું પડે અને તેમાં બે ત્રણ ધક્કા થાય તેથી લોન લેવાનું માંડવાળ કરે વસુલાત ઓછી થાય છે તેમાં પણ આજ કારણ જવાબદાર છે.

૦૦ તેમના વિકાસમાં મદદરૂપ થઇ શકે તેવા ગ્રામસેવક તલાટી સરપંચ તેમજ બીજા મદદરૂપ અધિકારીઓનું વલણ તેમના વિકાસ માટે વધારે મદદરૂપ કે નિષ્ઠાવાન જણાતું નથી, તેમનામાં લાંચ-રુશ્વત જોવા મળે છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન અમને જે લાગ્યું છે તે લખ્યું છે.

૦૦

૦૦ વિકાસના કાર્યક્રમથી અગાઉ જણાવ્યું તે મુજબ જીવન જરૂરિયાત, સુખસગવડ, મોજશોખ અને થોડાક અંશે શિક્ષણ વધ્યું છે પરંતુ હજુ પણ શિક્ષણ અને અન્ય બાબતોમાં જોઇએ તેટલું સારું પરિણામ આવ્યું નથી પરંતુ અગાઉના પ્રમાણમાં તેમાં આંશિક સુધારો થયો છે. તેમનામાં મૂળભૂત રીતે શિક્ષણ તેમજ અન્ય જાણકારીનો અભાવ હોવાને કારણે તેમના વિકાસમાં મદદરૂપ અધિકારીઓ પણ તે વિસ્તારની તકનો લાભ લઇને

અનિયમિત અને લાંચ લેતા થઇ ગયા છે, અલબત તેઓ થોડેઘણે અંશે તેમના વિકાસનું કામ તો ચોક્કસ કરે છે.

૦૦ લગભગ દરેક વિસ્તારમાં થોડે ઘણે અંશે લાંચરુશ્વતનો બદો ઘર કરી ગઇ છે અલબત જે મંડળીઓ કાર્યક્ષમ અને કુશળ છે તેમજ વહીવટદાર પ્રમાણિક છે ત્યાં આ ખાસ જોવા મળતું નથી.

૦૦ સભાસદોને તો લાંચરુશ્વત આપી સાધનો લાવતા પણ બે ત્રણ વર્ષોમાં તેમની સ્થિતિમાં સુધારો થાય છે કારણકે જે કામ તેઓ ભાડે સાધન લાવી કરાવતા તેના કરતા પોતાના સાધનથી કામ કરે છે તેથી સરવાળે તેને ફાયદો લાગે છે એથી સમજતો હોવા છતાં લાંચ આપતો હોય છે.

૦૦ પહેલાં અનાજ કરિયાણા અને ચીજવસ્તુ માટે ખાનગી દુકાનદારો દ્વારા આદિવાસી પ્રજાનું શોષણ થતું હતું હવે સહકારી મંડળીઓ શાખા ખુલતા બધીજ જીવન જરુરીયાતની ચીજવસ્તુઓ મળી રહેતા હાલમાં શોષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે પરંતુ શોષણ જેમનું થાય છે અને જે કરે છે તેમની વચ્ચે ગાઢ સંબંધ છે, નાણાંની લેવડ દેવડ ચાલે છે તેથી શોષણમાંથી મુક્ત થઇ શકયા નથી.

૦૦ અગાઉના અનુભવ જોતા તેમને સહાય મળ્યા પછી ખાસ કરીને ખોરાક અને કપડાંની સ્થિતિ સારી થઇ છે છતાં પણ બે વર્ષ જેટલું થઇ જવા છતાં બાકીનું ભરણું નહીં ભરવાની વૃત્તિ જોવા મળે છે અને તેમાં ખાસ કરી આર્થિક સ્થિતિ ખરાબ છે તે બહાના હેઠળ વાત ટાળવા પ્રયત્ન કરે છે.

૦૦ જેમને સહાય મળી છે જેમની આવક વધી છે તેઓમાંથી પણ કેટલાક લોકોની લેણી રકમ ભરી દેવાની તૈયારી નથી અને કારણમાં ખેત ઉત્પાદન ઓછું છે, ચીજવસ્તુઓની જરુરીયાત અને ભાવ વધારો વધતા બચત થતી નથી અને તેથી દેવું ભરપાઇ કરાતું નથી એવા બહાના બતાવે છે.

૦૦ કેટલાંક કુટુંબોએ આપેલી સહાયની લેણી રકમ ચૂકવી નથી પરંતુ તેમની વાતચીત પરથી ફલિત થાય છે કે તેઓ મોડા વહેલા રકમ ચૂકવી દેશે અલબત અગાઉ જણાવ્યું તે મુજબ કેટલાક લોકો આર્થિક સ્થિતિના બહાના હેઠળ વાત ટાળતાં હોય છે.



૦૦ જયાં સહાય મળી ત્યાં આર્થિક સ્થિતિ સુધરી છે પણ કેટલાક કુટુંબોને મંડળી મારફત રકમ ન મળતાં સીધી બેંક મારફત રકમ મળી છે તેઓએ તે રકમ જે માટે મળી છે તેમાં વાપરવાને બદલે સામાજિક પ્રસંગો કે ઘરખર્ચમાં રકમ વાપરી નાખી છે.

૦૦ ઉંડાણ જંગલ વિસ્તારમાં કેટલાક લોકો પોતાને જરુર ન હોય તો પણ બીજાને માટે પોતાને ખાતે રકમ લઇને આપે છે અને બીજા ઉમેદવાર હપ્તોની રકમ ન ભરતા એને ખાતેદારને ચુકવણી કરવી પડે છે અને તેને કારણે ચુકવણી ઢીલમાં પડે છે.

૦૦ ખાતેદારોને આવક હોવા છતાં મંડળીમાં દેવું ભરપાઇ ન કરવાની વૃત્તિ ધરાવતા પણ જોવા મળે છે અને સરકાર માફ કરશે એવી ગ્રંથી પણ ધરાવતા હોય છે.

૦૦ કેટલીક મંડળીઓ પણ સભાસદોને ખોટી દોરવણી આપતી હોય છે. સભાસદે ૫૦ ટકા રકમ ભરપાઇ કરવાની હોય છે એવી સ્પષ્ટ સૂચના આપતા નથી તેથી આદિવાસી સભાસદ એમ માને છે કે આ રાહત મફત મળી છે અને તેઓ ભરવાનું થાય છે ત્યારે મુશ્કેલીમાં મુકાય છે.

૦૦ વસુલાત ઓછી થવામાં આર્થિક કારણ ઉપરાંત બનાવટ અને અપવ્યય ધંધો બંધ થવાનું કારણ પણ જવાબદાર હોય છે.

૦૦ ઘણી મંડળીઓ આ ઢંઢચાલે છે અને તેને પેટા કાયદામાં સુધારા કરવા માટેની ઓડિટ નોંધ પણ મળેલી હોય છે.

૦૦ જયાં પશુ આપવામાં આવ્યા છે ત્યાં મોટેભાગે પશુ બાંધવા માટે અલગ મકાનની વ્યવસ્થા જોવા મળતી નથી.

૦૦ શિક્ષણ મેળવેલા કેટલાક યુવાનોને નોકરી ન મળતા અને તેઓમાં ખેતી કે ખેત મજૂરી ન હોવાથી તેઓ નિરાશા અનુભવે છે અને ત્યાં મળી શકે તેવી લોન સહાય ઉપકારક બની શકે છે.

દૂધાળા ઢોર :
---------

૦X૦ નિગમની સહાયથી જે દૂધાળા ઢોર પૂરા પાડવાની યોજનાથી મોટેભાગે લાભ મળ્યો છે. આ યોજનાને કારણે આદિજાતિના લોકોની આર્થિક સ્થિતિમાં ગણનાપાત્ર સુધારો થયો છે. જીવનધોરણમાં પણ સુધારો થયો છે અને સારા એવા પ્રમાણમાં ખેતમજૂરો સિમાંત ખેડૂતો અને મધ્યમ કદના ખેડૂતોએ લાભ લીધો છે. પરિણામે કેટલાકને પૂરક ધંધા તરીકે તો કેટલાકને મુખ્ય કે ગૌણ ધંધા તરીકેનો લાભ પ્રાપ્ત થયો છે, આમ તેમના સર્વાંગી વિકાસમાં આ યોજનાનો સારો ફાળો ગણી શકાય.

૦X૦ દૂધાળા ઢોર યોજના હેઠળ ભેંસ માટે ૨૫૦૦ થી ૩૦૦૦ અને ગાય માટે ૧૫૦૦ થી ૨૦૦૦ જેટલો લોન ધિરવામાં આવે છે.

૦X૦ ઉપર જણાવ્યું તે મુજબ આ યોજનાનો લાભ મોટે ભાગે સિમાંત ખેડૂતોએ જ લીધો છે અલબત્ત આર્થિક રીતે પછાત એવા કેટલાક આદિવાસી ખેડૂતો અને ખેતમજૂરોને પણ આ યોજનાનો બે થી ત્રણ વખત લાભ મેળવી પોતાની આર્થિક સ્થિતિ સુધારી છે.

૦X૦ જે મંડળીઓ વ્યવસ્થિત છે ત્યાં તો ઢોર લાવ્યા પછી સબસીડી મંજૂર થાય તેથી ધિરાણ ગેરમાર્ગે વપરાવાની શકયતા રહેતી નથી. અને તેના દૈનિક ઉત્પાદનમાંથી આવક શરૂ થઇ જાય છે તેથી ઉત્પાદન બગડવાની પણ શકયતા રહેતી નથી, માસિક આવકમાંથી ધિરાણ કપાત થાય એટલે વસુલાત પણ થાય છે.

૦X૦ દૂધ ઉત્પાદન સહકારી મંડળીઓ તાલુકા કક્ષાએ હોય છે તેમાં આદિવાસી કરતાં બીન આદિવાસી સભ્યોની સંખ્યા વધુ જોવા મળે છે.

૦X૦ દૂધાળા ઢોર વિતરણ યોજનાથી આર્થિક રીતે પછાતવર્ગોમાં જે દૂધાળા ઢોરની લોન મળવાથી તેઓ ઢોર વસાવી શકયા છે તે ઉપરાંત પશુપાલન અંગેની અન્ય સવલતો પ્રાપ્ત કરી શકયા છે.



૦X૦ કેટલીક મંડળીઓ પશુ સારવાર તેમજ પશુદાણની સવલતો આપે છે ત્યાં તો સભાસદને પશુપાલન વધુ ખર્ચાળ બનતું નથી.

૦X૦ સારી મંડળીઓ છે ત્યાં દૂધ મંડળીમાં જ ભરાય છે મંડળી દ્વારા જ તેની કિંમત ચુકવાય છે અને ધિરાણની વસુલાત પણ મંડળી હપ્તા દ્વારા કરે છે. આમ સભાસદને માસિક આવક થાય સાથે દૂધ વેચાણમાંથી હપ્તા ભરાય અને એક વર્ષમાં ઢોર પોતાનું બની જાય છે.

૦X૦ મોટાભાગની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ ઉત્પાદનનું સાધન આપે છે, વેચાણ માટે બજારની વ્યવસ્થા કરે છે તેમજ ઉત્પાદન વિકાસ વિકાસ માટેના પ્રયત્નોમાં પણ મદદરૂપ થાય છે. દેવાની વસુલાત પણ સરળતાથી કરી આપે છે આમ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ ધિરાણનો હેતુ બર લાવવામાં મદદરૂપ બનતી જણાય છે. આમ આ યોજના લાભાર્થી તેમજ મંડળી બંનેને સુવ્યવસ્થિત બનાવવામાં મહત્વનો ફાળો આપે છે.

૦X૦ આ યોજનાથી તાત્કાલિક લાભ મળી રહેતો હોવાથી આર્થિક સ્થિતિમાં સુધારો જલદી દેખાય છે તેથી આ લાભ મેળવવામાં રસ અને પ્રોત્સાહન વધુ લાગે છે. વળી ગૌણ ધંધા તરીકે પણ પશુપાલન ઉપયોગી થઇ શકે છે.

૦X૦ મોટાભાગની મંડળીઓમાં દૂધ શિયાળામાં વધારે પ્રમાણમાં ભરાતું હોય છે બાકીની સીઝનમાં વેપારી કે નજીકના સંબંધીઓ તેમજ ખાનગી દુકાનોમાં દૂધ વેચી નાખવામાં આવે છે અને તેથી મંડળીને આશાજનક દૂધનો પુરવઠો મળતો નથી.

૦X૦ મંડળીની સંઘ દ્વારા જે દૂધ ભાવ ફેટ ચુકવવામાં આવે છે તે યોગ્ય નથી દૂધના કિલોના ફેટનો રૂ. ૫૦ મળે છે તો કોઇ જગ્યાએ ૫૪ મળે છે તે ઓછો છે ખેડૂતો તેમજ સભાસદોને પોષાય તેમ નથી.

૦X૦ જે સારી દૂધ મંડળીઓ છે તે સભાસદો પાસેથી દૂધ સંપાદનારી દૂધનું વિતરણ કરે છે એટલું જ નહીં ઢોરને જરૂરી ઘાસચારો પણ પૂરો પાડે છે તેમજ સભાસદોની ગાય, ભેંસ ને કુત્રિમ વીર્યદાન પણ આપે છે. ખન ઉપરાંત બીજી પણ સહાય કરતી હોય છે, કેટલીક

મંડળીઓએ સભાસદોનો નિયમિત દૂધ ભરે અને મંડળીના નીતિ-નિયમોનું પાલન કરે તે માટે દૂધ ભરવા માટે વાસણ પણ આપ્યા છે. મંડળી દ્વારા જરુરી ઘાસચારો, દાણ, બીજ વેચાણ મળવાથી ખેડૂતોને બહારગામ જવું પડતું નથી. કેટલીક મંડળીઓ સભાસદોને ફક્ત સુકુ ઘાસ ખરીદીને આપે છે અને સભાસદોના લાભાર્થે બીજી કોઇ પ્રવૃત્તિ કરતી હોતી નથી, આવી બિનકાર્યક્ષમ મંડળીઓ નામની જ ચાલતી હોય છે.

0X0 સામાન્ય રીતે દૂધાળા ઢોર માટેની મંડળીઓ મુખ્યત્વે કરીને ઢોર ખરીદવાનું અને તે માટેની લોન વ્યવસ્થા દૂધ સંપાદન કરી દૂધનું વિતરણ કરવાનું ઢોરને લગતા ખાણદાણ ખોરાક આપવાનું કામ કરે છે. જો મંડળી કાર્યદક્ષ હોય તો તેના સભાસદને એડવાન્સ રકમ પણ આપતી હોય છે.

0X0 પશુ ખરીદીની વિધિ ગૂંચવણ ભરેલી છે તેથી ઢોર પાસ થવામાં મુશ્કેલી પડે છે. નિગમની આવી કોઇ નીતિ ન હોવા છતાં મંડળીઓ પોતે નિયત કરેલી એજન્સીઓ પાસેથી ખરીદવાનો આગ્રહ રાખે છે. વળી નિયત એજન્સી પાસેથી ઢોર ખરીદવા પડે છે અને જે ભાગે આવે તે ઢોર લેવું પડે તેમાં જો નબળું ઢોર આવે તો દૂધ ઓછું આપે કેટલીક જગ્યાએ મંડળી સામટી પશુ લાવે પછી તેમાંથી ચાર પાંચ ઢોર તો ૧ મહીનામાં જ મરી જતા હોય છે અને એ જોઇને એવી જગ્યાએ લાભાર્થીઓની લાભ લેવાની ઇચ્છા હોતી નથી તેથી કેટલીક મંડળીઓમાં નિગમ દ્વારા લાભાર્થીઓના નામોની યાદીને મંજુરી મળી ગઇ હોય છતાં લાભાર્થીઓએ તેનો લાભ લીધો નથી.

0X0 લોન મેળવતા પહેલાં રૂ. ૨૦૦ થી ૩૦૦ ખર્ચ થાય છે જેમાં તલાટી, ગ્રામસેવક, અન્ય ઉપલા અધિકારી તેમજ પશુ ડોક્ટરને પૈસા આપ્યા પછી જ કામ થાય છે તે સિવાય લોન કે સબસીડી મંજુર થતી નથી. ક્ષેત્રકાર્ય દરમ્યાન અમને જે લાગ્યું છે તે લખ્યું છે.



0X0 આદિજાતિના લોકો પશુ મેળવે છે પણ તેની કાળજી રાખવામાં બેદરકાર હોય છે એટલે પશુની કાળજી લઇ દૂધ જે વધુ લેવું જોઇએ તે લેવાતું નથી. ઢોર માટે સારું ઘાસ ખાણ કે અન્ય માવજત પણ કરતાં નથી, ઢોર ચરીને આવે પછી થોડું સુકું ઘાસ નાખે છે તેનાથી એક લીટરથી વધુ દૂધ આવતું નથી. આમ ૩૦૦૦ની ભેંસમાં ૧ લીટર દૂધ થી તેઓ લોન કેવી રીતે ભરપાઇ કરી શકે ?

0X0 જે કુટુંબો દૂધ ભરે છે તેમને જે આવક થાય છે તેમાંથી ૨૫% આવક પણ ઢોરના ઘાસચારા કે અન્ય માવજતમાં કરવામાં આવતી નથી. ફક્ત પોતાના ઘરખર્ચમાં જ આવક વાપરવામાં આવે છે.

0X0 ઉનાળામાં ગરમીને કારણે દૂધ ફાટી જાય છે અથવા બગડી જાય આ આ માટે ઉંડાણ વિસ્તારમાં વાહન સમયસર ન પહોંચી શકે એ કારણ પણ કારણભૂત હોઇ શકે.

0X0 કેટલાક કુટુંબોમાં ભેંસ મેળવ્યા પછી તેને યોગ્ય પ્રમાણમાં ખોરાક ન આપતા તે મૃત્યુ પામી છે કેટલાક કુટુંબોએ ભેંસ લીધા પછી થોડા સમયમાં ઓછી કિંમતમાં ભેંસ વેચી નાખી છે અને કેટલાકે પોતાની જ ભેંસ ઉપર સરકારી પૈસા લઇ ઘરખર્ચમાં ઉપયોગ કર્યો છે.

0X0 ધરમપુર વાંસદામાં કેટલાક આદિવાસીઓની સ્થિતિ એટલી બધી નબળી છે કે તેઓને પૂરતો ખોરાક મળતો નથી તો પછી તેઓ દૂધાળા ઢોરની માવજત શી રીતે કરે, તેઓ દૂધાળા ઢોરની માવજતમાં ફક્ત સુકું ઘાસ જ નાખે છે તે સિવાય ઢોર માટે મકાન વ્યવસ્થા કે રહેવા વસવાટની વ્યવસ્થા ખાસ જણાતી નથી. જરુરી ખાણદાણપાણી પણ આપતા નથી અને આનું મુખ્ય કારણ ઓછી આવક જવાબદાર છે અને પશુની પૂરતી માવજત ન થવાથી તેઓ પશુ પાસેથી પણ આવક પ્રાપ્ત કરી શકતા નથી, આમ વિષચક્ર ચાલ્યા જ કરે છે.

0X0 પશુઓમાં તંદુરસ્તી, મજબુતાઇ અને કાર્યક્ષમતામાં જોઇએ તેટલા પ્રમાણમાં સુધારો જોવા મળતો નથી. તેમને માટે કોઇ અલગ રહેઠાણની વ્યવસ્થા નથી ઉપરાંત ઘાસચારો દાણ અને અન્ય માવજતની પણ પૂરતી વ્યવસ્થા નથી. સુખી કુટુંબો છે તેઓ ખોરાક અને માવજત કરે છે પરંતુ તે પણ પુરતા પ્રમાણમાં તો કરતા જ નથી.

oxo જે કુટુંબોએ ભેંસની માવજત કરી છે તેમને સારી આવક પ્રાપ્ત થઇ છે એમ એમનું કહેવું છે. એમને પહેલાં મજૂરીએ જવું પડતું હતું તેને બદલે ઘરે રહી પશુપાલન કરવાનું અનુકૂળ XXછે પણ આ સંખ્યા જુજ છે મોટાભાગના માવજત કરતાં નથી.

oxo જમીન વિહોણા અને આર્થિક રીતે પછાત ભાગેલા આદિજાતિના લોકોને પશુપાલનની યોજનાનો લાભ મળ્યા અને તેમણે તેનો સારો રીતે ઉપયોગ કર્યો તે લોકોને પશુપાલનમાંથી આવક થઇ સાથે સાથે દૂધ, ઘી, છાશ વગેરે પ્રાપ્ય બનતા તેમના આરોગ્યમાં સારો સુધારો થયો છે. લાંબેગાળે. શિક્ષણમાં વધારો થઇ શકશે અને વ્યવસાય મળતા શાહુકાર તેમજ શોષણખોરોની પકડમાંથી મુક્ત બને છે અને સ્વતંત્ર રીતે આત્મનિર્ભર બની શકશે.

oxo સભાસદોને બધી સવલતો ઉપલબ્ધ થાય છે પણ પશુ રાખવા માટે XXXXપાડા મકાન બાંધી અપાયા નથી તેથી જરૂરી માવજત થઇ શકતી નથી.

oxo ખાસ કરીને ગાય, ભેંસના મોં અને પગ પર ખરવાનો રોગ થતો હોય છે જેમાં ગાયની જગ્યાએ ભેંસને મોં પર આ રોગ વધુ થતો હોય છે.

oxo મંડળીને લીધે ડેરી તરફથી પશુ સારવાર કેન્દ્ર ડોક્ટર દર માસે ગામમાં આવતા ઢોરની તંદુરસ્તીમાં પશુપાલનની માવજત સગવડતાઓ અને ડોક્ટરની સગવડતાઓમાં વધારો ઉપરાંત સુધારો જોવા મળે છે.

oxo દૂધાળા ઢોર જેમને અપાયા છે તેમાં જે લોકો આ યોજનાથી લાભ થયો નથી તેઓની મત મુજબ દૂધાળા ઢોર દૂધ ઓછું આપે છે અથવા મરી જાય છે તેના કારણો નીચે મુજબ છે. (૧) ઘાસચારાની તંગી છે તેમાં પણ પુરતો ખોરાક મળતો નથી (૨) ઢોર જે આપવામાં આવે છે તે બીજા વિસ્તારમાંથી લાવવામાં આવે છે તેને અહીંનું વાતાવરણ તેમજ ઘાસચારો અનુકૂળ આવતો નથી (૩) આદિજાતિના લોકોની આર્થિક મુશ્કેલી હોવાને કારણે પશુદાણ ખાણ ખરીદી શકતું નથી તેથી પશુને પોષણ ઓછું મળે છે અને પશુપાલનમાંથી ખાસ કંઇ મેળવી શકાતું નથી.



oxo આમ આ બધા અભ્યાસ જોતા આ યોજના પ્રથમ દ્રષ્ટિએ લાભકારક તો છે જ પરંતુ લાભાગવાર તો ઓછા કે વત્તા પ્રમાણમાં લાભદાયક પુરવાર થઇ છે. તેમાં મુખ્યત્વે લાભાર્થીઓનું પશુપાલન અંગેનું અજ્ઞાન વૈજ્ઞાનિક પદ્ધતિ, પશુપાલન કરવાની ખામી, પશુપાલન અંગે અપૂરતો રસ, XXXXઆર્થિક મુશ્કેલીઓ, લીલા ઘાસચારાનો અભાવ તેમજ ઢોરે ઉંચી ઓલાદના તેમજ સારી ગુણવત્તા ધરાવતા પશુઓ ખરીદવાની ખામી વગેરે ગણાવી શકાય.

બળદપાડા અને બળદગાડા :
---------------------

-- નિગમ દ્વારા બળદપાડા પ્રમાણમાં બળદની સહાય ઓછી આપવામાં આવી છે.

-- ઉપરોક્ત બંને સાધનો ખેતી તેમજ વહન કરવાના એમ બંને કામમાં આવે છે.

-- ધરમપુરમાં કેટલીક જગ્યાએ આ લાભ સારા ખેડૂતોને આપવામાં આવ્યો છે.

-- આ યોજનાથી ખેતી પર સારી અસર થાય છે પણ તેમાં દૂધાળા ઢોરની જેમ આવક વધારો તાત્કાલીક દેખાતો નથી પરંતુ આ સાધનોથી ખેતી વ્યવસ્થિત થઇ શકે છે. ખેડ કરવામાં સરળતા રહે છે. માલને એક જગ્યાએથી બીજે પહોંચાડવામાં ગાડું ઉપયોગી થઇ પડે છે. પહેલાં જેમની પાસે આ સાધનો નહોતા તેઓ ભાડે લાવતાં. જેમની પાસે બળદ કે પાડામાંથી પણ કંઇ ન હોતું તેઓ ભાડે લાવી ખેડ કરતાં અને ઉપજનો ભાગ જેની પાસેથી ભાડે લાવતાં તેને આપી દેતાં તેમાં જો હળ પણ ભાડે લાવતા તો મોટા ભાગની ઉપજ ભાડા પેટે જતી રહેતી પરંતુ હવે આ સાધનો મળવાથી ભાડેથી લાવવા પડતા નથી. ખેતીનો ખર્ચ ઘટે છે. વળી આ યોજનાથી માલીકીના સાધનો પ્રાપ્ત થાય છે.

-- બળદ સહાય જેમને મળી છે તેમના ખેત સાધનમાં સુધારો થયો છે અને સીઝન પ્રમાણે જરૂરી સમયે નિયમિત મરજી મુજબ ઉત્પાદન કરી શકે છે. પહેલાં બીજાના સાધનો વાપરતાં જે નિયમિત નહોતા મળતા અને તેથી

ખેત ઉત્પાદનમાં જરૂરી લક્ષ્યાંક ગાડા સિદ્ધ થતાં નહોતાં જ્યારે સહાય મળતા તેઓ નિયમિત સાધનથી ખેતી કરતા થયા તેથી ખેતી ઉત્પાદન સુધર્યું બીજી બાજુ અગાઉ જેમના સાધન લાવતા તેમને અનાજ કે રોકડ રકમ આપવી પડતી હતી તેની બચત થતા કુટુંબની આવકમાં વૃદ્ધિ અને સુધારો થયો છે. તેઓ જીવન જરૂરીયાત અને મોજશોખની વસ્તુઓની ખરીદી પણ કરી શકે છે.

-- આ યોજનાનો સ્પષ્ટ લાભ જોઇ શકાય છે. સોમાંત આદિવાસી ખેડૂતોને આનો ઘણો સારો લાભ થયો છે. અગાઉ જણાવ્યું તે મુજબ સાધન મળતાં સુવ્યવસ્થિત ખેતી કરતાં થયા છે પરંતુ મુશ્કેલી એ છે કે સારા બળદ ખરીદવા માટે મળતી રકમ અપૂરતી છે કારણકે રૂપીયા ૧૦૦૦ થી રૂ. ૧૫૦૦ માં સારો બળદ ખરીદી શકાતો નથી અને તંદુરસ્ત બળદ ન હોય તો ધરમપુર વાંસદાના ડુંગરાળ વિસ્તારની ઉબડખાબડ જમીનમાં સારી ખેડ કરી શકતાં નથી કારણકે વધુ પડતી તાકાત વાપરવાથી થાકી જાય છે તેથી ખેડ સારી ન થાય. અલબત આ યોજનાથી ખેતી સુધરી છે અને લાંબે સમયે આવી યોજનાનો લાભ મેળવનારા તેનું જીવન ધોરણ ઉંચુ લાવી શકશે.

-- કેટલોક જગાએ ખરેખર જેઓ બળદપાડા ખરીદવા શકિતમાન નહોતા તેમને સહાય મળવાથી તેઓ બળદ ખરીદી શકયા છે અને તે પણ સબસીડી મળવાને કારણે અર્ધી કિંમતે પશુ મળ્યા છે આ પશુ દ્વારા તેઓ પૂરક આવક મેળવી શકયા છે. બાકીથી ખેડ તો પણ દૈનિક રૂ. ૨૦ મેળવી શકે છે.

-- આમાં ખામી હોય તો એ છે કે યોજના દ્વારા વિવિધ એજન્સીઓ જે માલ નક્કી કરે તે ખરીદવાનું રહેતું હોવાથી સારો માલ ખરીદવાની તક સાંપડતી નથી.

-- લોન લેનાર લાભાર્થીને બળદની ખરીદીમાં સરપંચની લાંચ તેમજ તેની કિંમત નક્કી કરવામાં ડોકટરની લાંચ જાયરે તેના અગાઉના તમામ કાગળીયા કરવામાં તલાટી તેમજ ગ્રામસેવકને લાંચ આપવી પડે છે. આથી જરૂરી લાભની આશા રાખી બેઠેલા આદિવાસીઓને કાર્યક્ષમ તંદુરસ્ત તેમજ જરૂરી ગુણવત્તાવાળું સાધન મેળવવામાં જરૂર કરતાં વધુ રકમ આપવી પડે છે અથવા તેટલી રકમમાં કાર્યક્ષમ સાધન



મેળવી શકતા નથી તેની સીધી અસર ખેતી પર થાય છે અને ગરીબ તે ગરીબ જ રહે છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન અમને જે લાગ્યું છે તે લખ્યું છે

-- ધરમપુરના સીધા જેવા ઉંડાણવાળા વિસ્તારમાં આવેલા ગામોના આદિવાસી લોકોની જમીન પાતળી ઉંચાણ-નીચાણવાળી હોઇ ધાર્યા પ્રમાણમાં લાભ મેળવી શકતા નથી છતાં તેમને પેટા યોજનામાંથી જે સહાય મળી છે તેનાથી ખરેખર તો લાભ થયો છે. કારણકે તેમની આર્થિક સ્થિતિ એટલી બધી નબળી હતી કે તેઓ સરકારી મદદ વગર સાધન ખરીદી શકે તેમ નહોતા અને તેથી ઉત્પાદન લઇ જ શકાતું નહોતું, જો ખરીદેલ તો તેમને દેવું કરવું પડત પરંતુ હવે ખેતીમાં પ્રાણરૂપ એવા સાધનો મળતા લાભ થયો છે પરંતુ  એ લાભ થવા છતાં આર્થિક સ્થિતિ એટલી કંગાલ રહી છે કે તેઓ તેનું ભરણું ભરી શકતા નથી.

-- મંડળી મારફતે લાભાર્થીને બળદગાડાની સહાય આપવામાં આવેલ છે જે બાબતે અમુક જગાએ પોતાના બળદો ઉપર જ સરકારી રકમ મેળવીને સરકારની બનાવટ કરેલી હોય છે જેમાં પશુડોકટર મંડળીના મંત્રી તેમજ તલાટી સરપંચ વિગેરેની તેમને હુંફ મળતી હોય છે.

-- બળદગાડાની સહાય મેળવેલા કેટલાક કુટુંબોની ઉપરછલ્લી રીતે આર્થિક સ્થિતિ સારી જોવા મળી છે પરંતુ હજુ દેવાદાર છે કારણકે તેમણે લીધેલ સહાયની મુદત પુરી થઇ છતાં કેટલાકે તે હજુ ચુકતે કરી નથી અને તે માટે ખેડ ઉત્પાદનની આવક ઓછી છે તે બાબતને જવાબદાર ગણાવે છે.

ઓઇલ એન્જીન, ઇલેકટ્રીક મોટર :
------------------------

X ઓઇલ એન્જીન/ઇલેકટ્રીક મોટર જેવા સાધનો પ્રમાણમાં ખુબ જ ઓછા અપાયા છે કારણકે આદિવાસી વિસ્તારમાં ખાડા ટેકરાવાળી જમીન હોય અને સિંચાઇની સગવડ ન હોય ત્યાં આ સાધનો ઉપયોગી થઇ શકે નહીં.

X જયાં પાણીની સગવડ છે અને સિંચાઇની વ્યવસ્થા થઇ છે ત્યાં ઓઇલ એન્જીન અને ઇલેકટ્રીક મોટર આપવાને કારણે ખેત ઉત્પાદનમાં ઘણો વધારો થયો છે અને ખેડૂત પોતાની ઇચ્છા મુજબ પાક લઇ શકે છે.

X ઓઇલ એન્જીન અને ઇલેકટ્રીક મોટર મળ્યા પછી કેટલાક કુટુંબોની તો આર્થિક સ્થિતિ એટલી બધી સારી થઇ ગઇ છે તેમની ખેતી અને શિક્ષણ

તો સુધર્યા છે પણ સાથે સાથે તેમની રહેણીકરણી અને મોજશોખના સાધનો પણ વધ્યા તેમજ જીવન જરૂરીયાતની ચીજ વસ્તુ ખરીદી પણ ઉચ્ચ કક્ષાની બનવા પામી છે.

X જ્યાં નદી પાસે આવેલી છે ત્યાં ઇલે.મોટર આપવાથી ખેડૂતોને લાભ થયો છે. મશીનનો ઉપયોગ કરી બે થી ત્રણ વાર પાક લેતા થયા છે.

X જેમને ઇલે.મોટર સાથે વીજળી જોડાણ મળ્યું છે તેમને અચૂક લાભ છે. ખેતીની આવકમાં વધારો થયેલો જોવા મળ્યો છે.

X કેટલીક સેવા સહકારી મંડળીઓ ખેતિવિષયક બીજા લાભો ખાતર બિયારણ દવા પુરતા પ્રમાણમાં લોકોને આપી શકતી નથી અને તેથી બળદપાડા, ઓઇલ એન્જીન કે ઇલે.મોટર આપે પણ બીજા સાધનોના અભાવે પુરતું ખેત ઉત્પાદન લઇ શકતા નથી.

X જેમને ઇલે.મોટરનો સહાય આપેલી છે તે મંડળીનો આજુબાજુના ગામોના કુટુંબોને પણ લાભ થયો છે કારણકે પહેલાં પંચાયતના ભાડે મશીન લઇ પાણી મેળવતા તેને બદલે કુટુંબોમાં ઇલે.મોટર મળતાં તેઓ પોતે જ લાભ લઇ શકે છે તેમજ આજુબાજુ ભાડે આપીને પણ લાભ લઇ શકાય છે.

X ઇલે.મોટરથી કેટલાકને લાભ થયો નથી કારણકે ઇલે.મોટર મળી પણ ઇલે.કનેકશન ન મળવાથી પાણીનું જોડાણ ન થતાં સિંચાઇનો લાભ મળતો નથી વિદ્યુત શાખા કનેકશન આપવામાં ઢીલ કરે છે જેથી જેને કનેકશન નથી મળ્યું તેને લાભ નથી થયો.

X જે લોકોએ ઇલે.મોટરનો લાભ લીધો છે પણ તેનું વળતર નથી મેળવ્યું તેને ખોટ ગઇ છે. કારણકે ઇ.મો.ની સાથે જરૂરી સાધનો મેળવવા દેવું કરવું પડ્યું હતું અને ઇ.મો.ના પણ હપ્તા ભરવા પડે છે અને તે માટે પણ દેવું કરવું પડે છે જ્યારે મોટર ઉપયોગમાં આવતી જ નથી.

X ઇલેક્ટ્રીક મોટર મળવાથી તેમની આર્થિક સ્થિતિ સુધરી છતાં બાકીની રકમ મંડળીમાં ભરતા નથી સરકાર દેવું માફ કરશે એવી ગ્રંથી ધરાવે છે.



<u>કુટિર ઉદ્યોગ :</u>

-૦- નિગમ દ્વારા વાંસદા પેટા યોજનામાં આવતા ત્રણ તાલુકા વાંસદા, ધરમપુર અને પારડીમાં કુટિર ઉદ્યોગ માટેનો સહાય આપવામાં આવી છે. આ સહાયની બાબતમાં કહી શકાય કે બીજા બધાના પ્રમાણમાં આ વધુ અપાવી જોઇએ પરંતુ ફક્ત ત્રણ મંડળી દ્વારા જ અપાઇ છે અને તેમાં પણ ૧૯૮૨-૮૩માં વાંસદા, ધરમપુર બે મંડળીઓને સને ૮૩-૮૪માં પારડી તાલુકાની મંડળીના સભાસદોને આ પ્રકારનો સહાય આપવામાં આવી હતી ત્રણ મંડળી મળી કુલ ૬૦ સભાસદોની લોન મંજુર થઇ હતી પરંતુ તેમાંથી પણ કેટલાકે ઓછી લોન પરત કરી આમ આ લાભ થોડા જ મેળવી શક્યા છે.

-૦- વાંસદા, ધરમપુર અને પારડીની સહકારી મંડળીઓએ કુટિર ઉદ્યોગનો જે લાભ આપ્યો છે તેમાં દરજીકામ, સુથારીકામ, સાયકલ રીપેરીંગ, ઇંટ ઉદ્યોગનો વાયરમેન છે.

-૦- આ મંડળીઓ દ્વારા કુટીર ઉદ્યોગનો જે સહાય અપાઇ છે તેની સફળતા નિષ્ફળતાનો આધાર તે ઉદ્યોગ તેની તાલીમ અને મંડળીની કાર્યક્ષમતા ઉપર છે. તેથી જુદા જુદા ઉદ્યોગોએ જુદું જુદું પરિણામ આપ્યું છે.

-૦- મોટે ભાગે કુટિર ઉદ્યોગની લોન મેળવવાથી લાભાર્થીઓની સારી આવક થઇ છે એટલે જે નહીં ધંધાના માલિક બન્યા છે અને રોજી પણ પણ નિયમિત અને સ્વતંત્ર મળતી થઇ છે અને પોતાની કારીગરી કુશળતાનો વેગ મળ્યો છે તેમની ધગશ વધી છે. આવી લોન મળવાથી તેમના સર્વાંગી વિકાસ સાધવાનું શક્ય બન્યું છે જે ધિરાણની સાર્થકતા ગણી શકાય.

-૦- કુટીર ઉદ્યોગની લોનમાં સાયકલ રીપેરીંગ માટે ૬૦૦૦ દરજીકામ માટે ૧૫૦૦ વાયરીંગ માટે ૪૫૦૦ અને સુથારી કામ માટે ૫૦૦૦ની લોન સહાય મળી છે.

-૦- અહીં શિક્ષિત આદિવાસીઓને આ લોન મળવાથી રોજી મળતી થઇ વળી અન્યને ત્યાં મજુરી કરતા તેના કરતાં બમણી આવક થઇ.

-૦- આદિવાસીઓ જે યુવાનો આવી કલાકારીગરી જાણતા હતા તેમને સ્વતંત્ર ધંધો મળ્યો છે અને તેઓ ધંધાના માલિક બન્યા છે. પારણામે તેમની ઘગશ અને મહેનતનું પ્રમાણ વધ્યું છે જેઓ જે પ્રકારનું કામ જાણતા હતા તેમને તે પ્રકારની લોન મળી શકે છે તો તેઓ પોતાનો ધંધો શરૂ કરી આવક મેળવી શકે છે એવું અનુભવમાં જોવા મળ્યું.

-૦- દરજીકામ માટેની સહાય. ધરમપુર અને પારડી એમ બે જગ્યાએ મળી છે. જ્યારે વાંસદામાં નિગમની લોન નથી મળી પણ વાંસદા તાલુકા ઓ. સે. સ. મ. દરજીકામની તાલીમ આપી ઉદ્યોગ ચલાવે છે

-૦- ધરમપુરમાં મંડળી તરફથી સિંચાઇની તાલીમ અપૂરતી મળી હોવાથી કારીગરને પૂરતું કામ મળતું નથી.

-૦- જે લોકોએ તાલીમ પુરતી લીધી છે તેમને દૈનિક રૂા. ૧૨ થી ૧૩ મળી શકે છે.

-૦- સિંચાઇનું કામ વર્ષમાં લગભગ ચારેક માસ ચાલે છે તેથી મુખ્ય ધંધા તરીકે નહીં પણ પૂરક આવક તરીકે ઉપયોગી બન્યું છે.

-૦- જેમને સિંચાઇના મશીનો મળ્યા છે પરંતુ તાલીમ પુરતી મળી નથી. તેમને માટે આ અપૂરતી રોજગારી પુરવાર થઇ છે. કારણકે ગ્રાહકો વધુ તાલીમવાળા પાસે જાય છે વળી સિંચાઇ કામની તાલીમ ઘણાએ લીધી હોવાથી ગ્રાહકો વહેંચાઇ જાય છે.

-૦- ધરમપુરની મંડળી દ્વારા રેડીમેડ ફેકટરીવાળા સાથે કોઇ કરાર થયા નથી તેથી તેઓ પણ પોતાના સભાસદને કામ અપાવી શકતા નથી. આમ છતાં ગુજરાત રાજ્ય તરફથી ભરૂચ જિલ્લા તરફથી યુનિફોર્મ બનાવવાનું કામ મળ્યું હતું તે કામ મંડળીએ પોતાના સભાસદો પાસે કરાવી તેમને રોજગારી પૂરી પાડી હતી.

-૦- મંડળીનો દાવો છે કે તે પોતાના સભાસદોને કાચો માલ પુરો પાડી તેની પાસે સિંચાઇ કરાવી તેમને રોજગારી પૂરી પાડે છે પરંતે હકીકતમાં તેમના તરફથી અપૂરતી તાલીમ અપાઇ છે તેથી તેમના સભાસદોને પુરતી રોજગારી મળી શકી નથી.

-૦- પારડી તાલુકામાં બહેનોને સિંચાઇ મશીન મળતા માસીક રૂા. ૧૫૦ થી ૨૦૦ જેટલી આવક મળતી થઇ છે. આમ બહેનોને સિંચાઇ મશીન આપ્યા તેથી ઘરકામ ઉપરાંત ગૌણ ધંધો પણ મેળવી શક્યા છે.

-૦- સુથારીકામ માટે જે સહાય મળી તેથી આવકમાં સુધારો થયો પોતાના મકાન રીપેરીંગ ઉપરાંત બહારગામ કે ગામમાં મકાન રીપેર કરવા જતાં રોજી સારી મળી રહે છે તેમાં પણ જે લોકો ફર્નીચર બનાવવાનું શીખ્યા છે તેમને સારી આવક થઇ છે.



-૦- પારડીમાં સુથારીકામ માટે જેને લોન મળી છે અને તે ધંધા માટે સાધનો ખરીદી આપવામાં આવ્યા તેથી કાર્યક્ષમતાથી વ્યવસાય કરી સારી આવક મેળવતા થયા છે.

-૦- ધરમપુરમાં જેમને તાલીમ મળી છે તેમને આવકનું સાધન ન હતું તેને બદલે ગુજરાન ચલાવવા પુરતી થોડી રાહત થઇ છે.

-૦- જે તાલીમ અપાય છે તેમા વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોય છે તેથી સુથારી ધંધો ચલાવવા માટેની બધી વસ્તુઓની તાલીમ અપાતી નથી અનુભવ ઓછો મળે છે અને પ્રેકટીસ પણ ઓછી મળે છે.

-૦- સુથારીકામ માટે જે સાધનો અપાયા છે તે પણ અપૂરતા જૂના અને ઓછી ગુણવત્તાવાળા છે.

-૦- અલબત્ત અપૂરતી તાલીમ અને સાધનો ઓછા છે છતાં હજુ પણ બધા ગામમાં સુથારો મળતા નથી જે સારું કામ કરે છે તેને બીજા ગામમાંથી પણ કામ મળી રહેતા એકંદરે તેમની આર્થિક સ્થિતિ સુધરી છે.

-૦- જે લોકોએ અપૂરતી તાલીમ લીધી છે તેઓ ઘર બનાવવાનું જાણે છે કે જે આદિવાસી પોતે જ કરી લે છે અથવા ગામમાંથી બોલાવી લે છે આથી તાલીમ જેણે લીધેલી છે તેને પૂરતી રોજી પ્રાપ્ત થતી નથી.

-૦- ધરમપુર ઓ. સં. મંડળી દ્વારા સુથારી માટેના સાધનો જે પ્રાપ્ત થયા છે તે અપૂરતા ઓછી ગુણવત્તાવાળા મળ્યા છે આ ફરિયાદ સામાન્ય રહે છે.

-૦- આદિવાસીઓ ઘર રીપેરીંગ, બાંકડા બનાવવાનું કામ જે પહેલાં કરતાં હતાં તે જ કામ તાલીમ પછી પણ કરી શકે છે. આમ તાલીમથી ધંધામાં ફેર પડયો નથી.

-૦- કેટલાક વિસ્તાર જ્યાં સુથારીની તાલીમ ઘણાને અપાઇ ચૂકી છે ત્યાં કારીગરો ઘણા કામ ઓછું તેથી ધંધો ન ચાલે અને શહેરમાં કૌશલ્યનો અભાવ હોય છે તેથી તેમનો ધંધો ચાલી શકતો નથી.

-૦- કેટલાક ઉદ્દેશ્ય પ્રમાણે રકમ વાપરી છે છતાં પરંતુ તે ધંધાના વધુ વિકાસ માટે મૂડીની જરૂર પડે તે ના મળી અને ચાલુ રાખવા પણ મૂડી જોઇએ તે પણ ન મળી તેથી ધંધો બંધ પડી જાય છે. જેથી સરકારનો જે ઉદ્દેશ્ય હોય અને જે ઉદ્દેશ્યથી રકમ આપવામાં આવી હોય તે ઉદ્દેશ્ય કે લક્ષ્યાંક સિદ્ધ થયેલા જોવા મળતા નથી.

-૦- ધરમપુરમાં સુથારોની તાલીમ જે ચાર સભાસદોને આપી તેમાં બે જ ધંધો કરે બાકીના મજૂરી જ કરે છે.

-૦- જેમને સાયકલની રીપેરીંગની લોન મળી છે તેઓ પહેલાં સાયકલ સ્ટોર્સમાં નજીવી રકમથી નોકરી કરતા હતા. હવે મહિને રૂા. ૭૦૦ થી રૂા. ૮૦૦ જેટલી ચોખ્ખી આવક મેળવે છે. અને તેમાંથી માસિક હપ્તા દ્વારા નિગમનું દેવું પણ ચૂકવે છે. આમ તેમની કૌટુંબિક પરિસ્થિતિ સુધરી છે. કારીગરોને પ્રોત્સાહન મળ્યું છે. વગર વધી છે.

-૦- વાયરીંગની જે લોન મળી છે તેઓ પણ પોતાનો ધંધો સ્વતંત્ર કરતા થયા છે અને તેને કારણે તેઓની આર્થિક સ્થિતિ સુધરી છે તેઓ પણ માસિક રૂા. ૭૦૦ થી ૮૦૦ કમાઇ શકે છે.

-૦- ઈંટ ઉદ્યોગમાં પણ ફાયદો થયો છે તેમનો ખર્ચ કાઢતા ચાર મહિને રૂા. ૩૦૦૦ જેટલી આવક થઇ ગયા વર્ષથી શરૂઆત થઇ છે એટલે પણ ધીરે ધીરે તેનો વિકાસ થઇ શકશે.

-૦- ઈંટ ઉદ્યોગમાં ઘરના મજૂર હોવાથી ઘરનાને પણ રોજગારી મળી રહે છે.

-૦- ઈંટ ઉદ્યોગમાં પાણી તેમજ અન્ય સગવડ માટે ખર્ચ થાય છે પણ નફાનું પ્રમાણ સારું છે અને ખેતી સાથે પૂરક ઉદ્યોગમાં કામ આવે છે તેથી જીવનધોરણ અને આવક બંને સુધરે છે. બીજે રોજી કરવા જવું પડતું નથી. ઉનાળો, શિયાળો આ કામ મળે છે. ચોમાસામાં ખેતી હોય છે. તેથી બારેમાસ કામ મળી રહે છે.

-૦- ધંધો ન ચાલવાના કારણમાં અપૂરતી તાલીમ અપૂરતા સાધનો અને ઓછી મૂડી જવાબદાર છે.

-૦- કુટીર ઉદ્યોગનું ધિરાણ હજુ હમણાં થયું છે. તેથી જોઇએ તેવો લાભ થયો નથી. કરેલા ધિરાણને વસુલ મેળવવા લોન લેનારને નોટીસ મોકલવામાં આવે છે તે પ્રમાણે હપ્તાથી નાણાં ભરપાઇ કરે છે તે આમ ૨૫ ટકા જેટલું ધિરાણ વસૂલ મેળવવામાં આવ્યું છે.



-૦- જેની લોન મંજૂર થઇ છતાં લીધી નથી તેના કારણો (૧) નોકરી મળવાથી (૨) પૈસા અપૂરતા લાગવાથી (૩) રાજકારણમાં જોડાઇ જવાથી લોન લીધી નથી.

-૦- સાયકલ રીપેરીંગમાં કોઇ જગ્યાએ સબસીડી મળી નથી કારણકે તેમને જે સાધન સામગ્રી રીપેરીંગ કામકાજ માટે મળેલ છે તેના પર સબસીડી આપવી કે કૂલ રકમ પર તે હજુ નક્કી થયું નથી તેથી સબસીડી મળી નથી.

-૦- કોઇપણ સાધન મેળવવામાં ધક્કા બહુ ખાવા પડે છે.

-૦- સહકારી દૂધ ઉત્પાદક સહકારી મંડળી કે જે આ યોજનામાં સક્રિય ભાગ લઇ હેતુ બર લાવી શકે પરંતુ કેટલીક જગ્યાએ મંડળીઓ યોજના સાથે સુસંગત થઇ શકી નથી પરિણામે ખરીદ વેચાણ તેમજ ધિરાણની વસુલાત અને મંડળીનો વિકાસ તેમજ યોજનાનો હેતુ તેની સાર્થકતા વગેરે બાબતોને યોગ્ય મહત્વ આપી શકી નથી. આમ નિગમ દ્વારા મળતા લાભને મેળવવા કેટલીક મંડળીઓ સુયોજિત પ્રવૃત્તિ હાથ ધરી શકી નથી તેમજ તેની કાર્યક્ષમતા વધારી મંડળીનો તેમજ સભાસદોનો વિકાસ કરવા મંડળીએ ખાસ કોઇ કાર્યક્રમ મૂક્યો નથી, તેવી જગ્યાએ પરિણામ સ્વરૂપ મંડળી તેમજ સભાસદો યોજના અપનાવ્યા પછી ખૂબ જ નજીવો લાભ મેળવી શક્યા છે.

-૦- મંડળીઓ ધિરાણ અને વસુલાત બંને કરાવે છે પરંતુ કેટલીક મંડળીઓ વ્યાજનો વધુ દર રાખી વહીવટખર્ચ તેમાંથી કાપે છે.

-૦- મંડળીઓ પણ આવી યોજનાઓના માધ્યમ બની વિકાસ સાધી શકે છે તેમજ લોકસંપર્કમાં વધુ રહીને લોક ચાહના મેળવી શકી છે આમ વિકાસમાં આ યોજનાઓથી સભાસદોનો મંડળીઓનો તેમજ ગ્રામ અને સ્થાનિક સમાજનો એકી સાથે વિકાસની શરુઆત થઇ શકી છે.

સૂચનો :

====

૦ લોન મેળવવાની વિધિ થોડી ગૂંચવડ ભરેલી તેમજ પરીક્ષા હોવાથી નિરક્ષર અને અજ્ઞાની આદિજાતિના કેટલાક લોકો મુશ્કેલી અનુભવે છે. અધિકારીઓની રહેમ મેળવ્યા પછી જ લાભ મેળવી શકે છે માટે સરળ પદ્ધતિ બનાવવી જોઇએ.

- નિગમ દ્વારા જે બધી લોન અપાય છે તે લોન ૨૦ મુદ્દાના કાર્યક્રમ હેઠળ બેંકોએ પણ આપવાની છે છતાં બેંકો નિષ્ક્રિય છે આથી તેમના દ્વારા પણ જો આ માટે પ્રયત્ન થાય તો વધુ આદિવાસી લાભ લઈ શકે.
- બેંકો દ્વારા જે લોન અપાય છે તે ઉદારતાથી અને સરળતાથી અપાય તેવી દૃષ્ટિ કેળવવી જોઈએ.
- લોનની રકમ સારું ઉત્પાદન અને ગુણવત્તાવાળા પશુ ખરીદવા પૂરતી યોગ્ય નથી, કારણકે સારી ઓલાદના ઢોરની કિંમત લોનની રકમ કરતાં વધારે છે, પરિણામે સારા ઢોર ખરીદી શકાતા નથી અને દૂધ ઉત્પાદન વધુ મેળવી શકાતું નથી. ધિરાણની રકમ રૂ.૧૦૦૦ જેટલી વધારવી જોઈએ.
- પશુદાણમાં જે ૫૦ ટકા સબસીડી મળે છે તે દર મહિને મળે તો નાના ખેડૂતો તેમજ માત્ર પશુપાલન કરનાર લોકોને દાણ ખરીદવામાં સરળતા રહે તેમજ ઘાસચારાના ભાવ ખૂબ ઉંચા હોવાથી દાણ ખરીદી અને પશુ માવજતમાં સરળતા રહે આમ પશુ દાણની સબસીડી દર માસે મળે તેવી વ્યવસ્થા થવી જોઈએ.
- દૂધાળા ઢોર જેમને મળ્યા છે તેમણે પ્રથમ કાળજી રાખવી જોઈએ પછી મંડળી દ્વારા બીજા પ્રયત્નો થવા જોઈએ.
- વાંસદામાં જ બે દૂધ મંડળીઓ હોવા છતાં તેમના દૂધ ઉત્પાદનમાં ફેર પડ્યો છે તેમાં ત્યાંના વાતાવરણની તો અસર છે જ સાથે મંડળીની સક્રિયતા નિષ્ક્રિયતા પણ જવાબદાર છે એટલે નિગમ દ્વારા જ્યારે લોન અપાય ત્યારે જે તે મંડળી કાર્ય કરવામાં કેટલી કુશળ છે તેની તપાસ થવી જોઈએ અને પછી જ લોન અપાવી જોઈએ.
- સંઘ તરફથી મંડળીની ભેંસ નહીં પણ ગાયોની ખરીદી થાય તેવું સૂચન કરવામાં આવ્યું છે તેમાં પણ ખાસ કરીને દેશી ગાયોનું ફલીકરણ કરી જર્શી ગાયોનું ઉત્પાદન માટેનું સૂચન છે, અમારા ખ્યાલ મુજબ આ સૂચન યોગ્ય નથી કારણકે ધરમપુર જેવા ડુંગરાળ વિસ્તારમાં જર્શી ગાયો ચાલી શકે તેમ નથી.
- દૂધાળા ઢોર જે આપવામાં આવે છે કે જે તે વિસ્તારને અનુરૂપ જોઈ આપવા જોઈએ. દા.ત. વાંસદા તાલુકાના કલીયા વિભાગમાં દૂધાળા ઢોરને હવામાન અનુકૂળ આવ્યું છે જ્યારે કાવડેજમાં અનુકૂળ નથી આવ્યું.



- કેટલાક વિસ્તાર એવા છે કે જ્યાં પાણીની સમસ્યા છે તેવા વિસ્તારમાં લોકોને જ પાણી મળતું ન હોય તો પશુ માટે ક્યાંથી લાવે આથી આવા વિસ્તારમાં દૂધાળા ઢોર કે બળદપાડા જેવી સહાય કરતા પહેલાં પાણીની સગવડ ઉભી કરવી જોઈએ.
- સરકારે લીલો ઘાસચારો રજકો સારી ઓલાદની ગાયો ભેંસો ખરીદવાનું અને સારા ખાણ દાણ માટે પ્રયત્ન કરવા જોઈએ.
- પશુના રહેઠાણ સાથે હોવાથી તેમાંથી જીવજંતુઓ પૈદા થાય તે તેમને રોગગ્રસ્ત બનાવે છે આથી, પશુઓ આપતી વખતે પશુના રહેઠાણ માટેની વ્યવસ્થા અંગેનું પણ ધિરાણ કરવું જોઈએ અને તેમાં પણ ખાસ કરીને બહારથી જે સારી ઓલાદની ગાયભેંસ લાવવામાં આવે છે તેને માટે રહેઠાણની વ્યવસ્થા કરવી જોઈએ.
- દૂધાળા ઢોર માટે દૂધ મંડળીમાં દૂધ ભરાય છે કે નહીં અને કેટલું ભરાય છે તેનો પ્રગતિ અહેવાલ દર ત્રણ માસે નિગમને અથવા તો નિગમ સાથે સંબંધિત અધિકારીને પ્રાપ્ત થવો જોઈએ.
- પશુઓનો વીમો વર્ષો વર્ષ ઉતરાવવો જોઈએ અથવા તો પશુઓનું જીવન નક્કી કરી લાઈફ વીમાનું માળખું વીમા કંપની સાથે બેસી નક્કી કરવું જોઈએ.
- ઘણી જગ્યાએ એવી ફરિયાદ રહી છે કે વેટરનરી ડોક્ટર મુલાકાત બહુ ઓછી લે છે આ માટે વેટરનરી ડોક્ટર દર અઠવાડીયે તેના કાર્યક્ષેત્રના ગામોની મુલાકાત લે અને પશુ સારવાર તેમજ સંભાળ અંગેની માહિતી તેમજ ઢોરના રોગ વિષેની તપાસ કરે અને તે પ્રમાણે સૂચન કરે તેવી સવલત પ્રાપ્ય થાય તો વધુ સારું.
- જિલ્લા દીઠ વેટરનરી ડોક્ટર ઉપર એક સુપરવાઈઝર ડોક્ટરના કાર્યનું નિરીક્ષણ કરે, સૂચનો કરે અને તેથી ડોક્ટરની કાર્યક્ષમતામાં ફેર પડે.
- પશુઓનો વીમો છે તે વર્ષોવર્ષ ઉતરાવો જોઈએ અથવા તો એ પશુનું જીવન નક્કી કરી લાઈફ વીમાનું માળખું વીમા કંપની સાથે બેસી નક્કી કરવું જોઈએ.
- દૂધાળા ઢોર કે બળદની ખરીદી સીધેસીધી સેક્રેટરી પ્રમુખ દ્વારા થતી હોય અને અમુક જગ્યાએથી લેવાના નિયમો હોય છે તેમાં છુટછાટ હોવી જોઈએ. ખરીદી વખતે લાભાર્થી અને નિગમનો માણસ હાજર રહેવો જોઈએ.

- ઘણા નિરક્ષર આદિવાસીઓને લોન મેળવતા પહેલાં અથવા તો સબસીડી મંજૂર કરતા પહેલાં પણ રૂ. ૧૦૦ થી ૨૦૦ જેટલો ખર્ચ કરવો પડે છે તેમજ લોન મેળવવાની કાર્યવાહી પણ થોડી ગુંચવણ ભરેલી લાગે છે પરિણામે ઘણા બધા આદિજાતિ લોકો આવી યોજનાથી વંચિત છે.

- સામાન્ય એવું તારણ નીકળ્યું છે કે ઢોર ખરીદી વખતે મંત્રી, વેટરનરી ડોક્ટર, વીમાવાળા, તલાટી વગેરે લાંચ રૂશ્વત લેતા હોય છે તેમ બીજા પણ કેટલાક પ્રશ્નો ઉભા થતા હોય છે, એટલે નિગમે દરેક પ્રોજેક્ટ પર પોતાનો માણસ મૂકે છે તેને બદલે તાલુકા કક્ષાએ મૂકવો જોઈએ. આ માટે ખર્ચનો પ્રશ્ન ઉભો થાય તે સ્વાભાવિક છે તે માટે નિગમ અને બેંક લોન વચ્ચે ૨%નો ફેર રાખી લોન આપે તો કાર્યવાહીમાં સુગમતા લાવી શકાય.

- મરઘાં પાલન માટે નિગમ દ્વારા કેવળ ચીખલી તાલુકામાં જ રાહતદરે લોનની વ્યવસ્થા થઇ છે તે વ્યવસ્થા બીજે પણ થવી જોઈએ અને ખાસ કરીને જે સિમાંત અને નાના ખેડૂતો છે તેને આ રાહત અપાવી જોઈએ. ખાસ કરીને સિમાંત અને નાના ખેડૂતો ખેતી સાથે જ પૂરક ધંધા તરીકે મરઘાંપાલન કરી શકે.

- જો મરઘાં માટેની લોન ખેતમજૂર કે છૂટક મજૂરી આપવી હોય તો સામુહિક ધોરણે જે રીતે લુહારી વાઘછીપામાં મરઘાં પાલન થાય છે તે રીતે અનુકૂળ હવાપાણી હોય તેવા સ્થળોએ નિગમ દ્વારા આવા યુનિટો સ્થપાવા જોઈએ અને તેની સીધી દેખરેખ નિગમ દ્વારા જ રાખવી જોઈએ.

- જંગલ મંડળીઓ દ્વારા જેમને ધિરાણ મળતું હતું તેમનું સૂચન હતું કે સહાયનો લાભ ખેડૂતોને સીધો મળવો જોઈએ. જીલ્લા અને તાલુકા સંઘો દ્વારા સરળતા થાય તો મંડળીને મદદરૂપ થવાય અને સભ્યોનો પણ સરળતાથી લાભ મળી શકે.

- કેટલાક વિસ્તાર જ્યાં પાણીની અગવડ છે જમીન પણ ઉબડખાબડ છે ત્યાં બળદ સાથે ગાડા અને કુટીર ઉધોગ જેવી સવલતો અપાવી જોઈએ જેથી તેઓ બળદગાડા દ્વારા જંગલમાંથી માલનું વહન કરે અને કુટીર ઉધોગ દ્વારા ઘરના બાળકોના સભ્યોને કામ મળી રહે તેથી મજૂરી માટે તેમને બહારગામ જવું ન પડે અને બાળકોના શિક્ષણને હાની ન પહોંચે.



- જ્યાં પાણી અને સિંચાઇની સગવડ હોય ત્યાં ઇ.મો. અને ઓઇલએન્જીન આપવા જોઈએ.

- કુટીર ઉધોગ માટેની જે સહાય મળે છે તેની રકમ વધારવી જોઈએ અને તે માટે જોઇતી લાયકાતમાં છૂટછાટ મૂકવી જોઈએ.

- મંડળી દ્વારા જે કુટીર ઉધોગ ચલાવાય છે તે માટે મંડળીને સરકાર તરફથી કાચો માલ યોગ્ય ભાવે મળી રહે તેવી ગોઠવણ થવી જોઈએ.

- જે કાચો માલ આવે છે તેનું વિતરણ સંઘ દ્વારા યોગ્ય રીતે થવું જોઈએ જેથી મંડળી પોતાના સભ્યોને વહેંચી શકે.

- સરકાર દ્વારા જુદા જુદા કુટીર ઉધોગ માટે મંડળીઓ દ્વારા પ્રોત્સાહન અપાવું જોઈએ.

- તાલુકાના કોઇપણ ઉધોગના કામો જેવા કે સિલાઇકામ, ફરનીચરનું કામ, લુહારીકામ, વાંસકામ, બાજ કડીયાકામ વગેરે કામ મંડળી દ્વારા જેમને લોન અપાઇ હોય તે કારીગરો મારફત જ થવું જોઈએ અને આ માટે દરેક કામના ઓર્ડર જે તે સંકળાયેલ મંડળીને જ મળે તે સરકારે ધ્યાન રાખવું જોઈએ.

- કુટીર ઉધોગ માટે બે વર્ષ જે લાભાર્થી કામ કરે તેને વધુ શીખવા મળે તે માટે આગળ સગવડ આપવી જોઈએ.

- જ્યાં કુટીર ઉધોગ માટેની તાલીમ અપાય છે ત્યાં પુરતા સાધનો અને પુરતી સગવડ અપાવી જોઈએ એટલું જ નહીં જેમના દ્વારા તાલીમ અપાય છે તેના ઉપર નિરક્ષાર ગોઠવવું જોઈએ જેથી તાલીમ લેનાર પુરતી તાલીમ લઇને જ બહાર નીકળે એટલે તે સમાજમાં બીજાની સાથે હરીફાઇ કરી શકે. એટલે છ મહિનાની તાલીમ હોય તો તેમાં તેને તે જે તે વિષયને લગતી બધી જ ટ્રેનીંગ પ્રાપ્ત થઇ જવી જોઈએ.

- ગૃહઉધોગ માટે ઉત્પાદકને લોન મળેલી તેમાંથી સાયકલ રીપેરીંગની જે લોન મળેલી તેની સબસીડી મંજુર થઇ નથી એનું કારણ        પર સબસીડી આપવી નડતી નથી, અમારા ખ્યાલ મુજબ કુલ રકમ પ્રમાણે જ સબસીડી રાખવી જોઈએ અને આ પ્રમાણે અન્ય ગૃહઉધોગની બાબતમાં કે જેમાં તે હેતુપયોગી સાધનો આપ્યા હોય અને સાથે કાર્યશીલ મૂડી (હાથ પર રકમ) આપવામાં આવી હોય તેવા દરેક હેતુઓમાં ગૂંચવાડા છે

- તો તેવા ઉદ્યોગ માટે યોગ્ય નિર્ણય મેળવી સબસીડીની રકમ નક્કી કરી દેવી જોઇએ.
- રેડીમેડ કાપડ કે ફેકટરી દ્વારા તાલીમ પામેલ દરજીઓને સરકાર તરફથી ઓર્ડર મળે તેવું કરાવવું જોઇએ સામાન્યરીતે જે તે તાલુકા જિલ્લાના સ્કૂલના યુનિફોર્મ પટાવાળાના ડ્રેસ કે બીજા સરકારી કામો આવા કારીગરો પાસે કરાવવા જોઇએ.
- કુટીર ઉદ્યોગ માટેની જે સહાય મળે છે તેની રકમ વધારવી જોઇએ અને તે માટે જોઇતી લાયકાતમાં છૂટછાટ મૂકવી જોઇએ.
- અત્યારે જેની તાલીમ અપાય છે તે સિવાયના પણ આ વિસ્તારમાં ચાલી શકે તેવા બીજા ગૃહઉદ્યોગો અને નાના ઉદ્યોગોની તાલીમ આપવી જોઇએ આ માટે સરકારે પ્રદર્શનો અને દસ્તાવેજી ફિલ્મો તૈયાર કરી તેનું પ્રચારકાર્ય હાથમાં લેવું જોઇએ.
- અત્યારે વાંસકામ કરનાર ... કોટવાળીયા કે બીજાને રાહત દરે વાંસ આપવામાં આવે છે તેની સંખ્યા ઓછી છે તેમાંથી તેમનું ગુજરાન ન થઇ શકે એટલે વધુ વાંસ આપવા જોઇએ અને સાથે સાથે જે કુશળ હોય તેવાઓને આધુનિક વાંસકામ બનાવટની તાલીમ આપવી જોઇએ. (જે કોગમાં અપાય છે) કે જેથી તેઓના માલનો નિકાસ પણ થઇ શકે.
- કુટીર ઉદ્યોગ માટેના લાભાર્થીઓની સંખ્યા વધારવી જોઇએ.
- જ્યાં સિંચાઇની સગવડ છે તેવા ચીખલી તાલુકામાં ઇલેકટ્રીક મોટર આપો તે યોગ્ય છે પણ ધરમપુર તાલુકા જેવા પછાત વિસ્તારમાં જ્યાં સિંચાઇની સગવડ નથી ત્યાં આ પ્રકારના સાધનો આપવા ન જોઇએ કારણકે તે ઉપયોગી થતા નથી અને લાભાર્થીને તેની રકમ ભરવામાં દેવું થાય છે.
- ઓઇલ એન્જીન કે ઇલેકટ્રીક મોટર આપવામાં આવે તો તે ચકાસીને આપવું જોઇએ.
- ધરમપુરમાં કેટલાક ગામો તો એટલા અવિકસિત છે ત્યાં શિક્ષણ, આરોગ્ય, વીજળી, રોડ એવી કોઇજ વ્યવસ્થા નથી પાણીની પણ વ્યવસ્થા નથી આવા વિસ્તારમાં ખેત ઉત્પાદન માટેના સાધનો આપતા પહેલાં પાણી માટે જરૂરી હેન્ડપંપ કે તેવી વ્યવસ્થા કરવી જોઇએ.



- મંડળી દ્વારા જીવન જરૂરીયાતની વસ્તુઓનું વેચાણ થવું જોઇએ આ કામ જંગલ મંડળીઓ, સેવા સહકારી મંડળીઓને સોંપાવું જોઇએ કારણકે તે મંડળીઓનો સભ્યો સાથેનો સંપર્ક વધુ હોવાને પરિણામે કાર્યક્ષમતા અને વહીવટમાં અનુકૂળતા રહે છે. મંડળીના સભ્યોને વધારે સરળતા અને અન્ય ધિરાણો મળતા ધિરાણ મેળવવાના સમયે બીજી ચીજવસ્તુઓ લઇ શકે અને રાહત મેળવી શકે.
- ખેતીના બીજા સાધનો માટે પણ લોનની વ્યવસ્થા થાય તો જરૂરી છે.
- ધરમપુર જેવા વિસ્તારમાં બસ વ્યવહાર ઓછો હોવાથી દૂરના ગામોને આ લાભ ઓછો મળે છે કારણકે વ્યકિતઓ દૂરથી લાભ લેવા આવી શકતી નથી માટે પ્રયત્ન કરવા જોઇએ.
- બનાવેલ વસ્તુનું વેચાણ કરવા ઉપરાંત રકમની વસુલાત અને ધિરાણ માટે બસ વ્યવહારની સગવડ નહીંવત હોવાથી મંડળીને સરકારે ટેમ્પાની વ્યવસ્થા કરવી જોઇએ.
- ધરમપુરના કેટલાક કુટુંબો દુકાન શાકભાજી લારી તેમજ અન્ય ધંધાઓની તૈયારી દર્શાવે છે પરંતુ મૂડી રોકાણ ન મળતાં તેઓ ઇચ્છા પૂર્ણ કરી શકતા નથી આ માટે સરકારશ્રીએ તેવા ધંધા કરવા માગતા લોકોને મંડળી મારફતે અથવા તો સીધી તેમને મૂડી આપવી જોઇએ.
- ઘણા સભાસદોને પોતાની જરૂરીયાતમાં બીજીવાર બળદગાડું, ભેંસ, પાડા, ઇ.મોટર, ઓ.એન્જીન તેમજ મકાનની માંગણી કરતા જોવા મળ્યા છે તેવા લોકોની વસુલાત તેમનો સાધનોનો ઉપયોગ વગેરે જોઇને બીજીવાર સાધન આપવું જોઇએ.
- કેટલીક જગ્યાએ સારા ખેડૂતોને આ લાભ મળ્યો છે અને જેને જરૂર છે તેવા ખેડૂતોને નથી મળ્યો આ માટે નિગમે લોન મંજૂર કરતા પહેલાં લાભાર્થીની આર્થિક સ્થિતિ જાણી લેવી જરૂરી છે.
- સરકારી તેમજ સરકારી મશીનરી છે તેના કામમટેની જવાબદારીમાં લાગણીશીલતા, નિષ્ઠા અને તત્પરતા આવે તે જરૂરી છે.
- લોનની વહેંચણીમાં જે વધુ માધ્યમો છે તે દૂર થવા જોઇએ.
- મળેલ લોનમાંથી ચીજવસ્તુઓ લોન લેનાર વ્યકિતની પસંદગી અનુસાર ખરીદાય તે ધ્યાનમાં લેવાવું જોઇએ. મત્ર એજન્સીઓ કે મંડળીના ચેરમેન કે અન્ય વહીવટદાર વ્યકિતઓ દ્વારા ખરીદી કરવામાં આવે છે અને સાધન વહેંચવામાં આવે છે તે યોગ્ય નથી.

- જે હેતુ માટે લોન અપાઇ હોય તે હેતુ માટે લોન વપરાઇ છે કે નહીં તેની ચકાસણી નિગમ દ્વારા થવી જોઇએ.
- છેલ્લા ત્રણ વર્ષોની ઓડીટ નોંધ જોતા કેટલીક મંડળીઓના પેટા કાયદામાં ઘણા સુધારા કરવાના રહે છે જે સુધારાઓ થાય તો મંડળીના ઓડીટ દરમ્યાન રહેલી ઉણપો દૂર થઇ શકે તેમ છે ઉપરાંત ઓડિટ દર વર્ષે થાય તેમ કરવું જોઇએ અને આગલા વર્ષે સૂચવેલા સુધારા કર્યા તે નહીં ધ્યાન રાખવું જોઇએ.
- લોન કે સબસીડી આપવામાં સ્થાનિક રાજકારણ વગવાળા માણસો વગેરે ભેદભાવ ન રાખવા જોઇએ જેને જરુર હોય તેને જ લોન કે સબસીડી મળવા જોઇએ.
- કેટલાક સભાસદોનું સુચન છે કે નિગમ દ્વારા જે ધીરાણ અપાય છે તે મંડળી દ્વારા અપાય છે તેના બદલે જીલ્લા કક્ષાએ અથવા પેટા યોજના દ્વારા સીધો જ અપાવો જોઇએ જેથી વચેના લોકો જે લાંચ રુશ્વત લે છે તે ઘટી જાય અને લાભાર્થીને પૂરતી રકમ પ્રાપ્ત થાય.
- અમારા મત મુજબ મંડળી દ્વારા લોન અપાય તે યોગ્ય જ છે. પરંતુ અગાઉ જણાવ્યું તે મુજબ નિગમ દ્વારા તાલુકા કક્ષાએ એક માણસ મૂકાવો જોઇએ કે જે ચકાસણી કરે જેથી ગેરવહીવટ દૂર કરી શકાય.
- જે જે મંડળીના પ્રમુખ, મંત્રી કે બીજા કાર્યકર્તાઓ લાંચરુશ્વતમાં પકડાયા હોય તેના પર યોગ્ય કાર્યવાહી કરી તેને દંડ કે યોગ્ય સજા કરાવવી જોઇએ કે જેથી બીજી મંડળીઓને પણ એની અસર પડે.

~~~ x ~~~
~~~